દૈનિક મુંબઈ સમાચાર

૨૦૪ વર્ષ

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૫ ■ Volume 69 ■ Issue 77 ■ વિક્રમ સંવત ૨૦૮૨

ચૈત્ર સુદ - ૧૫ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 2 April 2026, Thursday ■ REGD.No. MCS/058/2024-26

ગુરુવાર, ૨ એપ્રિલ ૨૦૨૬, કિંમત ₹ ૧૦.૦૦ | લાડકી પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

|| "ૐ શ્રી મહાવીરાય નમઃ" ||



# SHAILESH HARSUKHRAI DESAI

(10.07.1954 - 02.04.2016)

## FATHER WHO GUIDED AND INSPIRED US.

न जायते म्रियते वा कदाचिन् नायं भूत्वा भविता वा न भूयः।
अजो नित्यः शाश्वतोऽयं पुराणो न हन्यते हन्यमाने शरीरे॥

**He is never born, nor does he ever die;**
**Once he has come into being, he never ceases to be.**
**He is unborn, eternal, ever-existing, and primeval.**
**He is not slain when the body is slain.**

Bhavad Gita (Ch.2 - Text 20)

**"Dad, though you have been in heaven for a decade, your love still shines in my heart every single day"**

### Fondly Remembered By on his 10th Death Anniversary:

(A life of giving, a heart full of care—now at rest, but his kindness echoes forever)

**Meena Shailesh Desai (Wife)**
**Foram Viral Shah (Daughter)**
**Jay Shailesh Desai (Son)**
**Sejal Jay Desai (Daughter in law)**
**Viral Jitendra Shah (Son in law)**
**Mehaan V Shah & Shanay J Desai (Grandsons)**
**Desai & Dhilla Family**

FORAM® WORLDWIDE
#ChaloForamKeSang

www.foramworldwide.com

# અમદાવાદીઓએ સર્વે ખોટો પાડ્યોઃ આગાહી કરતા વાહનોમાં ચાર ગણો વધારો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદમાં વર્ષ ૨૦૧૨માં સેન્ટ્રલ એજન્સીએ સર્વે કરી વાહનવધારાની જે શક્યતાઓ દર્શાવી હતી, તેને શહેરીજનોએ ખોટી પાડી દીધી છે, તેમ એક અહેવાલ પરથી જણાઈ રહ્યું છે. શહેરના અમુક વિસ્તારમાં થતો ટ્રાફિકજામ જણાવે છે કે છેલ્લાં અમુક વર્ષોમાં વાહનોમાં ઘણો જ વધારો થયો છે.

સીએસઆઈઆર-સેન્ટ્રલ રોડ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ (સીઆરઆરઆઈ) દ્વારા કરવામાં આવેલા સર્વે દર્શાવે છે કે અમદાવાદના પાંચ સૌથી વ્યસ્ત જંકશન શ્યામલ, માનસી સર્કલ, દિલ્હી દરવાજા, મેમ્કો અને પાલડી પર ટ્રાફિક અગાઉ થયેલી આગાહીઓ કરતા ઘણો જ વધી ગયો છે. ૨૦૧૨ ને બેઝ યર તરીકે ઉપયોગ કરીને, સીઆરઆરઆઈએ શહેરના ૩૪ જંકશનનો સર્વે કર્યા પછી ૨૦૧૭ અને ૨૦૨૨ માટે ટ્રાફિક સ્તરનો અંદાજ લગાવ્યો હતો. પરંતુ ૨૦૨૫ સુધીમાં, પાંચ જંકશન પર વાસ્તવિક વાહનોનું પ્રમાણ આગાહી કરતા ત્રણથી ચાર ગણું વધુ હોવાનું જાણવા મળ્યું છે, તેમ અહેવાલો જણાવે છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (મનપા) ના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે દિલ્હી દરવાજા જંકશન પર, ૨૦૧૨ માં ટ્રાફિક ૧૮,૮૬૨ પેસેન્જર કાર યુનિટ નોંધાયો હતો અને ૨૦૧૭ માં વધીને ૨૬,૧૪૯ અને ૨૦૨૨ માં ૩૭,૩૩૦ થયો હતો.તેના બદલે, ૨૦૨૫ માં એક નવા સીઆરઆરઆઈ સર્વેમાં ૧,૨૩,૬૦૫ પીસીયુ નોંધાયા હતા, જે આગાહી કરતા ત્રણ ગણા વધુ હતા.

પીએસયુ એ બધા વાહનોને પેસેન્જર કારના સમકક્ષમાં રૂપાંતરિત કરીને ટ્રાફિક માપવાની એક સરળ રીત છે. પીએસયુ માત્ર રસ્તા પરના વાહનોના આંકડા નહીં, પણ ટ્રાફિક કેટલો ભારે છે, તે જણાવે છે, તેમ અધિકારીએ ઉમેર્યું હતું.

મેમ્કો ક્રોસરોડ્સ પર ટ્રાફિકનો ઉછાળો વધુ છે. ૨૦૧૨ માં ૮,૧૪૩ પીએસયુ હતા, જે ૨૦૨૨ સુધીમાં ૧૫,૮૬૧ પીએસયુ સુધી પહોંચવાની ધારણા હતી. જોકે, ૨૦૨૫ ના સર્વેમાં ૧,૪૨,૪૮૧ પીએસયુ નોંધાયા, જે અપેક્ષા કરતા છ ગણા વધુ હોવાનું નિષ્ણાતો જણાવી રહ્યા છે. શ્યામલ, માનસી સર્કલ અને પાલડીમાં પણ આવી જ રીતે ચારથી પાંચ ગણો વધારો નોંધવામાં આવ્યો હતો.

આ રીતે વાહનો વધવાથી સમય, ઈંધણ અને શક્તિ તમામનો વેડફાટ વધી ગયો છે. ૨૦૧૨માં સર્વે બાદ અન્ડરપાસ અને ફ્લાયઓવર સૂચવવામાં આવ્યા હતા, પરંતુ અમુક જંકશનોમાં તે થયું નથી. જોકે હાલમાં શહેરમાં ૧૦૧ ફ્લાયઓવર અને અન્ડરપાસ છે. ૧૭ નું કામ ચાલી રહ્યું છે.

શહેરમાં વધતા વાહનો અને ટ્રાફિકની સમસ્યા જાહેર પરિવહનની ઓછી સુવિધા તરફ પણ ઈશારો કરે છે. ■

# સોરઠની કેસર કેરી મોડી અને મોંઘીઃ વાતાવરણમાં પલટાએ ગણિત બગાડ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ એપ્રિલ મહિનાની શરૂઆત થઈ ગઈ છે. બજારમાં હજુ ઘણી જ ઓછી કેરી દેખાઈ રહી છે. આ સાથે કેરી ખૂબ જ મોંઘી છે, તેથી ખૂબ જ ઓછા લોકોને પોષાય તેમ છે. એપ્રિલ મહિનાથી કેરીનો સારો એવો જથ્થો બજારમાં આવી જતો હોય છે, પરંતુ આ વર્ષે કેરી મોડી તો છે જ, પરંતુ મોંઘી પણ મળશે, તેમ જણાઈ રહ્યું છે. કેસર કેરીનો મુખ્ય પાક જ્યાં થાય છે તે ગીર-ગઢડા, જૂનાગઢ, વંથલી પંથકમાં વાતાવરણ છેલ્લા ઘણા સમયથી ખો-ખો રમી રહ્યું છે. ઑક્ટોબર મહિનામાં વરસેલા કમોસમી વરસાદમાં આંબાને જરૂર કરતા વધારે પાણી મળી ગયું હતું. ત્યારબાદ મોર આવવાની શરૂઆત મોડી થઈ હતી, પરંતુ ધીમે ધીમે બે તબક્કામાં મોર આવતા ખેડૂતોમાં આશા જાગી હતી. જોકે આ મોર કેરીમાં પરિવર્તીત થાય તેવું વાતવરણ ન મળતા અને આંબાઓમાં પણ રોગ આવતા કેરીનો પાક ઘણો જ ઓછો આવ્યો છે. છેલ્લા અમુક દિવસોમાં વરસાદી માહોલ અને પવન ફૂંકાવાને લીધે કેરી ખરી પડી હોવાનું પણ ખેડૂતો જણાવી રહ્યા છે.

આ બધા વચ્ચે ખેડૂતો અને ઈજારાવાળા બન્નેનું ગણિત ગોટાળે ચડી ગયુ હોવાનું જાણવા મળી રહ્યું છે. જે લોકોએ ઈજારો લઈ લીધો છે, તેમણે ૪૦થી ૫૦ ટકા જેટલી રકમ આંબાવાડીના માલિકને આપી દીધી હોય છે, પરંતુ હવે તેમની અપેક્ષા પ્રમાણે કેરીનો પાક ઉતર્યો નથી. તો બીજી બાજુ જે ખેડૂતોના બગીચા હજુ ઈજારા માટે ગયા નથી, તેમને ઈજારા લેવાવાળા મળતા નથી, કારણ કે એક તો કેરી સાવ ઓછી છે અને વળી હવામાન ક્યારે ફરે અને આમાંથી કેટલી બચે તે કહી શકાય તેમ નથી. જામવાળાના એક ખેડૂતે જણાવ્યું હતું કે એક સમયે નવેમ્બર મહિનો કે તેના કરતા પણ વહેલા ઈજારાવાળા આવી જતા, પરંતુ આ વર્ષે કોઈ ફરકતું નથી, આથી જાતે જ કેરી ઉતારવાનો નિર્ણય લીધો છે.

જૂનાગઢ માર્કેટિંગ યાર્ડની જ વાત કરીએ તો અહીં કેરીના દસ કિલોના ભાવ ૧૦૦૦થી ૧૭૦૦ રૂપિયા બોલાઈ રહ્યા છે. ખેડૂતોનું કહેવાનું છે કે જ્યાં ૫૦૦ જેટલા બોક્સની આશા હતી ત્યાં માત્ર ૨૦૦ જેટલી જ કેરી ઊતરશે તેવી સ્થિતિ છે. નિષ્ણાતોના જણાવ્યા અનુસાર હજુ પંદર દિવસ રાહ જોવાની છે ત્યારબાદ કેરીનો પાક કેટલો આવશે અને કેરી મોંઘી જ રહેશે કે સસ્તી થશે તેની ચોક્કસ ખ્યાલ આવી શકશે. આથી કેરીના રસિયાઓએ હજુ પંદરેક દિવસ રાહ જોવી પડશે, તેમ લાગી રહ્યું છે. ■

# સુરતની ટેક્સટાઇલ ફેક્ટરીમાં ભીષણ આગ, કાપડનો કરોડો રૂપિયાનો જથ્થો બળીને ખાખ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરતની સચિન જીઆઈડીસીમાં હોજીવાલા ઈન્ડસ્ટ્રીઝની ગોપી નીટીંગ ટેક્સટાઇલ ફેક્ટરીમાં અચાનક ભીષણ આગ ફાટી નીકળતા સમગ્ર વિસ્તારમાં અફરાતફરી મચી ગઈ હતી. આગની જાણ થતાં જ સ્થાનિક લોકો અને ફેક્ટરીના કર્મચારીઓમાં નાસભાગ મચી ગઈ હતી. તુરંત જ સુરત ફાયર વિભાગને જાણ કરવામાં આવતા સુરત મેઈન ફાયર સ્ટેશન, સચિન જીઆઈડીસી અને હોજીવાલા ફાયરની ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગઈ હતી. ઘટનાની ગંભીરતાને જોતા ફાયર વિભાગે 'મેજર કોલ' જાહેર કર્યો હતો. ડઝનથી વધુ ફાયર ટેન્કરોએ પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવી લીધો હતો. સદનસીબે, કોઈ જાનહાનિના સર્જાઈ ન હતી, પરંતુ ફેક્ટરીમાં રહેલો કાપડનો કરોડો રૂપિયાનો જથ્થો બળીને ખાખ થઈ ગયો હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી છે. મળતી માહિતી મુજબ, ગોપી નીટીંગ નામની ફેક્ટરીમાં આ આગ લાગી હતી. આ ફેક્ટરીમાં નાયલોન ટેક્સટાઇલ કાપડ બનાવવાનું કામ કરવામાં આવે છે. કાપડનો જથ્થો અને નાયલોન મટિરિયલ હોવાને કારણે આગ જોતજોતામાં ફેલાઈ ગઈ હતી. પ્રાથમિક દૃષ્ટિએ શોર્ટ સર્કિટ હોવાની આશંકા સેવાઈ રહી છે, પરંતુ સત્તાવાર કારણ ફાયર વિભાગની તપાસ બાદ જ બહાર આવશે. ■

# ગુજરાત સરકારે કરી ૧૧,000 વિદ્યાસહાયકોની ભરતીની સત્તાવાર જાહેરાત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જેની લાંબા સમયથી રાહ જોવાતી હતી તે શિક્ષકોની ભરતીની જાહેરાત ગુજરાત સરકારે કરી હતી. શિક્ષણ વિભાગ દ્વારા ધોરણ ૧ થી ૫ ની ગુજરાતી માધ્યમ શાળાઓ માટે કુલ ૧૧,૦૦૦ વિદ્યાસહાયકો (વર્ગ-૩) ની ભરતીની સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે.

આ સમગ્ર પ્રક્રિયા ઓનલાઇન અને પારદર્શક રીતે પૂર્ણ કરવામાં આવશે. રસ ધરાવતા અને યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો ૧૫ એપ્રિલ, ૨૦૨૬ ના રોજ સવારે ૧૨:૦૦ વાગ્યાથી ફોર્મ ભરવાની શરૂઆત કરી શકશે. અરજી કરવાની છેલ્લી તારીખ ૨૪ એપ્રિલ, ૨૦૨૬ ના રોજ બપોરે ૩:૦૦ વાગ્યા સુધી નક્કી કરવામાં આવી છે.

આ ભરતી પ્રક્રિયામાં ભાગ લેવા માટે ટીઈટી-૧ પરીક્ષા પાસ કરેલી હોવી અનિવાર્ય છે. રાજ્યની સરકારી પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોની ઘટ પૂરી કરવાના હેતુથી આ મોટી ભરતીનું આયોજન થયું છે. આગામી દિવસોમાં શિક્ષણ વિભાગ દ્વારા જિલ્લાવાર ખાલી જગ્યાઓ, અનામત બેઠકોની વિગતો અને મેરિટ યાદી અંગેની વિગતવાર સૂચનાઓ પ્રસિદ્ધ કરવામાં આવશે.

ઉમેદવારોને સલાહ આપવામાં આવે છે કે તેઓ સમયમર્યાદા પૂરી થાય તે પહેલા જરૂરી દસ્તાવેજો તૈયાર રાખી ઓનલાઇન રજિસ્ટ્રેશન કરાવી લે, જેથી અંતિમ દિવસોમાં સર્વરની સમસ્યાનો સામનો ન કરવો પડે.

વિદ્યાસહાયકોની ભરતીની સાથે સાથે રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ટીએટી પરીક્ષાની પણ જાહેરાત કરવામાં આવી છે. આ પરીક્ષા આગામી ૧૨ એપ્રિલ, ૨૦૨૬ ના રોજ યોજાવાની છે. પરીક્ષા આપનાર ઉમેદવારો આજથી એટલે કે ૧ એપ્રિલ, ૨૦૨૬ ના રોજ બપોરે ૨:૦૦ વાગ્યાથી ઓજસ અથવા એસઈબીની ઓફિશિયલ વેબસાઇટ પરથી પોતાના કોલ લેટર ડાઉનલોડ કરી શકશે. ૧૨ એપ્રિલના રોજ બપોરે ૧૨:૦૦ વાગ્યા સુધી જ કોલ લેટર ડાઉનલોડ કરી શકાશે, જેની ખાસ નોંધ લેવા ઉમેદવારોને જણાવાયું છે. ■

# અમદાવાદ મનપાએ એક વર્ષમાં ટેક્સ નહીં ભરતા ૨૧૮ પ્રોપર્ટીની હરાજી કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેર મહાનગરપાલિકાએ મિલકત વેરો નહીં ભરનારા એકમો સામે આકરી કાર્યવાહી શરૂ કરી છે. મનપાએ વારંવારની નોટિસો બાદ પણ મિલકત વેરો નહીં ભરનારા લોકોની મિલકતોની સીલ કરવાનું શરૂ કર્યું છે. છેલ્લા એક વર્ષમાં બે લાખથી વધુ મિલકતો સામે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. મળતી વિગતો મુજબ, મનપા તંત્રએ એક વર્ષમાં ૨,૪૯,૯૬૫ પ્રોપર્ટી સામે કાર્યવાહી કરી છે. આ ઉપરાંત ટેક્સ નહીં ભરતા ૨૧૮ મિલકતોની હરાજી પણ કરવામાં આવી છે. મનાપાએ અમદાવાદ શહેરના પૂર્વ અને પશ્ચિમ ઝોનમાં સૌથી મોટી કાર્યવાહી કરી છે. પૂર્વમાં ૬૨,૪૨૨ એકમોને નોટિસ અને સીલ કરવાની કાર્યવાહી હાથ ધરી છે. જ્યારે ૪૫ મિલકતોને સીલ કરાઈ છે. પશ્ચિમ ઝોનમાં ૭૫,૮૩૪ મિલકતોને સીલ અથવા તો નોટિસ અપાઈ છે. જ્યારે ૩૯ મિલકતોની હરાજી કરવામાં આવી છે. તે જ પ્રકારે મધ્ય ઝોનમાં ૧૪૩૦૪ એકમોને નોટિસ ફટકારી છે અને સીલ પણ મારવામાં આવ્યું છે. જ્યારે બોજો નોંધવામાં આવેલી મિલકતોની સંખ્યા ૧૬૩ છે. આ ઝોનમાં તંત્ર દ્વારા ૨૩ મિલકતોની હરાજી કરાઈ છે. આ જ પ્રકારે ઉત્તર ઝોનમાં ૨૩,૧૨૫ એકમોને સીલ કરાઈ છે અને નોટિસ ફટકારાઈ છે. ૧૮ એકમો સામે બોજો નોંધાયો છે. જ્યારે ૨૩ મિલકતોને સીલ કરાઈ છે. ■

# વડોદરા અને આણંદ જિલ્લાને જોડતો ગંભીરા બ્રિજ ટૂ-વ્હિલર માટે આજથી ખુલ્લો મુકાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ આણંદ અને વડોદરા જિલ્લાને જોડતો મહી નદી પરના ૪૦ વર્ષ જૂના બ્રિજનો એક ભાગ ૯ જુલાઈ ૨૦૨૫ના રોજ તૂટી પડ્યો હતો. આ ભયાનક દુર્ઘટનામાં ૨૧ લોકોનાં મોત થતાં સમગ્ર રાજ્યમાં ખળભળાટ મચી ગયો હતો. રાજ્ય સરકારના આદેશથી બ્રિજને બંધ કરીને સમારકામ શરૂ કરી દેવાયું હતું અને તૂટેલા બ્રિજ પર લોખંડનો નવો સ્પાન લગાવવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. છેલ્લા સાત મહિનાથી આ બ્રિજ ઉપર વાહનવ્યવહાર બંધ હાલતમાં હતો, ત્યારે ૧ એપ્રિલના રોજ આ સ્પાનના લોન્ચિંગની કામગીરી સફળતાપૂર્વક પૂર્ણ કરાતા બ્રિજ પર ઓવરલોડ ટેસ્ટિંગ કરવામાં આવ્યું હતું. બ્રીજ પર ટ્રાયલ રન યોજવામાં આવ્યું હતું. જેમાં બ્રિજની મજબૂતી અને સુરક્ષાની ચકાસણી કરવામાં આવી હતી. ત્યારબાદ ૨ એપ્રિલથી સામાન્ય જનતા માટે હંગામી સ્ટ્રક્ચર પર અવરજવર શરૂ કરી દેવાશે. આ નિર્ણયથી દૈનિક અપ-ડાઉન કરતા નોકરિયાતો અને મુસાફરોને મોટી રાહત મળશે. જોકે, સુરક્ષાના કારણોસર તંત્ર દ્વારા અત્યારે માત્ર ટૂ-વ્હિલર અને પગપાળા મુસાફરોને જ મંજૂરી આપવામાં આવી છે. થ્રી-વ્હિલર અને ફોર-વ્હિલર (કાર-રિક્ષા) વાહનો પર સંપૂર્ણ પ્રતિબંધ યથાવત્ રહેશે. તેમજ ભારે વાહનોને બ્રિજ પરથી પસાર થવા દેવામાં આવશે નહીં. બ્રિજના બંને છેડે બેરીકેડ મુકાશે અને પોલીસ તંત્ર દ્વારા એકસાથે વધુ વાહનો બ્રિજ પર પ્રવેશ ન કરે તે માટે સતત મોનિટરિંગ કરવામાં આવશે. આ ઉપરાંત અંદાજિત રૂ. ૨૧૨ કરોડના ખર્ચે ગંભીરા બ્રિજ જેવો જ નવો આધુનિક બ્રિજ બનાવવાની કામગીરી પૂર જોશમાં ચાલી રહી છે, તેમ સૂત્રોએ જણાવ્યું હતું. તંત્ર દ્વારા લાંબાગાળાના આયોજનના ભાગરૂપે નવા બ્રિજનું નિર્માણ કાર્ય પણ ઝડપી બનાવવામાં આવ્યું છે. જે સંપૂર્ણ બની ગયા બાદ તેના પર ફોર-વ્હિલર, ટ્રક અને ટેમ્પો જેવા ભારે વાહનો પણ અવરજવર થઈ શકશે. ■

# એક મહિનામાં ૧.૫ લાખથી વધુ પરપ્રાંતીય કામદારો સુરતમાંથી પલાયન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ઈરાન વિરુદ્ધ અમેરિકા અને ઈઝરાયેલના યુદ્ધની વિપરીત અસર ગુજરાત સહિત દેશના વિવિધ રાજ્યો પર પડી રહી છે. ગુજરાતમાં મોરબીનો સિરામિક ઉદ્યોગ ગેસના અભાવે ઠપ થયો છે, તે જ પ્રકારે સુરતના ટેક્સટાઈલ ઉદ્યોગને પણ જબરદસ્ત ફટકો પડ્યો છે. સુરતમાં કાપડ ફેક્ટરીઓ બંધ થતા કામદારોની રોજગારી છીનવાઈ ગઈ છે. આ સ્થિતિની કારણે સુરતમાંથી પરપ્રાંતીય શ્રમજીવીઓનું પલાયન શરૂ થઈ ગયું છે.

સામાન્ય અનુમાન મુજબ, દૈનિક ૫થી ૬ હજાર કામદારો ટ્રેન મારફતે ઉત્તર પ્રદેશ, બિહાર, ઓરિસ્સા, આંધ્ર પ્રદેશ, તેલંગાણા જેવા વિસ્તારોમાં રવાના થતાં છેલ્લા ૩૦ જ દિવસમાં સુરતનાં વિવિધ ઉદ્યોગમાંથી કમસેકમ દોઢ લાખથી વધુ પરપ્રાંતીય કામદારો સુરત છોડીને તેમના વતન હિજરત કરી ગયા છે. છેલ્લા એક મહિનાથી રોજબરોજ ઉધના રેલવે સ્ટેશન પર લાઇનો લાગી રહી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, હોળી ધૂળેટીનાં પર્વની ઉજવણી માટે સુરતમાંથી અઢી લાખ જેટલા શ્રમજીવી કામદારો વતનમાં પહોંચ્યા હતા. એ કામદારો હજુ સુધી સુરત પરત ફર્યા નથી. આ કારણે પણ સુરતનાં ટેક્સ્ટાઇલ ઉદ્યોગમાં કામદારોની અછત વર્તાઈ રહી છે. કારખાનાઓમાં કામદારોનાં અભાવે હવે રાતપાળીનું ઉત્પાદન સાવ બંધ કરી દેવામાં આવ્યું છે. ■

# ફેક ટ્રાફિક ચલાનમાં અમદાવાદના ગૃહસ્થે દસ લાખ રૂપિયા ગુમાવ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં રહેતા અને વટવા ખાતે નોકરી કરતા ૫૦ વર્ષીય ગૃહસ્થના અકાઉન્ટમાંથી રૂ. ૧૦ લાખ જેવી માતબર રકમ સાયબર ગઠિયાઓએ તફડાવી લીધી હતી. સાયબર સેલમાં નોંધાયેલી ફરિયાદ અનુસાર ફરિયાદીને ટ્રાફિક પોલીસ તરફથી ચલાન કપાયાની એપીકે ફાઈલની લિંક આવી હતી. વોટ્સ એપ પર આવેલી આ લિંકને સાચી સમજી તેમણે તેના પર ક્લિક કર્યું હતું. જેવું તેમણે નામ અને નંબર એન્ટર કર્યા કે તેમને પૈસા ડેબિટ થયાનો મેસેજ આવ્યો હતો. ફરિયાદીને ભૂલ સમજાઈ અને તેમણે લિંક અને એપ ડિલિટ કરી નાંખી હતી, પરંતુ એક પછી એક ટ્રાન્ઝેક્શનમાં તેમના રૂ. ૧૦.૭ લાખ ડિડક્ટ થઈ ગયા હતા.

પોલીસે જણાવ્યું હતું કે ફેક એપીકે ફાઇલો પર ક્લિક કરવાથી સાયબર ગુનેગારોને તમારા મોબાઈલ કે અન્ય ડિવાઈસનો રિમોટ એક્સેસ મળે છે, જેનાથી તેઓ બૅંકિંગ ડિટેલ્સ ચોરી શકે છે અને ઓટીપી અટકાવી શકે છે. આ કેસમાં ગુનેગારોએ ફરિયાદીના નામે લોન લીધી હતી અને અન્ય ટ્રાન્ઝેક્શન કરી રૂપિયા ઉપાડી લીધા હતા. ફરિયાદીએ તાત્કાલિક સાયબર ક્રાઇમ હેલ્પલાઇનનો સંપર્ક કર્યો હતો. સાયબર ક્રાઇમ પોલીસે અજાણ્યા વ્યક્તિઓ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા અને આઇટી એક્ટની જોગવાઈઓ હેઠળ છેતરપિંડી અને બનાવટીની સંબંધિત કલમો હેઠળ કેસ નોંધ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

# જમીન મહેસૂલની કલમમાં સુધારોઃ 30 દિવસની નોટિસમાંથી મુક્તિ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત સરકાર દ્વારા મહેસૂલી સરળીકરણ માટે જમીન મહેસૂલ અધિનિયમ-૧૮૭૯ની કલમ ૧૩૫-ડીની જોગવાઈમાં મહત્ત્વપૂર્ણ સુધારા કરવામાં આવ્યા છે. આ સુધારાથી હવે કાયદેસરના જમીન અથવા મિલકતના વ્યવહારોમાં નાગરિકોને ૩૦ દિવસની નોટિસના સમયગાળાની રાહ જોવામાંથી મુક્તિ મળશે. આ નિર્ણય અંગે રાજ્યના પ્રવક્તા પ્રધાન જીતુભાઈ વાઘાણીએ માહિતી આપી હતી.

પ્રવક્તા પ્રધાને જણાવ્યું હતું કે અત્યાર સુધી જમીન કે મિલકતના વેચાણ વ્યવહારોમાં ૩૦ દિવસની ફરજિયાત નોટિસના કારણે સામાન્ય જનતાએ લાંબી રાહ જોવી પડતી હતી. આ સમયગાળાનો ખોટી રીતે ગેરલાભ લેનાર કેટલાક તત્ત્વો ખોટા વાંધા-વચકા ઉઠાવીને વેચનાર કે ખરીદનાર પાસેથી નાણાં પડાવવાનું (બ્લેકમેલિંગ) કામ કરતા હતા. તેથી હવે ૧૩૫-ડીની ૩૦ દિવસની નોટિસની અનિવાર્યતામાંથી મુક્તિ આપવાનો સાહસિક નિર્ણય લીધો છે.

નવા સુધારા પ્રમાણે, રેકોર્ડ પર જમીનમાં છેલ્લા એક વર્ષ કે તેથી વધુ સમયથી કોઈ ફેરફાર નોંધ ન હોય, જમીન પર કોઈ લિટીગેશન કે દાવો પડતર ન હોય અને શાંત કબજો હોય તેમજ ૭/૧૨ના રેકોર્ડ પર દેખાતા તમામ હકદારોએ વેચાણ દસ્તાવેજમાં સહી કરી હોય તેવા વ્યવહારોમાં ૧૩૫-ડીની નોટિસ વગર, તે જ દિવસે વેચાણ દસ્તાવેજની નોંધ પાડવામાં આવશે. આવા કિસ્સાઓમાં ૧૩૫-ડીની નોટિસ બજવવાની પ્રક્રિયા સિવાય સીધી નોંધનો નિર્ણય લેવામાં આવશે અને વેચાણની નોંધ તુરંત પ્રમાણિત કરીને 'પાકી એન્ટ્રી' કરવામાં આવશે.

આ ઉપરાંત સક્ષમ અદાલત કે ટ્રિબ્યૂનલ દ્વારા આપવામાં આવેલા હુકમોની નોંધ વખતે પણ હવે ૧૩૫-ડીની નોટિસ બજવવાની રહેશે નહીં, તેની સીધી જ અમલાવારી કરવામાં આવશે, તેમ તેમણે ઉમેર્યું હતું.

આ સાથે તપાસની જરૂરિયાતવાળા કિસ્સામાં નોટિસનો સમયગાળો ૩૦ દિવસથી ઘટાડીને માત્ર સાત દિવસ કરવામાં આવ્યો છે.

આ સુધારો માત્ર ખેતીની જમીન માટે જ નહીં, પરંતુ દુકાન, ફ્લેટ અને રહેણાકના મકાનો લેતી સામાન્ય જનતા માટે પણ લાભદાયક બની રહેશે. સીધી લીટીના વારસદારોના વ્યવહારોમાં પણ હવે સરળતા રહેશે, તેમ પણ તેમણે જણાવ્યું હતું. ■

# ડાયમંડ થીમ પર આધારિત સુરતમાં દેશનું પ્રથમ બુલેટ ટ્રેન સ્ટેશન અને ડેપો તૈયાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભારતની પ્રથમ બુલેટ ટ્રેન મુંબઈ-અમદાવાદ કોરિડોર પ્રોજેક્ટનું કામ ચાલી રહ્યું છે. કેન્દ્રીય પ્રધાન અશ્વિની વૈષ્ણવે ગયા વર્ષે જ જાહેરાત કરી દીધી હતી કે, આગામી ૧૫ ઓગસ્ટે ગુજરાતમાં પ્રથમ બુલેટ ટ્રેન દોડશે. તેમાં કેટલી હકીકત છે તે આ કામગીરી દર્શાવે છે. સુરતમાં બુલેટ ટ્રેન સ્ટેશનનું સિવિલ વર્ક પૂર્ણ થઈ ગયું છે, તેવી માહિતી સૂત્રોએ આપી હતી. એનએચએસઆરસીએલએ સુરતમાં પહેલા ડેપોનું કામ સંપૂર્ણ રીતે પૂર્ણ કરી દીધું છે. અહીંથી પહેલી બુલેટ ટ્રેન શરૂ કરવામાં આવશે. નેશનલ હાઇ સ્પીડ રેલ કોર્પોરેશન લિમિટેડે ઇન્સ્ટાગ્રામ પર આ પ્રોજેક્ટનો એક વીડિયો પણ શેર કર્યો હતો, જેમાં સુરતના પહેલા બુલેટ ટ્રેનના ડેપોનો નજારો જોઈ શકાય છે. સુરત રોલિંગ સ્ટોક ડેપો ૨૭ હેક્ટરમાં બને છે અને તેમાં ટ્રેનના ચાલુ કરવા તથા જાળવણી માટે આધુનિક સુવિધાઓ છે. અહીં જાળવણી માટે અત્યાધુનિક સાધનો, નિરીક્ષણ બે, વોશિંગ પ્લાન્ટ, સ્ટેબલિંગ લાઇન્સ વગેરેની વ્યવસ્થા છે. નેશનલ હાઇસ્પીડ રેલ કોર્પોરેશન લિમિટેડે સુરતમાં પ્રથમ રોલિંગ સ્ટોક ડેપો તૈયાર કર્યો છે, જ્યાંથી બુલેટ ટ્રેન રોલ આઉટ કરવામાં આવશે. તેમણે પોતાના એક્સ પ્લેટફોર્મ પર તેનો વીડિયો શેર કર્યો છે. આ પરિયોજનામાં કુલ ત્રણ ડેપો બનાવવામાં આવશે. બે ગુજરાતમાં સાબરમતી અને સુરત જ્યારે એક મહારાષ્ટ્રના થાણેમાં બનાવાશે. સુરતમાં જે ડેપોની વાત છે તે અત્યારે તૈયાર કરી દેવામાં આવ્યો છે, તેવી માહિતી મળી છે. ■

# આપના ગુજરાત પ્રમુખની અટકાયત, અરવિંદ કેજરીવાલે કરી ટીકા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ આમ આદમી પક્ષના ગુજરાતના પ્રમુખ ઈશુદાન ગઢવીની દ્વારકા જિલ્લાના ખંભાળિયા પોલીસ સ્ટેશનમાં અટકાયત કરવામાં આવી હતી. ઘટનાની મળતી માહિતી અનુસાર ગઢવી પક્ષના એક કાર્યકર પર નોંધાયેલી ફરિયાદના મામલે પોલીસ સ્ટેશનમાં કાર્યકર્તાઓ સાથે રજૂઆત કરવા ગયા હતા. અહીં હાજર પોલીસ અધિકારી સાથે તેમની કથિત બોલાચાલી થઈ હતી અને પોલીસે કાર્યવાહી કરતા ગઢવી તેમના કાર્યકરોની બે કલાક માટે અટકાયત કરી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. આ ઘટનાના વીડિયો પણ સોશ્યલ મીડિયા પર વાયરલ થયા હતા.

ત્યારબાદ ગુજરાત અને દિલ્હીના આપના નેતાએ ટીકા કરી હતી. પક્ષના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલે જણાવ્યું હતું કે ત્રણ મહિનામાં ૧૬૦થી વધુ આપ કાર્યકરોની ધરપકડ કરવામાં આવી હતી અને ૧૪૫ એફઆઈઆર દાખલ કરવામાં આવી હતી અને કહ્યું હતું કે જ્યારે પાર્ટીના કાર્યકરોએ ધરપકડનો વિરોધ કર્યો ત્યારે રાજ્યના વડા ઇસુદાન ગઢવીની અટકાયત કરવામાં આવી હતી. તેમણે આ કાર્યવાહીનો વિરોધ કરી ભાજપની ટીકા કરી હતી. ■

# અમદાવાદમાં સખત બફારો, ૩૭ ડિગ્રીએ સૌથી ગરમ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના ઘણા વિસ્તારોમાં આજથી ફરી વરસાદી વાતાવરણની આગાહી છે, પરંતુ અમદાવાદમાં બુધવારે ભારે બફારો અને અકળામણ અનુભવાયા હતા. રાજ્યના ઘણા શહેરોમાં ગરમીનો અનુભવ થયો હતો.

અમદાવાદમાં ગરમી ૩૭ ડિગ્રી નોંધાઈ હતી. શહેરમાં લઘુતમ તાપમાન ૨૫ ડિગ્રી નોધાયું હતું.

અમદાવાદ સિવાય વડોદરામાં પણ ગરમ વાતાવરણ રહ્યું હતું.

વડોદરામાં ૩૬, ગાંધીનગરમાં પણ ૩૬, સુરેન્દ્રનગરમાં ૩૫.૬, ડીસામાં ૩૫.૩, અમરેલીમાં ૩૫.૩ ભુજમાં ૩૨.૭, પોરબંદરમાં ૩૨.૪ ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાયું હતું. ■

# અમદાવાદમાં સંતાનોની સામે પતિએ પત્નીને છરીના ઘા ઝીંક્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના થલતેજ વિસ્તારમાં શ્રમિક પરિવારમાં નાના ઝગડાએ મોટું રૂપ ધારણ કરી લીધું હતું. અહીં એક પતિએ પત્ની પાસેથી ૨૦૦ રૂપિયાની માગણી કરી હતી, પરંતુ પત્નીએ તે આપવાનો ઈનકાર કરતા ઝઘડો થયો હતો, જેમાં પતિએ રોષે ભરાઈ પત્નીને માર માર્યો હતો અને બાદમાં પેટના ભાગમાં છરીના ઘા ઝીંકી દીધા હતા. આ ઘટના સમયે તેમના દસ અને ત્રણ વર્ષના બે દીકરા ત્યાં જ હતા અને સમગ્ર ઘટના જોઈ ગભરાઈ ગયા હતા, તેમ સૂત્રોએ જણાવ્યું હતું.

મળતી માહિતી અનુસાર આરોપી પિતા ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો જ્યારે મહિલાના સંબંધી આવતા તેને હૉસ્પિટલ ખસેડવામાં આવી હતી. મહિલા સારવાર હેઠળ છે અને તેનાં નિવેદનના આધારે પોલીસે ફરાર પતિને શોધવા ચક્રો ગતિમાન કર્યા હોવાની જાણકારી સૂત્રો પાસેથી મળી હતી. ■

२०४ वर्ष

દૈનિક
# મુંબઈ સમાચાર

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 77 ■ વિક્રમ સંવત ૨૦૮૨
ચૈત્ર સુદ - ૧૫ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 2 April 2026, Thursday ■ REGD.No. MCS/058/2024-26

ગુરુવાર, ૨ એપ્રિલ ૨૦૨૬, કિંમત ₹ ૧૦.૦૦ | લાડકી પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# મોંઘવારીનો મરણતોલ માર

## પ્રીમિયમ તેમ જ શેલ કંપનીના પેટ્રોલ અને ડીઝલ મોંઘા થયાઃ કમર્શિયલ એલપીજી અને જેટ ફ્યુઅલમાં મોટો ભાવવધારો

SCAN FOR TODAY'S GOLD RATE
ANTARA GOLD RATE
જુના સોનાના ઘરેણા શ્રેષ્ઠ ભાવે ખરીદીશું
ANTARA GOLD & DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565

નવી દિલ્હીઃ યુદ્ધને લીધે મોંઘવારી થોડી તો વધી જ છે પણ એમાં ખાસ્સો વધારો થવાની શક્યતા છે. ગઈ કાલે કમર્શિયલ રાંધણગૅસ, પ્રીમિયમ કે બ્રાન્ડેડ પેટ્રોલ અને ડીઝલ તેમ જ ઍવિયેશન ટર્બાઇન ફ્યુઅલ (એટીએફ) કે જેટ ફ્યુઅલના ભાવમાં મોટો ભાવવધારો થયો હતો. આમ છતાં, એટીએફનો ભાવવધારો સ્થાનિક ઍરલાઇન્સ માટે ૮.૫ ટકા મર્યાદિત રખાયો છે. સામાન્ય પેટ્રોલ, ડીઝલ અને ઘરેલુ રાંધણગૅસના ભાવમાં કોઇ ફેરફાર નથી કરાયો. આ ઉપરાંત શૅલ ઇન્ડિયાએ પોતાનું ઈંધણ વેચતા છૂટક આઉટલૅટ્સ ખાતે પેટ્રોલ અને ડીઝલના ભાવ બુધવારથી જ વધારી દીધા હતા. નવા દર મુજબ, પાવર પેટ્રોલ હવે લિટર દીઠ રૂપિયા ૧૨૯.૮૫, સામાન્ય પેટ્રોલ લિટર દીઠ રૂપિયા ૧૧૯.૮૫, સામાન્ય ડીઝલ લિટર દીઠ રૂપિયા ૧૨૩ અને પ્રીમિયમ ડીઝલ રૂપિયા ૧૩૩ના ભાવે મળશે.

કમર્શિયલ એલપીજીના ભાવમાં સિલિન્ડર દીઠ રૂપિયા ૧૯૫.૫૦ સુધીનો વધારો કરાયો છે.

દિલ્હીમાં ૧૯ કિલોગ્રામનું એલપીજી સિલિન્ડર હવે રૂપિયા ૨,૦૭૮.૫૦માં મળશે.

અગાઉ, ઘરેલુ રાંધણગૅસના ૧૪.૨ કિલોગ્રામના સિલિન્ડરના ભાવ સાત માર્ચે રૂપિયા ૬૦ વધારાયા હતા. તેના ભાવમાં બુધવારે કોઇ વધારો નહોતો કરાયો. દિલ્હીમાં ૧૪.૨ કિલોગ્રામનું ગૅસ સિલિન્ડર રૂપિયા ૯૧૩ના ભાવે વેચાય છે.

પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ગયા માર્ચ બાદ કોઇ ફેરફાર નથી કરાયો.

ઍવિયેશન ટર્બાઇન ફ્યુઅલનો ભાવ કિલોલિટર દીઠ રૂપિયા ૨.૦૭ લાખ કરાયો છે.

દિલ્હીમાં એટીએફનો ભાવ કિલોલિટર દીઠ રૂપિયા ૧,૧૦,૭૦૩.૦૮ એટલે કે ૧૧૪.૫ ટકા વધારીને કિલોલિટર દીઠ રૂપિયા ૨,૦૭,૩૪૧.૨૨ કરાયો છે.

એટીએફનો ભાવ આ સૌપ્રથમ વખત (જુઓ પાનું ૨) ▸▸




**મુંબઈ આવી ગયું છે એલપીજી ભરેલું જહાજઃ** ૪૭,૦૦૦ મૅટ્રિક ટન એલપીજી સાથેનું કુવૈતથી આવેલું ભારતીય ટૅન્કર 'જગ વસંત' હોર્મુઝ સામુદ્રધુનીમાંથી થઈને બુધવારે મુંબઈ આવી પહોંચ્યું હતું. (અમય ખરાડે)

## ભાજપની ચંડીગઢની ઑફિસની બહાર મોટો ધડાકો

ચંડીગઢઃ પંજાબના ભાજપના વડા મથકની બહાર ધડાકો થયો હતો અને આને લીધે લોકોમાં ભાગદોડ મચી હતી. પોલીસના જણાવ્યા પ્રમાણે કોઈએ દેશી ડિવાઈસ ફેંક્યો લાગે છે. કોઈ જાનહાનિ થઈ નથી. નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (એનઆઈએ)ની ટીમ ધડાકાની તપાસ કરવા ચંડીગઢ પહોંચી ગઈ છે. ધડાકો સાંજે પાંચ વાગ્યે થયો હોવાની માહિતી પોલીસ અધિકારીએ આપી હતી.

ધડાકામાં સેક્ટર ૩૭માં પાર્ક કરાયેલા સ્કૂટરને નુકસાન થયું હતું.

પોલીસના સિનિયર સુપરિન્ટેન્ડન્ટે માહિતી આપી હતી કે પ્રથમદર્શીએ કોઈક નાનો દેશી ડિવાઈસ (બૉમ્બ) ફેંક્યો હતો. અમને ભાજપની પક્ષની કચેરીમાં ધડાકા જેવો અવાજ સંભળાયો હોવાની માહિતી સાંજના પાંચ વાગ્યે મળી હતી. અમારી ક્રાઈમ બ્રાન્ચની ટીમ અને ઑપરેશન સેલ ત્યાં પહોંચી ગયા હતા. ફોરેન્સિક લેબોરેટરીની ટીમને પણ મોકલવામાં આવી હતી. પક્ષના સ્ટેટ મીડિયા સેલના વડા વિનિત જોશીએ ધડાકાનો અવાજ સાંભળ્યો હતો. તેમણે પત્રકારોને કહ્યું હતું કે આ કઈ રીતે બન્યું? ધડાકાની થોડી અસર બાઉન્ડ્રી વોલ પર દેખાય છે. ફક્ત પોલીસ વિગતો આપી શકે. જો ધડાકો પક્ષની કચેરીની બહાર થાય તો એ ચિંતાની વાત છે. આ વિસ્તારમાં લૉ ભવન અને પેટ્રોલ પંપ પણ છે. (એજન્સી)■

# બે-ત્રણ સપ્તાહમાં યુદ્ધનો અંતઃ ટ્રમ્પ

### ▸ ઈરાન સમાધાન ઈચ્છતું હોવાના અમેરિકી દાવાને તહેરાને ફગાવ્યો ▸ બાહરીનમાં એમેઝોનના ડેટા સેન્ટર ટાર્ગેટ ▸ કુવૈતમાં ઍરપોર્ટ, કતારમાં તેલના ટૅન્કર પર હુમલા

વૉશિંગ્ટનઃ અમેરિકા અને ઇરાન હાલના યુદ્ધમાં 'અંત' સુધી લડી લેવાના મૂડમાં હોવાનું લાગે છે. એક બાજુ, અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે ચેતવણી આપી હતી કે હોર્મુઝ સામુદ્રધુની 'મુક્ત' નહિ કરાય ત્યાં સુધી યુદ્ધવિરામ નહિ કરીએ. અમેરિકા બેથી ત્રણ અઠવાડિયામાં ઇરાન પરના હુમલા 'પૂરા' કરશે. બીજી બાજુ, ઇરાનના વિદેશ પ્રધાન અબ્બાસ અરાઘચીએ જણાવ્યું હતું કે તહેરાન લડવાનું ચાલુ જ રાખશે. ઇરાનના લોકો ધમકી કે મહેતલની ભાષાથી નહિ ડરે. દરમિયાન, ઇરાને બુધવારે કુવૈતના વિમાનમથક અને કતાર પાસેના તેલના ટૅન્કર પર હુમલા કર્યા હતા. લેબેનોનની રાજધાની બૈરુતમાં મોટા પાયે હુમલા થયા હતા.

અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે પોતાના રાષ્ટ્રને સંબોધન કરતા પહેલાં પોતાની ટ્રૂથ સોશ્યલ વૅબસાઇટ પર દાવો કર્યો હતો કે ઇરાનના 'નવા પ્રમુખ' યુદ્ધવિરામ ઇચ્છે છે. આમ છતાં, અહીં મહત્ત્વની વાત એ છે કે ઇરાનમાં હજી કોઇ 'નવા પ્રમુખ' સત્તા પર નથી આવ્યા.

તહેરાને ટ્રમ્પના દાવાને ખોટો ગણાવ્યો હતો અને જણાવ્યું હતું કે અમે મધ્ય પૂર્વમાં ઇઝરાયલ-વિરોધી દળોને ટેકો આપવાનું ચાલુ રાખીશું.

ટ્રમ્પે જણાવ્યું હતું કે અમેરિકા ટૂંક સમયમાં જ અખાતમાંની પોતાની લશ્કરી કાર્યવાહી 'પૂરી' (જુઓ પાનું ૨) ▸▸

## યુએઇ પણ લડાઈમાં સીધું ઝંપલાવશે?

દુબઈઃ હોર્મુઝ સામુદ્રધુની ઇરાનના 'કબજા'માંથી છોડાવીને બધા જહાજોની અવરજવર માટે ખુલ્લી મુકાવવા માટેની અમેરિકાની લડતમાં સંયુક્ત આરબ અમીરાત (યુએઇ) જોડાવવા ઉત્સુક હોવાનું કહેવાય છે.

યુએઇ જો યુદ્ધમાં સીધું જોડાશે, તો તે લડાઇમાં પ્રત્યક્ષ રીતે જોડાયેલું ઇરાનના અખાતમાંનું સૌપ્રથમ રાષ્ટ્ર બનશે.

પ્રસારમાધ્યમના અહેવાલમાં આરબ અધિકારીઓને ટાંકીને દાવો કરાયો હતો કે ઇરાન દ્વારા યુએઇ પર સીધા હુમલા થઇ રહ્યા હોવાથી યુએઇ હવે હોર્મુઝ સામુદ્રધુની ઇરાનના 'કબજા'માંથી છોડાવવા માટેના યુદ્ધમાં સીધું ઝંપલાવવા તત્પર હોવાનું કહેવાય છે.

અગાઉ, અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે સાથી દેશો અને આરબ રાષ્ટ્રોને ઇરાન સામેના યુદ્ધમાં સક્રિય રીતે જોડાવા માટે મંગળવારે હાકલ કરતા જણાવ્યું હતું કે તમે બધા જાતે જ જઇને તમારું ઑઇલ મેળવી લો. હોર્મુઝ સામુદ્રધુની બધા જહાજોની મુક્ત અવરજવર માટે ખોલાવવાની જવાબદારી માત્ર અમેરિકાની જ નથી. બીજા દેશોએ પણ અમેરિકાની લશ્કરી કાર્યવાહીમાં સક્રિય સાથસહકાર આપવો જોઇએ. સંયુક્ત આરબ અમીરાત સંયુક્ત રાષ્ટ્રસંઘની સલામતી સમિતિમાં ઇરાનની વિરુદ્ધ ઠરાવ લાવવા દબાણ કરી રહ્યું

છે. આમ છતાં, રશિયા કે ચીન જેવા દેશ આવા ઠરાવની સામે વીટો પાવર (જુઓ પાનું ૨) ▸▸

## મોજતબા ખામનેઇ જીવતા છે અને તેઓ ઈરાનમાં જ છેઃ રશિયા

નવી દિલ્હીઃ મધ્યપૂર્વમાં ચાલી રહેલા તણાવ વચ્ચે ઇરાનના સર્વોચ્ચ નેતા આયાતુલ્લાહ અલી ખામેનેઇના પુત્ર મોજતબા ખામનેઇના સંદર્ભમાં નવી માહિતી સામે આવી છે. ઇરાનના નવા સર્વોચ્ચ નેતા મોજતબા ખામનેઇ હાલમાં ઇરાનમાં જ હોવાની રશિયાએ પુષ્ટિ કરી છે.

ઇરાનના નવા સર્વોચ્ચ નેતાના સ્વાસ્થ્યને લઇને ચાલી રહેલી અફવાઓ વચ્ચે રશિયાએ હવે તેમના ઠેકાણાનો ખુલાસો કર્યો છે. તેમની સ્થિતિ અંગે ઇરાની સરકારના વલણને સમર્થન આપ્યું છે. પ્રમુખ ટ્રમ્પ સહિત અમેરિકા સતત દાવો કરતું રહે છે કે મોજતબા ખામનેઇ ક્યાંય જોવા મળતા નથી અને તે ગંભીર રીતે ઘાયલ છે, પરંતુ ઇરાને કહ્યું છે કે તેઓ સંપૂર્ણપણે સ્વસ્થ છે.

નવા સર્વોચ્ચ નેતાએ તેમના પિતાની ભૂમિકા સંભાળ્યા પછી કેટલાક નિવેદનો જારી કર્યા છે, પરંતુ તેઓ જાહેરમાં દેખાતા નથી. તેમના દિવંગત પિતાની જેમ તેમણે કોઇ વીડિયો સંદેશ પણ જારી કર્યો નથી. મંગળવારના રોજ ઇરાનમાં રશિયાના રાજદૂતે કહ્યું કે મોજતબા ખામનેઇ ઇરાનમાં જ છે. આ સાથે રશિયામાં તેમની સારવારના વહેતા (જુઓ પાનું ૨) ▸▸

## હોર્મુઝ ખોલાવવાના રસ્તા શોધવા યુકેની આગેવાની હેઠળ ૩૫ દેશ પ્રયાસ કરશે

લંડનઃ હોર્મુઝ સામુદ્રધુની ખોલાવવા માટેનો રસ્તો શોધી કાઢવા યુકે આ અઠવાડિયે ઈન્ટરનેશનલ ડિપ્લોમેટિક કોન્ફરન્સનું આયોજન કરશે, એમ બ્રિટનના વડા પ્રધાન કીર સ્ટાર્મરે બુધવારે કહ્યું હતું.

ક્રૂડતેલ સહિતની વસ્તુઓના વેપાર માટે ચાવીરૂપ રૂટ ગણાતી હોર્મુઝ સામુદ્રધુની ફરી ખોલાવવા સાથે મળીને કામ કરવાના કરાર પર ૩૫ દેશે સહી કરી હોવાનું તેમણે કહ્યું હતું. વિદેશ (જુઓ પાનું ૨) ▸▸

## ઈરાન પર હવે આઈઆરસીજીની સંપૂર્ણ પકડ

તહેરાનઃ અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે અગાઉ આ અઠવાડિયે કહ્યું હતું કે ઈરાન યુદ્ધ સમાપ્ત કરવા ઉદારમતવાદી અને સમજદાર નેતાઓ સાથે વાટાઘાટ ચાલી રહી છે. જોકે ઈરાને ટ્રમ્પની આ વાતને રદિયો આપ્યો હતો અને પ્રશ્ન કર્યો હતો કે ઈરાનમાં સત્તા પર કોણ છે?

એક અહેવાલ મુજબ ઈરાનના પ્રમુખ મસૂદ પેઝેશકિઆન સાથે સત્તાની (જુઓ પાનું ૨) ▸▸

## માર્ચમાં જીએસટીની વસૂલાત બે લાખ કરોડ રૂપિયાને પાર

નવી દિલ્હી : માર્ચમાં જીએસટી કલેક્શન લગભગ ૯ ટકા વધીને બે લાખ કરોડ રૂપિયાથી વધુ થયું, જે ૨૦૨૫-૨૬ નાણાકીય વર્ષમાં ત્રીજા ક્રમનું સૌથી વધુ માસિક કલેક્શન છે, જે આયાત તેમજ સ્થાનિક વેચાણ અને ખરીદીમાંથી મળનારા કલેક્શનને કારણે વધ્યું છે, એમ બુધવારના સરકારી આંકડા દર્શાવે છે.

મહિના દરમિયાન કુલ સ્થાનિક આવક ૫.૯ ટકા વધીને ૧.૪૬ લાખ કરોડથી વધુ થઈ, જ્યારે આયાતમાંથી મળતી આવક ૧૭.૮ ટકા વધીને ૫૩,૮૬૧ કરોડ રૂપિયા થઇ.

માર્ચ ૨૦૨૫માં કુલ ગુડ્સ એન્ડ સર્વિસીસ ટેક્સ (જીએસટી) કલેક્શન ૧.૮૩ લાખ કરોડ રૂપિયા હતું.

માર્ચ ૨૦૨૬માં ૨૦૨૫-૨૬ નાણાકીય વર્ષ (એપ્રિલ-માર્ચ)માં ત્રીજા ક્રમનું સૌથી વધુ કલેક્શન જોવા મળ્યું, જેમાં એપ્રિલ ૨૦૨૫માં અત્યાર સુધીની સૌથી વધુ જીએસટી આવક ૨.૩૬ લાખ કરોડ રૂપિયાથી વધુ નોંધાઈ, ત્યારબાદ મે મહિનામાં ૨.૦૧ લાખ કરોડ રૂપિયાથી વધુનું કલેક્શન થયું.

૨૦૨૫-૨૬ના સંપૂર્ણ નાણાકીય (જુઓ પાનું ૨) ▸▸

## ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી ૨૬ એપ્રિલે અને પરિણામ ૨૮મીએ

### આશરે ૧૦,૦૦૦ બેઠક માટે ૪ કરોડ ૧૯ લાખ મતદાર મતદાન કરશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં રાજ્ય ચૂંટણી પંચે બુધવારે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીની જાહેરાત કરી હતી. જે અનુસાર ૧૫ મહાનગરપાલિકા, ૮૪ નગરપાલિકા, ૩૪ જિલ્લા પંચાયત અને ૨૬૦ તાલુકા પંચાયતની ચૂંટણી યોજાશે. આ તમામ ચૂંટણી માટે ૨૬ એપ્રિલના રોજ એક જ તબક્કામાં મતદાન યોજવામાં આવશે. જ્યારે ૨૮ એપ્રિલના રોજ પરિણામ જાહેર કરવામાં આવશે. આ તમામ ચૂંટણીમાં ઇવીએમથી મતદાન કરવામાં આવશે. ચૂંટણીની જાહેરાત સાથે જ રાજ્યમાં આદર્શ આચારસંહિતા લાગુ પડી ગઈ છે.

આ અંગે રાજ્ય ચૂંટણી પંચે જણાવ્યું હતું કે, ૧૫ મહાનગરપાલિકામાં રાજ્યની ૯ નવી મહાનગરપાલિકાનો પણ સમાવેશ થાય છે. આ ઉપરાંત ૨૪ જિલ્લા પંચાયતોમાં હદ ફેરફાર થયો છે.

આ ચૂંટણીમાં કુલ ૪ કરોડ ૧૯ લાખ જેટલા મતદારો મતદાન કરશે. જેમાં મહાનગરપાલિકાઓમાં અંદાજે ૧ કરોડ ૧૦ લાખ મતદારો મતદાન કરશે. જ્યારે નગરપાલિકાઓમાં ૩૩.૬૬ લાખ આસપાસ (જુઓ પાનું ૨) ▸▸

**અમદાવાદ પ્લેન ક્રેશ**

## શું છે તમારો છુપો એજન્ડા?ઃ ભડકેલી સુપ્રીમ કોર્ટનો અરજદારને સવાલ

નવી દિલ્હીઃ સુપ્રીમ કોર્ટે અમદાવાદમાં ગયા વર્ષે જૂનમાં થયેલા એર ઈન્ડિયા પ્લેન દુર્ઘટનાને લઈને દાખલ જાહેર હિતની અરજી (પીઆઈએલ) પર સુનાવણી કરવાનો ઈનકાર કરતા અરજી ફગાવી દીધી હતી. સુપ્રીમ કોર્ટે અરજદારને પૂછ્યું હતું કે, તમારો છુપો એજન્ડા શું છે? કોર્ટે એર ઈન્ડિયા વિમાન દુર્ઘટનાના પ્રારંભિક તપાસ અહેવાલની માંગ કરતી અરજી ફગાવી દીધી હતી.

મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાન્ત, જસ્ટિસ જોયમાલ્યા બાગચી અને જસ્ટિસ વિપુલ એમ. પંચોલીની બનેલી બેન્ચે અરજદારની એ દલીલને માનવાનો ઈનકાર કર્યો હતો કે અધિકારીઓને નિર્દેશ આપવામાં આવે કે તે તેમની અરજીને પ્રતિનિધિત્વ તરીકે જોવામાં આવે.

અરજદારે દિલ્હી હાઇ કોર્ટના પચીસ ફેબ્રુઆરીના રોજ એક આદેશને પડકાર્યો હતો જેમાં એક જાહેર હિતની અરજીને ફગાવી દીધી હતી. આ અરજીમાં માગ કરવામાં આવી હતી કે વિમાન દુર્ઘટના સાથે જોડાયેલી તમામ ઘટનાઓના ક્રમની જાણકારીને પ્રારંભિક તપાસ અહેવાલમાં સામેલ કરવામાં આવે. અરજદાર તરફથી હાજર રહેલા વકીલ પ્રત્યે નારાજગી (જુઓ પાનું ૨) ▸▸

## અમેરિકાની એચ-વનબી અરજીઓનું ફાઈલિંગ શરૂ

વૉશિંગ્ટનઃ યુએસ સિટિઝનશિપ ઍન્ડ ઇમિગ્રેશન સર્વિસીસ (યુએસસીઆઇએસ)એ જણાવ્યું હતું કે અમને નાણાકીય વર્ષ ૨૦૨૭ની ઍડવાન્સ્ડ ડિગ્રી ઍક્ઝમ્પશન માટેની યોગ્ય અરજીઓ સહિતની એચ-વનબી 'કૅપ-સબ્જેક્ટ પિટિશન્સ' ફાઇલ કરવાનું પહેલી એપ્રિલ, ૨૦૨૬એ શરૂ થયું છે. આવી અરજીઓ પસંદ કરાયેલા વિઝાના લાભાર્થીઓ માટે અને માન્યતા પ્રાપ્ત રજિસ્ટ્રેશન માટે રહેશે.

તેણે જણાવ્યું હતું કે એચ-વનબી 'કૅપ-સબ્જેક્ટ પિટિશન્સ' ફાઇલિંગનો સમય ઓછામાં ઓછો ૯૦ દિવસનો રખાયો છે. નાણાકીય વર્ષ ૨૦૨૭ના એચ-વનબી 'કૅપ-સબ્જેક્ટ પિટિશન્સ'ની સાથે 'એપ્લિકેબલ સિલેક્શન નોટિસ'ની નકલ જોડવી પડશે.

યુએસ સિટિઝનશિપ ઍન્ડ ઇમિગ્રેશન સર્વિસીસે જણાવ્યું હતું કે (જુઓ પાનું ૨) ▸▸

**પશ્ચિમ બંગાળમાં 'સર'ને મામલે સુપ્રીમ કોર્ટનો નિર્ણય**

## મતદારોના ઉમેરા-બાદબાકીનો ૧૯ અપેલેટ ટ્રિબ્યૂનલ ચુકાદો આપશે

નવી દિલ્હીઃ ચૂંટણીગ્રસ્ત પશ્ચિમ બંગાળમાં સ્પેશ્યલ ઈન્ટેન્સિવ રિવિઝન 'સર'ની કવાયત દરમિયાન મતદાર યાદીમાં ઉમેરવામાં આવેલા નામ કે નામની કરવામાં આવેલી બાદબાકી અંગેની અરજીને મામલે ભૂતપૂર્વ મુખ્ય ન્યાયાધીશ અને હાઈ કોર્ટના ન્યાયાધીશોના વડપણ હેઠળની ૧૯ અપેલેટ ટ્રિબ્યૂનલ ચુકાદો આપશે, એમ સુપ્રીમ કોર્ટે બુધવારે કહ્યું હતું. વ્યક્તિતના નામનો મતદાર યાદીમાં સમાવેશ કરવા સામે ફરિયાદ હોય તેવા પશ્ચિમ બંગાળ, ઓડિશા અને ઝારખંડના ૭૦૦ જ્યૂડિશિયલ ઑફિસર સહિતના સત્તાધિકારીઓ અને ચૂંટણી પંચના અધિકારીઓની અરજીને મામલે ટ્રિબ્યૂનલ ચુકાદો આપશે, એમ કોર્ટે કહ્યું હતું.

પશ્ચિમ બંગાળમાં મતદાર યાદીનાં સ્પેશ્યલ ઈન્ટેન્સિવ રિવિઝન 'સર'ની પ્રક્રિયા સાત એપ્રિલ સુધીમાં પૂરી કરી લેવામાં આવશે એવી આશા વ્યક્ત કરતાં સુપ્રીમ કોર્ટે બુધવારે કહ્યું હતું કે કુલ ૬૦ લાખ વાંધાઓમાંથી ૩૧ માર્ચ સુધીમાં ૪૭.૪ લાખનો નિકાલ કરી દેવામાં આવ્યો છે.

મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાન્ત અને ન્યાયાધીશ જોયમાલ્ય બાગચી તેમ જ વિપુલ એમ. (જુઓ પાનું ૨) ▸▸

## આસામમાં કૉંગ્રેસ સત્તા પર આવશે તો ઘૂસણખોરોને બચાવવા કાયદો લાવશેઃ મોદી

ગોગામુખ/બેહાલી (આસામ): વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ આક્ષેપ કર્યો હતો કે જો કૉંગ્રેસ આસામમાં સત્તા પર આવશે તો ઘૂસણખોરોને બચાવવા કાયદો લાવશે જે ભાજપ અને તેના સાથીપક્ષો નહીં સાંખી લે.

ધેમાજી જિલ્લાના ગોગામુખમાં રાજકીય રૅલીને સંબોધતા મોદીએ કહ્યું હતું કે કૉંગ્રેસ બહુમતીને લઘુમતીમાં ફેરવવાનો હેતુ ધરાવે છે અને તે ઘૂસણખોરોની કાયમી વોટ બૅન્ક સ્થાપવા માગે છે. ભાજપ ૨૦૧૪માં સત્તા પર આવ્યું એ પહેલાં કૉંગ્રેસે કેન્દ્રમાં આવો કાયદો લાવવાની પેરવી કરી હતી, પરંતુ એનડીએએ આનો વિરોધ કર્યો હતો.

મોદીએ આક્ષેપ કર્યો હતો કે ગ્રાન્ડ ઓલ્ડ પાર્ટી ભાગલા વખતે મુસ્લિમ લીગની જેમ દેશને વિભાજિત કરવા નવો પ્રયાસ કરે છે. કૉંગ્રેસે બાબાસાહેબ આંબેડકરે તૈયાર કરેલા બંધારણને પણ (જુઓ પાનું ૨) ▸▸

મુંબઈ સમાચાર LIKE & FOLLOW: /Mumbaisamachar4u

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ઓરેકલમાંથી ૩૦ હજારની છટણી, ભારત માટે ખરાબ સંકેત

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI)ના કારણે દુનિયાભરમાં મોટા પ્રમાણમાં રોજગારી છીનવાઈ જશે એવી ચેતવણી લાંબા સમયથી અપાય છે અને અમેરિકન આઇટી કંપની ઓરેકલે આખી દુનિયાને તેનું ટ્રેલર બતાવી દીધું. હજુ આર્ટિશિયલ ઈન્ટેલિજન્સ (AI) શરૂઆતના તબક્કામાં જ છે ને તેની બહુ મોટી અસર વર્તાવા નથી માંડી ત્યાં જ ઓરેકલે એક સાથે લગભગ ૩૦ હજાર કર્મચારીઓને નોકરીમાંથી કાઢી મૂકીને સોપો પાડી દીધો છે. ભારત માટે મોંકાણના સમાચાર એ છે કે આ છટણીમાં ભારતના જ ૧૨ હજાર કર્મચારીઓનો વારો પડી ગયો છે. મતલબ કે, તગેડી મુકાયા તેમાંથી ૪૦ ટકા કર્મચારી તો ભારતના જ છે.

બીજા મોંકાણના સમાચાર એ છે કે, કંપની આગામી એક મહિનાની અંદર છટણીનો બીજો રાઉન્ડ કરવાની છે તેથી ભારતમાં ઓરેકલ કંપની માટે કામ કરતા કર્મચારીઓ પર અત્યારથી તલવાર લટકવા માંડી છે. ભારતમાં ઓરેકલના ૩૦ હજાર કર્મચારીઓ છે ને તેમાંથી ૧૨ હજારને તો ઘરભેગા કરી દેવાયા એટલે ૧૮ હજાર કર્મચારી બાકી રહ્યા. આ બચેલા ૧૮ હજાર કર્મચારી આજની તારીખથી જ ફફડતા જીવે રહેશે ને મહિના પછી પોતાનો વારો તો નહીં પડી જાય ને તેની ચિંતામાં દાડા કાઢશે. મહિના પછી જેમનો વારો પડશે તેમની હાલત તો બગડશે જ પણ જે બચી જશે તેમને જલસા એવું પણ નથી. કંપની છટણીના નવા રાઉન્ડમાં પોતાનો વારો ના પાડી દે તેની ચિંતામાં એ લોકોની ઊંઘ તો પછી હરામ થવાની જ છે.

કંપનીએ આટલા મોટા પાયે છટણી કરી એ તો આઘાતજનક છે જ પણ વધારે આઘાતજનક વાત એ છે કે, કર્મચારીઓને આગોતરી કોઈ જાણ નથી કરાઈ અને કર્મચારીઓને ૧ એપ્રિલે વહેલી સવારે છ વાગ્યે માત્ર એક ઇમેલ મોકલીને નોકરીમાંથી કાઢી મૂકવાની જાણ કરી દેવાઈ. કંપનીના કર્મચારીઓએ ૩૧ માર્ચ લગી તો કશું અજુગતું બનવાનું છે તેના અંદેશા વિના કામ કર્યું ને ૧ એપ્રિલે સવારે નોકરીમાંથી છૂટા કર્યાનો મેલ આવી જતાં ૩૦ હજાર કર્મચારીઓ માટે જાગીને જોયું તો જગત દીસે નહીં જેવો ઘાટ થઈ ગયો. કંપનીએ પાછી સત્તાવાર રીતે તો કોઈ માહિતી આપી જ નથી પણ જેમને ગડગડિયું પકડાવી દઈને છૂટા કરાયા તેમણે સોશ્યલ મીડિયા પર આપવીતી જણાવી ત્યારે ઓરેકલના કાંડની સૌને ખબર પડી.

કંપનીએ કર્મચારીઓને છૂટા કરવા માટે કોઈ કારણ પણ આપ્યું નથી. ઓરેકલ દ્વારા કર્મચારીઓને મોકલવામાં આવેલા ઈ-મેલમાં એટલું જ લખ્યું છે કે, કંપનીમાં મોટા ફેરફાર થઈ રહ્યા હોવાથી એવો નિર્ણય લેવાયો છે કે, કર્મચારી તરીકે કંપનીમાં તમે જે હોદ્દા પર છો તેની હવે કોઇ જરૂર નથી રહી. કંપનીએ તગેડી મૂક્યા એ કર્મચારીઓ માટે સેવરન્સ પેકેજની જાહેરાત કરી છે પણ આ પેકેજ પણ શરતી છે. પેકેજમાં સ્પષ્ટ શરત છે કે, કોઈ પણ વિવાદ વિના રાજીનામું આપશે તેમને જ પેકેજ મળશે. આ પેકેજમાં પણ ઝાઝો ભલીવાર નથી ને સાવ ટુકડા ફેંકવા જેવું છે. પેકેજની શરતો પ્રમાણે, ભારતમાં એક વર્ષની સેવા પૂરી કરનાર કર્મચારીને ૧૫ દિવસનો પગાર મળશે અને એક મહિનાનો નોટિસ પિરિયડનો પગાર અને પાત્રતાના આધારે ગ્રેચ્યુઇટી મળશે. કંપનીએ ૨ મહિનાનો પગાર 'ટોપ-અપ' તરીકે આપવાની પણ ઓફર કરી છે. આ સિવાય લીવ એન્કેશમેન્ટ પણ અપાશે એવું ઈ-મેલમાં લખાયું છે.

આ પેકેજ શરમજનક છે ને તેના કારણે કર્મચારીઓના ત્રણેક મહિના ટૂંકા થવાથી વધારે કઈ ભલું થવાનું નથી. આઈટી સેક્ટરમાં મોટા ભાગે યુવાનો હોય છે કે જે બચત કરવામાં માનતા નથી. આઈટી સેક્ટરમાં મળતા ઊંચા પગારોના કારણે એ લોકો લોનથી કાર, ફ્લેટ વગેરે લક્ઝરી વસાવીને બેસી ગયા હોય છે. નોકરી જતાં તેના હપ્તા ભરવાની ત્રેવડ જ નહીં રહે. આઈટી સેક્ટરમાં અત્યારે ભયંકર મંદીનો માહોલ છે એટલે રાતોરાત કોઈને નોકરી મળવાની નથી તેથી તેમની હાલત વધારે ખરાબ થશે. આ માહોલમાં જેમણે સમજદારી બતાવી હશે એ લોકો ટકશે ને બાકીના કર્મચારીઓ રસ્તા પર આવી ગયા છે એમ જ માનવાનું.

ઓરેકલે સત્તાવાર રીતે કશું કહ્યું નથી પણ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI)ના કારણે કંપનીએ આ નિર્ણય લીધો હોવાનું કહેવાય છે. ઓરેકલ અને સામ ઓલ્ટમેનની ઓપન એઆઈ (OpenAI) ભેગાં મળીને ૧૫૬ અબજ ડૉલરનો આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ પ્રોજેક્ટ ભાગીદારીમાં કરી રહ્યાં છે. ઓરેકલ અને ઓપનઆઈ એઆઈ ડેટા સેન્ટર્સ નેટવર્કને ઊભું કરવા માગે છે. એ માટે કંપનીને મોટા પાયે રોકડની જરૂર છે તેથી ઓરેકલે કર્મચારીઓને છૂટા કરી દીધા હોવાનું કહેવાય છે. ઓરેકલ આ છટણી કરીને લગભગ૧૦ અબજ ડૉલરની રોકડ ઊભી કરશે તેથી એક વરસમાં કંપનીના હાથ પર આ પ્રોજેક્ટનાં નાણાં હશે. સ્વાભાવિક રીતે જ કંપની આટલું મોટું રોકાણ કરતી હોય તેનો અર્થ એ થાય કે, ભવિષ્યમાં કર્મચારીઓનું સ્થાન એઆઈ લેશે તેથી આ પ્રોજેક્ટ પાર પડશે એટલે ફરી મોટા પાયે છટણી થશે.

ઓરેકલની છટણી ભારત માટે ભયંકર સંકેત છે. ભારતમાંથી ૧૨ હજાર કર્મચારીઓને છૂટા કરાયા ને ૧૮ હજાર કર્મચારીઓ પર તલવાર લટકી રહી છે એ તો કારણ છે જ મોટું કારણ ધૂંધળું ભાવિ છે. ભારતનો આઈટી ઉદ્યોગ વિદેશી આઈટી કંપનીઓ પર નિર્ભર છે ને ઓરેકલની જેમ બીજી આઈટી કંપનીઓ પણ છટણી કરવા માંડે તો ભારતીયોની હાલત બગડી જાય. હૈદરાબાદ, બેંગ્લૂરુ અને પુણે જેવાં આઈટીનાં હબ ખતમ થઈ જાય.

આઈટીના ખતરાને લીધે અત્યારે ભારતની આઈટી કંપનીઓના શેરોમાં કડાકો બોલેલો જ છે ને લાખો રોકાણકારો રાતા પાણીએ રડી રહ્યા છે. ઓરેકલની જેમ બીજી કંપનીઓ પણ વર્તે તો આઈટી કંપનીના શેરોમાં વધારે કડાકો બોલે ને રોકાણકારો કદી ઊભા જ ના થઈ શકે એવી હાલત થઈ જાય.

ભારતને અત્યારે વિદેશી આઈટી કંપનીઓ પાસેથી મોટા પ્રમાણમાં આઉટસોર્સિંગ વર્ક મળે છે અને તેના કારણે જંગી વિદેશી હૂંડિયામણની કમાણી પણ થાય છે. ઓરેકલના રસ્તે બીજી કંપનીઓ પણ ચાલશે તો ધીરે ધીરે તેમાં ઓટ આવશે ને ભવિષ્યમાં સાવ નહિવત કામ મળતું હોય એવું પણ થઈ જાય તેથી ભારત માટે બેરોજગારી અને કમાણી બંધ થવી એમ બેવડો ખતરો છે.

ભારતે આ ખતરાને પહોંચી વળવા માટે અત્યારથી તૈયારીઓ કરવી પડે. આગ લાગે ત્યારે કૂવો ખોદવા ના બેસાય એ જોતાં ભારતે આ બેરોજગારી અને આવકમાં ઓટ એ બંને નુકસાનને પહોંચી વળવા શું કરવું એ વિશે નક્કર આયોજન કરવું જરૂરી છે. ભારત સેમીકન્ડક્ટર્સ સહિતનાં સેક્ટરમાં તાકાત વધારવા મથી રહ્યું છે પણ એ બધા સેક્ટર પણ વિદેશી કંપનીઓની દયા પર ચાલે છે એ જોતાં ભારતે પોતાનું કંઈક વિકસાવવું પડે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ – સૌર વસંતઋતુ, ગુરુવાર, તા. ૨-૪-૨૦૨૬, ચૈત્રી પૂર્ણિમા, બહુચરાજીનો મેળો, હનુમાન જયંતી, છત્રપતિ શિવાજી પુણ્યતિથિ

- ભારતીય દિનાંક ૧૨, માહે ચૈત્ર, શકે ૧૯૪૮
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, ચૈત્ર સુદ -૧૫
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે ચૈત્ર, તિથિ સુદ-૧૫
- પારસી શહેનશાહી રોજ ૨૧મો રામ, માહે ૮મો આવાં, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૨૧મો રામ, માહે ૯મો આદર, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૧૩મો તીર, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૫
- મુસ્લિમ રોજ ૧૩મો, માહે ૧૦મો શવ્વાલ, સને ૧૪૪૭
- મીસરી રોજ ૧૫મો, માહે ૧૦મો શવ્વાલ, સને ૧૪૪૭
- નક્ષત્ર હસ્ત સાંજે ક. ૧૭-૩૮ સુધી, પછી ચિત્રા
- ચંદ્ર કન્યામાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ કન્યા (પ, ઠ, ણ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૩૩, અમદાવાદ ક. ૦૬ મિ. ૩૩, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૫૦, અમદાવાદ ક. ૧૮ મિ. ૫૪, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતીઃ બપોરે ક. ૧૨-૨૬, મધ્યરાત્રે ક. ૦૦-૨૪
- ઓટઃ સાંજે ક. ૧૮-૨૭
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, 'પરાભવ'નામ સંવત્સર, ચૈત્ર શુક્લ – પૂર્ણિમા. ચૈત્રી પૂર્ણિમા, બહુચરાજીનો મેળો, છત્રપતિ શિવાજી પુણ્યતિથિ, સર્વદમનક મહોત્સવ, હનુમાન જયંતી, વૈશાખ સ્નાનારંભ, ઈષ્ટિ, મંગળ મીનમાં ક. ૧૫-૨૮.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ સર્વદેવ પ્રતિષ્ઠા. શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, શ્રી સુક્ત-પુરુસુક્ત, શ્રીગણેશ અથર્વશીર્ષમ્ અભિષેક, તુલસીપૂજા, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠ વાંચન, પૂર્ણિમા તિથિએ જન્મ હોય તેમણે સૂર્ય-ચંદ્રની પૂજા અવશ્ય કરવી, જુઈના પુષ્પથી ભગવાન વિષ્ણુનું પૂજન કરવું, પરદેશગમનનું પસ્તાનું, દત્ત ભગવાનની ભક્તિ કરવી. પરદેશનું પસ્તાનું કરવું, દુકાન-નવા વસ્ત્ર આભૂષણ, મહેંદી લગાવવી, વિદ્યારંભ, હજામત, અન્નપ્રાશન, પશુ લે-વેંચ, નૌકા બાંધવી, શાંતિ પૌષ્ટિક પૂજા, બી વાવવું, ખેતીવાડી, ધાન્ય ભરવું, બાળકનં નામકરણ, દેવદર્શન, અન્નપ્રાશન.
- આચમનઃ ચંદ્ર-સૂર્ય પ્રતિયુતિ, મનની સ્થિરતા માટે સતર્ક રહેવું, ચંદ્ર-ગુરુ ચતુષ્કોણ શેરબજારમાં રોકાણ થાય.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-સૂર્ય પ્રતિયુતિ, ચૈત્રી પૂર્ણિમા યોગ, ચંદ્ર-ગુરુ ચતુષ્કોણ
- ગ્રહગોચરઃ સૂર્ય-મીન, મંગળ-કુંભ/મીન, માર્ગી બુધ-કુંભ (બુધ દેખાશે), માર્ગી ગુરુ-મિથુન, શુક્ર-મેષ (શુક્ર પશ્ચિમમાં દેખાશે) માર્ગી શનિ-મીન (શનિ અસ્ત) રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચૂન-મીન, માર્ગી પ્લુટો-મકર. ■

મુખ્બિરે ઈસ્લામ

અનવર વલિયાણી
anwar.v@bombaysamachar.com

# શરીઅતે મુહમ્મદી એ અલ્લાહનો કાનૂન છે તેને સાચા અર્થમાં સમજવાની જરૂર

(ભાગ -૩)

ખુદાની રચનામાં ખામી હોતી નથી. ઈસ્લામી શરીઅત અલ્લાહતઆલાની હિદાયત (માર્ગદર્શન) અનુસાર ઘડવામાં આવી હોઈને રબ તઆલાના પવિત્ર અને મહાન રસૂલે કરીમ સલ્લલ્લાહો અલયહે વસ્સલમે (સ.અ.વ.) માત્ર બેજ શબ્દોમાં કેટલી મોટી વાત સમજાવી છે, તે જોવાથી સ્પષ્ટ થાય છે. અર્થઃ નુકસાન કરો નહીં, નુકસાન ઉઠાવો નહીં. આ રીતે શરીઅતે મુહમ્મદી અધિકતમ્ રીતે સંપૂર્ણ રીતે શ્રેષ્ઠ ઠરે છે તેનાં ત્રણ કારણો આપી શકાય : ૧- ઈસ્લામી શરીઅત સંપૂર્ણ છે, ૨- ઈસ્લામી શરીઅતના કાનૂન બુલંદ છે અને ૩- ઈસ્લામી શરીઅતને દાયમી હૈસીયત (અમરતા) પ્રાપ્ત છે. હા, ઉલેમા, જ્ઞાનિ-વિદ્વાનોએ તેના સાચા, સ્પષ્ટ અર્થઘટનો મુસ્લિમો સુધી પહોંચાડવા જોઈએ અને એજ સમયનો આજે તકાજો છે.

શરીઅતે સત્તાધિશોને કાનૂન બનાવવાની સત્તા જરૂર આપી છે, પરંતુ તેની પર હદબંધી કરી છે. તે હદબંધી એવી છે કે, સત્તાધિશોએ બનાવેલો કાયદો શરીઅતે મુહમ્મદીના સિદ્ધાંતો પ્રમાણે હોવા જોઈએ. શરીઅતની રૂહ (આત્મા), તે કાયદામાં, પૂરેપૂરી રીતે ધબકતી હોવી જોઈએ. પવિત્ર કુરાનમાં અલ્લાહતઆલાનો હુકમ છે કે, તમારી વચ્ચે જે કારણસર મતભેદ ઊભો થાય, તેનો ફેસલો, ચુકાદો અલ્લાહને હવાલે છે.

અલ્લાહ એક જ છે, તે નિરંજન - નિરાકાર છે. તેજ બંદગીને લાયક છે. તેની જ ભક્તિ થઈ શકે, તે સિદ્ધાંતને એકેશ્વરવાદ કહે છે. ઈસ્લામમાં તેને 'તૌહીદે ઈલાહી' કહે છે.

જ્યારે કુરાને કરીમમાં એ હુકમ આવી ગયો કે માત્ર એક જ ખુદાની બંદગી કરો, હવે તેમાં શંકા-કુશંકા કરવાનો પ્રશ્ન જ નથી ઉદ્‌ભવતો. કોઈ શખસ મતભેદ ઊભો કરે, તો ફેસલો અલ્લાહ કરશે એવું કહ્યું છે. તેનો અર્થ એ છે કે, અલ્લાહનો કાનૂન શું કહે છે તે જોવું પડશે. ખાલિકે કાયેનાત (એટલે જગતકર્તા, સૃષ્ટિનો સર્જનહાર)ની નાફરમાની ઉચિત નહીં લેખાય.

અલ્લાહના પયગંબર હઝરત મુહમ્મદ મુસ્તફા (સ.અ.વ.) એજ બાબતમાં આ રીતે સ્પષ્ટ હુકમ ઉમ્મતને ફરમાવી દીધેલ છે કે, ખાલિકની આજ્ઞાઓનું ઉલ્લંઘન કરીને મખ્લુકની ઈતાઅત બજાવી લાવવી જરૂરી નથી.

એક હદીસમાં કહેવામાં આવ્યું છે કે, 'તેમાંથી જો કોઈ તમને ખુદાની નાફરમાનીનો હુકમ કરે તો તેની વાત સાંભળોય નહીં અને તેની ઈતાઅત પણ કરો નહીં ('ઈતાઅત' કરવી એટલે આજ્ઞા બજાવી લાવવી, બંદગી કરવી. (ઉમ્મતઃ તમામ જીવો, ખાલિકઃ જગતકર્તા, મખ્લુકઃ સૃષ્ટિ).

હુઝૂરે અનવર (સ.અ.વ.) ફરમાવે છે કે, અલ્લાહની નાફરમાની કરીને જિંદગી ગુજારવા કરતાં બહેતર છે કે અલ્લાહના આદેશોનું પાલન કરતાં કરતાં કેટલાંય કષ્ટ કેમ ન આવે તેને સરળતાથી પાર કરી લે ગમે તેવી કસોટી જેમ કે, મુસીબત, મુશ્કેલી, આફત, કષ્ટો કેમ ના આવે, એક મોમિને (સાચા, ઈમાનદાર મુસ્લિમ બંદા)એ સત્ય પર મક્કમ રહેવામાં અને સત્યનું આમંત્રણ આપવામાં અટકવું જોઈએ નહીં. (હવાલોઃ તિબરાની.)

સુજ્ઞ વાચકો! ઉપરોક્ત હદીસમાં બે ગુણોનો ઉલ્લેખ છે ૧- તકવો (સંયમ, પરહેઝગારી) અને ૨- નીડરતા! મોમિને હંમેશાં કુરાન શરીફના આદેશો પર અમલ કરવો જોઈએ. સત્ય અને અસત્યનો સંઘર્ષ હોય તો હંમેશાં સત્યના પડખે ઊભા રહો. નીડર બનો અને નીડર રહો.

યાદ રહેવું ઘટે કે ઇલાહી વાણી કુરાને પાકની ભાષા અરબી છે અને તે અરબસ્તાનમાં મક્કા શરીફમાં રહેતા અરબી પયગંબર હઝરત મુહમ્મદ સલ્લલ્લાહો અલયહે વસ્સલ્લમ પર નાઝીલ (આવી) થયેલ છે. આપ હુઝૂરે અનવરના આચરણો, સુકૃત્યોને હદીસે નબવી કહે છે અને ઇલાહી આજ્ઞાનુસારના નિયમો-કાનૂનોને શરીઅતે મોહમ્મદી કહે છે, જે પણ અરબી ભાષામાં છે. અરબસ્તાનના લોકોની માતૃભાષા અરબી છે અને ભારત અને એવા બીજા કેટલાંક દેશોમાં મુસ્લિમો ઉર્દૂને પોતાની માતૃભાષા તરીકે અનુસરે છે. આલિમો, ઉલ્માઓ, મૌલાનાઓ જેવા ઈસ્લામી અભ્યાસના જ્ઞાનિઓને જોઈએ કે તેઓ ઈલાહી ફરમાનો જે અર્થમાં કહ્યા છે તેને સાચા અર્થમાં અનુવાદ કરી ગેરમાર્ગે દોરવાતા લોકોને રાહેરાસ્ત પર લાવવા કરી છૂટે. આમીનઃ તથાસ્તુ, ઈશ્વર, અલ્લાહ જીવ માત્રનું ભલું કરે.

સાપ્તાહિક સંદેશઃ

હઝરત શેખ સા'દી રહમતુલ્લાહ અલયહ ઈરાનના મહાન કવિ, વલી, સંત, સૂફી, વિદ્વાન થઈ ગયા. તેમનાં બે કાવ્ય પુસ્તકો 'ગુલિસ્તાં' તથા 'બોસ્તાં' ઘણા મશહૂર છે. આજથી આશરે આઠસો વર્ષ પહેલાં આવો બોધ કવિતામાં તેઓ આપી ગયા છે. આજે પણ હૃદયમાં તે સોંસરવો ઊતરી જાય છે. તેમના બે અશઆર (કવિતાની પંક્તિ)ને વાંચીએ અને બોધ લઈએઃ

ખુદાવન્દ તઆલા મી બીનદ, વ મી પોશદ
હમ સાયા ન મી બીનદ, વ મી ખરોશદ

મૂળ ફારસી ભાષામાં લખેલ આ અશઆરનો ગુજરાતીમાં સરળ અર્થ થાય છે કે, અલ્લાહતઆલા તો બધું જ જુએ છે, છતાં તેની પર પડદો નાખીને છુપાવે છે. બંદાને ઢીલ આપે છે, તે એકદમ રૂસ્વા (નિરાશ) કરતો નથી. પરદાપોશી કરનાર અલ્લાહનું નામ 'સત્તાર' પણ છે. આપણો પાડોશી તો કશું જ જોતો નથી, છતાં (આપણી વિરુદ્ધ) શોરબકોર મચાવી દે છે. બૂરા પાડોશી અને બૂરા માણસની આવી ખરાબ ટેવ હોય છે. બેબુનિયાદ (અર્થ વગરની, નકામી) અને જૂઠી-તર્કટી વાતો ઘડી કાઢીને હોબાળો મચાવવો, એ બૂરા (ખરાબ) લોકોનું કામ છે.

બ નુતક આદમી બહેતર અસ્ત અઝ દવાબ
દવાબ અઝ તુ બેહ, ગર ન કોઈ સવાબ

અર્થઃ ભાષા એટલે વાચા છે, તેથી જ ચોપગાં પ્રાણીઓથી માનવી ચઢિયાતો અને સારો છે. તે જાનવરો મૂંગા છે, તેમની પાસે વાણી નથી. (તેમ છતાં) જો તું સારી વાણી ન બોલે, મીઠી ભાષા ન વાપરે, તો ચોપગાં જાનવરો તારાં કરતાં સારાં છે. સારાંશ એ છે કે, માનવીને ખુદાએ જીભની સાથે ભાષાવાણી આપી છે, તો હંમેશાં સારું જ બોલવું જોઈએ. કડવાં વેણ, તોછડી ભાષા, ગાળો, અપશબ્દો, અસભ્ય ભાષા બોલવી જોઈએ નહીં. જાનવર અને માનવીમાં વાચાનો જે ફરક છે તે સમજીએ અને બોધ લઈએ. ■

પહેલા પાનાનું ચાલુ

### મોંઘવારીનો મરણતોલ માર

કિલોલિટર દીઠ રૂપિયા બે લાખને ઓળંગી ગયો છે. અગાઉ, ૨૦૨૨માં રશિયાએ યુક્રેન પર હુમલો કર્યો ત્યારે એટીએફના ભાવમાં મોટો વધારો થયો હતો. એટીએફના ભાવવધારાને લીધે ઍરલાઇન્સ પર મોટો આર્થિક બોજ આવી પડ્યો છે. દેશની ઍરલાઇન્સને વિદેશી ઍરલાઇન્સની સરખામણીમાં અડધો જ ભાવવધારો લાગુ પડશે.

'ઍક્સ્ટ્રા ગ્રીન' ડીઝલનો ભાવ લિટર દીઠ રૂપિયા ૧.૫૦ વધારીને રૂપિયા ૯૨.૯૯ કરાયો છે, જ્યારે '૧૦૦ ઑક્ટેન પેટ્રોલ' (એક્સપી૧૦૦)નો ભાવ રૂપિયા ૧૧ વધારીને રૂપિયા ૧૬૦ કરાયો છે. સરકારી માલિકીની ઑઇલ માર્કેટિંગ કંપનીઓ ઈંધણના આંતરરાષ્ટ્રીય ભાવના આધારે દર મહિનાની પહેલી તારીખે ઈંધણના નવા ભાવ જાહેર કરે છે. અખાતના દેશોમાં ચાલતા યુદ્ધને કારણે અનેક દેશમાં પેટ્રોલ, ડીઝલ અને ગૅસની અછત ઊભી થઇ છે તેમ જ તેઓના ભાવમાં સતત વધારો થઇ રહ્યો છે. (એજન્સી) ■

### બે-ત્રણ સપ્તાહમાં

કરશે. યુનાઇટેડ કિંગ્ડમ જેવા યુરોપના દેશોને હોર્મુઝ ખાડીમાંના નિયંત્રણને લીધે જૅટ ફ્યુઅલ મળતું નથી અને તેથી તેઓએ હિંમત બતાવીને આ સામુદ્રધુનીમાં જઇને ઈંધણ લઇ આવવું જોઇએ.દરમિયાન, અમેરિકાએ યુદ્ધગ્રસ્ત મધ્ય પૂર્વમાં પોતાના વધુ હજારો સૈનિક મોકલ્યા હતા. અગાઉ, ટ્રમ્પે હોર્મુઝ ખાડી બધા જહાજોની અવરજવર માટે ખુલ્લી મૂકવા છ એપ્રિલની મહેતલ આપી હતી અને ઇરાનના ટાપુ પર હુમલા કરવાની ચીમકી આપી હતી. કતારના કાંઠા પાસેના તેલના ટૅન્કરની સાથે બુધવારે એક ક્રૂઝ મિસાઇલ અથડાતા તેમાં મોટી આગ લાગી હતી. તેના આગલા દિવસે દુબઈની નજીક કુવૈતના તેલ ટૅન્કર પર હુમલો થયો હતો. કુવૈતના આંતરરાષ્ટ્રીય વિમાનમથક ખાતેની ઈંધણની ટાંકી પર ડ્રોનથી હુમલો થતાં તેમાં મોટી આગ લાગી હતી. જોર્ડનના લશ્કરે ૨૪ કલાકમાં ઇરાનના એક બેલિસ્ટિક મિસાઇલ અને બે ડ્રોનને તોડી પાડ્યા હોવાનો દાવો કર્યો હતો. (એજન્સી) ■

### યુએઇ પણ લડાઇમાં

વાપરીને તેને પસાર થતાં અટકાવી શકે છે.

હોર્મુઝ સામુદ્રધુનીમાંના અબુ મુસા સહિતના ટાપુઓ પાંચ દાયકા કરતાં વધારે સમયથી ઇરાનની પાસે છે, પરંતુ યુએઇ તેના પર પોતાનો દાવો કરી રહ્યો છે. (એજન્સી) ■

### મોજતબા ખામનેઇ

અહેવાલો ખોટા સાબિત થયા છે.

એલેક્સી ડેડોવે જણાવ્યું કે જેમ કે ઇરાની નેતૃત્વ વારંવાર કરી રહ્યું છે કે નવા નેતા ઇરાનમાં જ છે, પરંતુ સ્પષ્ટ કારણોસર તેઓ જાહેરમાં આવવાનું ટાળી રહ્યા છે. જો કે આ અંગે તેમણે વિસ્તૃત માહિતી આપી ન હતી, પરંતુ તેમનું નિવેદન ઇરાની સરકારના નવા સુપ્રીમ લીડરનાં ઠેકાણાને સુરક્ષા જોખમ ટાળવા સુધી ગુપ્ત રાખવાના વ્યૂહાત્મક નિર્ણય તરફ નિર્દેશ કરે છે. ■

### હોર્મુઝ ખોલાવવા

પ્રધાન વાયવૅટ્ટે કૂપર આ કોન્ફરન્સનું નેતૃત્વ કરશે, એમ તેમણે કહ્યું હતું. ઈરાન યુદ્ધ પૂરું થયા બાદ હોર્મુઝ સામુદ્રધુનીની સુરક્ષા સંબંધિત યોજના પર મિલિટરી પ્લાનરો કામ કરી રહ્યા હોવાનું તેમણે કહ્યું હતું. હોર્મુઝ સામુદ્રધુનીમાં સ્થિરતા લાવવા એકજૂટ થઈને સૈન્ય તાકાત અને રાજદ્વારી માર્ગ અપનાવવાની જરૂર હોવાનું તેમણે કહ્યું હતું. (એજન્સી) ■

### ઈરાન પર હવે

સાઠમારી વચ્ચે અમેરિકાના હુમલા સામે જવાબી સૈન્ય કાર્યવાહી કરી રહેલા શક્તિશાળી ઈસ્લામિક રિવોલ્યૂશનરી ગાર્ડ કોર્પ્સ (આઈઆરસીજી)એ ઈરાનમાં મહત્ત્વની કામગીરી પર અસરકારક અંકુશ મેળવી લીધો છે. હકીકતમાં પરિસ્થિતિ એવી છે કે ઉદારમતવાદી નેતા લેખાતા ઈરાનના પ્રમુખ મસૂદ પેઝેશકિઆનને હાંસિયામાં ધકેલી દેવામાં આવ્યા છે.

યુદ્ધના પહેલા જ દિવસે અમેરિકા અને ઈઝરાયલ દ્વારા ઈરાન પર કરવામાં આવેલા હુમલામાં આયાતોલ્લાહ અલી ખામનેઈ સહિત ટોચના નેતાઓ માર્યા ગયા હતા એ બાબત જ આ પાછળનું મુખ્ય કારણ છે. ખામનેઈના પુત્ર મોજતાબાનું નામ ઈરાનના સુપ્રીમ નેતા તરીકે જાહેર કરવામાં આવ્યું હતું, પરંતુ ત્યારથી તે જોવા મળ્યા નથી કે તેમના વિશે કશું સાંભળવા પણ નથી મળ્યું અને એ કારણે મોજતાબા મૃત્યુ પામ્યો હોવાની અટકળો વહેતી થઈ હતી.

જોકે મોજતાબા કોમામાં હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે. (એજન્સી) ■

### માર્ચમાં જીએસટીની

વર્ષ માટે, જીએસટી કલેક્શન વાર્ષિક ધોરણે ૮.૩ ટકા વધીને ૨૨.૨૭ લાખ કરોડ રૂપિયાથી વધુ થયું. સપ્ટેમ્બર ૨૦૨૫થી અમલમાં આવતા લગભગ ૩૭૫ વસ્તુઓ પરના જીએસટી દરોમાં ઘટાડો કરવામાં આવ્યો, જેના કારણે વસ્તુઓ સસ્તી થઈ, ઉપરાંત, ૫, ૧૨, ૧૮ અને ૨૮ ટકાના ચાર ટેક્સ સ્લેબને પાંચ અને ૧૮ ટકામાંથી બેમાં મર્જ કરવામાં આવ્યા, જેમાં પસંદગીના કેટલાક અલ્ટ્રા લક્ઝરી ગુડ્સ અને તમાકુ ઉત્પાદનો માટે સૌથી વધુ ૪૦ ટકા સ્લેબ હતો.

કરવેરા ઘટાડાના અમલીકરણના પહેલા મહિનામાં શરૂઆતમાં જીએસટી કલેક્શનમાં ઘટાડો થયો હતો, નવેમ્બરમાં આવક ઘટીને ૧.૭૦ લાખ કરોડ રૂપિયા થઈ હતી. ■

### ગુજરાતમાં સ્થાનિક

મતદારો, નવી યાદી પ્રમાણે તાલુકા-જિલ્લા પંચાયતમાં ૨ કરોડ ૪૪ આસપાસ લાખ મતદારો નોંધાયા છે.

રાજ્ય ચૂંટણી પંચે જણાવ્યું હતું કે ચૂંટણી માટે ૦૬ એપ્રિલથી ઉમેદવારી ફોર્મ ભરી શકાશે. જ્યારે ૧૧ એપ્રિલ ઉમેદવારી ફોર્મ ભરવાનો છેલ્લો દિવસ છે. જ્યારે ૧૩ એપ્રિલે ફોર્મ ચકાસણી કરવામાં આવશે. તેમજ ૨૬ એપ્રિલે ઇવીએમથી મતદાન યોજવામાં આવશે. ૨૮ એપ્રિલે પરિણામ જાહેર કરવામાં આવશે.

રાજ્યના મુખ્ય ચૂંટણી કમિશનરના જણાવ્યા અનુસાર મહાનગરપાલિકામાં કુલ ૨૬૨ વોર્ડ, નગરપાલિકામાં ૬૫૬ વોર્ડ, જિલ્લા પંચાયતમાં ૧૦૯૦ વોર્ડ, તાલુકા પંચાયતમાં ૫૨૩૪ વોર્ડ, નગરપાલકિઓમાં ૨૬૨૪ વોર્ડમાં ચૂંટણી યોજાશે. તેમજ મતદાનનો સમય સવારે ૭થી સાંજના ૬ સુધીનો રહેશે. તેમજ જરૂર જણાશે તો ૨૭ એપ્રિલના રોજ પુનઃમતદાન હાથ ધરવામાં આવશે. તેમજ સમગ્ર ચૂંટણી પ્રક્રિયા ૩૦ એપ્રિલના રોજ પૂર્ણ થશે. ■

### મતદારોના ઉમેરા-બાદબાકીનો

પંચોલીની બનેલી ખંડપીઠે આ કવાયતની પ્રગતિ અંગે કોલકાતા હાઈ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ દ્વારા પૂરી પાડવામાં આવેલી માહિતીની નોંધ લીધી હતી.

'સર'ની પ્રક્રિયાની પ્રગતિ અને આંકડાઓથી અમે ખુશ છીએ એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે દૈનિક સરેરાશ ૧.૭૫ થી બે લાખ વાંધાઓનો નિકાલ લાવવામાં આવી રહ્યો છે. (એજન્સી) ■

### શું છે તમારો છુપો એજન્ડા

વ્યક્ત કરતા મુખ્ય ન્યાયાધીશે પૂછ્યું હતું કે, તમારો છૂપાયેલો એજન્ડા શું છે? એવું લાગે છે કે અમે તમારો હેતુ સમજી શકતા નથી. જે લોકોએ જીવ ગુમાવ્યો છે તેમના પરિવારો અરજીઓ દાખલ કરી રહ્યા નથી, પરંતુ તમે કરી રહ્યા છો.નોંધનીય છે કે ગયા વર્ષે ૧૨ જૂને એર ઈન્ડિયા ફ્લાઇટ એઆઈ ૧૭૧ બોઇંગ ૭૮૭-૮ વિમાન લંડન જઈ રહ્યું હતું. અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પરથી ઉડાન ભર્યાના થોડા સમય પછી વિમાન મેડિકલ કોલેજના હોસ્ટેલ પરિસરમાં ક્રેશ થયું હતું. વિમાનમાં આગ લાગી હતી જેમાં ૨૪૨ લોકોમાંથી ૨૪૧ લોકો મૃત્યુ પામ્યા અને જમીન પર રહેલા ૧૯ લોકોનાં મોત થયા હતા. અરજદારે હાઇ કોર્ટને વિનંતી કરી હતી કે એએઆઈબીના પ્રારંભિક તપાસ અહેવાલની ફરીથી તપાસ કરવામાં આવે અને અધિકારીઓને એન્જિનની આગ લાગવાના સમયનો ચાર્ટ અને ફ્યુઅલ સ્વીચ બદલવાના સમયનો સમાવેશ કરવા માટે રિપોર્ટમાં સુધારો કરવાનો નિર્દેશ આપવામાં આવે. જોકે હાઇ કોર્ટે જણાવ્યું હતું કે, અમારા મતે આવી વિનંતી મંજૂર કરી શકાતી નથી. ■

### અમેરિકાની એચ-વનબી

અમે ચાલુ વર્ષની ૨૭ ફેબ્રુઆરીએ પ્રકાશિત નવા આઇ-૧૨૯ ફૉર્મ સ્વીકારવાનું શરૂ કર્યું છે. તેણે જણાવ્યું હતું કે અમે ૨૦૨૭ના નાણાકીય વર્ષ માટેના એચ-વનબીના ૮૫,૦૦૦ લાભાર્થીઓનો ક્વૉટા અને રૅગ્યુલર તેમ જ ઍડવાન્સ્ડ-ડિગ્રી સિલેક્શન લૉટરીનું કામ પૂરું કર્યું છે.

એચ-વનબી સિલેક્શન પ્રૉસેસ હવે વેતન પર આધારિત બની છે અને તેમાં ઊંચા પગાર અને કૌશલ્યને પ્રાધાન્ય અપાઇ રહ્યું છે.

આ ઉપરાંત, અમેરિકાની કંપની દ્વારા સ્પોન્સર કરાતા વિદેશી કર્મચારીઓની એચ-વનબી વિઝા ફી વધારીને ૧,૦૦,૦૦૦ ડૉલર કરાઇ છે. (એજન્સી) ■

### આસામમાં કૉંગ્રેસ

છરી મારી છે. મોદીએ વધુમાં ગાધી કુટુંબ અને ગોગોઈ કુટુંબનો ઉલ્લેખ કરીને કહ્યું હતું કે કૉંગ્રેસ માટે બે પરિવાર છે. એક દિલ્હીમાં અને બીજો આસામમાં અને તેનો અગ્રતાક્રમ લોકોનો નહીં, પરંતુ તેમના કુટુંબોનો છે.

બેહાલીમાં જાહેરસભાને સંબોધતા મોદીએ કહ્યું હતું કે કૉંગ્રેસે આસામનાં સંસાધનોને ન્યાય આપ્યો નથી. બીજી બાજુ ભાજપ રાજ્યના વિવિધ સાધનોનો વિકાસ માટે ઉપયોગ કરી રહ્યો છે. તેમણે કૉંગ્રેસ પર ભ્રષ્ટાચારની જનની હોવાનો આક્ષેપ કર્યો હતો. મોદીએ કહ્યું હતું કે કૉંગ્રેસે આસામના આત્મા, શાન, પહેચાન અને સુરક્ષા સાથે સમાધાન કર્યું છે. (એજન્સી) ■

IN LOVING MEMORY OF



**USHA S. DESAI**

5th July 1956 — 31st March 2026

**PRAYER MEET :** Friday, 3rd April 2026 10 am - 12 pm

FPH Garware Hall,5th Flr, Lala Lajpatrai Marg, Haji Ali

Deeply Mourned By

**Husband :** Shirish Khushalbhai Desai
**Son & Daughter in law :** Kunal & Tanvi Desai
**Grand Daughter :** Myra Desai
**Daughter of :** Late Chandulal & Indumati Shah
**Daughter in law of :**
Late Khushal bhai & Late Rekha ben Desai
**Sister & Brother in law :** Sudha & Sohan Mehta
**Brothers & Sisters in law :**
Manoj & Sangita Shah and Nimish & Jalpa Shah
**Brothers in law & Sisters in law :**
Dr. Bhavin & Dr. Harini Desai and Sunil & Heena Desai

The entire Desai & Shah families and Sovika Chemicals Pvt. Ltd.


પડવા નિમિત્તે હાઉસિંગ ક્ષેત્રે વેગ

# મહારેરાએ ૬૦૭ હાઉસિંગ પ્રોજેક્ટ્સને મંજૂરી આપી

થાણેઃ પડવા, દશેરા અને દિવાળી જેવા તહેવારો દરમિયાન હાઉસિંગ સેક્ટરમાં પ્રોજેક્ટ્સ શરૂ કરવાની પરંપરા રહી છે અને આ વર્ષે પણ તે અપવાદ નથી. આ વર્ષે પડવા નિમિત્તે મહારેરા દ્વારા મુંબઈ મેટ્રોપોલિટન રિજનના આશરે ૬૦૭ હાઉસિંગ પ્રોજેક્ટ્સને વિવિધ પ્રકારની મંજૂરીઓ આપવામાં આવી છે જેમાં ખાસ કરીને મુંબઈ ઉપનગરમાં ૧૯૬ અને થાણે જિલ્લામાં ૧૮૫ પ્રોજેક્ટ્સને મંજૂરી આપવામાં આવી છે, એવી માહિતી મહારેરા સત્તામંડળ દ્વારા આપવામાં આવી હતી.

છેલ્લા કેટલાક વર્ષોમાં થાણેમાં રહેઠાણની માંગ સતત વધી રહી છે. થાણેની કનેક્ટિવિટી, મેટ્રો અને માળખાગત સુવિધાઓમાં ઝડપી વૃદ્ધિને કારણે અહીં નવા પ્રોજેક્ટ્સની ભારે માગ છે. આ જ કારણ છે કે બિલ્ડરો દ્વારા મોટા પાયે પ્રોજેક્ટ્સ રજૂ કરવામાં આવી રહ્યા છે અને મહારેરા દ્વારા તેની કડક ચકાસણી કરીને મંજૂરી આપવામાં આવી રહી છે.

પડવાના શુભ અવસર પર મહારેરાએ નવા પ્રોજેક્ટ્સને વેગ આપવા અને બાકી દરખાસ્તોને પૂર્ણ કરવા માટે એક ખાસ ઝુંબેશ શરૂ કરી હતી. પરિણામે થાણે જિલ્લામાં ૧૮૫ પ્રોજેક્ટ્સને નોંધણી, વિસ્તરણ અને સુધારા જેવા વિવિધ સ્તરે મંજૂરી આપવામાં આવી. આનાથી અટકેલા પ્રોજેક્ટ્સને ટ્રેક પર લાવવામાં મદદ મળશે અને ઘર ખરીદનારાઓનો વિશ્વાસ વધુ મજબૂત બનશે. ■

# લઘુમતી બાબતોના મંત્રાલય પાસે ભંડોળ નથીઃ વિદેશમાં ભણતા વિદ્યાર્થીઓ સંકટમાં મુકાયા

નાગપુરઃ એક તરફ ભારત વૈશ્વિત મહાસત્તા બનવાની ચર્ચા થઈ રહી છે ત્યારે બીજી તરફ ઉચ્ચ શિક્ષણ માટે વિદેશ ગયેલા મહારાષ્ટ્રના લઘુમતી સમુદાયના વિદ્યાર્થીઓ આર્થિક સંકટમાં સપડાયા છે. વિદેશી શિષ્યવૃત્તિ (ફોરેન સ્કોલરશીપ) મંજૂર થઈ હોવા છતાં મંત્રાલયના લઘુમતી વિકાસ વિભાગે કોઈ ભંડોળ ન હોવાનું કહીને હાથ ઊંચા કરી દીધા છે. પરિણામે સાત વર્ષથી વિદેશ ગયેલા આ વિદ્યાર્થીઓના જીવ અધ્ધર થઈ ગયા છે.

લઘુમતી વિભાગની વિદેશી શિષ્યવૃત્તિ માટે મુસ્લિમ, ખ્રિસ્તી, જૈન, બૌદ્ધ, પારસી વગેરે સમુદાયના ૭૫ વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવે છે. શૈક્ષણિક ફીની સાથે, ઘર ભાડું ભથ્થું પણ આપવામાં આવે છે. જોકે, છેલ્લા ઘણા મહિનાઓથી વિદ્યાર્થીઓને ઘર ભાડું ભથ્થું નથી મળ્યું. શિષ્યવૃત્તિની રકમ પણ નથી આપવામાં આવી. એટલે પરીક્ષામાં બેસવામાં સમસ્યા થવાની ભીતિ છે.

પુણે સમાજ કલ્યાણ કમિશનરેટ દ્વારા બધી ટેકનિકલ પ્રક્રિયાઓ પૂર્ણ કરવામાં આવી હતી. લઘુમતી વિભાગને ભંડોળ માટે વિનંતી કરવામાં આવી હતી. પરંતુ લઘુમતી મંત્રાલયે કોઈ ભંડોળ પૂરું ન પાડતા, વિદ્યાર્થીઓ તકલીફમાં મુકાઈ ગયા છે. જે વિદ્યાર્થીઓના હાથમાં સંશોધન સામગ્રી હોવી જોઈતી હતી તેમણે હવે પાઈ પાઈ માટે વિદેશમાં ભટકવું પડે છે. તેમના ખિસ્સામાં એક પણ રૂપિયો બચ્યો નથી.

ભાડું ન ભર્યું હોવાથી મકાનમાલિકોએ ઘર ખાલી કરવા જણાવ્યું છે. વિદ્યાર્થીઓને ક્યાં આશ્રય લેવો તે પ્રશ્નનો સામનો કરવો પડી રહ્યો છે. ઘણા દિવસોથી આ વિદ્યાર્થીઓ ફક્ત પાણી અને બ્રેડ ખાઈ જીવી રહ્યા છે. તેમાંના ઘણા પાસે સ્થાનિક સખાવતી સંસ્થાઓ પર આધાર રાખવા અથવા ફૂડ પેન્ટ્રીમાંથી આશ્રય લેવા સિવાય કોઈ વિકલ્પ નથી. યુનિવર્સિટી ફી ન ભરવાને કારણે એડમિશન રદ કરવાની નોટિસ આપવામાં આવી રહી છે.

આ વિદ્યાર્થીઓનું શૈક્ષણિક ભવિષ્ય બરબાદ થવાની ભીતિ છે. જો આવું થશે તો સરકારે અત્યાર સુધી તેમના પર ખર્ચ કરેલા કરોડો રૂપિયા પણ પાણીમાં જશે. ■

નવી મુંબઈમાં ભાજપને ફટકો

# નિવૃત્તિ વય મર્યાદા સાઠ વર્ષ કરવાનો પ્રસ્તાવ ફગાવી દેવાયો

નવી મુંબઈઃ રાજ્યના શહેરી વિકાસ વિભાગે નવી મુંબઈ મહાનગરપાલિકાના અધિકારીઓ અને કર્મચારીઓની નિવૃત્તિ વય ૫૮ થી વધારી ૬૦ વર્ષ કરવાના નિર્ણયને મોટો ફટકો આપ્યો છે. સરકારે મહાનગરપાલિકાના સ્થાયી સમિતિ અને સામાન્ય સભા દ્વારા મંજૂર કરવામાં આવેલો ‘સેવા નિયમ ૨૦૨૬’ પ્રસ્તાવને સ્થગિત કરી તેનો અમલ અટકાવી દીધો છે. આ નિર્ણયને શાસક ભાજપ માટે રાજકીય આંચકો માનવામાં આવી રહ્યો છે. મહાનગરપાલિકાની સ્થાયી સમિતિએ ૧૧ માર્ચ, ૨૦૨૬ના દિવસે એક ઠરાવ પસાર કરી ‘નવી મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન સર્વિસ રેગ્યુલેશન્સ, ૨૦૨૬’ તૈયાર કર્યો હતો. આ રેગ્યુલેશન્સમાં અધિકારીઓ અને કર્મચારીઓ માટે નિવૃત્તિ વય ૫૮થી વધારી ૬૦ વર્ષ નક્કી કરવામાં આવી હતી. ■


**PAC n DELIVER**
**INTERNATIONAL COURIER**
Send parcels to your Children & loved ones in **CANADA, UK, USA & WORLD WIDE** including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with **SPECIAL** rates.
**Contact : Mr. ANUJ SANGOI**
**8879991866**
Email - sales@pacndeliver.com
“20 Yrs of Quality Service”


**શ્રી મોરબી દશા શ્રીમાળી મિત્ર મંડળ - મુંબઈ**

C/o. અતુલ ફાર્માસ્યુટિકલ્સ, ૨૦/૨૪, જુની હનુમાન ગલી, ૨જે માળે, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ - ૪૦૦ ૦૦૨. ટેલિફોન : નં. ૮૫૯૧૬૨૩૧૨૨ / ૮૫૯૧૬૨૪૧૨૨
Email : morbimitra1959@yahoo.in Website : www.morbimitra.in

**સ્નેહ સંમેલન - ૨૬-૦૪-૨૦૨૬ , ઘાટકોપર**

પ્રિય મોરબીયન્સ,

સહર્ષ જણાવવાનું કે આપણી સંસ્થા શ્રી મોરબી દશા શ્રીમાળી મિત્ર મંડળ - મુંબઈ દ્વારા તા. ૨૬/૦૪/૨૦૨૬ ના રોજ રવિવારે ગુરુકુળ સ્કુલ કંપાઉન્ડ, તિલક રોડ, ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૭૭ ખાતે સ્નેહ સંમેલન નું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ ફક્ત મેમ્બર સભ્યો પુરતોજ મર્યાદિત છે.

જો આપ મોરબી અથવા મોરબી ડિસ્ટ્રિક્ટના દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન છો તો આપ આ સંસ્થાના મેમ્બર બની શકશો. મેમ્બરશીપ મેળવવા આપે સંસ્થા દ્વારા પ્રકાશીત કરેલ નવું ફોર્મ ભરવાનું રહેશે. જો તમે જુના મેમ્બર છો, તો પણ તમારે નવું ફોર્મ ભરવું ફરજિયાત છે, પરંતુ આપે ગત વર્ષ દરમિયાન નવું ફોર્મ ભરીને સંસ્થાને મોકલેલ હોય તો ફરીથી ફોર્મ ભરવાની આવશ્યક્તા નથી. મેમ્બરશીપને લગતી માહિતી તથા ફોર્મ આપ સંસ્થાના ફોન નં. ૮૫૯૧૬૨૪૧૨૨/૮૫૯૧૬૨૩૧૨૨ પર સંપર્ક કરી મેળવી શકશો.

સ્નેહસંમેલન સાથે આયોજીત મ્યુઝિકલ ઈવેન્ટ તથા બુફે ડિનરના પાસ રૂા. ૧૦૦/- વ્યક્તિદીઠ ભરીને તા. ૧૮-૦૪-૨૦૨૬ સુધીમાં સરક્યુલેશન દ્વારા જણાવેલ ડ્રીસ્ટ્રીબ્યુશન સેન્ટર પરથી લેવાના રહેશે.

લિ. શ્રી મોરબી દશા શ્રીમાળી મિત્ર મંડળ - મુંબઈ
નરેશભાઈ સંઘવી (પ્રમુખ)

# થાણે સ્ટેશન પર ચાલતી ટ્રેનમાંથી પડેલા પ્રવાસીએ બંને પગ ગુમાવ્યા

થાણેઃ થાણે રેલવે સ્ટેશન પર ચાલતી ટ્રેનમાંથી ઊતરતી વખતે પડી ગયેલા ૩૦ વર્ષના પ્રવાસીએ બંને પગ ગુમાવ્યા હોવાનું પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

થાણે ગવર્નમેન્ટ રેલવે પોલીસ (જીઆરપી)નાં સિનિયર ઇન્સ્પેક્ટર અર્ચના દુસાનેએ જણાવ્યું હતું કે પ્લેટફોર્મ નંબર છ પર મંગળવારે રાતે ૯.૫૦ વાગ્યે આ ઘટના બની હતી. ઇન્દ્રાયણી એક્સપ્રેસ થાણે સ્ટેશન પરથી ઊપડી હતી ત્યારે ઝારખંડના રહેવાસી પુરુષોત્તમ પાસવાને ચાલતી ટ્રેનમાંથી ઊતરવાનો પ્રયાસ કર્યો હતો.

એ દરમિયાન પાસવાન સંતુલન ગુમાવી બેઠો હતો અને તે પ્લેટફોર્મ અને ટ્રેન વચ્ચેના ગૅપમાં પડી ગયો હતો. પરિણામે તેના બંને પગ કપાઇ ગયા હતા.

આ ઘટના બાદ રેલવે પોલીસ અને અન્ય પ્રવાસીઓ મદદ માટે દોડી આવ્યા હતા અને પાસવાનને તાત્કાલિક થાણે સિવિલ હોસ્પિટલમાં લઇ જવામાં આવ્યો હતો. જોકે પાસવાનને ગંભીર ઇજા થઇ હોવાથી તેને લોકમાન્ય ટિળક મ્યુનિસિપલ જનરલ હોસ્પિટલ (સાયન હોસ્પિટલ)માં ખસેડવામાં આવ્યો હતો. જીઆરપી આ પ્રકરણે તપાસ કરી રહી છે. (પીટીઆઇ) ■

## હોટેલો બંધ થતા શાકભાજીના વેચાણ પર અસર

# વધેલા શાકભાજી મંદિરો-આશ્રમોમાં આપવાની ફરજ પડી રહી છે

થાણેઃ અખાતી દેશોમાં ચાલતા યુદ્ધને કારણે ભારતમાં ગેસની અછત સર્જાઈ છે, જેના લીધે હોટલો અને રેસ્ટોરાં બંધ રાખવાની નોબત આવી છે. હોટલો બંધ હોવાથી બજારમાં શાકભાજીની માગમાં ઘટાડો થયો છે, પરિણામે થાણે અને મુંબઈ જેવા વિસ્તારોના વેપારીઓને મોટું આર્થિક નુકસાન થઈ રહ્યું છે અને શાકભાજી વેચાયા વગર પડી રહી છે. અગાઉ જ્યાં દરરોજ ૩૦૦ થી ૪૦૦ કિલો શાકભાજી હોટલ માલિકોને વેચાતી હતી, ત્યાં હવે હોટલો બંધ હોવાને કારણે શાકભાજીના વેચાણમાં મોટો ઘટાડો થયો છે.

થાણેના જાંભલી નાકા વિસ્તારમાં આવેલી શાકભાજી માર્કેટ શહેરનું સૌથી મોટું બજાર છે. અહીં મોટા પ્રમાણમાં જથ્થાબંધ અને છૂટક દરે શાકભાજીનું વેચાણ થાય છે. શહેરના વિવિધ વિસ્તારોના નાના વેપારીઓ અહીંથી શાકભાજી ખરીદીને પોતાના વિસ્તારમાં વેચે છે. શહેરની મોટી હોટલો અને મેસ સંચાલકો દરરોજ અહીંથી ખરીદી કરે છે. દરરોજ અંદાજે ૪૦૦ થી ૫૦૦ કિલો શાકભાજી હોટેલના રસોડે પહોંચતી હતી. પરંતુ હવે દરરોજ ફક્ત ૧૦૦ થી ૨૦૦ કિલો શાકભાજી વેચાઈ રહી છે, એમ જાંભલીનાકા શાકભાજી માર્કેટના શાકભાજી વિક્રેતાએ જણાવ્યું હતું. અન્ય વિક્રેતા વિનોદ જયસ્વાલે જણાવ્યું હતું કે વધતી શાકભાજીને બગડતા અટકાવવા માટે, ઘણા વિક્રેતાઓ બાકી રહેલી શાકભાજી અનાથાલયોમાં અને મંદિરોમાં મહાપ્રસાદ માટે દાન કરી રહ્યા છે. ■

# થાણેમાં પણ પોડ ટેક્સી શરૂ થશેઃ શિંદે

થાણેઃ થાણે શહેરના છેવાડાના વિસ્તાર સુધી કનેક્ટિવિટી પૂરી પાડવા માટે એક મહત્વાકાંક્ષી પોડ ટેક્સી પ્રોજેક્ટનું આયોજન કરવામાં આવ્યું હોવાનું મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ જણાવ્યું છે. મંગળવારે થાણેમાં એક કાર્યક્રમને સંબોધતા શિંદેએ જણાવ્યું હતું કે મેટ્રો, કોસ્ટલ રોડ અને થાણે-બોરીવલી ટ્વિન-ટનલ પ્રોજેક્ટ્સની જેમ પોડ ટેક્સી સેવા શહેરના રહેવાસીઓને ઝડપી અને આધુનિક પરિવહન સગવડ આપશે.

પોડ ટેક્સી પર્સનલ રેપિડ ટ્રાન્ઝિટ મિકેનિઝમનો એક ભાગ છે જેમાં સંપૂર્ણપણે સ્વચાલિત, ડ્રાઇવરલેસ, ઇલેક્ટ્રિક વાહનો એલિવેટેડ ટ્રેક પર દોડે છે. આ વાહનોની મદદથી બહુ ઓછા લોકોની મદદથી લોકોની આવનજાવન શક્ય બને છે.

વધુમાં શિંદેએ જણાવ્યું હતું કે થાણેના ઘોડબંદર વિસ્તારમાં મહત્વાકાંક્ષી પોડ ટેક્સી પ્રોજેક્ટનો શિલાન્યાસ ટૂંક સમયમાં કરવામાં આવશે. અમે શહેરમાં એફિલ ટાવર જેવો ‘ટ્વિન ટાવર’ બનાવવાની પણ યોજના બનાવી રહ્યા છીએ.’ (પીટીઆઈ) ■





**બારે માસ ભરવા લાયક નવી સીઝનનાં દરેક બ્રાન્ડ** — **નંબર સાચવી રાખો કામ લાગશે**

નવી સીઝનનાં બારે માસ ભરવા લાયક આખા અને પીસેલા મસાલા, ઘઉ, ચોખા, દાળ, કઠોળ ઘંઉને દિવેલ લગાવીને મળશે.

નવા ૧૦૦% કશ્મીરી ખાડેલા - ૮૦૦/- | મીક્સ બેડકી + કશ્મીરી ખાડેલા - ૬૦૦/- | બેડકી ખાડેલા - ૪૦૦/-
નવા રેશમપટ્ટી ખાડેલા - ૪૪૦/- | નવી ૧૦૦% ઓર્ગેનીક સેલમ હળદર પાઉડર- ૩૨૦/- | નવુ ધાણા જીરૂ - ૩૬૦/-
ઉન્ઝાનુ જીરૂ-૩૨૦/૩૬૦/૪૪૦/૪૮૦/- | રજવાડી જાડુ જીરૂ-૫૨૦/- | ગ્રીન ધાણા-૩૨૦/૩૬૦/- | મસાલા ધાણા જીરૂ-૪૫૦/-

ફ્રી હોમ ડિલિવરી — FREE HOME DELIVERY

| | |
|---|---|
| રેગ્યુલર બદામ | ૯૨૦ |
| કેલિફોર્નિયા M બદામ | ૯૬૦ |
| કેલિફોર્નિયા A બદામ | ૧૦૦૦ |
| કેલિફોર્નિયા 2A બદામ | ૧૧૦૦ |
| કેલિફોર્નિયા 3A બદામ | ૧૨૦૦ |
| સોલ્ટેડ બદામ | ૧૦૦૦ |
| સોલ્ટેડ 3A બદામ | ૧૨૦૦ |
| બેસ્ટ ટોચ મમરા બદામ | ૨૪૦૦ |
| 2A મામરા બદામ | ૩૬૦૦ |
| 3A મામરા બદામ | ૩૮૦૦ |
| 4A મામરા બદામ | ૪૮૦૦ |
| 5A મામરા બદામ | ૫૬૦૦ |
| 6A જમ્બો મામરા બદામ | ૯૦૦૦ |
| બદામ સ્લાઈસ | ૧૦૦૦ |
| છીલટાવાળા ગોવા કાજુ | ૧૦૦૦ |
| રેગ્યુલર કાજુ | ૧૦૦૦ |
| 1A કાજુ | ૧૧૦૦ |
| 2A કાજુ | ૧૩૦૦ |
| 3A કાજુ | ૧૪૦૦ |
| 5A કાજુ જમ્બો | ૧૬૦૦ |
| A સોલ્ટેડ કાજુ | ૧૧૦૦ |
| 2A સોલ્ટેડ કાજુ | ૧૨૦૦ |
| રોસ્ટેડ કાજુ જમ્બો | ૧૬૦૦ |
| મસાલા કાજુ | ૧૨૦૦ |
| મરી કાજુ / પુદિના કાજુ | ૧૨૦૦ |
| પેરી પેરી કાજુ / ચિઝ કાજુ | ૧૨૦૦ |
| કાજુ કણી સફેદ | ૭૨૦ |
| કાજુ ટુકડા રેગ્યુલર | ૮૪૦ |
| કાજુ ટુકડા મોટી સાઈઝ | ૯૬૦ |
| કાજુ ટુકડા ફાડચા જમ્બો | ૧૧૦૦ |
| કાજુ પુરી | ૧૦૦૦ |

| | |
|---|---|
| કાજુ રોટલા | ૧૦૦૦ |
| ઈન્ડિયન કિસમિસ | ૬૦૦/૬૮૦ |
| અફઘાની કિસમિસ | ૮૦૦/૧૦૦૦ |
| અફઘાની ગ્રીન કિસમિસ | ૧૨૦૦ |
| સિન્ધુકાની ગ્રીન કિસમિસ | ૨૦૦૦ |
| રેગ્યુલર કાળી કિસમિસ | ૪૮૦ |
| સીડલેસ કાળી કિસમિસ | ૫૨૦ |
| મોટી સીડલેસ કાળી કિસમિસ | ૭૬૦ |
| મોટી કાળી કિસમિસ | ૮૦૦ |
| જંબો સીડલેસ કાળી કિસમિસ | ૧૩૦૦ |
| આખા અખરોટ | ૯૦૦ |
| અખરોટ કણી | ૧૦૦૦ |
| અખરોટ ક્વાર્ટર ટુકડા નવા | ૧૪૦૦ |
| કેલિફોર્નિયા અખરોટ મગજ | ૧૮૦૦ |
| વ્હાઈટ અખરોટ | ૨૦૦૦ |
| જમ્બો સુપર વ્હાઈટ અખરોટ | ૨૪૦૦ |
| એપ્રીકોટ (જરદાળુ) રેગ્યુલર | ૮૦૦ |
| 2A એપ્રીકોટ (જરદાળુ) | ૧૦૦૦ |
| 3A એપ્રીકોટ (જરદાળુ) | ૧૨૦૦ |
| જમ્બો એપ્રીકોટ (જરદાળું) | ૧૪૦૦ |
| સુપર જમ્બો એપ્રીકોટ (જરદાળું) | ૧૬૦૦ |
| A અંજીર | ૧૨૦૦ |
| 2A અંજીર | ૧૬૦૦ |
| 3A અંજીર | ૧૮૦૦ |
| 4A અંજીર | ૨૦૦૦ |
| 5A અંજીર | ૨૪૦૦ |
| 6A અંજીર | ૨૮૦૦ |
| 7A અંજીર જમ્બો | ૩૬૦૦ |
| પીસ્તા મગજ | ૨૪૦૦ |
| મોટા પીસ્તા મગજ | ૨૬૦૦ |
| A મોટા પીસ્તા મગજ | ૨૮૦૦ |
| જમ્બો પીસ્તા મગજ | ૩૨૦૦ |

| | |
|---|---|
| પિશોરી પીસ્તા | ૩૬૦૦ |
| પીસ્તા સ્લાઈસ | ૨૪૦૦ |
| સોલ્ટેડ પીસ્તા | ૧૪૦૦ |
| 2A સોલ્ટેડ પીસ્તા | ૧૬૦૦ |
| 3A સોલ્ટેડ પીસ્તા | ૧૮૦૦ |
| અકબરી સોલ્ટેડ પીસ્તા | ૨૦૦૦ |
| પબડી ગોટા | ૧૦૦૦ |
| પબડી ફાડચા | ૮૦૦ |
| કીમીયા કાળી ખજૂર (૫૦૦ ગ્રામ) | ૧૮૦ |
| ઓમાન કાળી ખજૂર | ૩૬૦ |
| ઓમાન કાળી ખજૂર સીડલેસ | ૪૦૦ |
| કલમી ખજૂર | ૮૦૦ |
| કલમી ખજૂર સીડલેસ | ૯૦૦ |
| મજદૂલ ખજૂર (લૂઝ) | ૧૨૦૦ |
| મજદૂલ ખજૂર | ૧૪૦૦ |
| જમ્બો મજદૂલ ખજૂર | ૧૬૦૦ |
| અજવા ખજૂર | ૧૨૦૦ |
| લાલ ખજૂર | ૧૪૦ |
| સીડલેસ લાલ ખજૂર | ૧૮૦ |
| પમ્પકીન સીડસ | ૪૮૦ |
| રોસ્ટેડ પમ્પકીન સીડસ | ૬૦૦ |
| સનફલાવર સીડ | ૩૨૦ |
| રોસ્ટેડ સનફલાવર સીડ | ૪૦૦ |
| ચીયા સીડસ | ૩૬૦ |
| ક્યુનોવા | ૨૮૦ |
| કલીંગર સીડસ | ૬૮૦ |
| ફ્લેક્સ સીડસ (અળસી) | ૧૪૦ |
| રોસ્ટેડ ફ્લેક્સ સીડસ (અળસી) | ૧૮૦ |
| રોસ્ટેડ ૭ સીડસ | ૬૦૦ |
| ધાણાદાળ | ૩૨૦ |
| જમ્બો રોલ્ડ ઓટ્સ | ૧૮૦ |
| ટાઈગર નટ્સ | ૧૮૦૦ |

| બાસમતીચોખા | આખા | તીબાર | દુબાર |
|---|---|---|---|
| કોહીનુર (30kg) | ૧૪૦ | ૧૨૫ | ૧૧૦ |
| કોહીનુર (10kg) | ૧૫૦ | ૧૩૫ | ૧૨૦ |
| રેશ્મ | ૧૩૫ | ૧૧૫ | ૧૦૫ |
| સાધુ | ૧૪૦ | ૧૨૦ | ૧૦૦ |
| બોમ્બે | ૧૨૫ | ૧૧૦ | ૯૫ |
| દાવત | ૧૩૫ | ૧૨૫ | ૧૧૦ |
| લાલકિલ્લા | ૧૫૦ | ૧૩૦ | ૧૧૫ |

નવા પરિમલ ૫૦ નવા મસુરી ૪૪ નવા કાળીમલીચ ૮૪
નવા લચકારી વાડા કોલમ ૬૦/૬૪ કૃષ્ણ ક્મોદ ૨૪૦/૨૬૦
દુબરાજ ૬૮ નવા આંબામોર ૧૬૦/૧૭૦ (કલકત્તી)

| | |
|---|---|
| સ્વીટ ડ્રાયફ્રુટ ભેળ | ૧૦૦૦ |
| સ્પાઈસી ડ્રાયફ્રુટ ભેળ | ૧૦૦૦ |
| ચારોલી | ૨૪૦૦ |
| ગ્રીન ઈલાયચી | ૩૨૦૦/૩૬૦૦/૪૦૦૦ |
| ઈલાયચી પાવડર | ૪૦૦૦ |
| કેનબેરી | ૬૮૦ |
| કેનબેરી આખી | ૮૦૦ |
| બ્લ્યુ બેરી | ૧૬૦૦ |
| ડ્રાય કિવી | ૪૮૦ |
| ડ્રાય માંગ્ગો / ડ્રાય પાઇનએપલ | ૬૮૦ |
| બ્રાઝિલ નટસ | ૩૬૦૦ |
| હેઝલ નટ | ૨૪૦૦ |
| પ્રુન્સ | ૮૦૦ |
| મીક્ષ ડ્રાયફ્રુટ | ૧૨૦૦ |
| પીકન નટ | ૨૨૦૦ |
| મેકેડેમીયા નટસ | ૩૦૦૦ |
| ચીલગોઝા | ૬૦૦૦ |
| મખાના રેગ્યુલર | ૧૦૦૦ |
| A મખાના | ૧૨૦૦ |
| 2A મખાના | ૧૪૦૦ |

| | |
|---|---|
| જમ્બો મખાના | ૧૮૦૦ |
| ટર્કીશ એપ્રીકોટ (આલુચા) | ૧૬૦૦ |
| સૂકી ખજૂર (ખારેક) | ૪૮૦ |
| તજ પાવડર | ૬૦૦ |
| ગુંદર કણી | ૨૮૦/૩૨૦ |
| જીરાગોળી | ૨૮૦ |
| મીઠા આમળા | ૨૪૦ |
| હની આમળા | ૩૬૦ |
| ઠાકોરજીની મિશ્રી | ૮૦ |
| ઇરાની કેસર (૧ ગ્રામ) | ૨૫૦ |
| કાશ્મીર કેસર (૧ ગ્રામ) | ૩૫૦ |
| સ્પેનીશ કેસર (૧ ગ્રામ) | ૪૫૦ |
| સ્પેનીશ કેસર (૧૪ ગ્રામ) | ૪૮૦૦ |
| સ્પેનીશ કેસર (૨૮ ગ્રામ) | ૯૦૦૦ |
| ભીમસેની કપુર | ૧૦૦૦ |
| કાળા મરી | ૧૦૦૦/૧૧૦૦/૧૨૦૦ |
| જાવત્રી | ૩૬૦૦ |
| બાદયાન | ૧૨૦૦ |
| જાયફળ | ૧૨૦૦ |

| | |
|---|---|
| નવા લોકવાન ઘંઉ | ૪૪ |
| નવા બેસ્ટ સરબતી એમપી સિહોર | ૬૪ |
| નવા એમપી સિહોર | ૫૨/૬૦ |
| જુના પરિમલ | ૪૦ |
| સુરતી કોલમ | ૪૮/૫૬ |
| જુના લચકારી વાડા કોલમ | ૭૬ |
| જુના આંબામોર | ૧૮૦ |
| જુના કાળી મુછ | ૯૦ |
| નવા કાળી મુછ | ૮૪ |
| નવી રેંટીયો તુવેર દાળ | ૧૭૦ |
| અંગુર તુવરદાળ | ૧૬૦ |
| લક્ષ્મી તુવેરદાળ | ૧૫૦ |
| કોરી તુવર દાળ લાતુર | ૧૩૦ |
| કોરી તુવર દાળ ગુજરાત મઢી | ૧૫૦ |
| દામજી પાસુ તુવરદાળ | ૨૦૦ |
| જુના બાસમતી | ૧૨૦/૧૪૦ |
| જાડા પૌંઆ | ૬૫ |
| મંગલમ જાડા પૌંઆ | ૭૫ |
| પાતળા પૌંઆ | ૬૮ |
| સાકર | ૪૪/૪૬ |
| ખડી સાકર | ૮૦ |

| | |
|---|---|
| રાવલગાવ ચોરસ સાકર | ૭૦ |
| મોગરદાળ રેગ્યુલર | ૧૩૦ |
| જાડી મોગરદાળ | ૧૪૦ |
| મોગરદાળ રજવાડી | ૧૫૦ |
| નવી મસુરદાળ | ૯૦ |
| અળદ દાળ | ૧૩૦/૧૫૦ |
| ચણા દાળ | ૮૪/૯૦ |
| ગ્રીન છીલટી મગ દાળ | ૧૨૦/૧૪૦ |
| જાડી ગ્રીન છીલટી મગ દાળ | ૧૬૦ |
| મગ | ૧૨૦/૧૪૦ |
| જાડા મગ | ૧૮૦ |
| મઠ | ૧૨૦/૧૬૦ |
| આખા મસુર | ૧૨૦ |
| સફેદ વટાણા | ૧૦૦/૧૨૦ |
| લીલા વટાણા | ૧૬૦ |
| કાળા વટાણા | ૧૬૦ |
| વાલ સુરતી | ૧૬૦ |
| ચોરા | ૧૨૦ |
| જાડા ડોલર ચોરા | ૧૬૦ |
| બારીક ચોરા | ૨૪૦ |
| બીબી પાપડી વાલ | ૧૬૦ |
| કડવા વાલ | ૨૪૦ |
| લાલ ચણા નાના | ૯૦ |
| લાલ મોસંબી ચણા | ૧૪૦ |

| | |
|---|---|
| કાબૂલી ચણા | ૧૨૦/૧૪૦/૧૬૦ |
| વાલની દાળ | ૧૬૦ |
| ચોળાની દાળ | ૧૬૦ |
| રાજમા | ૧૬૦ |
| જમ્બો રાજમા | ૧૬૦ |
| સફેદ ચિત્રા રાજમા | ૧૬૦ |
| લાલ તુવર | ૨૦૦ |
| કબૂતર જુવાર | ૩૮ |
| સોલાપુર જુવાર | ૮૦ |
| બાજરી | ૫૦ |
| ખાવાની પીળી મકાઈ | ૬૦ |
| પોપકોર્ન મકાઈ | ૧૪૦ |
| લાપસી રવો | ૫૨ |
| જાડો / બારીક રવો | ૪૮ |
| મેંદો | ૪૮ |
| જીરૂ | ૩૨૦/૩૬૦/૪૦૦/૪૮૦ |
| જુવારનો લોટ | ૯૦ |
| નાચણીનો લોટ | ૮૦ |
| મકાઈનો લોટ | ૮૦ |
| રાજગીરાનો લોટ | ૧૮૦ |
| ઢોકળાનો લોટ | ૧૨૦ |
| હાંડવાનો લોટ | ૧૬૦ |
| ચોખાનો લોટ | ૮૦ |

| | |
|---|---|
| સામો | ૧૪૦ |
| કુટી દાળો | ૨૪૦ |
| કુટી લોટ | ૨૮૦ |
| સીંગોડાનો લોટ | ૪૦૦ |
| એમપી ઘઉંનો લોટ | ૬૦ |
| ઘઉંનો લાડુ લોટ | ૬૫ |
| સીંગદાણા | ૧૬૦/૧૭૦/૧૮૦ |
| આખા સીંગ (ભુતડા) | ૧૪૦ |
| સાબુદાણા | ૭૦/૮૦ |
| નવો દેશી ગોળ | ૭૫ |
| બરફી ગોળ | ૬૫ |
| ગોળ પાવડર | ૧૪૦ |
| ગોળ ક્યુબ્સ ૫૦૦ ગ્રામ બરણી | ૭૦ |
| મેથી | ૧૨૦/૧૬૦ |
| જમ્બો જાડી મેથી | ૨૦૦ |
| લીલી વરિયાળી | ૪૦૦/૪૮૦/૫૨૦ |
| લખનૌં વરિયાળી ગ્રીન | ૪૮૦ |
| ધાણા દાળ | ૩૬૦ |
| તલ | ૨૪૦/૨૮૦ |
| કાળા તલ | ૩૬૦ |
| સુવા | ૩૬૦ |
| આજમો | ૩૬૦/૪૪૦ |
| જાડો આજમો | ૬૦૦ |
| રતલામ ખસખસ | ૨૨૦૦ |

| | |
|---|---|
| તજ | ૪૦૦/૬૮૦ |
| લવીંગ | ૧૨૦૦/૧૪૦૦ |
| રાઈ | ૧૦૦/૧૨૦/૧૪૦ |
| લોનાવલા કોક્મ | ૬૦૦ |
| રાઇ કુરીયા | ૧૬૦ |
| મેથી કુરીયા | ૨૪૦ |
| ધાણા કુરીયા | ૨૮૦ |
| ~~~હોમમેડ મસાલા~~~ | |
| સ્પેશ્યલ દૂધનો મસાલો | ૨૮૦૦ |
| ઓરગૈનીક સૂઠ પાવડર | ૬૦૦ |
| ઓરગૈનીક પીપરામુળ પાવડર | ૧૦૦૦ |
| પ્યોર ચાનો મસાલો | ૧૨૦૦ |
| પ્યોર ગરમ મસાલો | ૧૦૦૦ |
| પ્યોર આમચૂર પાવડર | ૬૦૦ |
| ખોપરા ખમણ | ૪૦૦ |
| સેલમ હળદર પાવડર | ૩૨૦ |
| મિરચી પાવડર | ૪૮૦ |
| કશ્મિર મિરચી પાવડર | ૮૦૦ |
| માલવણી મસાલા | ૩૬૦ |
| ધાણા પાવડર | ૨૮૦ |
| ધાણા જીરૂ પાવડર | ૩૬૦ |

FREE HOME DELIVERY

Add: ૭, જે બી શાહ માર્કેટ, પ્રભુ હોટલ સામે, સ્ટેશન નજીક, મસ્જિદ બંદર (પ.), મુંબઈ - ૯. Payment: Cash on Delivery, GPay, PayTM, Bank Transfer & Credit Card

મિનીમમ ઓર્ડર ૨,૦૦૦/- થાણા થી આગળ ૩,૦૦૦/- દહીસર થી વિરાર ૪,૦૦૦/- Sunday Closed Rates per kg.

S. Arts

## સંસ્થા સમાચાર

### મ્યુઝિકલ હાઉઝી

કાંદિવલી વેસ્ટમાં આવેલા કાંદિવલી રિક્રિએશન ક્લબ દ્વારા લિઝર એન્ડ લક નામનો મ્યુઝિકલ હાઉઝીનો કાર્યક્રમ બાવીસ માર્ચે યોજાયો હતો. બે ભાગમાં યોજવામાં આવેલી આ ગેમના વિજેતાઓને ભેટ આપીને સન્માનિત કરવામાં આવ્યા હતાં. કુલ ૧૮૫ લોકોએ ગેમમાં ભાગ લીધો હતો.

### કેઆરસીની રજત જયંતી

કાંદિવલી વેસ્ટમાં આવેલા કાંદિવલી રિક્રિએશન ક્લબ દ્વારા રજત જયંતી અને ગૂડી પડવાની ઉજવણી કરવામાં આવી હતી. એમાં કમિટીના સદસ્યો, સ્ટાફ અને ટ્રસ્ટીઓ હાજર હતાં. એ દરમિયાન સુંદર રંગોળી બનાવવામાં આવી હતી અને પૂજા પણ કરવામાં આવી હતી.

### સાઈબર ક્રાઈમ અંગે જાગૃતિનો કાર્યક્રમ

બોરીવલી વેસ્ટમાં આવેલા મંડપેશ્વર સિવિક ફેડરેશન દ્વારા બોરીવલી પોલીસ સ્ટેશનના અધિકારીઓના સહયોગથી ગઈકાલે સાઇબર ક્રાઇમ વિશે જાગૃતિ લાવવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

# ‘ગૉડમૅન’ અશોક ખરાતનો પુત્ર એસઆઈટીના રડાર પર

## મોડી રાત સુધી હર્ષવર્ધનની પૂછપરછઃ અશોક ખરાતની પત્નીને પોલીસ શોધી રહી છે

નાશિકઃ મહિલા સાથે દુષ્કર્મના કેસમાં ધરપકડ કરાયેલા નાશિકના ‘ગૉડમૅન’ અશોક ખરાતનો પુત્ર હવે સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમના રડાર પર હોવાનું કહેવાય છે. મંગળવારે તાબામાં લેવાયેલા ખરાતના પુત્રની મોડી રાત સુધી પૂછપરછ કરવામાં આવી હતી. બીજી બાજુ, અશોક ખરાતની પત્ની ઘરે ન મળતાં પોલીસ તેની શોધ ચલાવી રહી છે. નાશિકના સરકારવાડા પોલીસ સ્ટેશનમાં અશોક ખરાત વિરુદ્ધ ૧૦ એફઆઈઆર નોંધાયા હતા, જેમાંથી આઠ મહિલાઓના જાતીય શોષણના અને બે છેતરપિંડીના હોવાનું પોલીસે જણાવ્યું હતું. કેસની તપાસ કરનારી એસઆઈટીને ખરાત વિરુદ્ધ ફોન પર ૧૦૦થી વધુ ફરિયાદ મળી હતી, જેમાંથી મોટા ભાગની ફરિયાદ મહિલાઓએ કરી હતી. એસઆઈટીની ટીમ આ આખા મામલાની તપાસ કરી રહી છે.

તપાસના ભાગ રૂપે મંગળવારે સાંજે એસઆઈટી નાશિકના કર્મયોગી નગર ખાતે આવેલા ખરાતના નિવાસસ્થાને પહોંચી હતી. ખરાતના પુત્ર હર્ષવર્ધનને પૂછપરછ માટે તાબામાં લેવાયો હતો. તેને મહારાષ્ટ્ર પોલીસ ઍકેડેમી ખાતે લઈ જવાયો હતો.

કોર્ટે ત્રણ વખત ખરાતની પોલીસ કસ્ટડી વધારી હતી. બુધવારે ખરાતની કસ્ટડી પૂરી થતી હોવાથી પોલીસે તેને ફરી કોર્ટ સમક્ષ હાજર કર્યો હતો. કોર્ટમાં એસઆઈટીએ જ તેને અદાલતી કસ્ટડીમાં મોકલી આપવાની વિનંતી કરી હતી. પરિણામે સેશન્સ જજ બી. એન. ઈચપુરાનીએ ખરાતને ૧૪ એપ્રિલ સુધીની અદાલતી કસ્ટડી ફટકારી હતી. તેને નાશિક રોડ સેન્ટ્રલ જેલમાં મોકલી દેવાયો હતો. મહિલાએ નોંધાવેલી ફરિયાદ બાદ ૧૮ માર્ચે ખરાતની ધરપકડ કરવામાં આવી હતી.

# લાડકી બહેનો માટે ખુશખબર, લાભાર્થી મહિલાઓની ઈચ્છા આખરે પૂર્ણ થઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ રાજ્યની એવી મહિલાઓ માટે સરકારે લડકી બહેન યોજના શરૂ કરી છે જેમના પરિવારની આવક ૨.૫ લાખ રૂપિયાથી ઓછી છે. આ યોજના હેઠળ દર મહિને લાભાર્થી મહિલાઓના બેંક ખાતામાં ૧.૫ હજાર રૂપિયા જમા કરવામાં આવે છે.

વિધાનસભા ચૂંટણીના થોડા દિવસો પહેલા આ યોજના શરૂ કરવામાં આવી હતી. વિધાનસભા ચૂંટણીમાં આ યોજનાથી મહાયુતિને ઘણો ફાયદો થયો છે. દરમિયાન, વિધાનસભા ચૂંટણી પ્રચાર દરમિયાન, મહાયુતિના ઘણા નેતાઓએ પણ વચન આપ્યું હતું કે જો અમારી સરકાર આવશે તો અમે આ યોજનાના સન્માન ભંડોળમાં વધારો કરીશું, અમે લાડકી બહેનોને દર મહિને ૨૧૦૦ રૂપિયા આપીશું. જોકે, રાજ્યમાં નવી સરકાર સત્તામાં આવ્યાને દોઢ વર્ષ થઈ ગયું છે, પરંતુ સન્માન ભંડોળમાં વધારો કરવા અંગે કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી. બીજી તરફ, ઘણી મહિલાઓના નામ પણ આ યોજનામાંથી બાકાત રાખવામાં આવ્યા છે.

આ દરમિયાન, આ યોજના અંગે એક મોટા સમાચાર સામે આવ્યા છે. એટલે કે, સરકારે જોયું હતું કે ઘણી મહિલાઓ આ યોજનાનો લાભ લઈ રહી છે, ભલે તેઓ આ યોજના માટે લાયક ન હોય, ત્યારબાદ સરકારે આવી મહિલાઓના નામ આ યોજનામાંથી બાકાત રાખવા માટે કેવાયસી ફરજિયાત બનાવ્યું. આ કેવાયસી માટે ૩૧ ડિસેમ્બર, ૨૦૨૫ની સમયમર્યાદા આપવામાં આવી હતી. ૩૧ ડિસેમ્બર, ૨૦૨૫ સુધીમાં કેવાયસી ન કરાવનારી મહિલાઓના નામ આ યોજનામાંથી બાકાત રાખવામાં આવ્યા છે. જોકે, કેટલીક મહિલાઓ એવી પણ હતી જેમણે કેવાયસી કર્યા હોવા છતાં અને આ યોજના માટે લાયક હોવા છતાં, તેમના નામ આ યોજનામાંથી બાકાત રાખવામાં આવ્યા હતા કારણ કે તેમના કેવાયસીમાં કેટલીક તકનીકી ભૂલો હતી. દરમિયાન, રાજ્ય સરકારે આ તકનીકી ભૂલોને સુધારવા માટે લાભાર્થી મહિલાઓને ૩૧ માર્ચ સુધીનો સમય લંબાવ્યો હતો. દરમિયાન, ઘણી લાભાર્થી મહિલાઓ સમયમર્યાદા લંબાવવા માંગતી હતી. આખરે, આ ઇચ્છા હવે પૂર્ણ થઈ ગઈ છે. લાભાર્થી મહિલાઓને હવે કેવાયસી કરવા માટે ૩૧ એપ્રિલ સુધીનો સમય લંબાવવામાં આવ્યો છે.

# ઓપરેશન સિંદૂર દરમિયાન વિશિષ્ટ સેવા બદલ બે ટોચના નૌકાદળ અધિકારીઓને યુદ્ધ સેવા મેડલ એનાયત કરાયા

મુંબઈઃ નૌકાદળના વડા એડમિરલ દિનેશ કે ત્રિપાઠીએ બુધવારે પહેલગામ આતંકવાદી હુમલા પછી ગયા વર્ષે હાથ ધરવામાં આવેલા ઓપરેશન સિંદૂર દરમિયાન તેમની વિશિષ્ટ સેવા બદલ બે ટોચના નૌકાદળ અધિકારીઓને યુદ્ધ સેવા મેડલ એનાયત કર્યા. અહીં એક નૌકાદળના શપથ સમારોહમાં, એડમિરલ ત્રિપાઠીએ વાઇસ એડમિરલ એ એન પ્રમોદ, ડાયરેક્ટર જનરલ ઓફ નેવલ ઓપરેશન્સ (ડીજીએનઓ) અને વાઇસ એડમિરલ રાહુલ ગોખલેને મેડલ એનાયત કર્યા હતા. યુદ્ધ/સંઘર્ષ/શત્રુતા દરમિયાન ઉચ્ચ કક્ષાની વિશિષ્ટ સેવા માટે યુદ્ધ સેવા મેડલ એનાયત કરવામાં આવે છે.

વાઇસ એડમિરલ પ્રમોદને આપવામાં આવેલા પ્રશસ્તિપત્રમાં કહેવામાં આવ્યું છે કે ગયા વર્ષે ઓપરેશન સિંદૂર દરમિયાન નૌકાદળની કામગીરીની યોજના બનાવવામાં તેમણે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. એપ્રિલ ૨૦૨૫ માં પાકિસ્તાન સાથે ઝડપથી બગડતી સુરક્ષા પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, તેમને પ્રતિકાર માટે ઝડપથી યોજના ઘડવા અને તેને વહેલી તકે અમલમાં મૂકવાનું કાર્ય સોંપવામાં આવ્યું હતું.

વાઇસ એડમિરલ ગોખલેને આપવામાં આવેલા પ્રશસ્તિપત્રમાં કહેવામાં આવ્યું છે કે પહેલગામહુમલા બાદ ઓપરેશન સિંદૂરમાં, તેમની વ્યૂહાત્મક દૂરંદેશીએ ૯૬ કલાકની અંદર જમીન થી જમીન , જમીન થી હવામાં પ્રહાર કરનારા વેક્ટર અને ૨૨ ફ્લીટ યુદ્ધ જહાજોનો કાફલો તૈયાર કરી, છ સફળ મિસાઇલ ફાયરિંગ સુનિશ્ચિત કર્યા.

# મહારાષ્ટ્ર પોલીસ મુખ્યાલયમાં વૃક્ષની ડાળી તૂટી પડતાં એકનું મૃત્યુઃ વાહનોને નુકસાન

મુંબઈઃ દક્ષિણ મુંબઈમાં આવેલા મહારાષ્ટ્ર પોલીસ મુખ્યાલયમાં વૃક્ષની ડાળી તૂટી પડતાં ૪૫ વર્ષના શખસનું મૃત્યુ થયું હતું, જ્યારે ચાર વાહનને નુકસાન થયું હતું. મૃતકની ઓળખ અનિલ ભાગોજી ગોરે તરીકે થઇ હોઇ તે પીડબ્લ્યુડીનો કર્મચારી હોવાનું જાણવા મળ્યું હતું. કોલાબા વિસ્તારમાં શહીદ ભગતસિંહ માર્ગ પર મહારાષ્ટ્ર પોલીસ મુખ્યાલયના પરિસરમાં બુધવારે સાંજે આ ઘટના બની હતી. ગુલમોહર વૃક્ષની મોટી ડાળી તૂટીને પરિસરમાં પાર્ક કરાયેલા ચાર વાહન પર પડી હતી, જેમાં વાહનોને નુકસાન થયું હતું અને અનિલ ગોરે ગંભીર રીતે ઘાયલ થયો હતો. બનાવની જાણ થતાં અગ્નિશમન દળના જવાનો, પોલીસ ટીમ તથા પાલિકાના કર્મચારીઓ ઘટનાસ્થળે આવી પહોંચ્યા હતા. ઘવાયેલા અનિલ ગોરેને સારવાર માટે ત્વરિત ખાનગી વાહનમાં સેન્ટ જ્યોર્જ હોસ્પિટલમાં લઇ જવામાં આવ્યો હતો, જ્યાં ડૉક્ટરોએ તપાસીને તેને મૃત જાહેર કર્યો હતો. કોલાબા પોલીસે આ પ્રકરણે તપાસ આદરી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# ઘાટકોપરમાં બ્રિજ નીચે પાર્ક આઠ રિક્ષા આગમાં ખાક

મુંબઈઃ ઈસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે પર ઘાટકોપર નજીક બ્રિજ નીચે પાર્ક કરેલી રિક્ષામાં અચાનક આગ લાગ્યા પછી આઠ રિક્ષા સળગી ગઈ હતી. સદ્નસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નહોતી. ગારોડિયા નગર ફ્લાયઓવર નીચે કેટલીક રિક્ષા પાર્ક કરવામાં આવી હતી. બુધવારની બપોરે એક વાગ્યાની આસપાસ અચાનક એક રિક્ષામાં આગ લાગી હતી. ઝપાટાભેર ફેલાયેલી આગે આઠ રિક્ષાને ચપેટમાં લીધી હતી. બનાવની જાણ થતાં ફાયર બ્રિગેડના જવાનો ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. કલાકની જહેમત બાદ આગ પર કાબૂ મેળવવામાં આવ્યો હતો. જોકે ત્યાં સુધીમાં આઠેય રિક્ષા આગમાં ખાક થઈ ગઈ હતી. આગ લાગવાનું કારણ જાણી શકાયું નહોતું. ઘટનાની નોંધ કરી પંતનગર પોલીસ વધુ તપાસ કરી રહી છે.

# એનસીપી વિરુદ્ધ બદનક્ષી અભિયાન ચલાવવાના આરોપો એનસીપી (એસપી)એ ફગાવી દીધા

મુંબઈઃ મહારાષ્ટ્ર એનસીપી (એસપી)ના પ્રમુખ શશિકાંત શિંદેએ બુધવારે શરદ પવારની આગેવાની હેઠળની પાર્ટીએ શાસક એનસીપી વિરુદ્ધ બદનક્ષીભર્યું અભિયાન ચલાવવા માટે ‘કોન્ટ્રાક્ટ’ આપ્યો હોવાના આરોપોને પાયાવિહોણા અને બાલિશ ગણાવ્યા. શિંદે રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના નેતા સૂરજ ચવ્હાણ દ્વારા ઉઠાવવામાં આવેલા આરોપો પર પ્રતિક્રિયા આપી રહ્યા હતા. ચવ્હાણે આરોપ મૂક્યો હતો કે એનસીપીના વિધાન સભ્ય રોહિત પવારે મહાયુતિ ગઠબંધનના સભ્ય એનસીપીના નેતાઓને બદનામ કરવા અને આંતરિક વિખવાદ પેદા કરવા માટે એક એજન્સીને ૫ કરોડ રૂપિયા આપ્યા હતા. સંવાદદાતાઓ સાથેની વાતચીતમાં શશિકાંત શિંદેએ જણાવ્યું હતું કે આ આરોપો પાયાવિહોણા અને બાલિશ છે. આવા દાવા કરનારાઓએ તેમના સાથીઓ સાથે ચકાસણી કરવી જોઈએ કે ખરેખર તેમના માટે કોણ મુશ્કેલી ઊભી કરી રહ્યું હતું.

# એનસીપી જૂથો વચ્ચે વિલીનીકરણની વાટાઘાટો ચાલી રહી હતીઃ સુનિલ તટકરે

મુંબઈઃ મહારાષ્ટ્ર એનસીપીના વડા સુનીલ તટકરેએ કહ્યું છે કે બંને એનસીપીના જૂથો વચ્ચે વિલીનીકરણની વાટાઘાટો તત્કાલીન નાયબ મુખ્ય પ્રધાન અજિત પવાર જીવતા હતા ત્યારે જ ચાલી રહી હતી, આ કબૂલાત શરદ પવારની આગેવાની હેઠળની પાર્ટીએ પુનઃએકીકરણ અંગેની ચર્ચા સ્વીકારી હતી ત્યારે થયેલા ઇનકારના અઠવાડિયા પછી આવી છે.તટકરેએ એમ પણ કહ્યું હતું કે તેઓ વિલીનીકરણની વાટાઘાટોનો વિરોધ કરતા નથી, ભલે તેમણે આગ્રહ રાખ્યો હતો કે એનસીપી ભાજપની આગેવાની હેઠળની એનડીએ સાથે જોડાણમાં રહેશે.

છેલ્લા પાનાનું ચાલુ

## દહિસર-કાશીગાંવ

(એમએમઆરડી)એ ઉદ્ઘાટન પછીના બીજા દિવસે શનિવારે સવારે આ રૂટ સામાન્ય લોકો માટે ખોલવાનો નિર્ણય લીધો છે. દહિસર-કાશીગાંવ સેક્શન સેવામાં આવ્યા પછી, મુસાફરો સીધા કાશીગાંવથી અંધેરી પશ્ચિમ અને ગુંદાવલી સુધી મેટ્રો દ્વારા મુસાફરી કરી શકશે.

આ બે નવી મેટ્રો લાઈન શરૂ થવાથી દહિસર,મીરારોડ જેવા દૂરના પરાઓમાંથી અંધેરી પહોંચવું સરળ થશે અને મુસાફરોને ટ્રાફિક જામમાંથી પણ છુટકારો મળશે.

તેથી ગુંદાવલી અને અંધેરી પશ્ચિમથી મેટ્રો દ્વારા કાશીગાંવ પહોંચવું શક્ય બનશે. મેટ્રો-૯ લાઇનને દહિસર મેટ્રો સ્ટેશન પર મેટ્રો ૨અ (દહિસરથી અંધેરી પશ્ચિમ) અને મેટ્રો-૭ (દહિસરથી ગુંદાવલી) લાઇન સાથે જોડવામાં આવી છે. તે મુજબ કાશીગાંવ - અંધેરી પશ્ચિમ અને કાશીગાંવ - ગુંદાવલી સુધીની મેટ્રો ટ્રેનો ચલાવવામાં આવશે. આ અંગેનો નિર્ણય એમએમઆરડી દ્વારા ટૂંક સમયમાં જાહેર કરવામાં આવશે.

મેટ્રો-૯ના દહિસર-કાશીગાંવ અને મેટ્રો-ટૂબીના ડાયમંડ ગાર્ડન-મંડાલેનું કામ ૨૦૨૫ માં પૂર્ણ થઈ ગયું હતું . આ બંને લાઈનોના પહેલા તબક્કાને સલામતી પ્રમાણપત્ર પણ મળી ગયું છે. જોકે, રાજ્ય સરકાર દ્વારા ઉદ્ઘાટન માટે સમય ન મળતાં આ બંને લાઈનો શરૂ થઇ શકી નહીં. આ લાઈનોનું વહેલી તકે ઉદ્ઘાટન કરવાની માંગ કરવામાં આવી હતી.

આખરે, આ રૂટના ઉદ્ઘાટનનું મુહૂર્ત નીકળ્યું છે. મુખ્ય પ્રધાન ત્રીજી એપ્રિલે આ રૂટનું ઉદ્ઘાટન કરશે. તેથી હવે મુંબઈવાસીઓ દહિસર - કાશીગાંવ અને ડાયમંડ ગાર્ડન - મંડાલે વચ્ચે મેટ્રો દ્વારા મુસાફરી કરી શકશે. જોકે તેમણે શનિવાર સુધી રાહ જોવી પડશે.

## ગતિશીલ સરકારે

પાંચથી છ દિવસમાં ૧૭૦૦થી વધુ નિર્ણયો, વટહુકમો (જીઆર) બહાર પાડ્યા છે. દરમિયાન, હવે કેબિનેટ બેઠકમાં પણ સરકારે ૧૨ વર્ષ પછીનો સૌથી મોટો નિર્ણય લીધો છે. આ નિર્ણયથી હજારો દિવ્યાંગને લાભ થશે.

મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસની અધ્યક્ષતામાં બુધવારે રાજ્ય સરકારની ખૂબ જ મહત્વપૂર્ણ કેબિનેટ બેઠક યોજાઈ હતી. આ કેબિનેટની બેઠકમાં અશોક ખરાતથી લઈને નરહરી જીરવાળ સુધીના ઘણા મહત્વપૂર્ણ મુદ્દાઓ પર ચર્ચા થઈ હોવાનું જાણવા મળી રહ્યું છે. સરકારે આ બેઠકમાં કેટલાક ખૂબ જ મહત્વપૂર્ણ નિર્ણયો લીધા છે.

રાજ્ય સરકારની કેબિનેટ બેઠકમાં રાજ્યના હજારો દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે શિષ્યવૃત્તિ વધારવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. સરકારે ૧૨ વર્ષ પછી આ સંદર્ભમાં નિર્ણય લીધો છે. આ નિર્ણય મુજબ, હવે ધોરણ ૮ થી ૧૨ સુધીના દિવ્યાંગ વિદ્યાર્થીઓને મોટી રાહત મળશે. ધોરણ ૮ થી ૧૨ સુધીના વિદ્યાર્થીઓ માટે શિષ્યવૃત્તિની રકમમાં વધારો કરવામાં આવશે. આ નિર્ણયને કારણે રાજ્યના હજારો દિવ્યાંગ વિદ્યાર્થીઓને લાભ થશે.

રાજ્ય સરકારે ૨૩ માર્ચથી ૩૧ માર્ચ દરમિયાન ૧૭૮૫ નિર્ણયો લીધા છે. નાણાકીય વર્ષ પૂરું થઈ રહ્યું છે, તેમ વહીવટીતંત્ર દ્વારા અંતિમ તબક્કામાં દર્શાવેલ કાર્યની ગતિ ચર્ચાનો વિષય બની રહી છે. આ બધા નિર્ણયોમાં પ્રવાસન અને સાંસ્કૃતિક બાબતોનો વિભાગ મોખરે છે. આ એક જ વિભાગે માત્ર બે દિવસના સમયગાળામાં સૌથી વધુ એટલે કે ૧૩૧ સરકારી નિર્ણયો બહાર પાડ્યા છે.

કેબિનેટની બેઠકમાં મહત્વપૂર્ણ નિર્ણયો...

દિવ્યાંગ કલ્યાણ વિભાગઃ રાજ્યના હજારો દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે શિષ્યવૃત્તિમાં વધારો. ૮મી થી ૧૨મી સુધીના દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે મોટી રાહત. બાર વર્ષ પછી શિષ્યવૃત્તિની રકમમાં વધારો પર્યાવરણ અને આબોહવા પરિવર્તન વિભાગઃ મહારાષ્ટ્ર રાજ્ય નદી પુનરુત્થાન સત્તામંડળની સ્થાપના. રાજ્યના ૫૪ પ્રદૂષિત નદી પટ્ટાઓ માટે પુનર્જીવીતકરણ પ્રોજેક્ટ્સ અમલમાં મૂકવામાં આવશે.

જળ સંસાધન વિભાગઃ અહિલ્યાનગર જિલ્લામાં સકલાઈ ઉપસા સિંચાઈ યોજના માટે રૂ. ૧,૨૩૪ કરોડની જોગવાઈને મંજૂરી. દુષ્કાળગ્રસ્ત લગભગ ૩૨ ગામોને ફાયદો થશે, ૯ હજાર ૬૦૦ હેક્ટર વિસ્તારને સિંચાઈ સુવિધા મળશે

મહેસૂલ, નોંધણી અને સ્ટેમ્પ ડ્યુટી વિભાગઃ અમરાવતી મ્યુનિસિપલ કોર્પોરેશનને રમતગમત સંકુલ માટે ૧૬૭૦૮ ચોરસ મીટર જમીન મળશે

સામાજિક ન્યાય વિભાગઃ અનુસૂચિત જાતિ અનામત પેટા વર્ગીકરણ અંગે નિવેદન, અરજીઓ અંગે મુખ્ય સચિવના અધ્યક્ષતામાં સમિતિ ગઠિત કરવામાં આવશે.

મહેસૂલ વિભાગઃ હવે જમીન રેકોર્ડ વિભાગમાં, જમીન સર્વેયરના પદને બદલે, સંરક્ષણ જમીન સર્વેયરનું પદ હશે. આ પદ બઢતી અને વિભાગીય ભરતી દ્વારા ભરી શકાશે. રાજ્યમાં જમીન સર્વેયર કેડરના કર્મચારીઓ માટે મોટી રાહત

સામાજિક ન્યાય વિભાગઃ અનુસૂચિત જાતિ અનામત પેટા વર્ગીકરણ અંગે નિવેદન, અરજીઓ અંગે મુખ્ય સચિવના અધ્યક્ષતામાં સમિતિ ગઠિત કરવામાં આવશે.

મહેસૂલ વિભાગઃ હવે જમીન રેકોર્ડ વિભાગમાં, જમીન સર્વેયરના પદને બદલે, સંરક્ષણ જમીન સર્વેયરનું પદ હશે. આ પદ બઢતી અને વિભાગીય ભરતી દ્વારા ભરી શકાશે. રાજ્યમાં જમીન સર્વેયર કેડરના કર્મચારીઓ માટે મોટી રાહત.

### પ્રેમમાં આવું ગાંડપણ?

# મુલુંડ સ્ટેશને પાટા પર ઊતરીને બે યુવાનોનો એક યુવતી માટે ઝઘડો

મુંબઈના ઉપનગરીય રેલવે સ્ટેશન મુલુંડ હંમેશા ભીડવાળું રહે છે. આ રેલવે સ્ટેશન પર એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. પ્લેટફોર્મ પર બે યુવાનો વચ્ચે એક યુવતીને લઈને ઝઘડો થાય છે. ઝઘડો એટલો વધી જાય છે કે અન્ય મુસાફરો સમજી શકે તે પહેલાં બંને એકબીજાને પાટા પર ખેંચી લે છે અને એકબીજાને મારવા લાગે છે.

આ જોઈને તે સમયે કોઈ લોકલ ટ્રેન ટ્રેક પર આવી જવાની શક્યતાને લઈને મુસાફરોએ બૂમો પાડવાનું શરૂ કરે છે. મુસાફરો ગુસ્સે થાય છે.

આ વાયરલ થઈ રહેલા વીડિયોમાં જોઈ શકાય છે કે જ્યારે યુવક પાટા પર ઉતર્યો ત્યારે કેટલાક મુસાફરો તેમને રોકવા માટે પાછળ ઉતર્યા. તેમણે ઝઘડો રોકવાનો પ્રયાસ કર્યો પરંતુ બંનેમાંથી કોઈ સાંભળવા તૈયાર નહોતું. તે જ સમયે એક લોકલ ટ્રેન આવતાની સાથે જ નીચે ઉતરેલા મુસાફરોએ યુવકને પકડી લીધો અને પ્લેટફોર્મ પર લાવ્યા. આના કારણે મોટી દુર્ઘટના ટળી ગઈ હતી.

આ વાયરલ વીડિયો સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ ઇન્સ્ટાગ્રામ પરના એક એકાઉન્ટ દ્વારા અપલોડ કરવામાં આવ્યો છે. કેપ્શનમાં લખ્યું છે, બે યુવાનો એક છોકરી માટે સીધા રેલવે ટ્રેક પર બાધ્યા અને એવું માનવામાં આવે છે કે આ વીડિયો મુલુંડ સ્ટેશનનો છે. અમે આ વીડિયોની પુષ્ટિ કરતા નથી.

વીડિયો વાયરલ થતાં જ નેટીઝન્સે ઘણી પ્રતિક્રિયાઓ આપી છે, જેમાંથી એકે લખ્યું છે કે, ‘‘લોકોએ બંનેને કચડી નાખવા જોઈતા હતા’’ જ્યારે બીજા યુઝરે લખ્યું છે કે, ‘‘પોલીસે કાર્યવાહી કરવી જોઈએ’’ જ્યારે કેટલાકે કહ્યું કે, ‘‘મોટો અકસ્માત થઈ શક્યો હોત પણ તેઓ બચી ગયા’’. આવી ઘણી તીખી પ્રતિક્રિયાઓ આવી છે.


## ક્લાસિફાઈડ

### ૧૭. જગ્યા આપવી છે

**અંધેરી (વેસ્ટ)**

જે. પી. રોડ, ભરડાવાળી, નવું બિલ્ડીંગ, 2/3 બેડરૂમ, 2.25/3.25 કરોડ, કાર પાર્કિંગ સાથે. સંપર્કઃ મનીષ- 9324512690. (બી-૧૭૩૪૧)

### ૨૩. મનોરંજન

॥ ‘‘રણજીત ભરત ડોસા’’ ॥

‘‘પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ’’, ‘‘જૈન’’, ‘‘અગ્રવાલ’’, ‘‘મહેશ્વરી’’- ગુજરાતી, હિંદી પ્રાર્થના માટે- 9821172223. (૯૫૭/એ)

### ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**સચોટ જ્યોતીષ**

**જન્મતારીખ, સમય વોટ્સઅપ કરો. લગ્નયોગ કયા વર્ષમાં ક્યારે, માર્ગદર્શન ફી - આપના આશીર્વાદ. વાતો ન કરો રીઝલ્ટ માંગો. 7304586200. (૯૫૨-જી)**

**સમર્થ જ્યોતીષ**

**જન્મતારીખ સમય વોટ્સઅપ કરો. જીવનમાં મુંઝવતા કઠિનમાં કઠિન પ્રશ્નોનું માર્ગદર્શન. વાતો ન કરો રીઝલ્ટ માંગો. ફી આપના આશીર્વાદ. 9702993707. (૯૫૨-એફ)**


## હિન્દુ મરણ

સ્વ. સાકરબેન તથા સ્વ. ખીમજીભાઈ કુંવરજીભાઈ ઠક્કર (દનાણી) ગામ કચ્છ વરાડિયા હાલે મુલુંડવાળાના પુત્ર ગોરધનદાસભાઈ ખીમજીભાઈ ઠક્કર (ઉં.વ. ૮૮) તે ગં.સ્વ. મંગળાબેન ઠક્કરના પતિ. સ્વ. શાંતાબેન તથા વિઠ્ઠલદાસભાઈ મૂળજીભાઈ મોટનપુત્રા ગામ કચ્છ લખપત હાલે મુલુંડવાળના જમાઈ. સ્વ. જમનાદાસભાઈ, જેઠમલભાઈ, કાનજીભાઈ, નાનજીભાઈ, જયકિસનભાઈ, સ્વ. શાંતાબેન, સ્વ. ચંદ્રબાળાબેન, સ્વ. હેમલતાબેનના ભાઈ. કલ્પનાબેન નિરંજનભાઈ બળિયા તથા ગં.સ્વ. પ્રીતિબેન કિર્તીભાઈ સ્વારના પિતાશ્રી. ઉર્વી, અક્ષય, આશિષ અને આશનાના નાના. સોમવાર, તા. ૩૦-૩-૨૬ના શ્રીરામશરણ પામેલ છે. તેમની પ્રાર્થનાસભા રાખેલ નથી. લૌકિક વ્યવહાર બંધ છે.

**પરજીયા સોની**

મહુવાવાળા હાલ કાંદિવલી, સ્વ. ભાનુબેન દિનકરભાઈ ધકાણના સુપુત્ર મુકેશભાઈ ધકાણ (સોની) (ઉં.વ. ૭૩) તા. ૩૧/૩/૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. માલાબેનના પતિ. પૂજાબેન અર્પણકુમાર ચોક્સી, હિરેનભાઈ-નીલમબેન, મેહુલભાઈ- બીજલબેનના પિતાશ્રી. સ્વ. ગિરીશભાઈ, સ્વ. સતીષભાઈ, સ્વ. શશીકલાબેન રમેશકુમાર ધાણકના ભાઈ. સ્વ. સજુમા કાનજીબાપા ધોરડાના જમાઈ. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨-૪-૨૬ ગુરુવાર રોજ સવારે ૧૦.૩૦ થી ૧૨.૦૦. સોનીવાડી, શિંપોલી સિગ્નલ, બોરીવલી પશ્ચિમ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા સોરઠીયા વણિક**

ગોંડલ નિવાસી હાલ કાંદિવલી, સ્વ. ગુણવંતિબેન પ્રાણલાલ શાહના પુત્ર રાજેશભાઈ શાહ (ઉં.વ. ૬૩) ૩૧/૩/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. તે કલ્પનાબેનના પતિ. રોનક-માધુરી, શિવાની કરણના પિતાશ્રી. પંકજ, પ્રદીપભાઈ જમનાદાસ, સ્વ. શૈલેષભાઇ, નયના જગદીશભાઈ શેઠ, પ્રતિમા કમલેશ ધ્રુવ, આશા નીતિનભાઈ ગાંધી તથા જયશ્રી સંજય ગોરડીયાના ભાઈ. સ્વ. સુશીલાબેન બાબુલાલ ધ્રુવના જમાઈ. પ્રાર્થનાસભા ૩/૪/૨૬ના ૫ થી ૭. શ્રી વર્ધમાન સ્થા જૈન શ્રાવક સંઘ, એસ વિ રોડ, કાંદિવલી વેસ્ટ.

**પરજીયા સોની**

મૂળ ગામ લાખણકા હાલ મલાડ, કીશોરભાઇ મોહનલાલ ધકાણ (ઉં.વ. ૮૪) રવિવાર, તા. ૨૯-૩-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. રમાબેનના પતિ. ઉષાબેન લાભુભાઈ સુરૂના ભાઇ. ધોરાજીવાળા આત્મારામભાઇ ભૂરાભાઇ થડેશ્વરના જમાઈ. લૌકીક પ્રથા બંધ રાખેલ છે.

**દમણીયા દરજી**

મુંબઈ નિવાસી, જયંતીલાલ જમનાદાસ દમણીયા (ઉં.વ. ૮૪) ૨૨/૩/૨૬ના દેવલોક પામેલ છે. તે ભાનુમતીબેનના પતિ. સ્વ. હરકીશનભાઈ, સ્વ. હરિલાલ, સ્વ. મનસુખભાઇ, સ્વ. કૃષ્ણકાંત, સ્વ. રમણીકભાઇ, પ્રવીણભાઈ, સ્વ. પદમાબેન, ગં.સ્વ. લીલાવતીબેન, વાસંતીબેન, કુસુમબેનના ભાઈ. રેખા, રાખી, જીજ્ઞા યતીનના પિતા. રાજેશકુમાર, ધર્મેશકુમાર, મિહિરકુમાર, તૃપ્તિના સસરા. દેવાંશી, ધ્રુવના દાદા. સ્વ. હરિગંગાબેન કાંતિલાલ મોતીના જમાઈ. પ્રાર્થનાસભા ૩/૪/૨૬ના ૪ થી ૬. પ્રભુ શ્રીરામ મંદિર, ત્રીજો કુંભારવાડો, મુંબઈ ૪૦૦૦૦૪.

**ઔદીચ્ય સહસ્ત્ર ચિભળીયા બ્રાહ્મણ**

હાંસોટ, હાલ કાંદિવલી, સ્વ. રજનીકાંત જટાશંકર વ્યાસના પત્ની તારાબેન (ઉં.વ. ૯૧) તે સ્વ. સુધાબેન, તરુણભાઈ, હિમાંશુભાઈના

## પારસી મરણ

બોમી દિનશૉ ઈટાલિયા (ઉં.વ. ૮૬) તા. ૩૧-૩-૨૬ના ગુજરી ગયા છે. કેટીના પતિ. મરહૂમ દિનશૉ અને મહેરામાઈ ઈટાલિયાના દીકરા. ફરોખ, ફિરોઝા ચિમ્બાઈવાલાના પિતા. શર્મિનના સસરા. બેન્ની ચિમ્બાઈવાલાના ગ્રાન્ડફાધર. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૨-૪-૨૬ના ઠેઃ સી.ડી. શેઠના બિલ્ડિંગ, ફ્લેટ નં. ૩, ગ્રાઉન્ડ ફ્લોર, ગોલનજી હિલ રોડ, પરેલ, મુંબઈ-૧૨.

દારા રુસ્તમજી દુમસિયા તે મરહૂમ શેરુના ધની. તે મરહૂમો ખુરશીદ રુસ્તમજી દુમસિયાના દીકરા. તે વીરાફ ને સાઈરસના પપ્પા. તે ફરઝીનના સસરા. તે રુશાદ, અરયના, કિઆન, કિએરાના બપાવા. (ઉં.વ. ૮૯) રે.ઠે.: રુસ્તમ બાગ, બ્લોક નં. ૧૦, ૩, પહેલે માળે, સંત સાવતા માર્ગ, ભાયખલા, મુંબઈ-૪૦૦૦૨૭.

ફરીદા હોસી લાલા તે મરહૂમ હોસીના ધન્યાની. તે મરહૂમો ગવેર સોલી મિસ્ત્રીના દીકરી. તે પરીઝાદ ને પોરસના માતાજી. તે આરઝાનના સાસુજી. તે પરવીનના નરણ. તે દાનીકા ને આરીયાનાના માસી. (ઉં.વ. ૬૪) રે.ઠે.: એલાવા બિલ્ડિંગ, રૂમ નં. ૧૦, એન.સી.બાગ, મોરી રોડ, માહિમ, મુંબઈ-૪૦૦૦૧૬. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૦૨-૦૪-૨૦૨૬ને દિને બપોરે ૩.૪૫ વાગે સુનાવાલા અગિયારીમાં છેજી.

## પાયદસ્ત

મેજર નોશીર મીનોચેર પંદોલ તે રોશનીના ધની. તે મરહૂમો ફેની મીનોચેર પંદોલના દીકરા. તે નાઝનીન ને ઝુબીનના પપ્પા. તે મેહરનોશના સસરા. તે ગોદરેજ, ફીરોઝ ને હોમાયના ભાઈ. તે ઝોએશના બપાવા. (ઉં.વ. ૮૬) રે.ઠે.: નાથાની હાઈટસ, ફ્લેટ નં. ૨૦૦૨, ૨૦મે માળે, ‘‘એ’’વિંગ, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ-૪૦૦૦૦૮. પાયદસ્ત તા. ૦૨-૦૪-૨૦૨૬ને દિને બપોરે ૩.૪૫ વાગે ઉપરની હોડિવાલા બંગલીમાં છેજી.

## જૈન મરણ

**શા શ્રીમાળી સ્થા. જૈન**

સીતાપૂર (પાનસડા) નિવાસી હાલ સાંગલી, સ્વ. ધીરજલાલ ભાઈચંદભાઈ શાહના ધર્મપત્ની લાભુબેન (ઉં.વ. ૮૮) તે મીયાગામ કરજણ નિવાસી સ્વ. મગનલાલ અમરશી શાહના સુપુત્રી. બિપિનભાઈ, જીગ્નેશભાઈ તથા કલ્પનાબેન મોટાણી, આશાબેન મહેતા અને મનીષાબેન મહેતાના માતુશ્રી. સૌ. રિના, સૌ. ભાવિકા રોહિતભાઈ મોટાણી, સ્વ. ચેતનભાઈ તથા હિતેનભાઈના સાસુમા સાંગલી મુકામે તા. ૩૧-૩-૨૬ના સંથારો સીજી ગયેલ છે. (લૌકિક વ્યવહાર બંધ છે.).

**ઝા. દશા શ્રીમાળી સ્થા. જૈન**

બોટાદ નિવાસી હાલ અંધેરી, મીનાક્ષીબેન (ઉં.વ. ૮૨) ૩૧/૩/૨૬ના અરિહંતશરણ પામેલ છે. સુરેશચંદ્ર વીરચંદ ગાંધીના ધર્મપત્ની. પરાગ તથા સેજલના માતુશ્રી. મોના તથા સમીરના સાસુ. નવેલી આકાશ કપૂર, માસુમિ, હૃદય, આઇરવાના દાદી. સ્વ. કુસુમબેન શાંતિલાલ શાહના દીકરી. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

માતા. સુનિતાબેન, અમીબેનના સાસુ. દિપાલિબેન, ધ્યેયના દાદી. મયુરભાઈના દાદીસાસુ. સ્વ. નિર્મલાબેન તથા સ્વ. રામકૃષ્ણ દવેના પુત્રી તા. ૩૧-૩-૨૬ મંગળવારે શ્રીજીશરણ પામેલ છે. લૌકિક પ્રથા બંધ છે. પ્રાર્થનાસભા રાખેલ નથી.

**સુરતી વિશા લાડ વણિક**

સુરત, અનુપભાઈ શાંતિલાલ મારફતિયા (ઉં.વ. ૮૨) તે જયાબેનના પતિ. સ્વ. સરલાબેન શાંતિલાલના સુપુત્ર. શીતલ સંદીપ ઝવેરીના પિતા. સ્વ. કાંતાબેન છગનલાલ શાહના જમાઈ. સ્વ. શીરીશભાઈ, સીતાબેન, લીનાબેનના, શિલ્પાબેન મેસવાનીના ભાઈ. રાજુ- સુજાતા, પિનક - અમીના કાકા. મંગળવાર, ૩૧-૩-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. લૌકીક પ્રથાઓ બંધ છે.

**ઘોઘારી લોહાણા**

સાવરકુંડલાના વતની, હાલ કાંદિવલી અમરીષભાઈ (ઉં.વ. ૪૮) તે ગં.સ્વ. રંજનબેન તથા સ્વ. દિલીપભાઈ રતીલાલ સરૈયા (કાનાણી)ના પુત્ર. ભાવિનીબેનના પતિ. ક્રિશાના પિતા. અ.સૌ. મીનાબેન તથા પ્રવિણભાઈ અભાણીના જમાઇ. અ.સૌ. સોનલ જગદીશ તન્ના, અ.સૌ. દિવ્યા હિતેશ દત્તાણી તથા આશિષના નાનાભાઈ. માનવીના કાકા. મંગળવાર, ૩૧-૩-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**પુષ્કર્ણા બ્રાહ્મણ**

જામનગરનિવાસી હાલ કાંદિવલી, સ્વ. નીલકંઠનરહરિ આચાર્ય (ઉં.વ. ૭૪) તા. ૩૦-૩-૨૬ને સોમવારે શ્રીજીચરણ પામ્યા છે. તે ભાવનાબેનના પતિ. વિશાલ, જિગ્નેશના પિતા. આદિત્ય, યોગેશ, કીર્તિબેન, શૈલેષ, અલકા, પૂર્વીના ભાઈ. દ્વારકાદાસ હંસરાજ વાલાણીના જમાઈ. શિલ્પી, અર્ચનાના સસરા. નિર્વાન અને મનના દાદા. પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૨-૪-૨૬ના સાંજે ૪.૩૦થી ૬.૩૦. કેવલબાગ ટ્રસ્ટ, કિલાચંદરોડ, કાંદિવલી ફ્લાયઓવર નીચે, શંકરગલીની સામે, એસ.વી. રોડ, કાંદિવલી (પ.).

**પરજિયા સોની**

મૂળગામ રાજુલાવાળા, હાલ વસઈ, સ્વ. શાંતાબેન નાનજીભાઈ દેવાતભાઈ ધોરડાના પુત્ર જીતુભાઈ ધોરડા (ઉં.વ. ૭૦) સોમવાર, તા. ૩૦-૩-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે ઈન્દુબેનના પતિ. હિતેશભાઈ, ધર્મેશભાઈના પિતાશ્રી. મીરાબેન, ખૂશ્બુબેનના સસરા. ભક્તિ, જીલ, વૃતિકાના દાદા. ઊનાવાળા નાથાલાલ ત્રિભોવનદાસ જગડાના જમાઈ. તેમની પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૨-૪-૨૬ના ૫થી ૬. સ્થળઃ સોની વાડી, શિંપોલી ક્રોસ, બોરીવલી (વેસ્ટ).

**પરજિયા સોની**

મૂળ ગામ વણાકબારાવાડા, હાલ મીરારોડ, સ્વ. ગં.સ્વ. શારદાબેન શામજીભાઈ ધોરડા (ઉં.વ. ૭૮) તા. ૨૮-૩-૨૬, રવિવારના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. શામજીભાઈ ભીમજીભાઈ ધોરડાના ધર્મપત્ની. બાલુભાઈ ભાયાભાઈ સતીકુંવરના દીકરી. અંતુલાલ બાલુભાઈ સતીકુંવર અને રમેશભાઈ બાલુભાઈ સતીકુંવરના બેન. દિનેશભાઈ શામજીભાઈ ધોરડા, જયશ્રી કિરણભાઈ પટ્ટણી અને વર્ષાબેન સંજયભાઈ સાગરના મમ્મી. પ્રફુલાબેન દિનેશભાઈ ધોરડાના સાસુ. રાજેશ્રી, વૈભવી, ભક્તિના દાદી. તેમની પ્રાર્થનાસભા તા. ૨-૪-૨૬, ગુરુવારના ૫થી ૬. સ્થળ : ગ્રાઉન્ડ ફ્લોર, સી-૬, નવનીત બિલ્ડિંગ, સેક્ટર-૬, શાંતિનગર, મીરારોડ (ઈસ્ટ).

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# મુંબઈ સમાચાર

આયોજિત


# માતૃભાષા ભાગવત સપ્તાહ

૨ એપ્રિલથી ૮ એપ્રિલ

Supported by: adani

મહાનગરમાં વ્રજનો લય
સંપૂર્ણ મુંબઈ કૃષ્ણમય
તમામ માતૃભાષાનો જય

## આજથી શુભારંભ



## પરમપૂજ્ય રમેશભાઈ ઓઝા ભાઈશ્રી

**સનાતન નગરી**

સ્વ. શ્રી બાળાસાહેબ ઠાકરે ક્રીડાસંકુલ,
(ચીકુવાડી પ્લેગ્રાઉન્ડ) બોરીવલી (પશ્ચિમ)



SKYLINE INFRA FORGE
શ્રી સૌરભ મહેતા
(મુખ્ય મનોરથી)

- ૨ લાખ સ્કે. ફૂટના એરકન્ડિશન્ડ ડોમમાં ભાગવત કથા
- પોથીના મનોરથીઓને વિશેષ પ્રસાદ અને ભાગવત શ્રવણની વ્યવસ્થા
- તમામ દર્શનાર્થીઓ માટે પ્રસાદની વ્યવસ્થા



gandhar Group of Companies
શ્રી રમેશભાઈ પારેખ
(સહ મનોરથી)

**ભવ્ય શોભાયાત્રાઃ ૧.૩૦ વાગ્યે**

**પરિવેશ લીલા અને લીલા રંગનાં વસ્ત્રો**

પ્રસ્થાનઃ પ્રમોદ મહાજન ગ્રાઉન્ડ,
શંકર મંદિરની બાજુમાંથી નીકળશે

**પોથી પધરામણીઃ ૨.૩૦ વાગ્યે**

(તમામ પોથી એસી ડોમમાં)

**દીપ પ્રાગટ્યઃ ૩.૦૦ વાગ્યે**

**કથા પ્રારંભઃ ૩.૩૦ વાગ્યે**

**પ્રસાદઃ ૬.૩૦થી ૮.૦૦ વાગ્યા સુધી**

**માતૃભાષા માનવંદનાઃ મરાઠી સંગીત સંધ્યા ૭.૩૦થી ૧૦.૦૦ વાગ્યા સુધી**

### કથા પ્રારંભ બીજી એપ્રિલ

★ કપિલ જન્મ-કથા પ્રમાણે

**નૃસિંહ અવતારની ઝાંખી**

★ સ્વ.રિતેશ નલિનભાઈ રુઘાણી
★ શ્રીમતી રાધિકા રિતેશ રુઘાણી

**વામન અવતારની ઝાંખી**

★ શ્રીમતી ભદ્રાબહેન વિનોદરાય ચિતલિયા
★ વિરલ ચિતલિયા - મિલન ચિતલિયા

**પાંચમી એપ્રિલઃ કૃષ્ણ જન્મ**

★ દીપક રમેશ મહેતા

**છઠ્ઠી એપ્રિલઃ રુક્મિણી વિવાહ**

કન્યા પક્ષઃ શીતલ બિરેન સંઘવી
વર પક્ષઃ તૃપ્તિ ધર્મેશ ગાંધી

**આઠમી એપ્રિલઃ પૂર્ણાહુતિ યજ્ઞ**

★ ૮૪ બેઠકજીના દર્શન
★ ગોવર્ધન પરિક્રમા- દૈનિક દર્શન
★ માતુશ્રી કલાવતી ધરણીધર ગાંધી પરિવાર (મહુવાવાળા) હસ્તે
★ શ્રીમતી તૃપ્તિ ધર્મેશ ગાંધી

### માતૃભાષા ભાગવત સપ્તાહમાં પધારનારા સંતો

**ત્રીજી એપ્રિલ**



વૈષ્ણવ હૃદયસમ્રાટ વૈષ્ણવાચાર્યશ્રી
૧૦૮ યદુનાથજી મહોદયશ્રી
(કડી-અમદાવાદ)

**ચોથી એપ્રિલ**




રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ
શ્રી નમ્રમુનિ મહારાજસાહેબ

**છઠ્ઠી એપ્રિલ**



શ્રી વલ્લભકુળભૂષણ વૈષ્ણવાચાર્ય
પૂજ્યપાદ ગોસ્વામી ૧૦૮
શ્રી વ્રજરાજકુમારજી મહારાજશ્રી

**સાતમી એપ્રિલ**



અનંત શ્રી વિભૂષિત પશ્ચિમામ્નાય
દ્વારકા શારદાપીઠાધીશ્વર
જગદ્‌ગુરુ શંકરાચાર્ય સ્વામીશ્રી
સદાનંદ સરસ્વતીજી મહારાજ

### આજનો કાર્યક્રમ

કલાકારો

- સંજીવની ભેલાંડે
- અજિત પરબ
- નચિકેત દેસાઈ
- દીપ્તિ ભાગવત
- હેમંત બર્વે
- પલ્લવી કેળકર



- ત્રીજીએ પદ્મશ્રી કૈલાસ ખેર
- ચોથીએ ગીતા રબારી
- સાતમીએ કીર્તિદાન ગઢવીનો

**સંગીત જલસો**

DANUBE PROPERTIES DUBAI
Real Estate Partners:

### આયોજક : મુંબઈ સમાચાર પ્રેરિત માતૃભાષા પ્રતિષ્ઠાન

★ શ્રી નીલેશ દવે

| | | | | |
|---|---|---|---|---|
| ★ શ્રી પરાગ શાહ | ★ શ્રી સંતોષ સિંહ | ★ શ્રી મુકેશ પટેલ | ★ શ્રી રાજુ સાવલા | ★ શ્રી અરવિંદ શાહ |
| ★ શ્રી જિજ્ઞેશ ભુતા | ★ શ્રી જસ્મીન શાહ | ★ શ્રી જિતેન્દ્ર મહેતા | ★ શ્રી જગદીશ ઓઝા | ★ શ્રી ભાર્ગવ પટેલ |
| ★ શ્રી નિરવ મહેતા | ★ શ્રી જિજ્ઞેશ હિરાણી | ★ શ્રી શોભિત દેસાઈ | ★ શ્રી મિલન ત્રિવેદી (રાજકોટ) | ★ શ્રી દુષ્યંત સોની (દુબઈ) |

**જીવંત પ્રસારણ**

મુંબઈ સમાચાર
YouTube ગુજરાતી

आस्था · वसुधैव कुटुंबकम् ॥Sandipani॥ · धर्म संदेश · आस्था भजन

**વિશેષ આભારઃ**

★ શ્રી સંજય ઉપાધ્યાય
★ શ્રી અસીત કુમાર મોદી
★ શ્રી જે. ડી. મજેઠિયા
★ શ્રી સંજય છેલ
★ શ્રી મુકેશ મહેતા
★ શ્રી ભૂપેન્દ્ર મહેતા
★ શ્રી વિપુલ પારેખ
★ શ્રી વિરલ ચિતલિયા
★ શ્રીમતી માધવી ભુતા

AJMERA BUILT ON TRUST · MICL LIVE BETTER · Showglitz Events & Entertainment Private Limited · JVM CHARITABLE FOUNDATION · MUNJAL · HEM AGARBATTI · hitech events & exhibition · RUDRAAMAR GROUP · RAJSHREE BUILDERS Building A Future Into Every Home · ARVINDBHAI KHATRI SONS · BRIGHT OUTDOOR MEDIA LIMITED · Neela Film Productions · NATUREPURE Wellness Pvt. Ltd. · WellPure | Keshasvi · APAR ADVERTISERS PRIVATE LIMITED · NEELKANTH Building Trust Since 1938 Formerly known as: Velji Harkha Patel & Sons. · SURBHI GROUP Redefining Urban Lifestyle Contact - +91 98218 85998 · SILVER BUILDING LANDMARKS SINCE 1986

# રાહુરી પેટાચૂંટણી બિનહરીફ નહીં થાય!

## ભાજપે ઉમેદવારી જાહેર કરતાં જ પવારે આપ્યા સંકેતઃ પ્રાજક્ત તનપુરેનું નામ ચર્ચામાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ભાજપના દિવંગત વિધાનસભ્ય શિવાજીરાવ કર્ડીલેના નિધન બાદ રાહુરી વિધાનસભા મતવિસ્તારમાં પેટાચૂંટણીની બિનવિરોધ કરવાના ભાજપના પ્રયાસો પર શરદ પવારે પાણી ફેરવી દીધું છે. ભાજપે આ બેઠક પરથી શિવાજીરાવના દીકરા અક્ષયને ઉમેદવારી આપવાની જાહેરાત કરી હતી, પરંતુ શરદ પવારના નેતૃત્વ હેઠળની રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (શરદ પવાર જૂથ) પણ સક્રિય થઈ ગઈ છે. એવી માહિતી મળી રહી છે કે ભૂતપૂર્વ વિધાનસભ્ય પ્રાજક્ત તનપુરેનું નામ લગભગ નક્કી થઈ ગયું છે, અને સત્તાવાર જાહેરાત ટૂંક સમયમાં કરવામાં આવશે.

રાહુરી મતવિસ્તાર છેલ્લા કેટલાક વર્ષોથી ભાજપનો ગઢ માનવામાં આવે છે. શિવાજીરાવ કર્ડીલેના નેતૃત્વમાં, પાર્ટીએ અહીં મજબૂત પકડ સ્થાપિત કરી હતી. તેમના મૃત્યુ પછી પણ, ભાજપે આ પરંપરા ચાલુ રાખવા માટે અક્ષય કર્ડીલેમાં વિશ્વાસ દર્શાવ્યો છે. તેઓ હાલમાં 'શિવ નિર્ધાર યાત્રા' દ્વારા મતદારો સાથે પોતાનો સંપર્ક વધારી રહ્યા છે.

બીજી તરફ, પ્રાજક્ત તનપુરેએ 'જનાશીર્વાદ યાત્રા' કાઢીને મતવિસ્તારમાં પોતાની પ્રવૃત્તિ વધારી છે. તેમની સંભવિત ઉમેદવારીને ધ્યાનમાં રાખીને, તેમણે પોતાની રાજકીય તાકાત બતાવવાનું શરૂ કરી દીધું છે.

૨૦૧૯ની વિધાનસભા ચૂંટણીમાં, પ્રાજક્ત તાનપુરેએ શિવાજીરાવ કર્ડિલેને હરાવીને મોટી જીત મેળવી હતી. ત્યારબાદ, તેઓ મહા વિકાસ આઘાડી સરકારમાં ઉર્જા પ્રધાન બન્યા હતા. જોકે, એવું માનવામાં આવે છે કે તેઓ સ્થાનિક સ્તરે ઇચ્છિત અસર ઉભી કરવામાં નિષ્ફળ રહ્યા હતા.

૨૦૨૪માં, શિવાજીરાવ કર્ડિલેએ જોરદાર વાપસી કરી હતી અને તનપુરેને ૩૪ હજાર મતોથી હરાવ્યા હતા. આ જીત સાથે, ભાજપનો ગઢ ફરીથી મજબૂત બન્યો હતો.

## ભાજપે સ્વ. વિધાનસભ્યના પુત્રને ઉમેદવાર બનાવ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અધિકારીઓએ બુધવારે જણાવ્યું હતું કે ભારતીય જનતા પાર્ટીએ મહારાષ્ટ્રમાં આગામી રાહુરી વિધાનસભા મતવિસ્તારની પેટાચૂંટણી માટે અક્ષય શિવાજીરાવ કર્ડિલેને મેદાનમાં ઉતાર્યા છે.

ભાજપના વિધાનસભ્ય શિવાજીરાવ કર્ડિલેના અવસાનને કારણે ૨૩ એપ્રિલે યોજાનારી પેટાચૂંટણી જરૂરી બની હતી.

ભાજપે મંગળવારે એક પ્રકાશનમાં અહિલ્યાનગર જિલ્લાની રાહુરી વિધાનસભા બેઠક માટે પેટાચૂંટણી માટે તેમના પુત્ર અક્ષય કર્ડિલેની ઉમેદવારીની જાહેરાત કરી. પુણે જિલ્લાના બારામતી વિધાનસભા મતવિસ્તારની પેટાચૂંટણી, જે જાન્યુઆરીમાં તત્કાલીન નાયબ મુખ્ય પ્રધાન અને એનસીપી નેતા અજિત પવારના અવસાનને કારણે ખાલી પડી હતી, તે પણ ૨૩ એપ્રિલે યોજાવાની છે.

મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે ગયા મહિને કહ્યું હતું કે બારામતી અને રાહુરી વિધાનસભા બેઠકોની પેટાચૂંટણી સર્વસંમતિથી બિનહરીફ થાય તે સુનિશ્ચિત કરવા માટે તમામ પ્રયાસો કરવામાં આવશે, પરંતુ જો તે ચૂંટણી લડવા માટે ઉતરે તો ભાજપ તૈયાર છે.

ઉમેદવારીપત્રો ભરવાની છેલ્લી તારીખ ૬ એપ્રિલ છે. મતદાન ૨૩ એપ્રિલે થશે અને મતગણતરી ૪ મેના રોજ હાથ ધરવામાં આવશે.

## એક જ ઝાટકે કોંગ્રેસના સાત નગરસેવક બરતરફ

મુંબઈઃ તાજેતરમાં યોજાયેલી મહાપાલિકા ચૂંટણીમાં કોંગ્રેસને કેટલીક જગ્યાએ સારી સફળતા મળી હતી. જોકે, પરિણામ પછી એવું જોવા મળ્યું કે કોંગ્રેસના નગરસેવક પક્ષના આદેશને પરવા કર્યા વિના ભાજપને ટેકો આપ્યો છે. કોંગ્રેસ આવા નગરસેવકો સામે કડક કાર્યવાહી કરી રહી છે. સાગમટે સાત નગરસેવક પર કાર્યવાહી કરનાર કોંગ્રેસે અંબરનાથમાં પણ આવી જ કાર્યવાહી કરી હતી.

જાલના મહાનગરપાલિકાના સભ્યો સ્વીકારવાની પ્રક્રિયામાં ભારતીય જનતા પક્ષને છડેચોક મદદ કરવા બદલ કોંગ્રેસના સાત નગરસેવકોએ આકરી કિંમત ચૂકવી છે. મહારાષ્ટ્ર પ્રદેશ કોંગ્રેસ સમિતિએ પક્ષ શિસ્તના ઉલ્લંઘન કરવાનો આરોપ મૂકી સાતે સાત સભ્યને પક્ષમાંથી બરતરફ કર્યા છે.

જાલના મહાનગરપાલિકામાં મંજૂર સભ્યોની નિમણૂકની પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ છે. આ પ્રક્રિયા દરમિયાન કોંગ્રેસના સાત સભ્યોએ પક્ષની નીતિઓ અને ઉદ્દેશ્યો અવગણીને ભાજપના ઉમેદવારોને મદદ કરી હોવાની ચોંકાવનારી હકીકત સામે આવી છે.

# એલપીજીની અછત વચ્ચે મહારાષ્ટ્રે કેરોસીન કમિશન અને પરિવહન દરોમાં સુધારો કર્યો

મુંબઈઃ મહારાષ્ટ્ર સરકારે બુધવારે એલપીજીની અછત અને પુરવઠાને સુવ્યવસ્થિત કરવાની જરૂરિયાતને ટાંકીને જાહેર વિતરણ વ્યવસ્થા (પીડીએસ) હેઠળ કેરોસીન વિતરણ માટે કમિશન અને પરિવહન દર બંનેમાં સુધારો કર્યો છે.

એલપીજીની વ્યાપક ઉપલબ્ધતા અને એલપીજી સિલિન્ડરનો ઉપયોગ કરતા ઘરોને પુરવઠો મર્યાદિત કરવાના કોર્ટના નિર્દેશોને કારણે રાજ્યમાં કેરોસીન વિતરણ તાજેતરના વર્ષોમાં મર્યાદિત હતું, એમ ખાદ્ય, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા વિભાગ દ્વારા જારી કરાયેલા સરકારી ઠરાવો (જીઆર) માં જણાવાયું છે.

પરંતુ વર્તમાન એલપીજીની અછત (પશ્ચિમ એશિયામાં યુદ્ધને કારણે) ને ધ્યાનમાં રાખીને, કેન્દ્ર સરકારે વૈકલ્પિક ઇંધણ તરીકે મહારાષ્ટ્રને ૩,૭૪૪ કિલોલિટર કેરોસીન ફાળવ્યું છે.

કેરોસીનના વિતરણને સરળ બનાવવા માટે, રાજ્ય સરકારે પરિવહન દરો તેમજ કમિશનમાં સુધારાને મંજૂરી આપી છે.

જથ્થાબંધ કેરોસીન લાઇસન્સ ધારકોને તાપમાનમાં ફેરફાર અને હેન્ડલિંગને કારણે થતા નુકસાનને આવરી લેવા માટે એક્સ-ડેપો ભાવના ૦.૨૫ ટકા વધારાનું ભથ્થું મળશે.

વધુમાં, ડીઝલ ખર્ચ સિવાય પરિવહન સંબંધિત ખર્ચમાં ૪૦ ટકાનો વધારો મંજૂર કરવામાં આવ્યો છે.

જિલ્લા કલેક્ટરો અને નાગરિક પુરવઠા અધિકારીઓને ડીઝલના ભાવોના આધારે વાર્ષિક સુધારેલા પરિવહન દર નક્કી કરવા માટે અધિકૃત કરવામાં આવ્યા છે. સરકારે કેરોસીન વિતરણમાં સામેલ ડીલરો માટે કમિશન ૬૭૫ રૂપિયાથી વધારીને ૧,૩૫૦ રૂપિયા પ્રતિ કિલોલીટર કર્યું છે.

બંને નિર્ણયો ૧ એપ્રિલ, ૨૦૨૬થી અમલમાં આવ્યા હતા અને તેનો હેતુ ચાલુ એલપીજી પુરવઠા મર્યાદાઓ દરમિયાન લાભાર્થીઓને અછતનો સામનો ન કરવો પડે તે સુનિશ્ચિત કરવાનો હતો, એમ જીઆરમાં જણાવવામાં આવ્યું હતું.

## બે રીઢા આરોપી પકડાયાઃ ચોરેલી ૫૮ મોટરસાઇકલ જપ્ત કરાઇ

થાણેઃ થાણે જિલ્લામાં પોલીસે બે રીઢા આરોપીને ઝડપી પાડીને ચોરેલી ૫૮ મોટરસાઇકલ જપ્ત કરી હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.

ભિવંડી વિસ્તારમાં મોટરસાઇકલની ચોરીના કિસ્સા વધી રહ્યા હોવાથી ગુનામાં સામેલ આરોપીઓને પકડવા માટે પોલીસે કમર કસી હતી. પોલીસ ટીમે સર્વેલન્સ વધાર્યા બાદ આખરે મળેલી માહિતીને આધારે સોમવારે છટકું ગોઠવીને બે આરોપીને પકડી પાડ્યા હતા.

ડેપ્યુટી પોલીસ કમિશનર (ક્રાઇમ) અમરસિંહ જાધવે જણાવ્યું હતું કે આરોપીઓની પૂછપરછ બાદ પોલીસે ચોરીની ૫૮ મોટરસાઇકલ જપ્ત કરી હતી, જે જિલ્લાના વિવિધ પોલીસ સ્ટેશનમાં દાખલ ૪૧ કેસ સાથે કડી ધરાવે છે.

પોલીસે ધરપકડ કરેલા આરોપીઓની ઓળખ ગણેશ ઉર્ફે ગણુ રાજુ મોરે (૪૧) અને સાહેબઅલી ઉર્ફે છોટુ સુલતાનઅલી શેખ (૧૯) તરીકે થઇ હતી. પોલીસ દ્વારા જપ્ત કરેલી ૫૮ મોટરસાઇકલની કિંમત ૧૦ લાખ રૂપિયા થાય છે. પોલીસ હવે આરોપીઓના અન્ય સાથીદારોની શોધ ચલાવી રહી હોવાનું અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઇ)

## ગોંડલ સંપ્રદાયના પૂ. શાંતાબાઈ મહાસતીજી કાળધર્મ પામ્યા



મુંબઈઃ ગોંડલ ગચ્છ શિરોમણી પૂ. જરારાજજી મ. સા. ના આજ્ઞાનુવર્તી પૂ. સૂર્ય-વિજય મહાસતીજીના સુશિષ્યા શાંતમૂર્તિ પૂ. શાંતાબાઈ મ. સ. ૯૫ વર્ષની વયે ૬૭ વર્ષના દીક્ષા પર્યાય સહિત તા. ૩૧ માર્ચને મહાવીર જયંતીના સવારે ૯:૩૧ કલાકે પૂ. ભાનુબાઈ મ.સ. ના શ્રીમુખે અંતિમ આરાધના સહિત કાળધર્મ પામ્યા છે.

મંગળવારે સાંજે ૫:૦૦ કલાકે જયજિનેન્દ્ર આરાધના ભવન, ૩૬ જનકલ્યાણ સોસાયટી, મહાવીર ચોક પાસેથી પાલખી યાત્રા નીકળી હતી. વેરાવળમાં માતા ફુલકુંવરબેન અને પિતા હંસરાજભાઈ શાહના ગૃહાંગણે જન્મેલા શાંતાબેને વિ.સં. ૨૦૧૫ વૈશાખ સુદ - ૩ ના આચાર્ય પૂ. પુરુષોત્તમજી મ.સા. ના આજ્ઞાથી પૂ. સવિતાબાઈ મ.સ. ના હસ્તે દીક્ષા અંગીકાર કરેલ. સરદારનગર - રાજકોટમાં તા. ૨/૪/૨૬ને ગુરુવારે સવારે ૯:૧૫ થી ૧૧ કલાકે ગુણાનુવાદ સભા રાખેલ છે.

## શબવાહિનીમાં દારૂની બોટલો, તૂટેલો દરવાજો, ફાટેલી સીટ




વસઈઃ એક તરફ બજેટમાં ૪,૦૦૦ કરોડ રૂપિયાના વિકાસ કાર્યોની વાતો થઈ રહી છે, તો બીજી તરફ નાગરિકોને પાયાની સુવિધાઓ યોગ્ય રીતે પૂરી પાડવામાં આવી રહી નથી તે આઘાતજનક છે. વહીવટીતંત્રનો અમાનવીય ચહેરો ફરી એકવાર ખુલ્લો પડ્યો છે અને અંતિમ સંસ્કાર અને મૃતદેહોના પરિવહન માટે ઉપયોગમાં લેવાતી મ્યુનિસિપલ શબવાહિનીની ખરાબ હાલતને કારણે નાગરિકોમાં ભારે રોષ ફેલાયો છે.

વસઈ-વિરાર શહેર મ્યુનિસિપલ કોર્પોરેશને મૃતદેહોના પરિવહન માટે શબવાહિનીઓ લીધી છે. જોકે એવું જોવા મળ્યું છે કે તે ખૂબ જ દયનીય સ્થિતિમાં છે. તે યોગ્ય સ્થિતિમાં છે કે નહીં તે જોવાની કોઈએ તસ્દી લીધી નથી. તાજેતરમાં વસઈ કોલીવાડા વિસ્તારના એક નાગરિકના મૃત્યુ પછી નગરપાલિકાના ડી.એમ. પેટિટ હોસ્પિટલ શબવાહિનીને તેમના મૃતદેહને કબ્રસ્તાનમાં લઈ જવા માટે બોલાવવામાં આવી હતી.

જ્યારે શબવાહિની ત્યાં પહોંચી ત્યારે નાગરિકો તેની હાલત જોઈને ચોંકી ગયા. વાહનની હાલત જોઈને હાજર લોકો ચોંકી ગયા હતા. વાહનમાં દારૂની બોટલો પડી હતી, ગંદકી હતી, વાહનની સીટ ફાટી ગઈ હતી, દરવાજો દોરડાથી બાંધેલો હતો. મૃતકના સગાસંબંધીઓને આવી હાલતમાં જવું પડ્યું હોવાનો નાગરિકોએ રોષ વ્યક્ત કર્યો હતો. એક તરફ મહાનગરપાલિકા દર વર્ષે કરોડો રૂપિયાનું બજેટ રજૂ કરે છે. પરંતુ નાગરિકો એવી લાગણી વ્યક્ત કરી રહ્યા છે કે આવશ્યક સેવાઓની આ દયનીય સ્થિતિ વહીવટી ઉદાસીનતાનો પુરાવો છે. શું કરદાતાઓના પૈસાથી અંતિમ સંસ્કાર માટે જરૂરી સુવિધાઓ યોગ્ય રીતે પૂરી પાડવામાં આવશે?

## રાજેશ ખન્ના અને અનિતા અડવાણી વચ્ચે વૈવાહિક સંબંધો નહોતાઃ હાઈ કોર્ટ

મુંબઈઃ અભિનેત્રી અનિતા અડવાણીની સ્વર્ગસ્થ સુપરસ્ટાર રાજેશ ખન્ના સાથેના તેમના સંબંધને 'લગ્ન' તરીકે માન્યતા આપવાની અરજી હાઈ કોર્ટે બુધવારે ફગાવી દીધી હતી. અડવાણીએ આ સંદર્ભમાં દિંડોશી કોર્ટના તેમના સિવિલ દાવોને ફગાવી દેવાના નિર્ણયને પડકાર્યો હતો. ન્યાયમૂર્તિ શર્મિલા દેશમુખની ખંડપીઠે તેમની અપીલ ફગાવી દીધી હતી.

દિંડોશી સિવિલ કોર્ટે ૨૦૧૭માં ટેકનિકલ કારણોસર અડવાણીના દાવાને ફગાવી દીધો હતો. ત્યારબાદ અનિતા હાઇ કોર્ટમાં ગઈ હતી. અડવાણીના વકીલો તેમજ ડિમ્પલ કાપડિયા, અક્ષય કુમાર અને ટ્વિન્કલ ખન્નાનું પ્રતિનિધિત્વ કરનારાઓની દલીલો સાંભળ્યા પછી ખંડપીઠે ઉપરોક્ત નિર્ણય આપ્યો. આદેશમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે પ્રથમ અપીલ ફગાવી દેવામાં આવી છે. અડવાણી અને કાપડિયા વચ્ચે ૨૦૧૨થી અનેક કાનૂની લડાઈ ચાલી રહી છે. એમાં આ કેસ પણ સામેલ છે. અડવાણીએ કાપડિયા, અક્ષય કુમાર અને ટ્વિન્કલ ખન્ના વિરુદ્ધ બાંદ્રા મેજિસ્ટ્રેટ કોર્ટમાં ઘરેલુ હિંસાનો આરોપ લગાવીને ફોજદારી ફરિયાદ પણ દાખલ કરી હતી.

# દેશ વિદેશ

## ઈન્સોલ્વન્સી એન્ડ બેન્કરપ્સી કોડમાં સુધારાને મંજૂરી

નવી દિલ્હીઃ સંસદે બુધવારે ઇન્સોલ્વન્સી અને બેન્કરપ્સી કોડ (આઈબીસી)માં કરાયેલા સુધારાઓને પસાર કરવામાં આવ્યા છે જેથી કેસનું ઝડપી નિરાકરણ લાવી શકાય અને પેન્ડિંગ કેસનો બોજ ઘટાડી શકાય અને નાણાકીય ઇકોસિસ્ટમ મજબૂત બને. રાજ્યસભાએ ઇન્સોલ્વન્સી અને બેન્કરપ્સી કોડ (સુધારા) બિલ, ૨૦૨૬ને ધ્વનિમતથી પાસ કર્યું છે. તેને ૩૦ માર્ચે લોકસભામાં મંજૂરી મળી હતી.

રાજ્યસભામાં બિલ પર થયેલી ટૂંકી ચર્ચાનો જવાબ આપતા નાણામંત્રી નિર્મલા સીતારમણે કહ્યું કે આઈબીસી એ ભારતીય બેન્કિંગ ક્ષેત્રમાં સુધારો કર્યો છે અને સંપત્તિઓને રિકવર કરવામાં મદદ કરી છે. સીતારમણ કોર્પોરેટ બાબતોના મંત્રી પણ છે. તેમણે કહ્યું હતું કે લોકસભાની એક પસંદગી સમિતિ દ્વારા કરવામાં આવેલી તમામ ૧૧ ભલામણોને સરકારે સ્વીકારી લીધી છે. આ ઉપરાંત કોર્પોરેટ બાબતોના મંત્રાલયની વધુ એક ભલામણ તેમાં ઉમેરવામાં આવી હતી.

૧૨ ઓગસ્ટ, ૨૦૨૫ના રોજ સરકારે લોકસભામાં ઇન્સોલ્વન્સી અને બેન્કરપ્સી કોડ (આઈબીસી)માં સંશોધન માટે બિલ રજૂ કર્યું છે. જેમાં અનેક ફેરફારોનો પ્રસ્તાવ હતો જેમાં ઇન્સોલ્વન્સી સમાધાન અરજીઓનો સ્વીકાર કરવામાં લાગનારા સમયને ઘટાડવાની જોગવાઈઓ સામેલ હતી. આ બિલ લોકસભાની પસંદગી સમિતિને મોકલવામાં આવ્યું હતું, જેણે ડિસેમ્બર ૨૦૨૫માં તેનો અહેવાલ રજૂ કર્યો હતો.

તેમણે કહ્યું હતું કે નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮માં દર એક કંપનીના સમાધાનના બદલામાં ૫ કંપનીઓ લિક્વિડેશનમાં જતી રહે છે. જોકે, નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં આ ગુણોત્તર હવે નોંધપાત્ર રીતે સુધર્યો છે અને ૧ની નજીક આવી ગયો છે. શિડ્યુલ્ડ કોમર્શિયલ બેન્કોએ અલગ અલગ માધ્યમોથી કુલ ૧,૦૪,૦૯૯ કરોડ રૂપિયા વસૂલ્યા છે અને કુલ રકમમાંથી એકલા આઈબીસીના માધ્યમથી યોગદાન ૫૪,૫૨૮ કરોડ રૂપિયા રહ્યું છે જે કુલ વસૂલાતના ૫૨.૩ ટકા છે.

## રશિયાનું વિમાન તૂટી પડતાં ૨૯ જણનાં મોત

મૉસ્કોઃ રશિયામાં એક ગંભીર વિમાન દુર્ઘના સર્જાઈ છે. મંગળવારે સાંજે એક રશિયન લશ્કરી વિમાન ક્રીમિયામાં ક્રેશ થયું હતું, જેમાં છ ક્રૂ અને ૨૩ મુસાફરો સહિત કુલ ૨૯ લોકોના મોત થયા છે. અહેવાલ મુજબ દુર્ઘટનાગ્રસ્ત વિમાન એએમ-૨૬ હતું, જે મિલીટરી ટ્રાન્સપોર્ટેશન એરક્રાફ્ટ છે.

મંગળવારે સાંજે વિમાન બ્લેક સી પાસે ક્રીમિયાના દ્વીપકલ્પ પર ઊડી રહ્યું હતું, ત્યારે છ વાગ્યાની આસપાસ રશિયન સૈન્ય મથકનો વિમાન સાથેનો સંપર્ક તૂટી ગયો. તપાસ બાદ વિમાનનું લોકેશન મળ્યું હતું, સેનાને જાણવા મળ્યું કે વિમાન પર્વત સાથે અથડાયું હતું. રશિયન સંરક્ષણ મંત્રાલયે પુષ્ટિ આપી છે કે વિમાનમાં સવાર તમામ ૨૯ લોકોનાં મોત થયા હતાં.

રશિયન સેનાને વિમાનનો કાટમાળ મળી આવ્યો છે, અકસ્માતનાં કારણો જાણવા માટે તપાસ હાથ ધરવામાં આવી છે. પ્રારંભિક અહેવાલો અનુસાર, ટેકનિકલ સમસ્યાને કારણે વિમાન ક્રશ થયું હોઈ શકે છે. જો કે હજુ સુધી કોઈ સત્તાવાર નિવેદન જાહેર કરવામાં આવ્યું નથી. વિમાન જે વિસ્તારમાં ક્રેશ થયું છે એ વિસ્તાર સંરક્ષણની દ્રષ્ટિએ ખૂબ જ સંવેદનશીલ છે. રશિયાએ ૨૦૧૪માં ક્રીમિયાના દ્વીપકલ્પ યુક્રેન પાસેથી ગેરકાયદેસર રીતે કબજે કરી લીધો હતો. હાલ યુક્રેન સાથે યુદ્ધ ચાલી રહ્યું છે, ત્યારે લશ્કરી વિમાન ક્રેશ થવું રશિયા માટે ખૂબ ચિંતાજનક છે.

## વાઈટ હાઉસના બોલરૂમ પ્રોજેક્ટને અટકાવી કોર્ટે ટ્રમ્પને ઝટકો આપ્યો

વોશિંગ્ટનઃ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પને કોર્ટે ઝટકો આપ્યો હતો. કોર્ટે વાઇટ હાઉસના તોડી પાડવામાં આવેલા ઈસ્ટ વિંગના સ્થાન પર ૪૦ કરોડ ડોલરના ખર્ચે બોલરૂમ બનાવવાના પ્રોજેક્ટ પર રોક લગાવી દીધી છે.

એક ફેડરલ જજે ટ્રમ્પ વહીવટીતંત્રને બોલરૂમના નિર્માણકામ પર રોક લગાવવાનો આદેશ આપ્યો હતો. તે વાઇટ હાઉસના ઈસ્ટ વિંગને તોડી પાડ્યા પછી બનાવવામાં આવી રહ્યું હતું. ૩૧ માર્ચના રોજ એક ફેડરલ જજે ટ્રમ્પ વહીવટીતંત્રને ૪૦ કરોડ ડોલરના બોલરૂમના નિર્માણકામ પર રોક લગાવી દીધી હતી. વોશિંગ્ટનમાં યુએસ ડિસ્ટ્રિક્ટ જજ રિચર્ડ લિયોને એક સંરક્ષણવાદી જૂથના એ અનુરોધને મંજૂર આપી હતી જેમાં એક શરૂઆતમાં રોક લગાવવાની માગ કરાઈ હતી. આ રોકથી ટ્રમ્પના વાઇટ હાઉસ બોલરૂમ પ્રોજેક્ટને અસ્થાયી રૂપે રોક લાગી ગઈ છે.

જસ્ટિસ રિચર્ડ લિયોને લખ્યું હતું કે મે તારણ કાઢ્યું છે કે નેશનલ ટ્રમ્સ મામલામાં સફળ થવાની સંભાવના વધુ છે. કારણ કે કોઈ પણ કાયદો રાષ્ટ્રપતિને એ અધિકાર આપવાની નજીક પણ નથી જેનો તેઓ દાવો કરી રહ્યા છે. અમેરિકાના રાષ્ટ્રપતિ આવનારી પેઢીઓના 'ફર્સ્ટ ફેમિલી' માટે વ્હાઉટ હાઉસના સંરક્ષક છે. જોકે તે તેના માલિક નથી.

તેમણે સ્વીકાર્યું કે આ કેસ કેટલાક નવા અને ગંભીર મુદ્દાઓ ઉઠાવે છે અને બાંધકામ પર રોક લગાવવાથી લોજિસ્ટિક સમસ્યાઓ ઉભા થઈ શકે છે. તેમણે સ્વીકાર્યું કે વહીવટીતંત્ર તેમના નિર્ણયની સામે અપીલ કરી શકે છે અને સાથે કહ્યું કે વાઇટ હાઉસની સલામતી અને સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે જરૂરી કોઈપણ બાંધકામ આ આદેશમાંથી બહાર રહેશે.

નેશનલ ટ્રસ્ટ ફોર હિસ્ટોરિક પ્રિઝર્વેશન દ્વારા બોલરૂમ પ્રોજેક્ટને સ્થગિત કરવાની માગ સાથે અરજી કરી હતી. ટ્રસ્ટ ઇચ્છતું હતું કે પ્રોજેક્ટ અનેક સ્વતંત્ર સમીક્ષાઓમાંથી પસાર થાય અને કોંગ્રેસ પાસેથી મંજૂરી મેળવે. ટ્રમ્પે કોર્ટના આદેશની નિંદા કરતા કહ્યું કે બોલરૂમ બજેટની અંદર છે. કરદાતાઓના પૈસાનો ઉપયોગ કર્યા વિના બનાવવામાં આવી રહ્યું છે અને તે વિશ્વમાં ગમે ત્યાં તેના પ્રકારની શ્રેષ્ઠ ઇમારત હશે. ન્યાય વિભાગના એક અધિકારીએ જણાવ્યું હતું કે ટ્રમ્પ સરકાર ન્યાયાધીશના આદેશ સામે અપીલ કરી રહી છે.

## યુદ્ધ પૂરું થાય તોય છથી આઠ સપ્તાહ ક્રૂડનો પુરવઠો નિયમિત થવામાં નીકળી જશે

વોશિંગ્ટનઃ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે સંકેત આપ્યો હતો ઈરાનમાં ચાલી રહેલુ યુદ્ધ આગામી બે સપ્તાહમાં સમાપ્ત થઈ જશે. જોકે, યુદ્ધ સમાપ્ત થવાનો અર્થ એ નથી કે દુનિયાભરમાં પેટ્રોલ અને ડીઝલના ભાવ તાત્કાલિક ઘટશે. નિષ્ણાતોનું માનવું છે કે પરિસ્થિતિ સામાન્ય થવામાં ઘણો સમય લાગી શકે છે.

ટ્રમ્પે કહ્યું કે જો હોર્મુઝ ફરીથી ખોલવા માટે કોઈ કરાર ન થાય તો યુદ્ધ બે અઠવાડિયામાં સમાપ્ત થઈ શકે છે. નિષ્ણાંતોનું કહેવું છે કે તેલની સપ્લાયને સામાન્ય થવામાં છ થી આઠ સપ્તાહ વધુ લાગી શકે છે. યુદ્ધનો એક સપ્તાહ સામાન્ય થવામાં સાતથી ૧૪ દિવસ વધુ લાગશે.

એક એપ્રિલની સવારે જ્યારે પત્રકારોએ ટ્રમ્પને દુનિયાભરમાં ઇંધણની વધતી કિંમતો પર યુદ્ધની અસર અંગે સવાલ કર્યો તો ટ્રમ્પે કહ્યું કે ઈરાનમાં યુદ્ધ કદાચ બે અઠવાડિયામાં સમાપ્ત થઈ શકે છે. પ્રમુખે સંકેત આપ્યો હતો કે તેઓ હોર્મુઝ સ્ટ્રેટને ફરીથી ખોલવા માટે કોઈ કરાર વિના આમ કરી શકે છે. નોંધનીય છે કે સાથી દેશોને હોર્મુઝને ફરીથી ખોલવા માટે સૈન્ય મદદ કરવાના અમેરિકાની અપીલ ફગાવ્યા બાદ ટ્રમ્પે આ ટિપ્પણી કરી હતી.

આ વાત સાચી માની લઈએ કે યુદ્ધ બે અઠવાડિયામાં સમાપ્ત થઈ જશે તો પણ તેલનું ઉત્પાદન યુદ્ધ પહેલાના સ્તરે ફરીથી લાવવા માટે અને હોર્મુઝમાં ટેન્કરના ટ્રાફિકને સામાન્ય થવામાં બીજા છ થી આઠ અઠવાડિયા લાગશે. મેક્વેરી ગ્રુપના રણનીતિકાર વિકાસ દ્વિવેદીએ કહ્યું હતું કે વસ્તુઓ સામાન્ય થવામાં કદાચ બે અઠવાડિયા લાગશે. તમારે સંગ્રહિત તેલ જહાજો પર લાદવું પડશે જેથી તમે ઉત્પાદન ફરીથી શરૂ કરી શકો અને તેમાં થોડા વધુ અઠવાડિયા લાગશે.

ઇરાન, અમેરિકા અને ઇઝરાયલના હવાઈ હુમલાઓએ તેલ રિફાઇનરીઓ અને પાઇપલાઇનોને નોંધપાત્ર નુકસાન પહોંચાડ્યું છે. ડ્રોન હુમલાથી થતા નાના નુકસાનને દિવસો કે અઠવાડિયામાં રિપેર કરી શકાય છે. જો મુખ્ય પ્રોસેસિંગ યુનિટને નુકસાન થાય છે તો તેને રિપેર કરવામાં મહિનાઓ કે એક વર્ષ સુધીનો પણ લાગી શકે છે.

## હિમાચલમાં એન્ટ્રી ટેક્સઃ પંજાબ, હરિયાણા સરહદ પર ટેન્શન

શિમલા/બિલાપસુર/ઉના (હિમાચલ પ્રદેશ): વાહનો માટે સુધારેલા પ્રવેશ કર અમલમાં આવ્યા બાદ બુધવારે પંજાબ અને હરિયાણા સાથેની હિમાચલ પ્રદેશની સરહદો પર તણાવ ફેલાયો હતો, જેના કારણે અનેક સ્થળોએ ચક્કાજામ વિરોધ પ્રદર્શનો થયા હતા અને ટ્રાફિક ખોરવાયો હતો.

પંજાબના ગુસ્સે ભરાયેલા રહેવાસીઓએ સવારે બિલાસપુર જિલ્લાના કિરથપુર-નેરચોક રોડ પરના ગરમોડા ટોલ પર ચક્કા જામ કર્યો હતો, જેમાં સરહદી જિલ્લાઓમાં નોંધાયેલા વાહનો માટે મુક્તિની માંગ કરવામાં આવી હતી.

''એક રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર બે કર હોઈ શકે નહીં. જ્યારે આપણે ટોલ ટેક્સ ચૂકવી રહ્યા છીએ, ત્યારે પ્રવેશ કરનો કોઈ અર્થ નથી,'' તેમણે દલીલ કરી અને નાકાબંધી ખોલવાનો ઇનકાર કર્યો હતો.

અન્ય રાજ્યની સરહદોમાં પણ વિરોધ પ્રદર્શન જોવા મળ્યા હતા અને બુધવાર સવારથી, કાલકા-પિંજોર, માધાવાલા-બારોટીયાલા, બદ્દી અને નાલાગઢના વિવિધ પ્રવેશ સ્થળો પર ભારે ટ્રાફિક જામ થયો હતો.

ઇલાકા બચાવો સંઘર્ષ મોરચાએ હિમાચલ-પંજાબ સરહદ પર મેહતપુરમાં બનાવેલા અવરોધ પર વિરોધ પ્રદર્શન કર્યું હતું. ધર્મશાળા-ચંદીગઢ હાઇવે પર પણ ટ્રાફિક ખોરવાયો હતો.

મુખ્ય પ્રધાન સુખવિંદર સિંહ સુખુ દ્વારા પ્રવેશ કર પાછો ખેંચવાની જાહેરાત છતાં પ્રવેશ કર ચાલુ રાખવા પર વિરોધીઓએ પ્રશ્ન ઉઠાવ્યો હતો અને દલીલ કરી હતી કે રાષ્ટ્રીય ધોરીમાર્ગો પર બે કર હોઈ શકે નહીં.

જોકે, અધિકારીઓએ પ્રદર્શનકારીઓને ખાતરી આપી હતી કે તેમનો મુદ્દો ઉચ્ચ અધિકારીઓ સાથે ઉઠાવવામાં આવશે અને સમસ્યાનો ઉકેલ લાવવા માટે ૧૦ દિવસનો સમય માગ્યો હતો, જેના પગલે લગભગ પાંચ કલાક પછી નાકાબંધી હટાવવામાં આવી હતી અને વાહનોનો ટ્રાફિક ફરી શરૂ થયો હતો.

સુખુએ મંગળવારે વિધાનસભામાં જણાવ્યું હતું કે પાંચ સીટર અને ૬-૧૨ સીટર પેસેન્જર વાહનો પર પ્રવેશ કરમાં વધારો પાછો ખેંચવામાં આવશે, પરંતુ મોડી સાંજે, એક સૂચના જારી કરવામાં આવી હતી જેમાં કહેવામાં આવ્યું હતું કે, સામાન્ય જનતાની સુવિધાને ધ્યાનમાં રાખીને, સરકારે પેસેન્જર વાહનો માટે ટોલ ટેક્સ દર ૧૩૦ રૂપિયાથી ઘટાડીને ૧૦૦ રૂપિયા કર્યો છે.

## સાત વર્ષે ઈરાની ક્રૂડ તેલ સાથેનું ટેન્કર ભારત આવી રહ્યું છે

નવી દિલ્હીઃ ઇરાની ક્રૂડ ઓઈલ લઈને એક ઓઈલ ટેન્કર ભારત આવી રહ્યું છે, જે મે ૨૦૧૯ પછી તહેરાનના ક્રૂડ ઓઈલની પહેલી સંભવિત ડિલિવરી છે. પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા યુદ્ધ વચ્ચે, અમેરિકાએ ૨૧ માર્ચે ટેન્કરો પર પહેલાથી જ લોડ કરાયેલા ઈરાની ક્રૂડ ઓઈલ પરના પ્રતિબંધોને એક મહિના માટે સ્થગિત કરી દીધા હતા જેથી શક્ય તેટલા બેરલ તેલ આંતરરાષ્ટ્રીય બજારમાં વહેવા મળે જેથી વૈશ્વિક તેલ પુરવઠાની સ્થિતિ સુધારી શકાય અને ક્રૂડ ઓઈલના ભાવમાં વધારો અટકાવી શકાય.

કોમોડિટી માર્કેટ એનાલિટિક્સ ફોર્મ કેપ્લરના જહાજ ટ્રેકિંગ ડેટા અનુસાર, એસ્વાટિની-ધ્વજવાળું ટેન્કર પિંગ શુન ગુજરાતના વાડીનાર બંદરને તેના ગંતવ્ય સ્થાન તરીકે સંકેત આપી રહ્યું છે. શિપ ટ્રેકિંગ ડેટા દર્શાવે છે કે ટેન્કરમાં આશરે ૬,૦૦,૦૦૦ બેરલ ઇરાની ક્રૂડ ઓઇલ હોવાની ધારણા છે, જે ૪ માર્ચની આસપાસ ઈરાનના મુખ્ય તેલ સુવિધા ખાર્ગ ટાપુ પર ટેન્કર પર લોડ કરવામાં આવ્યું હતું.


તે ૪ એપ્રિલના રોજ વાડીનાર બંદરે પહોંચવાની ધારણા છે. કયો ભારતીય રિફાઇનર આ તેલનો ઉપયોગ કરશે તે તાત્કાલિક નક્કી કરી શકાયું નથી.

૨૩ માર્ચના રોજ, પેટ્રોલિયમ મંત્રાલયના સંયુક્ત સચિવ સુજાતા શર્માએ કહ્યું હતું કે ભારતીય રિફાઇનર્સ ટેક્નો-કોમર્શિયલ શક્યતાના આધારે ઇરાની ક્રૂડ ઓઇલ ખરીદવાનો નિર્ણય લેશે. ઇરાન ભારતનું મુખ્ય તેલ સપ્લાયર હતું, પરંતુ ડોનાલ્ડ ટ્રમ્પના પહેલા વહીવટીતંત્રે તહેરાન પર ભારે પ્રતિબંધો લાદ્યા બાદ અને ઈરાની ક્રૂડના મુખ્ય ખરીદદારોને મંજૂરી મુક્તિ સમાપ્ત કર્યા પછી નવી દિલ્હીએ ૨૦૧૯માં ઇરાની ક્રૂડ ઓઇલની આયાત બંધ કરી દીધી હતી.

# પુરુષ

મેલ મેટર્સ
અંકિત દેસાઈ
feedback@bombaysamachar.com

## શું પુરુષોને પણ મેનોપોઝનો પ્રોબ્લેમ સતાવે ખરો?




માનવ શરીરની જૈવિક પ્રક્રિયાઓ હંમેશાં કુતૂહલ અને આશ્ચર્યનો વિષય રહી છે. સામાન્ય રીતે 'મેનોપોઝ' શબ્દ સાંભળતા જ આપણી નજર સમક્ષ સ્ત્રીઓના જીવનમાં આવતો એક એવો તબક્કો આવે છે, જ્યાં તેમના માસિક ધર્મનો અંત આવે છે અને શરીરમાં મોટા પાયે હોર્મોનલ ફેરફારો થાય છે, પરંતુ વિજ્ઞાન અને આધુનિક તબીબીશાસ્ત્રના ઊંડા અભ્યાસ બાદ એક પ્રશ્ન વારંવાર ચર્ચાય છે કે શું પુરુષોને પણ મેનોપોઝ આવે છે?

આ પ્રશ્નનો ટૂંકો જવાબ 'હા' હોઈ શકે, પરંતુ તેની પ્રક્રિયા સ્ત્રીના મેનોપોઝ કરતાં ઘણી ભિન્ન અને જટિલ છે. તબીબી ભાષામાં આ સ્થિતિને 'એન્ડ્રોપોઝ' અથવા 'લેટ-ઓનસેટ હાઈપોગોનાડિઝમ' તરીકે ઓળખવામાં આવે છે. સ્ત્રીમાં મેનોપોઝ એક નિશ્ચિત સમયગાળામાં અચાનક આવે છે, જ્યારે પુરુષમાં આ પ્રક્રિયા અત્યંત ધીમી અને ક્રમશઃ હોય છે, જે ઘણીવાર વર્ષો સુધી અનુભવાતી પણ નથી.

પુરુષના શરીરમાં મુખ્યત્વે ટેસ્ટોસ્ટેરોન નામનો હોર્મોન જવાબદાર હોય છે, જે તેમના પ્રજનન સ્વાસ્થ્ય, સ્નાયુઓની મજબૂતી, હાડકાની ઘનતા અને માનસિક સ્થિતિને નિયંત્રિત કરે છે. જેમ જેમ પુરુષની ઉંમર વધતી જાય છે, તેમ તેમ આ ટેસ્ટોસ્ટેરોનનું સ્તર ઘટવા લાગે છે. સામાન્ય રીતે ત્રીસ વર્ષની ઉંમર પછી દર વર્ષે આ હોર્મોનમાં અંદાજે એક ટકા જેટલો ઘટાડો નોંધાય છે. આ ઘટાડો એટલો સૂક્ષ્મ હોય છે કે ચાલીસ કે પચાસ વર્ષની ઉંમર સુધી પહોંચતા મોટાભાગના પુરુષોને તેની ખાસ ખબર પડતી નથી, પરંતુ જ્યારે આ ઘટાડો નોંધપાત્ર બને છે, ત્યારે શરીરમાં અનેક માનસિક અને શારીરિક લક્ષણો દેખાવવા લાગે છે, જેને આપણે પુરુષોનું મેનોપોઝ કહી શકીએ.

એન્ડ્રોપોઝનાં લક્ષણો સ્ત્રીઓના મેનોપોઝ જેવા જ તીવ્ર હોઈ શકે છે, પરંતુ તે ધીરે ધીરે પ્રગટ થાય છે. શારીરિક રીતે જોઈએ તો પુરુષોને અકારણ થાક લાગવો, કામ કરવાની શક્તિમાં ઘટાડો થવો, સ્નાયુઓ નબળા પડવા અને શરીરમાં ચરબીનું પ્રમાણ વધવું એ બધાં એનાં મુખ્ય સંકેતો છે. ખાસ કરીને પેટના ભાગે ચરબી વધવી એ ટેસ્ટોસ્ટેરોન ઘટવાનું એક મોટું લક્ષણ માનવામાં આવે છે. આ ઉપરાંત, ઊંઘમાં ખલેલ પડવી અથવા અનિદ્રાની સમસ્યા પણ સર્જાય છે. ઘણા પુરુષને રાત્રે પરસેવો થવો કે અચાનક ગરમી લાગવી (હોટ ફ્લેશ) જેવી સમસ્યાઓ પણ થાય છે, જે સ્ત્રીઓના મેનોપોઝનાં લક્ષણો સાથે સામ્યતા ધરાવે છે.


પ્રજનન સ્વાસ્થ્યની વાતકરીએ તો કામવાસનામાં ઘટાડો થવો કે પ્રજનન ક્ષમતા નબળી પડવી એ પણ આ હોર્મોનલ અસંતુલનનું પરિણામ છે. જોકે, માત્ર શારીરિક પાસું જ નહીં, પણ માનસિક પાસું પણ એટલું જ મહત્ત્વનું છે. એન્ડ્રોપોઝ દરમિયાન પુરુષોમાં ચીડિયાપણું વધે છે, આત્મવિશ્વાસમાં ઘટાડો થાય છે અને નાની નાની વાતોમાં એકાગ્રતા ગુમાવી દે છે. ઘણીવાર આ અવસ્થાને 'મિડ-લાઈફ ક્રાઈસિસ' તરીકે પણ જોવામાં આવે છે, જ્યાં વ્યક્તિ પોતાની અત્યાર સુધીની ઉપલબ્ધિઓ પર શંકા કરવા લાગે છે અને સતત ઉદાસીનતા અનુભવે છે. આ માનસિક ફેરફારો એટલા ગંભીર હોઈ શકે છે કે તે વ્યક્તિના કૌટુંબિક અને વ્યાવસાયિક જીવન પર નકારાત્મક અસર પાડી શકે છે.

સૌથી મોટો તફાવત એ છે કે સ્ત્રીમાં મેનોપોઝ એ પ્રજનન ક્ષમતાના સંપૂર્ણ વિરામનું પ્રતીક છે, જ્યારે પુરુષોમાં એન્ડ્રોપોઝ પછી પણ પ્રજનન ક્ષમતા સંપૂર્ણપણે નાશ પામતી નથી, તે ફક્ત નબળી પડે છે. સ્ત્રીમાં ઈસ્ટ્રોજન હોર્મોનનું સ્તર ખૂબ જ ઝડપથી ઘટે છે, જ્યારે પુરુષમાં ટેસ્ટોસ્ટેરોનનો ઘટાડો ખૂબ જ ધીમો હોવાથી શરીર તેની સાથે અનુકૂલન સાધવાનો પ્રયત્ન કરતું રહે છે. આ પ્રક્રિયામાં જીવનશૈલીનો ફાળો પણ ઘણો મોટો હોય છે. જે પુરુષો વધુ પડતો તણાવ લે છે, પૂરતી ઊંઘ લેતા નથી અથવા જેમને ડાયાબિટીસ અને હૃદયરોગ જેવી બીમારી છે, તેમનામાં ટેસ્ટોસ્ટેરોન ઘટવાની પ્રક્રિયા વધુ ઝડપી બને છે. વધુ પડતું વજન અને આલ્કોહોલનું સેવન પણ હોર્મોનલ સંતુલનને બગાડે છે. ઘણીવાર પુરુષ આ લક્ષણોને વધતી ઉંમરની સામાન્ય અસર માનીને અવગણતા હોય છે. હકીકતમાં આ એક તબીબી સ્થિતિ છે જેનું નિદાન લોહીની તપાસ (બ્લડ ટેસ્ટ) દ્વારા સરળતાથી થઈ શકે છે. જો શરીરમાં ટેસ્ટોસ્ટેરોનનું સ્તર ખૂબ જ ઓછું માલૂમ પડે તો ડોક્ટરો ટેસ્ટોસ્ટેરોન રિપ્લેસમેન્ટ થેરાપી (TRT) જેવી સારવારની સલાહ આપે છે. જોકે, આવી સારવાર લેતા પહેલા તેના ફાયદા અને ગેરફાયદા વિશે ઊંડાણપૂર્વક વિચારવું જરૂરી છે, કારણ કે કૃત્રિમ હોર્મોન્સની આડઅસરો પણ હોઈ શકે છે.

એન્ડ્રોપોઝને સારી રીતે હેન્ડલ કરવા માટે દવાઓ કરતા જીવનશૈલીમાં ફેરફાર વધુ અસરકારક સાબિત થાય છે. નિયમિત વ્યાયામ, ખાસ કરીને વેઈટ ટ્રેનિંગ અને યોગ, શરીરમાં ટેસ્ટોસ્ટેરોનના સ્તરને જાળવી રાખવામાં મદદ કરે છે. આહારમાં પ્રોટીન, હેલ્ધી ફેટ્સ અને વિટામિન્સનો સમાવેશ કરવો જોઈએ. ઝિંક અને વિટામિન-ડી પુરુષોના હોર્મોનલ સ્વાસ્થ્ય માટે અત્યંત જરૂરી છે. માનસિક સ્વાસ્થ્ય માટે ધ્યાન અને પ્રાણાયામ ઉત્તમ પરિણામ આપે છે.

આ તબક્કે સામાજિક સહકાર અને પરિવારનો સાથ પણ અનિવાર્ય છે. પુરુષોએ પોતાની લાગણીઓ અને શારીરિક તકલીફો વિશે ખુલીને વાત કરવી જોઈએ. આપણે ત્યાં પુરુષોને હંમેશાં મજબૂત અને લાગણીવિહીન દેખાવાની સામાજિક ફરજ પાડવામાં આવે છે, જેના કારણે તે આવી આંતરિક તકલીફો કોઈને કહી શકતા નથી અને અંદરથી તૂટતા જાય છે.

આ રીતે મેનોપોઝ કે એન્ડ્રોપોઝ એ કોઈ બીમારી નથી, પરંતુ જીવનનો એક અનિવાર્ય કુદરતી પડાવ છે. તેને હકારાત્મક રીતે સ્વીકારીને અને યોગ્ય તબીબી માર્ગદર્શન મેળવીને વ્યક્તિ પોતાની બીજી ઈનિંગને પણ એટલી જ જોમ અને ઉત્સાહ સાથે જીવી શકે છે. આ વિષય પર જાગૃતિ લાવવી જરૂરી છે, જેથી પુરુષ પોતાના સ્વાસ્થ્ય પ્રત્યે વધુ સભાન બને અને વધતી ઉંમરના પડકારોને આત્મવિશ્વાસ સાથે ઝીલી શકે. અંતે તો શરીર અને મનનું સંતુલન જ જીવનની ગુણવત્તા નક્કી કરે છે, પછી તે સ્ત્રી હોય કે પુરુષ. આધુનિક વિજ્ઞાન આપણને એ શીખવે છે કે ઉંમર માત્ર એક આંકડો છે જો આપણે આપણા જૈવિક ફેરફારોને સમજીએ અને તેને અનુરૂપ આપણી રહેણીકરણી ગોઠવીએ. એન્ડ્રોપોઝ એ અંત નથી, પણ પોતાની જાતની વધુ કાળજી લેવાની અને નવી રીતે જીવવાની એક તક છે. ■



# ડિયર હની... તારો બન્ની

પત્નીને પત્ર

કૌશિક મહેતા
feedback@bombaysamachar.com

## હનીમૂનના બદલે બડી મૂન !

*ડિયર હની,*

અખબારમાં એક સમાચાર વાંચતો હતો અને મને આપણા એ દિવસો યાદ આવી ગયા. લગ્ન બાદ હનીમૂન પર ગયા ત્યારના દિવસો ... એ તીથલનો દરિયો, સેલવાસ અને સાપુતારા...એ દસ- બાર દિવસ આપણા જીવનના યાદગાર દિવસો હતા. એકબીજાના સંગે એકબીજાને સમજવાના અને પામવાના દિવસો હતા. બે વ્યક્તિ વચ્ચેનું એકાંત કેટલું ગમતીલું હતું, પણ આજકાલ નવો ટ્રેન્ડ શરૂ થયો છે. પરણ્યા પછી હનીમૂન, પણ બડી મૂન પર તાજા પરણેલાં યુગલો જાય છે.

સમાચાર વાંચ્યા કે, ફિલ્મ અભિનેતા વિજય દેવરકોન્ડા અને રશ્મિકા મંદાનાનાં લગ્ન તો રંગેચંગે થયા પણ બાદમાં એ હનીમૂન પર નહિ, બડી મૂન પર ગયાં.

મને થયું કે, આ બડી મૂન વળી છે શું? જાણવા મળ્યું કે, કોઈ નવપરિણીત યુગલ તેમના હનીમૂન પર એકલા જવાને બદલે તેમના મિત્રોના જૂથ સાથે પ્રવાસ પર જાય ત્યારે તેને બડી મૂન કહેવામાં આવે છે.

પરંપરાગત હનીમૂનનું આ એક નવું સોશ્યલ સ્વરૂપ છે. વિજય અને રશ્મિકા માલદીવ્સ ગયા હતા મિત્રો સાથે. સેલિબ્રિટીઝમાં આ ટ્રેન્ડ હવે ખૂબ જ લોકપ્રિય થઈ રહ્યો છે. રણબીર કપૂર અને આલિયા ભટ્ટ પણ લગ્ન પહેલા અને લગ્ન પછી પણ ઘણીવાર તેમના ખાસ મિત્રો અયાન મુખર્જી, વગેરે સાથે ટ્રિપ પર ગયા હતા. ખાસ કરીને ન્યૂ યર વેકેશન દરમિયાન એ બધા અવારનવાર 'બડી મૂન' સ્ટાઈલમાં ફરવા જાય છે. વિકી કૌશલ અને કેટરીના કૈફ પણ પોતાના લગ્ન પછીના પ્રથમ જન્મદિવસની ઉજવણી માટે માલદીવ્સ ગયાં હતાં. આ ટ્રિપમાં એ એકલા નહોતાં, પણ તેમની સાથે સની કૌશલ, શર્વરી વાઘ, ઈલિયાના ડિક્રુઝ અને અન્ય અંગત મિત્રોનું આખું ગ્રુપ હતું. ગ્લોબલ સ્ટાર પ્રિયંકા ચોપડા અને નિક ઘણીવાર સ્કી રિસોર્ટ્સ કે મિયામીના દરિયાકિનારે વેકેશન ગાળે છે. મોટાભાગે તેમની સાથે જોનસ બ્રધર્સ અને તેમની પત્નીઓ હોય છે, જે એક રીતે ફેમિલી-કમ-બડી મૂન જેવું બની રહે છે. ફરહાન અખ્તર અને શિબાની દાંડેકર તેમના લગ્ન પછી ઘણા વેકેશનમાં તેમના મિત્રો સાથે જોવા મળી છે.

બડી મૂનનો ઉદ્ભવ પશ્ચિમી સંસ્કૃતિના સામાજિક પરિવર્તનોમાંથી થયો છે. ૨૦૧૦ પછીના દાયકામાં જ્યારે ડેસ્ટિનેશન વેડિંગનો ક્રેઝ વધ્યો ત્યારે આ પદ્ધતિ આપોઆપ વિકસી. લગ્ન માટે મિત્રો અને સગાં-સંબંધીઓ દૂરના સ્થળે ભેગા થયા હોય તો લગ્ન પત્યા પછી નવપરિણીત યુગલ અને તેમના નજીકના મિત્રો ત્યાં જ થોડા દિવસ રોકાઈને સાથે ફરવાનું નક્કી કરતા. આ રીતે હનીમૂન બડી મૂનમાં ફેરવાઈ ગયું.

સમાજશાસ્ત્રીઓના મતે આ પેઢી માટે મિત્રો એ જ પરિવાર સમાન છે. આ શબ્દ ૨૦૧૨-૨૦૧૩ની આસપાસ લોકપ્રિય બનવાનો શરૂ થયો હતો.

૨૦૧૨માં જાણીતી હોલિવૂડ અભિનેત્રી જેનિફર એનિસ્ટન અને જસ્ટિન થેરોક્સ જ્યારે તેમના હનીમૂન પર બોરા-બોરા ટાપુ પર ગયા ત્યારે તેમની સાથે કોર્ટની કોક્સ અને જેસન બેટમેન જેવા મિત્રોનું આખું ગ્રુપ હતું. મીડિયાએ ત્યારે આને 'બડી મૂન' તરીકે ઓળખાવ્યું અને ત્યાંથી આ ટ્રેન્ડ દુનિયાભરમાં ફેલાયો.

આજે તો આ વિચાર ખાસ્સો લોકપ્રિય થયો છે. હવે ઘણાં યુગલો લગ્ન પહેલા જ સાથે રહેતા હોય છે તેથી લગ્ન પછી તેમને એકાંતની એટલી તીવ્ર જરૂર નથી લાગતી જેટલી પહેલાના સમયમાં લાગતી હતી માટે મિત્રો સાથે અવસર ઉજવવાનું -સેલિબ્રેટ કરવાનું વધુ પસંદ કરે છે.

એક કારણ તો વિચિત્ર છે. સેલિબ્રિટી ક્યાંય પણ જાય તો પાપારાઝી પાછળ પડે છે. એનાથી બચી શકાય છે બડી મૂન પર...એમ માનવામાં આવે છે આખું ગ્રુપ સાથે હોય ત્યારે પાપારાઝીથી બચવું સરળ રહે છે અથવા બધાની વચ્ચે ધ્યાન ઓછું ખેંચાય છે. વળી, ઘણા યુગલોને માત્ર બે જ વ્યક્તિ વચ્ચેના એકાંતને બદલે મિત્રો સાથે આનંદ કરવો વધુ ગમે છે.

આ નવી પેઢી છે અને નવો ટ્રેન્ડ બહુ જલદી લોકપ્રિય બનવા લાગ્યો છે. એનાં કારણો યુગલે યુગલે જુદા જુદા હોય શકે છે. હનીમૂન કપલ ટૂરનો પણ ટ્રેન્ડ આજે પણ છે જ. કદાચ પ્રવાસની મુશ્કેલીઓ આ કારણે આસાન થતી હશે. કોઈનો સંગ એમાં રાહત આપી શકે છે. આ બધાનો મત ના પણ હોય.

હું તો હનીમૂનના એ દિવસો હજુ ય ભૂલ્યો નથી. મને એ પણ યાદ છે કે, મેં આ માટે રજા માગી ત્યારે તંત્રીશ્રીએ કહેલું કે, આટલા બધા દિવસ થોડી રજા લેવાય? મારે ત્યારે કહેવું પડેલું કે, 'સાહેબ, હનીમૂન પર જવું છે...' પછી એમણે રજા માન્ય કરી હતી. ઘણા સમયે મેં એટલી રજા એકસાથે લીધી હતી અને એ દસ બાર દિવસ તારો સંગાથ હતો. એ દિવસો જીવનના યાદગાર દિવસોમાં આવે છે. મિત્રો સાથે એવા યાદગાર દિવસો, હનીમૂન અને બડી મૂનમાં બનતા હશે ? આજની પેઢીને એ ગમે છે. એમના માટે એ ગમતાનો ગુલાલ છે. પણ હનીમૂન એ હનીમૂન અને બડી મૂન એ બડી મૂન. મારી વાત સાચી ને?

**તારો બન્ની**

# સંધ્યા છાયા

feedback.ladki@bombaysamachar.com
નીલા સંઘવી

## માતા-પિતા પાસે ઘરખર્ચની અપેક્ષા રખાય?

તમારો દીકરો બે યુવાન સંતાનનો બાપ થઈ જાય અને છતાંયે તમારી અપેક્ષા રાખ્યા કરે તે યોગ્ય છે? એ દીકરો હજુ પણ ઈચ્છે કે તેના મા- બાપ ઘરખર્ચમાં ભાગ આપે એ પણ અડધો અડધ એ વાત યોગ્ય છે? શું મા- બાપની જિંદગીનાં છેલ્લાં કેટલાંક વર્ષ દીકરો માતા-પિતા માટે ખર્ચ ન કરી શકે?

કરવો જ જોઈએ. મા- બાપ પાસે ઘરખર્ચમાં પૈસાની અપેક્ષા શા માટે રાખવાની? આ વૃદ્ધ માતા-પિતા પાસે કોણ જાણે એ કેટલાં વર્ષ બચ્ચા હશે? બોનસના વર્ષ તે જીવી રહ્યા છે. એવા સમયે એક દીકરો મા-બાપ પાસેથી ઘરખર્ચમાં ભાગ માગે એ કેટલું વિચિત્ર લાગે છે નહીં? છેલ્લાં વર્ષો તો તેમને શાંતિથી કોઈ જવાબદારી વગર જીવવા દો ને, યાર,,, ના, પણ એવું નથી થતું. આજનું પ્રેક્ટિકલ થયેલું જનરેશન ફક્ત પૈસાની જ ભાષા સમજે છે, દિલની નહીં. શૈલેષભાઈ અને સંગીતાબહેન સાથે આવું જ બન્યું.

શૈલેષભાઈ-સંગીતાબહેનને એકનો એક લાડકો દીકરો સંજીવ જેટલો દેખાવડો એટલો જ ચબરાક. નાનો હતો ત્યારથી જોતા જ ગમી જાય એવા સંજીવને સગાં-વહાલા, આડોશી-પાડોશી સૌ રમાડવા લઈ જાય. સંગીતાબહેનના હાથમાં એ બહુ ઓછો આવે. એથી સંગીતાબહેનને તો ખબર જ ના પડી કે સંજીવ ક્યારે મોટો થઈ ગયો. ઉચ્ચ શિક્ષણ લીધાં બાદ સંજીવનું મન પરદેશ ભણવા જવા માટે હતું, પણ માતા-પિતાનું મન માનતું ન હતું. એકના એક દીકરાને નજરથી દૂર કરવાની તેમની ઈચ્છા ન હતી. માતા-પિતાની લાગણીને માન આપીને સંજીવ માની ગયો અને કરિયર સ્વદેશમાં જ શરૂ કરી સાથે નોકરી કરતી યુવતી સાથે પ્રેમબંધનમાં બંધાયો અને પછી માતા-પિતાના આશીર્વાદ સાથે લગ્નબંધનમાં બંધાયો. માતા-પિતાની ખુશીનો પાર નથી. સંજીવ જેવી જ દેખાવડી સાંચી વહુ ઘરમાં આવી. બધું સરસ ચાલતું હતું. ઘરમાં શૈલેષભાઈ-સંગીતાબહેન અને સંજીવ-સાંચી એમ ચારનો પરિવાર. વર્ષો સુધી તો ઘર ખર્ચ શૈલેષભાઈ ઉઠાવતા હતા.


સંજીવ કમાતો થયો તો પણ શૈલેષભાઈ તેની પાસેથી ઘરખર્ચ માટે કંઈ લેતા ન હતા. સંજીવના લગ્ન પછી સંજીવે જ ઘરખર્ચમાં પોતાનો ભાગ આપવા માંડ્યો. શૈલેષભાઈએ ના પાડી સંગીતાબહેને સમજાવ્યું, 'ક્યાં સુધી તમે જવાબદારીઓ માથે લઈને ફરશો? હવે સંજીવ નાનો નથી એને માથે પણ જવાબદારી નાખો અને ક્યાં તમે પૂરું ઘરખર્ચ એના માથે નાખો છો? એમ કરો જે ખર્ચ થાય તે અડધો અડધો કરી નાખો.'

શૈલેષભાઈને સંગીતાબહેનની વાત જચી ગઈ અને પિતા-પુત્ર જે ઘરખર્ચ થાય તે અડધો-અડધ કરી લેતા.

થોડા સમય પછી સાંચીએ ખુશખબર આપ્યા. પરિવારમાં ખુશીની લહેર દોડી ગઈ. પ્રથમ પગલે લક્ષ્મીજી પધાર્યા. સૌએ ખુશી ખુશી દીકરીને વધાવી આમ પણ સંગીતાબહેનને પોતાને દીકરી ન હોવાથી તેઓ તો ઈચ્છતા જ હતા કે સાંચી દીકરીને જન્મ આપે તો સારું. માતા-પિતા અને દાદા-દાદીના પ્રેમમાં તરબોળ દીકરી મોટી થવા લાગી. ત્રણ વર્ષ બાદ સાંચીને ફરી સારા દિવસો રહ્યા. આ વખતે સાંચીને ટ્વિન્સ જનમ્યા. એક દીકરો અને એક દીકરી. ઘરમાં બાળકોનો કલરવ ગુંજી ઊઠ્યો. દાદા-દાદી ખુશખુશાલ છે.

પરિવારમાં ચાર સભ્ય હતા તેમાંથી હવે સાત સભ્ય થઈ ગયા. ખર્ચો બહુ જ વધી ગયો. ત્રણ તો નાના બાળક બાળકોનો ખર્ચ તો બાપરે બાપ! હવેના જમાનામાં બાળક ઉછેરવું મોંઘું પડે એવી સ્થિતિ છે.

આ વર્ષો દરમિયાન શૈલેષભાઈની તબિયત બગડી. કિડનીનો પ્રોબ્લેમ ધીમે ધીમે પ્રોબ્લેમ ડાયાલિસિસ સુધી પહોંચ્યો. શૈલેષભાઈને દર અઠવાડિયે ડાયાલિસિસ માટે જવું પડતું. ડાયાલિસિસનો ખર્ચ, દવાનો ખર્ચ. શૈલેષભાઈનો પોતાનો ખર્ચ વધતો જતો હતો અને ઘરનો ખર્ચ પણ વધતો જતો હતો. કોઈ ડોનર મળે તો કિડની ટ્રાન્સપ્લાન્ટની સર્જરી પણ કરાવવાની હતી. ડોનરને પણ પૈસા ચૂકવવા પડે. શૈલેષભાઈને ચિંતા થવા લાગી. હવે બધાં ખર્ચને કઈ રીતે પહોંચી વળાશે? તે મેડિકલેઈમનું પ્રીમિયમ પણ ભરી શક્યા ન હતા તેથી હવે તો બધો ખર્ચ પોતાના ખિસ્સામાંથી જ કરવો પડે એમ હતો.




શું કરવું? સંગીતાબહેન સાથે ચર્ચા કરી. સંગીતાબહેને કહ્યું. 'સંજીવને વાત કરીએ. તેને કહીએ કે અમે હવે અડધોઅડધ ઘરખર્ચ નહીં આપીએ. આમ પણ તે બધા પાંચ છે અને આપણે બે જ છીએ. વળી બાળકોનો ખર્ચ બહુ મોટો છે. આપણી પાસે હવે વધારે બચત રહી નથી.' પતિ-પત્નીએ મસલત કરીને દીકરાને વાત કરી.

દીકરો ભડક્યો, 'તમે બે જ છો તો શું થઈ ગયું? તમે એ.સી. નથી વાપરતા? ટી.વી. નથી જોતા? ને મારાં બાળકો છે તો એ તમારા કાંઈ નથી? તમે એના ખર્ચની ગણતરી કરો છો?' ■

'બેટા, અમે બાળકોના ખર્ચની ગણતરી નથી કરતા પણ અમારી હાલત પણ કથળી ગઈ છે. બચત ઘટતી જાય છે. હવે અમે પહોંચી શકતાં નથી.'

સંજીવ માતા-પિતાની વાત સાંભળવા તૈયાર જ ન હતો. હવે શૈલેષભાઈ-સંગીતાબહેન મુંઝાયાં છે. ઘરમાં મનમુટાવ શરૂ થઈ ગયો છે. આવા વાતાવરણમાં વૃદ્ધ પતિ-પત્ની મુંઝાય છે? શું કરવું? જુદા થઈ જવું. હાલમાં પોશ એરિયામાં મોટું ઘર છે. એમાં થોડા ઘટતા પૈસા સંજીવે પણ આપ્યા હતા. એ ઘર વેચીને તેના ભાગ પાડીને દૂરના પરામાં નાનકડો ફ્લેટ લઈને રહેવું કે પછી આવી જ હાલતમાં રહેવું? હવે કોઈ સંજોગોમાં શૈલેષભાઈ અડધો-અડધ ખર્ચ અફોર્ડ કરી શકે તેમ જ નથી. અને સંજીવ-સાંચીને એ મંજૂર નથી. શૈલેષભાઈ-સંગીતાબહેન શું કરવું? શું ન કરવું? ની કશ્મકશમાં અટવાયેલા છે...

છે તમારી પાસે આનો કોઈ ઉકેલ? ■

મુંબઈ સમાચાર YouTube ગુજરાતી
ગૃહિણી સાથે ગોસિપ
રોજિંદા કામકાજની વ્યસ્તતા વચ્ચે મેળવો હળવી પળો અને રસપ્રદ વાતોનો ખજાનો.
મુંબઈ સમાચારની ઓફિશિયલ ગુજરાતી યુટ્યૂબ ચેનલ પર સવારે ૧૧ વાગ્યે.
https://youtu.be/JMw-dLzi_XQ?si=BNr15_2em6IxSxkH
આજે જ સબસ્ક્રાઈબ કરો અને જોડાયેલા રહો!

# લાડકી

કથા કોલાજ
કાજલ ઓઝા-વૈદ્ય
feedback.ladki@bombaysamachar.com

# મારો અવાજ - મારી ફિલ્મો ને મારી ગાયકી મહેફિલમાં જીવતી રહેશે...

(ભાગ: ૩)

**નામ: બેગમ અખ્તર (અખ્તરીબાઈ ફૈઝાબાદી)**
સમય: ૩૦ ઓક્ટોબર, ૧૯૭૪
સ્થળ: (વાડીલાલ સારાભાઈ હોસ્પિટલ) અમદાવાદ
ઉંમર: ૬૦ વર્ષ

હું તેર વર્ષની હતી, જ્યારે મારી પહેલી રેકોર્ડ બહાર પડી. આજે ૬૦ વર્ષની છું... સાડા ચાર દાયકા, મારા સંગીતની સફરનો આ સમય મેં દિલ ફાડીને મહોબ્બત કરી છે. અમદાવાદની ભૂમિ પર જ્યારે મારી રુહ મારું શરીર છોડીને આયતોના સાયામાં જન્નત તરફ જવા નીકળી ત્યારે મેં જ મારી જિંદગીને પાછા વળીને જોઈ.

બેગમ અખ્તર કોણ? મારે ખુદા પાસે જઈને મારી પહેચાનમાં કહેવું હોય તો હું શું કહું?...ને જવાબમાં ફૈઝાબાઈ અખ્તરી મારી સામે જોઈને મુસ્કુરાઈ, એણે કહ્યું, 'ફૈઝાબાદ કી ગલિયોં મેં પલી, મગર મેરી અસલી પરવરિશ મહફિલોં ને કીં છોટી-સી ઉમ્ર મેં હી સમજ ગઈ થી કી ઈસ દુનિયા મેં ઔરત કો અપના મુકામ ખુદ બનાના પડતા હૈ. મૈં તવાયફ કી બેટી થી ઔર દર્દ મેરા સબ સે સચ્ચા સાથી. જબ મૈં ગઝલ છેડતી, તો સિર્ફ ગાતી નહીં થી અપની પૂરી જિંદગી ઉન અલ્ફાઝોં મેં ઊંડેલ દેતી થી. મહફિલેં મેરી અસલી દુનિયા થી. દીયે જલતે, ચાંદની રાત હોતી, સામને અહલ-એ-ઝૌંક બૈઠે હોતે ઔર મૈં હાથ મેં સિગરેટ, પાસ મેં પૈમાના, દિલ મેં કોઈ અધૂરી મોહબ્બત... ફિર એક શેર ઉઠાતી ઔર પૂરી ફિઝા ઠહર જાતી, લોગ કહતે થે મેરી આવાઝ મેં જાદૂ હૈ. મૈં હૅસકર કહતી જનાબ, યે જાદૂ નહીં, યે ઉસ ઔરત કી સચ્ચાઈ હૈ જિસને જિંદગી કો બિના પર્દે કે દેખા હૈ. મોહબ્બત ભી કી, શાદી ભી કી, મગર મેરી રુહ હંમેશાં આઝાદ રહી. દુનિયા ચાહતી થી કિ મૈં સિર્ફ બેગમ બનકર રહું. મગર મૈં તો અખ્તરી હી રહી વહી બેબાક, વહી જિદ્દી. મુઝે શરાબ સે, સિગરેટ સે, રાત ભર ચલને વાલી મહફિલોં સે કોઈ શર્મ નહીં થી. યે સબ મેરી જિંદગી કા હિસ્સા થે, જૈસે મેરી ગઝલેં. મૈંને સીખા કિ ઔરત અગર અપની આવાઝ પા લે, તો દુનિયા કી હર દીવાર છોટી પડ જાતી હૈ. શાયદ ઇસી લિએ લોગ આજ ભી કહતે હૈં બેગમ અખ્તર ગાતી નહીં થી, વો અપની રુહ સુનાતી થી.' (એમની ઓટોબાયોગ્રાફીમાંથી)


બેગમ અખ્તર (અખ્તરીબાઈ ફૈઝાબાદી)

અખ્તરીબાઈ ફૈઝાબાદીથી બેગમ અખ્તર સુધીનો પ્રવાસ મેં પૂરા ગુરુર અને સુરુરથી કર્યો છે. હિન્દુસ્તાની સંગીતની આલીશાન ઈમારતમાં મેં મારે માટે જગ્યા ઊભી કરી એટલું જ નહીં, ગઝલ ગાયકી ગુમનામ થઈ જાય એ પહેલાં એને કોઠા પરથી અદબની મહેફિલોમાં લઈ આવી.

શાસ્ત્રીય અને લોકકાવ્યનો મેળ કર્યો. મેં જો આ ન કર્યું હોત તો ઈકબાલ બાનો, ફરિદા ખાનમ, મહેંદી હસન, ગુલામ અલી કે જગજીતસિંગ કે રુના લૈલા સુધીના કલાકારોને આવી સિદ્ધિ-પ્રસિદ્ધિ ના મળી હોત. શાસ્ત્રીય સંગીતના કલાકારોને ગઝલ ગાતા મેં કર્યા, એ વાતને હું પૂરા ફક્ર અને નાઝ સાથે કહી રહી છું.

જો ગાતી ન હોત તો હું શું કરતી હોત, એ સવાલનો જવાબ મારી પાસે નથી. મારો જન્મ ગાવા માટે થયો, ને મેં એને જ મારો મુકામ, શખ્સિયત બનાવી. એક જન્મથી લઈને જનાજા સુધીની સફર પૂરી થઈ. હું નથી, પણ મારો અવાજ, મારી ફિલ્મો અને મારી ગાયકી, અદાયગી મહેફિલોમાં જીવતી રહેશે. સંગીત મારી રુહ છે. હું ગાવા માટે જ જન્મી હતી. વચ્ચે વચ્ચે બીજું ઘણું કરી લીધું, એ અલગ વાત છે, પરંતુ એ બધું મારું કામ નહોતું.

ગ્રામોફોન રેકોર્ડ (દીવાના બનાના હૈ તો દીવાના બના દે...) પ્રગટ થઈ એની સાથે જ મારા અવાજ અને નામની ચર્ચા થવા લાગી. એ પછી બીજી ત્રણ રેકોર્ડ્ઝ બની. એ રેકોર્ડ્ઝ સાંભળીને ૧૯૩૨માં જ્યારે પહેલી મેગાફોન રેકોર્ડિંગ કંપની મારી મા પાસે કોન્ટ્રાક્ટ કરવા આવી ત્યારે એમણે માત્ર ગાવાનો નહીં, ફિલ્મોમાં કામ કરવાનો પણ પ્રસ્તાવ મુક્યો. ટોકી ફિલ્મોની શરૂઆત હતી એ. કે.એલ. સાયગલ સુપરસ્ટાર હતા. એમની સાથે ફિલ્મ કરવાનો પ્રસ્તાવ એ જમાનાની કોઈ છોકરી નકારી શકે એમ નહોતી.

મારી પહેલી ફિલ્મ કે.એલ. સાયગલ સાથે 'એક દિન કા બાદશાહ' બની અને હીટ થઈ. એ પછી ૧૯૩૩થી ૩૬ની વચ્ચે મેં થોડી ફિલ્મો કરી, જેમાં 'નલ દમયન્તી', 'અમીના', 'મુમતાઝ બેગમ', 'રૂપ કુમારી', 'જવાની કા નશા' અને 'નસીબ કા ચક્કર' ફિલ્મોમાં કામ કર્યું. પછીથી મેં બીજી બે ફિલ્મો કરી, 'અનારબાલા' (૧૯૩૯) અને મહબૂબ ખાનની 'રોટી' (૧૯૪૨). 'રોટી'માં મેં એક અંગ્રેજી કલ્ચરથી પ્રભાવિત ચહેરાથી ભોળી પણ એક ઝઘડાળું છોકરીનું પાત્ર ભજવ્યું. એ ફિલ્મમાં જાણીતા કથ્થક ડાન્સર સિતારાદેવી પણ હતાં. એ ફિલ્મમાં અમારી દોસ્તી થઈ, પછી જીવનભર એ મિત્રતા ગાઢ અને અખંડ રહી.

આજે વિચારું છું તો મને સમજાય છે કે ૧૯૩૮ની આસપાસ મારી મા મુસ્તરીબાઈએ ફૈઝાબાદ છોડવાનો નિર્ણય ન કર્યો હોત તો હું જીવનમાં આગળ ન વધી શકી હોત. કલકત્તા, મુંબઈના જુદા જુદા આશિયાનામાં મેં મારી જિંદગીના થોડા થોડા વર્ષ વિતાવ્યા. શોહરત જોઈ, ઈજ્જત મળી.

નામ અને દામ બંને મળ્યા. મને મુંબઈ ગમ્યું, પણ એક્ટિંગ અને ફિલ્મ સાથે મારો નાતો ન જોડાયો. મારા ગાયેલાં ગીતો લોકોને ખૂબ ગમ્યા, પણ મારા અભિનયમાં સહજતા નહોતી, કારણ કે મારી માએ મને ગાયકી શિખવી, નૃત્ય નહીં. એ હંમેશાં ઈચ્છતી હતી કે હું ગાઉં, પણ નાચું નહીં. નૃત્ય ન શિખવાને કારણે મારા ભાવની અભિવ્યક્તિ કદી સહજ ન રહી શકી. મને આજે પણ યાદ છે કે મને જાત-જાતના મોઢાં બનાવવા ગમતા નહીં. હું એમ ચપટી વગાડતા હસી કે રડી શકતી નહીં.

મારા સાથી કલાકારો સાથે સિન કરતી વખતે હું અચકાઈ જતી. ગરમ, ધૂળ ભરેલા સ્ટુડિયોમાં કલાકો કામ કરવું મારી પ્રકૃતિને અનુકૂળ જ નહોતું. અત્યાર સુધી મારી માને કારણે કે મારે કારણે, અમને કદરદાનોએ પલકો પર બેસાડ્યા હતા. અમારી હર એક ખ્વાહિશ, સહુલિયતનો ખ્યાલ રાખવામાં આવતો હતો. એમાંથી નીકળીને આ સ્ટુડિયોની જિંદગી મને જરાક પણ અનુકૂળ આવી નહીં.

મને મારા ઘરે કે અંગત મહેફિલોમાં ગાવું વધુ અનુકૂળ પડતું હતું. સાચું પૂછો તો સિનેમા કરતાં એમાં વધારે આવક પણ હતી. આ એવી મહેફિલો હતી જેને સન્માનપૂર્વક 'બેઠક' કહેવામાં આવતી હતી. મહેમાનોની સામે હું મારી કલાનું પ્રદર્શન કરું, ક્યાંક મારો વિનોદ તો ક્યાંક મારી અદાથી એમને રાજી કરું. એમના અભિનંદન અને પ્રશંસાનો સ્વીકાર કરું, એથી વધારે મને કંઈ જોઈતું જ નહોતું. મેં આગ્રહપૂર્વક મુંબઈ છોડવાની જીદ કરી.

આમ તો મારી માની સામે હું ઝાઝું બોલી શકતી નહીં. એ એક મજબૂત દિમાગ અને પાકા દિલની ઔરત હતી. એકવાર મનમાં નક્કી કરી લેતી, પછી એનો નિર્ણય બદલવો કોઈના બસનો રોગ નહોતો. મુંબઈના સિનેમાની જિંદગી મને નથી ફાવતી, એવું કહેવામાં મેં ત્રણ વર્ષ લગાડ્યા, પણ એક દિવસ મેં કહી નાખ્યું. હું બાવીસ વર્ષની હતી. મારી કમાણી પર ઘર ચાલતું હતું, ઐશ-ઓ-આરામની જિંદગી મારા દમ પર હતી, તેમ છતાં, એણે મારી વાત સાંભળી લીધી અને કોઈ પ્રતિભાવ આપ્યા વગર કહ્યું, 'હમ સોચકર બતાયેંગે.' અહીં ચર્ચા પૂરી થયાનો આદેશ હતો. હું ચૂપચાપ મારા રૂમમાં જતી રહી.

લગભગ અઠવાડિયા પછી એક દિવસ એણે મને કહ્યું, 'હમ લખનઊ ચલેંગે. તુમ સિનેમા કરના નહીં ચાહતી, ઈસ બાત કા હમ એહતીરામ કરતે હૈ. હમને લખનઊ મેં કોઠી દેખને કો કહ દિયા હૈ. હમ મહેફિલ કરેંગે, સિનેમા નહીં કરેંગે.' મને જે જોઈતું હતું તે મળી ગયું. ફૈઝાબાદ, લખનઊ મારી પોતાની ભૂમિ હતી. સંગીત મારી રુહ. મહેફિલ મારી જાન...

દસ દિવસમાં અમે મુંબઈનું ઘર ખાલી કર્યું અને લખનઊ જવાનો સામાન બાંધ્યો. (ક્રમશઃ)■

ઉડાન મુગ્ધાવસ્થાથી મધ્યાવસ્થા સુધી
શ્વેતા જોષી અંતાણી
feedback.ladki@bombaysamachar.com

# બદલાતાં મનોવિશ્વ સાથે સંતુલિત જીવન મુશ્કેલ ખરું, પણ...

પંદર વર્ષની રીયા પિમ્પલ, પ્રાઇવસી અને પેરેન્ટ્સના પ્રણય ત્રિકોણ વચ્ચે ગોથે ચડી હતી. એને સમજાતું નહોતું કે, બાળપણના વિશ્વને પકડી રાખવું કે, તરુણ દુનિયામાં ડગ માંડી દેવાં, કારણ કે એના પેરેન્ટ્સ એને બન્ને વિશ્વની વારાફરતી સફર કરાવતાં રહેતાં. ક્યારેક રીયા એમના માટે અણસમજ બાળકી હતી તો ક્યારેક મોટી થઈ ગયેલી ઠાવકી દીકરી. રીયા આ શટલ કોકની સફરથી હવે કંટાળી હતી એટલે જ્યારે મોકો મળે ત્યારે એ પેરેન્ટ્સ સામે શાબ્દિક તલવાર ખેંચી લેતી.

ગઈકાલે રાત્રે આવી જ ધમાલ મચાવી એ સવારે ભારેલા અગ્નિ માફક સ્કૂલે ગયેલી. કોઈ પણ ભોગે ભવે મમ્મી-પપ્પાને બોલાવવાં જ નથી એવી મનમાં ગાંઠ વાળી એ ઘરેથી નીકળેલી, પણ હાય રે! કિસ્મત... સાંજે એને લંગડાતા પગે ઘેર આવવું પડ્યું. વાત એમ હતી કે, બેન ફૂટબોલને પેરેન્ટ્સ સામેનું હથિયાર સમજી જોરથી કીક મારવાં ગયાં એમાં એનો પગ મચકોડાય ગયેલો.

લંગડાતી રીયાને જોઈ નેહા દોડતી આવી. ચિંતાતુર સ્વરે પૂછવા લાગી, 'અરેરે..આ શું થયું?' પપ્પા જોકે એકદમ સ્થિર અવાજે બોલ્યા, 'રીયા, તું મોટી થઈ રહી છે ને! તો પછી થોડું સહન કરતાં શીખી જા. જિંદગી દરરોજ એકસરખી નહીં હોય.'

રીયાને સમજાયું નહીં કે એને સૌથી વધુ શું હર્ટ કરી ગયું. પપ્પાના શબ્દો કે ઘૂંટીનો ઘા! એના મોં માંથી તુરંત કડવાશ ટપકી પડી :

'જો હું તમને નાની લાગતી હોઉં તો પછી મને એ રીતે પંપાળો અને જો મોટી થઈ ગઈ છું તો બીજી બાબતોમાં પણ મને એજ રીતે ટ્રીટ કરો. મને ફ્રીડમ આપો. મારા પર ભરોસો રાખો. મને મારી રીતે નિર્ણયો લેવા દો... !'

રીયાનાં આ વાક્યો નેહા અને સુબોધના મન પર વાસ્તવિકતાના ઘા કરતાં ચાલ્યાં. એક કડવી હકીકત પર અંતે પ્રકાશ પડ્યો કે બન્ને મા- બાપ રીયાને મન પડે ત્યારે



નાના બાળકની જેમ પ્રોટેક્ટ કરવા લાગે છે અને મન પડે ત્યારે 'તું મોટી થઈ ગઈ છે' એમ કહીને ચૂપ કરી દેતાં અચકાતાં નથી. આ બે ઉંમરના વિરુધ્ધ ધ્રુવો વચ્ચે ઝોલાં ખાતું રીયાનું તરુણ માનસ સતત પરેશાન રહેતું, એવું ભાન રીયાને પણ કદાચ પહેલીવાર થયું. પોતે શા માટે અશાંત રહે છે. શા માટે બેચેની મનને કોરી ખાય છે. એનું કારણ એ કે ના પોતે નક્કી કરી શકતી કે એણે નાના બાળકની જેમ વર્તવાનું છે કે ઠરેલ યુવતી માફક. ના એના પેરેન્ટ્સને ગતાગમ પડતી કે કઈ પરિસ્થિતિમાં મોટી થઈ રહેલી દીકરી સાથે કેવો વ્યવહાર કરવો. પરિણામે હમણાંથી છાશવારે ઘરમાં સામસામે આક્ષેપોની આતશબાજી થતી રહેતી.

એ દિવસે રાત્રે નેહા - સુબોધ બન્નેને ઊંઘ ના આવી. સવારે નાસ્તાના સમયે એમણે ગંભીરતાથી રીયાને બોલાવી કહ્યું,

'બેસ બેટા, આપણે વાતો કરીએ. હમણાંથી તારી સાથે ચાય પે ચર્ચાઓ એટલી થાય છે કે સ્નેહની સરવાણી જાણે રસ્તો ભૂલી ગઈ છે.' સુબોધે વાતની શરૂઆત કરતાં કહ્યું :

'રીયા, અમને ઘણી વખત નથી ખબર પડતી કે તારી સાથે કઈ રીતે વર્તન કરીએ. તને નાના બાળકની જેમ વ્હાલ કરીએ, તારું ધ્યાન રાખીએ, તને સતત પ્રોટેક્ટ કરીએ કે પછી તું મોટી થઈ ગઈ છે એમ માની તારી સ્વતંત્રતાને સ્વીકૃતિ આપીએ. તને સન્માન આપીએ.'

રીયાની પીઠ પસવારતાં નેહાએ ઉમેર્યું :

'અમે પણ જાણીએ છીએ કે મોટા થવું સહેલું નથી. જિંદગીના એક તબક્કે અમે પણ આવું અનુભવી ચૂક્યા છીએ, પણ હવે એ અનુભવો વિસરાતાં ગયાં હોય. અમે ફરીથી શીખી રહ્યા છીએ કે તારી બદલાતી દુનિયા સાથે કદમ મિલાવી કઈ રીતે ચાલવું. જેમ અમે તારી મદદ કરીએ, એમ તારે પણ અમને સાથ આપવો પડશે. તને કંઈ ના ગમે તો રાડ પાડીને કડવાશથી બોલવાં કરતાં, તારા પોઈન્ટ્સ અમને સમજાવીશ તો ગમશે.'

રીયાએ પ્લેટમાંથી મોં ઊંચુ કરી સામે જોયું :

'તમને ડર લાગે છે, મારાથી?' નેહા એ માથું હકારમાં ધુણાવ્યું:

'અમને ડર લાગે છે કે અમારી એ નાનકડી મીઠડી દીકરી કે જેની આસપાસ અમારું આખું વિશ્વ વણાયેલું છે એને અમે ગુમાવી ના દઈએ.'

રૂમમાં શાંતિ પ્રસરી ગઈ. 'મારે પણ દર વખતે ઝઘડો નથી કરવો હોતો, પણ તમે મારા પર થોડો વિશ્વાસ કરો. એમ કંઈ હું તમારાથી દૂર નથી થવાની...!' કહી રીયા બન્નેને વળગી પડી.

કદાચ રીયા પહેલીવાર સ્પષ્ટ રીતે સમજી હતી કે, મોટા થવું એટલે બાળક અને એડલ્ટ વચ્ચેની પસંદગી નહીં,પરંતુ એ બન્ને અવસ્થાને સાથે લઈ સંતુલિત જીવન જીવતા શીખવું. એ જ કદાચ જીવનની સૌથી સુંદર અને સૌથી મુશ્કેલ યાત્રા છે. ■

લાફ્ટર આફ્ટર
પ્રજ્ઞા વશી
feedback.ladki@bombaysamachar.com

# લો, આ તો ગેસ સિલિન્ડર ફાટ્યું...




'ગેસ સિલિન્ડર ચાર-પાંચ જેટલા ગમે ત્યાંથી શોધી લાવો. પછી કહેતા નહીં કે ગરમાગરમ ભજિયાં ઉતાર.... ગરમાગરમ અને સારી સારી વાનગી ખાવાની ચળ તો બહુ આવે છે, પણ ગેસના સિલિન્ડર બ્લેકમાં તો બ્લેકમાં શોધી લાવતાં પગમાં કાંટા વાગે છે. બાજુવાળા કનૈયાભાઈ કેવા પાંચ સિલિન્ડર લઈ આવ્યા અને હવે નિરાંતે પગ પર પગ ચડાવીને ઓટલે બેઠા છે. એની સ્વીટહાર્ટ રમલી આખા ગામ હામે ડિંગ હાંકે છે કે મારા હસબન્ડનું તો બધે વજન પડે છે. જ્યાં જાય ત્યાં પોતાનું કામ કઢાવીને જ આવે. રાજકારણી પણ બધા ઓળખે. જાય એટલે બધા સલામ મારે.';

'હવે શાંતિથી ટીવી જોવા દે. એ કનૈયાને બધા સલામ મારે છે, એમ રમલી કાનમાં ભરી જાય બધું સાચું નથી હોતું. સમજી?'

ત્યાં ટીવીમાં પણ શરૂ થયું : 'જરા ગૌર સે દેખીયે. પૂરે દેશમેં ગેસ કી તંગી... બેચારી મહિલા! કરે ભી તો ક્યા કરે? ગેસ લેને કે લિયે મહિલાઓં કી લાઇન લગી હૈ. અપની સરકાર ક્યા કર રહી હૈ?'

'જોયું? જોયું? હવે તો ટીવીમાં પણ આવી ગયું. હવે તો જરા ટીવી બંધ કરીને ગેસ શોધવા ઘરની બહાર નીકળો.'

પત્ની મોના હજી પતિને ગેસ માટે દબાણ કરી રહી હતી, ત્યાં જ પતિ રમેશભાઈએ ચેનલ બદલી.

'દેખીએ, જરા ગૌર સે દેખીએ. સરકારને પરદેશ સે ગેસ સિલિન્ડર મંગવા લિયે હૈ. દેખો, ગેસ સિલિન્ડર સે ભરી હજારોં ટ્રક આ રહી હૈ. યે તો સિર્ફ અફવા હૈ. અપને દેશ મેં હમારી સરકાર કોઈ બાત કી કમી હોને હી નહીં દેગી.'

'જોયું? સાંભળ્યું? થોડી ધીરજ રાખતાં શીખ. એ તો હાથનો બળેલો ગામ આખાને બાળે. મોના, જે બધાનું થશે તે આપણું થશે. કટોકટીની પળોમાં સંગ્રહ કરવો દેશનાં હિતમાં નથી. બધાને એકસરખું મળવું જોઈએ...'

એટલામાં રમાબહેન નવું તૂત લઈને આવ્યાં : 'મોનાબહેન, કાંદા, બટાકા, કઠોળ, ચા, ખાંડ, તેલ પણ ભરી દેજો. અમારે ત્યાં તો મારા કનૈયાએ બધું જ હમણાંથી લાવીને મૂકી દીધું. બધું જ દસ દસ કિલો જ સીધું લઈ આવ્યા. આખું વર્ષ ખવાય એટલું ભરી દીધું ને એમાં કાંદા, બટાકા, લસણ તો બ્લેકમાં હો મલવાનાં નથી. પછી કહેતી નહીં કે મેં તને ચેતવી નહોતી. આગ લાગે તે પહેલાં બંબા તૈયાર રાખવા જરૂરી છે. સમજી?'

-ને ત્યાં જ બે લારીવાળા સાથે જ બરાડ્યા. : 'કાંદા, લસણ, બટાકા અડધા ભાવે લઈ જાવ... ચાલો, ચાલો, વહેલો તે પહેલો...'

રમલી કાપો તો લોહી ન નીકળે એમ કરમાઈને ઊભી રહી ગઈ અને મોના હસતી હસતી વ્યંગમાં બોલી : 'હાશ! સારું થયું કે મેં ઉતાવળ ના કરી. રમલી, તેં નકામી ઉતાવળ કરી... પેલા પાંચ ગેસના સિલિન્ડર હો ઉતાવળ કરીને લઈ લીધાં. કોઈ વાર જરાક હો જો આગ લાગે ને, તો બધા એક હાથે જ ફાટે ને. એના કરતાં ધીરજ રાખેલી હારી.'

અહીંથી ભાગવામાં જ સાર છે એમ સમજી રમલી ત્યાંથી છૂ થઈ ગઈ ત્યાં જ કનૈયાભાઈ સામે મળ્યા. એટલે મોનાબહેને વખાણ કરતાં કહ્યું, : 'વાહ ભાઈ! તમે તો પાંચ પાંચ બાટલા ને આખા વરસનાં દાણા પાણી હો ભરી દીધાં? કેવું પડે હોં!'

'ના, મોનાબહેન, એમ પાંચ સિલિન્ડર ભરીને શું કરવું છે? એ તો પડહે તેવા દેવાહે. જે બધાનું થાહે તે આપણું હો થાહે. ખરું ને?'

હમ્મ્મ, હવે રમલીની પોલ પકડાઈ ગઈ. તેણે મોનાને જે કંઈ કહ્યું હતું તે માત્ર જલાવવા અને આગ લગાવવા માટે જ હતું... ત્યાં તો જેવી બટાકાની લારી ઉપર વેફરના મોટા બટાકા લેવા રમલી આવી કે મોનાએ ફરી લેક્ચર ચાલુ કર્યું.

'રમલી, તારે ત્યાં તો આખા વરસનું બધું ભરાઈ ગયું હતું. હવે બટાકા - કાંદા લેવા કેમ આવી? થોડું બીજા માટે પણ રહેવા દે તો સારું...'

'જો મોના, તું મને વિપક્ષની જેમ નીચે પાડવાની કોશિશ ના કર. હું આ બધું ઘરમાં ભરું છું એ ભીડમાં લોકોને મદદ કરવા ભરું છું. તું જોજે. જ્યારે કોઈ મારે ત્યાં ગેસનું સિલિન્ડર લેવા આવશે, ત્યારે હું મારા પાંચમાંથી બે - ત્રણ સિલિન્ડર ફટાફટ આપી દઈશ. હું એકલી પેલા નેતાની જેમ બધો ઘાસચારો ખાઈ જવાની નથી.'

'એમ વાત છે રમલી... તો સાંભળ. હમણાં કનૈયાભાઈ મારે ઘેર આવીને બેઠા છે. એમણે મને કહ્યું કે રમલી તો ગાંડી, અણહમજુ તેમજ અનપઢ છે, એટલે બધું માગ્યા કરે. એમ કંઈ પાંચ પાંચ સિલિન્ડર લાવીને ખાલી મૂકી રાખવાની ભૂલ હું ના કરું. આખરે દેશ પ્રત્યે આપણી હો કોઈ ફરજ તો ખરી ને મોનાબહેન.'

મોના બટાકા - કાંદા લઈને ઘરે પહોંચી ત્યાં રમલીના બરાડા અને કનૈયાભાઈનું મૌન ... પાંચ પાંચ ગેસના બાટલાએ તો ભારે આગ લગાડી હોં! ■

વિશેષ

રાજેશ યાજ્ઞિક
feedback.ladki@bombaysamachar.com

# આ દૃષ્ટિહીન યુટ્યૂબ સ્ટારને ઓળખો છો?

**૨૦૨૧માં** જ્યારે હજી લોકો કોવિડથી થરથરતા હતા, ત્યારે એક પ્રેરણાદાયક સમાચાર સામે આવ્યા હતા. અભિનેતા સોનુ સુદે આંધ્ર પ્રદેશમાં પોતાના ટ્રસ્ટના માધ્યમથી એક ઓક્સિજન પ્લાન્ટ સ્થાપ્યો હતો. તેનું ઉદ્‌ઘાટન કોઈ અભિનેતા નહીં, કોઈ નેતા પણ નહીં, પરંતુ એક એવી મહિલાના હાથે કરવામાં આવ્યું હતું જે એક યુટ્યૂબ સ્ટાર હતી.

પણ પ્રેરણાદાયક વાત એ નથી. મહત્ત્વની વાત એ છે કે આ યુટ્યૂબ સ્ટારે પોતાનું પાંચ મહિનાનું પેન્શન સોનુ સુદનાં ટ્રસ્ટને દાન આપ્યું હતું. તેનાથી પણ વધુ આશ્ચર્યજનક વાત એ કે આ યુટ્યૂબ સ્ટાર ૯૫% દૃષ્ટિહીન છે! ઈશ્વરે જેમને બધાં જ અંગો સાબૂત આપ્યા છે, તેમના માટે અપંગતા એક હૃદયદ્રાવક નબળાઈ છે, પરંતુ અનેક વિકલાંગોએ સાબિત કર્યું છે કે પ્રતિભા હોય અને સંઘર્ષ કરવાની તૈયારી હોય તો તેઓ કોઈપણ સક્ષમ વ્યક્તિ સાથે સ્પર્ધા કરી શકે છે. આપણે જેની વાત કરી રહ્યા છીએ તે મહિલાનું નામ છે, બોડ્ડુ નાગા લક્ષ્મી.

પ્રખ્યાત તેલુગુ યુટ્યૂબ સર્જક, આદિ રેડ્ડી ઉર્ફે બોડ્ડુ વેંકટ ઓડી નારાયણ રેડ્ડીની બહેન, જે દૃષ્ટિની ક્ષતિ હોવા છતાં પોતે એક સફળ અને સૌથી પ્રિય તેલુગુ યુટ્યૂબ સર્જક છે. લક્ષ્મી ડાબી આંખમાં સંપૂર્ણપણે દૃષ્ટિહીન થઇ ગઈ છે અને જમણી આંખમાં તેની દૃષ્ટિ માત્ર ૫ ટકા જ રહી છે.

બોડ્ડુ નાગા લક્ષ્મી જન્મથી જ દૃષ્ટિની તકલીફથી પીડાતી હતી. ધીમેધીમે તેની દ્રષ્ટિ ઓછી થતી જઈ રહી હતી. તેનો પરિવાર તેના માટે ખૂબ મોટો આધાર હતો. ખાસ કરીને તેનો ભાઈ, આદિ રેડ્ડી હંમેશાં તેને ટેકો આપવા માટે હાજર રહેતો હતો. તેમની માતાનું મૃત્યુ થયાં પછી ઘર ચલાવવાની જવાબદારી લક્ષ્મીના માથે હતી. પિતાની તબિયત પણ સારી નહોતી રહેતી. પોતે પણ દૃષ્ટિની સમસ્યાથી પીડાતી હોવાથી પિતાની સંભાળ રાખવી, ભાઈને આધાર આપવો એ અત્યંત કઠિન કાર્ય હતું. પણ લક્ષ્મીએ જરાય હિંમત હાર્યા વિના આ પડકાર ઝીલી લીધો હતો. બોડ્ડુ નાગા લક્ષ્મી અને તેના ભાઈ આદિ રેડ્ડીએ જીવનમાં સફળતા મેળવતા પહેલા આર્થિક અને માનસિક બંને રીતે સંઘર્ષોનો સામનો કર્યો હતો.



બોડ્ડુ નાગા લક્ષ્મી

તેનો ભાઈ યુટ્યૂબર બનવા માગતો હતો, જેના માટે તે મહેનત પણ કરી રહ્યો હતો. પણ આ કાર્ય જેટલું દેખાય છે તેટલું સહેલું નહોતું. જ્યાં સુધી તેમાં સફળતા ન મળે ત્યાં સુધી કમાણી ન થાય. તેવા સમયે પણ લક્ષ્મી જ તેનો આધાર બનીને ઊભી રહી હતી. લક્ષ્મીએ ૧૦ વર્ષની નાની ઉંમરથી જ પરિવારનું ગુજરાન ચલાવવા માટે વિવિધ નોકરીઓ કરવાનું શરૂ કરી દીધું હતું. લોકો એવો વિચાર કરે કે એક દિવ્યાંગને મદદની જરૂર પડે, તેવા સમયે આ દિવ્યાંગ દીકરી પરિવારનો આધારસ્તંભ બનીને ઊભી રહી હતી

તેના ભાઈની યુટ્યૂબ કારકિર્દી ૨૦૧૮ માં શરૂ થઈ જ્યારે તે બિગ બોસ તેલુગુ સમીક્ષાઓ, મૂવી સમીક્ષાઓ કરવા અને વર્ચ્યુઅલ ક્રિકેટમાં સફળ થવાની પદ્ધતિઓ વિશે માહિતી ફેલાવવા માટે લોકપ્રિય બન્યો. ભાઈની સફળતાને લક્ષ્મીએ નજીકથી જોઈ હતી. એટલે તેણે પણ પોતાનું નસીબ અજમાવવાનું નક્કી કર્યું. તેની પાસે એકમાત્ર કળા હતી, તે હતી રસોઈ કળા. પણ એક દૃષ્ટિહીન વ્યક્તિ માટે યુટ્યૂબર બનવું કેવી રીતે શક્ય બને? કોણ તેને જુએ? એવો વિચાર સ્વાભાવિક છે. પણ લક્ષ્મીને પોતાની પ્રતિભા પર એટલો ભરોસો હતો કે તેણે પોતાનામાં ખોટા વિચારો આવવા જ ન દીધા.

તેના વીડિયોની ખાસિયત તેની સરળતા છે. તે લોકોને કોઈપણ વાનગી ખૂબ જ સરળ રીતે કેવી રીતે બનાવવી તે શીખવે છે, નેલ્લોર પપ્પુ ચારુ (આંધ્ર રાંધણકળામાંથી એક સરળ દાળની વાનગી) અને રાગી પુટ્ટુ (રાગીના લોટ અને નારિયેળમાંથી બનેલી પૌષ્ટિક વાનગી, પુટ્ટુ અથવા સ્ટીમરમાં રાંધવામાં આવે છે) જેવી જટિલ વાનગી પણ. તેની શીખવવાની સરળતા, તેની સાદગી અને સાથે વાનગી બનાવવાની સાવ સરળ રીતે લોકોના દિલ એવા જીતી લીધા છે કે તેની દૃષ્ટિહિનતા તરફ લોકોનું ધ્યાન સુધ્ધાં નથી જતું. તેના ભાઈના લગ્ન પછી પોતાની ભાભીને પણ તેણે પોતાની સાથે પોતાની ચેનલમાં સામેલ કરી. આજે તેમની ચેનલના ૩ કરોડ વ્યૂઅર્સ થઇ ગયા છે અને તેની ચેનલના ૨.૫ લાખથી વધુ સબ્સ્ક્રાઇબર્સ છે, જે તેની રસોઈ શૈલી અને સરળતાના ચાહક છે.

બોડ્ડુ નાગા લક્ષ્મીની સૌથી પ્રેરણાદાયક વાત એ છે કે પોતે દિવ્યાંગ છે તેના રોદણાં રડીને, સમાજના દાન અને મદદના આધારે જીવન ગાળવાની વૃત્તિ નથી રાખી, પણ પોતાની પ્રતિભા અને મહેનતના જોરે પોતાના જીવનનું સર્જન કર્યું અને સફળતા મેળવી છે. ઊલટું બોડ્ડુ નાગા લક્ષ્મી પોતે પરોપકાર કરવામાં માને છે અને સતત સામાજિક કાર્ય કરી રહી છે. તેમણે પોતાના પેન્શનના પાંચ મહિના કોરોના રાહત વિતરણ માટે દાનમાં આપ્યા હતા. તેણે પોતાની યુટ્યૂબ ચેનલની આવક પણ દાનમાં આપી હતી, જેમાંથી ૨૫૦૦૦ સોનુ સૂદ ફાઉન્ડેશનને ઓક્સિજન પ્લાન્ટના નિર્માણ માટે અને ૨૫૦૦૦ મુખ્યમંત્રી રાહત ભંડોળમાં આપ્યા હતા.

તેના જીવનનું હવે એકમાત્ર લક્ષ્ય વધુને વધુ લોકોના હૃદયને સ્પર્શ કરવાનું અને તેમના જીવનને વધુ સારું બનાવવામાં મદદ કરવાનું છે. ■

વિશેષ પ્લસ

ઝુબૈદા વલિયાણી
feedback.ladki@bombaysamachar.com

# શણગાર

## બ્યૂટીને પાણીદાર બનાવતી વૉટરથેરપી!

ઉનાળાની સિઝનમાં જ્યાં ચામડી સહેજ કાળી પડી જાય છે, ત્યાં ડિહાઈડ્રેશનથી પણ તકલીફો થાય છે.

– આવામાં તમારા માટે વૉટરથેરેપી શ્રેષ્ઠ છે. એના મારફત તમે ચામડીને ફ્રેશ રાખી શકો છો.

– ખાસ વાત એ છે કે એની દરેક ટ્રીટમેન્ટ નેચરલ છે:

**હાઈડ્રોસ્ટેટિક ઈફેક્ટ**

* પાણીમાં કસરત કરવી ખૂબ જ હળવાશભર્યું હોય છે.

– આ રીતે ન તો શરીરનું ટેમ્પરેચર વધે છે કે ન તો પરસેવો થાય છે.

– આ સિવાય પાણીના હાઈડ્રોસ્ટેટિક ઈફેક્ટના કારણે મસાજ જેવું અનુભવાય છે.

* લોહી સર્ક્યુલેશન વધે છે અને

* મસલ્સમાં લચીલાપણું આવે છે.

**સુપરહાઈડ્રેટોર**

– આ ટ્રીટમેન્ટનો ઉપયોગ કોરી ચામડીને મોઈશ્ચરાઈઝ કરવા માટે કરવામાં આવે છે.

* એમાં મશીન મારફત પાણીની અંદર પ્રેસરથી પાણી નાખવામાં આવે છે.

* જતી રહેલા ટેક્શ્ચરને પાછા મેળવવા માટે પણ આ ટ્રીટમેન્ટની ત્રણથી ચાર સીટિંગ પૂરતી રહે છે.

**હાઈડ્રોથેરેપી ભગાવે સ્ટ્રેસ.**

– વ્હાલી લાડકી પૂર્તિની જિજ્ઞાસુ વાચક-બહેન-દીકરીઓ!

– તમારામાંથી ઘણાને કદાચ જાણ નહીં હશે કે ચામડીના સ્ટ્રેસને દૂર ભગાવવા માટે હાઈડ્રોથેરેપી અસરકારક હોય છે.

– એનાથી ચામડી અને મસલ્સ તો રિલેક્સ થાય છે જ, ઉપરાંત

* ફેફસાં

* હૃદય અને

* પેટ વગેરે પણ તંદુરસ્ત રહે છે.

– અસલમાં સ્ટ્રેસ દરમિયાન શરીરની પલ્સ હાર્ડ થઈ જાય છે.

– એવામાં પાણી શરીર પર કૂલિંગ એજન્ટનું કામ કરે છે.





**મોડર્ન ડિટોક્સિફિકેશન**

– સવારે ઊઠીને સહેજ ગરમ પાણીથી ડાઈજેસ્ટિવ સિસ્ટમ સારી રહે છે.

* જેનાથી ચામડી તંદુરસ્ત રહે છે.

– પેટ પૂરી રીતે સાફ ન થવાથી શરીરમાં ટોક્સિન લેવલ વધી જશે, જેનાથી પિંપલ્સ થઈ શકે છે.

– એ સિવાય સહેજ ગરમ પાણી પીવાથી ઑઈલી ચામડીમાંથી વધારાનું ઑઈલ પણ સાફ થઈ જાય છે.

**બનો શૉવર બેબી**

– શૉવરથી બૉડી મસલ્સ અને બૉડીના જોઈન્ટ રિલેક્સ થઈ જાય છે.

– એટલું જ નહીં,

* ચામડી પર પડવાવાળા પાણીના ગ્લોથી લોહીનું સર્ક્યુલેશન પણ વધે છે.

**થાક ભગાવે યુકેલિપ્ટસ**

– ટેન્શન અને થાકને દૂર કરવા હોય તો

* યુકેલિપ્ટસ ઑઈલ લગાવો.

* એનાથી તણાવ મિનિટોમાં દૂર થઈ જાય છે અને

* મસલ્સને પણ રિલેક્સ કરે છે.

**એક્કા રેડિયન્સ**

– એમાં જેટ સ્પ્રે ટેક્નોલોજી મારફત સુપર હાઈ સ્પીડથી જરૂર પ્રમાણે ચામડીમાં

* વિટામિન્સ,

* મિનરલ અને

* પાણી નાખવામાં આવે છે.

– હારમોનલ, * ઈન્બેલેન્સ અને

* ટેન્શનથી છુટકારો અપાવવામાં આ પ્રોસેસ ફાયદાકારક છે.

**પગ માટે ફૂટપાથ**

– પગને નેચરલ રીતે ખૂબસૂરત બનાવી રાખવા માટે ફૂટપાથ (જેમાં ખાસ પાણીની વચ્ચે ઈલેક્ટ્રા મશીન મૂકીને હળવો કરંટ આપવામાં આવે છે) પણ સારું રહે છે.

– એની મારફત વધારાના આયર્ન બહાર નીકળી જાય છે અને એ શરીરના વૉટર બેલેન્સિંગ સિસ્ટમથી બેલેન્સ થઈ જાય છે.

**સ્ટીમ ઍન્ડ સ્લિપિંગ બાથ**

– જો તમે ટેન્સ મસલ્સ અને સ્ટ્રેસના કારણે બેચેની અનુભવતા હો તો એવા સમયમાં

* હોટ શૉવર સ્ટીમ જેવું બીજું એકેય ન હોઈ શકે.

– એનાથી સ્ટ્રેસની સાથે સાથે શરીરનું જકડાવું

* દુખાવા વગેરેથી રાહત અનુભવાય છે.

**વાળનું ડીપ કન્ડિશનિંગ**

– વાળના ડીપ કન્ડિશનિંગ અને શરીરને રિલેક્સ કરવા માટે વૉટર સ્પા થેરેપી પણ આપવામાં આવે છે, જેમાં

* વૉટર સ્ટિમનો ઉપયોગ કરવામાં આવે છે.

### બ્યૂટી પાર્લર

* તેલ ગરમ કરીને માથામાં મસાજ કરો. પછી ટુવાલ લપેટીને બે કલાક માટે રહેવા દો. એનાથી માથું તેલ સારી રીતે શોષી લેશે અને વાળ મજબૂત બનશે.

* દોઢ ચમચી જવનો લોટ,

– એક ચપટી હળદર અને

– બે ચમચી દહીં મિલાવીને ચહેરા પર લગાવો.

– સુકાઈ ગયા પછી પાણીથી ધોઈ નાખો.

– એનાથી ચામડીની રંગત ખીલી ઊઠશે.

* * *

### સંસ્કૃતિની સુગંધ

** ફૂલ બન કર મુસકરાનાં જિંદગી હૈ,*
** મુસકરા કર ગમ ભુલાના જિંદગી હૈ,*
** મિલકર લોગ ખુશ હોતે હૈ તો ક્યા હુઆ,*
** બિના મિલે દોસ્તી નિભાના ભી જિંદગી હૈ* ■

ફોકસ

સંધ્યા સિંહ
feedback.ladki@bombaysamachar.com

# સનગ્લાસિસ

## સ્ટાઈલની સાથે આંખની સુરક્ષા

**માર્ચ** મહિનાથી જ ગરમીનો પારો અતિશય વધી ગયો છે. બહાર જવાના નામથી જ અકળામણ થાય છે. આમ છતાં દરરોજ કામ પર જવા માટે તો ઘરની બહાર નીકળ્યા વગર છૂટકો નથી. બહાર જઈએ એટલે પરસેવે ન્હાઈ જઈએ છીએ.

આ વર્ષે તો વૈજ્ઞાનિકો પણ વિચારતાં થઈ ગયા છે કે ભારતમાં ઉનાળો આટલો વહેલો કેમ શરૂ થઈ ગયો?

ગરમીને કારણે અનેક તકલીફો થાય છે. એમાં પણ સૌથી વધુ અગત્યનું તો આંખોની કાળજી રાખવાનું છે. આંખોમાં જેટલા પણ ઇન્ફેક્શન થાય છે એ મોટા ભાગે ગરમીમાં જ થાય છે. એથી ઉનાળો આંખોના સ્વાસ્થ્ય માટે સંવેદનશીલ છે. તાપમાન તો વધે જ છે સાથે જ પારજાંબળી કિરણો એટલે કે અલ્ટ્રાવાયોલેટ પણ વધુ સક્રિય થઈ જાય છે. આ જ કારણ છે કે યુવાઓમાં યુવી પ્રોટેક્ટેડ ગ્લાસિસનો ક્રેઝ વધ્યો છે. જે ફેશનની સાથે જ સ્વાસ્થ્ય માટે પણ જરૂરી છે.

જાણકારો મુજબ યુવી કિરણો આંખો માટે પણ એટલા જ જોખમી છે જેટલા ત્વચા માટે. લાંબા સમય સુધી તડકામાં ફરવાથી આંખોમાં બળતરા, ડ્રાયનેસ, માથાનો દુખાવો અને ઝાંખું દેખાવાની સમસ્યા થાય છે. એથી જ યુવાઓ ફેશનની સાથે જરૂરી એવી એસેસરિઝ તરફ પણ આકર્ષિત થઈ છે. એમાં જ યુવી પ્રોટેક્ટેડ ગ્લાસિસનો સમાવેશ થાય છે.

વાસ્તવમાં યુવી પ્રોટેક્ટેડ ગ્લાસિસ સામાન્ય કાળા ચશ્માં કરતા અલગ હોય છે. એમાં વિશેષ પ્રકારની લેન્સ લગાવવામાં આવે છે. જેથી સૂર્યના યુવી એ અને યુવી બી કિરણોથી રક્ષણ મળે છે. કેટલાંક ચશ્મામાં તો ૪૦૦ પ્રોટેકશન સુધીનો દાવો પણ કરવામાં આવે છે. એનો અર્થ એ થાય છે કે ૪૦૦ નેનો મીટર સુધીના તમામ અલ્ટ્રાવાયોલેટ કિરણને ફિલ્ટર કરી શકાય છે. આ સ્તર આંખો માટે સૌથી સુરક્ષિત માનવામાં આવે છે. યુવાઓમાં એની લોકપ્રિયતાનું એક કારણ એ પણ છે કે એ સલામતીની સાથે પર્સનલ સ્ટાઇલનું પણ પ્રતીક બની ગયું છે.



### યુવી પ્રોટેક્ટેડ ગ્લાસિસ ખરીદતી વખતે આ બાબતોનું રાખવું ધ્યાન

સૌથી પહેલા એ ચકાસી લેવું કે ચશ્માંની લેન્સ પર જે યુવી ૪૦૦ અથવા ૧૦૦ ટકા યુવી પ્રોટેક્શનનો જે ઉલ્લેખ કરવામાં આવ્યો છે એ ખરું છે કે નહીં. કેમ કે આ સ્તર જ આંખોને અલ્ટ્રાવાયોલેટ કિરણોથી સુરક્ષા પ્રદાન કરે છે.

બીજી અગત્યની વાત એ છે કે એમાં પોલરાઇઝ્ડ લેન્સ હોય છે. આ લેન્સ તેજ પ્રકાશ અને રસ્તા તથા પાણીને કારણે પડતાં રિફ્લેક્શનની ચમકને ઘટાડે છે. એનાથી આંખોને આરામ મળે છે. સાથે જ એ વાતનું પણ ધ્યાન રાખવું કે ફ્રેમ હલકી અને મજબૂત હોય. જેથી લાંબા સમય સુધી પહેરવાથી કોઈ તકલીફ ન થાય.

ખરીદવામાં આવેલ સન ગ્લાસિસની ફ્રેમ ચહેરાને અનુકૂળ હોય. યોગ્ય ફ્રેમ જ ચહેરાની સુંદરતા નીખારે છે. સસ્તા અને ગેરેન્ટી વગરના ચશ્માં ખરીદવાથી બચવું. કિંમત ભલે વધારે આપવી પડે પણ ક્વોલિટી પ્રોડક્ટ જ ખરીદવો, જે આંખોના સ્વાસ્થ્ય માટે યોગ્ય રોકાણ ગણાશે.

કૉલેજ કેમ્પસ, બાઈક રાઈડિંગ, ટ્રાવેલ અથવા બીચ વેકેશન પર અલગ અલગ પ્રકારનાં સન ગ્લાસિસ જોવા મળે છે. વર્તમાનમાં એવિએટર, ઓવરસાઇઝ્ડ અને સ્પોર્ટ્સ ફ્રેમ યુવાઓમાં ટ્રેન્ડ કરે છે. સોશ્યલ મીડિયામાં ઇન્ફ્લુએન્સર વરાયટીથી ભરેલાં ગ્લાસિસને લઈને સ્ટાઇલિંગ ટીપ્સ આપે છે. યુવાઓને પણ હવે સમજાવા લાગ્યું છે કે સન ગ્લાસિસ તડકાથી બચવા માટે જ નહીં, પરંતુ વ્યક્તિગત નિખારનું પણ માધ્યમ બની ગયા છે.

સૌથી અગત્યનું પરિવર્તન એ આવ્યું છે કે માર્કેટમાં હલકા, ટકાઉ અને પર્યાવરણને અનુકૂળ ફ્રેમ પણ મળે છે. કેટલીક બ્રાન્ડ વાંસ, રિસાઇકલ, પ્લાસ્ટિક અને બાયો આધારિત સામગ્રીથી બનેલી ફ્રેમ લાવે છે. એથી આવી એસરિઝ ફેશનની સાથે સસ્ટેનેબલ લાઇફસ્ટાઇલનો પણ ભાગ બની જાય છે.

ફક્ત કાળા કે ડાર્ક સન ગ્લાસિસ પહેરી લેવા પૂરતું નથી. જો એ યુવી પ્રોટેક્ટેડ નહીં હોય તો આંખોને નુકસાન પહોંચાડે છે. એને કારણે આંખોની કીકીને ફેલ કરી શકે છે. એથી ચશ્માં ખરીદતી વખતે એના પ્રોટેક્શનના પ્રમાણને તપાસી લેવું.

ડૉક્ટર્સનું પણ માનવું છે કે જેમને લાંબો સમય સુધી તડકામાં ફરવાનું હોય, બાઈક ચલાવતાં હોય, ખેલાડીઓ, ટ્રાવેલર્સ અને આઉટડોર રહેતા લોકો માટે યુવી પ્રોટેક્ટેડ સન ગ્લાસિસ ખૂબ ઉપયોગી હોય છે. ■

ફોકસ પ્લસ

પ્રતિમા અરોરા
feedback.ladki@bombaysamachar.com

# બકેટ હેટ યુવાનોની નવી હોટ એક્સેસરીઝ

**ફેબ્રુઆરી** અને માર્ચનો હળવો તડકો, કોલેજ કેમ્પસની ધમાલ અને ઇન્સ્ટાગ્રામ રીલ્સનો પ્રકાશ. આ બધા વચ્ચે, એક એક્સેસરી ઝડપથી ઊભરી આવી છે: બકેટ હેટ. હા, એ જ ટોપી જે એક સમયે માછીમારો અને બહાર કામ કરતા કામદારો માટે ઉપયોગી ટોપી માનવામાં આવતી હતી, તે આજકાલ યુવાનો માટે સ્ટાઇલ સ્ટેટમેન્ટ બની ગઈ છે.

આ હેટ નવા રંગો, નવી પ્રિન્ટ અને યુવાનો માટે એક નવો આત્મવિશ્વાસ લઈને આવી છે.



**સ્ટ્રીટવેરનો વારસો**

યુવાનોમાં છેલ્લા કેટલાંક વર્ષોમાં 'સ્ટ્રીટ વેર ફેશન'ની લોકપ્રિયતા ઘણી વધી છે. ઓવર સાઇઝ્ડ ટી-શર્ટ, કાર્ગો પેન્ટ, સ્નીકર્સ અને સ્લિમ બેગની સાથે બકેટ હેટ એક સંતુલિત અને કૂલ લુક આપે છે. આ માત્ર તડકાથી બચાવતી જ નથી, પરંતુ વ્યક્તિના વ્યક્તિત્વને પણ જાહેર કરે છે. ખાસ કરીને પેસ્ટલ કલર, ટાઈ-ડાઈ પ્રિન્ટ, ગ્રાફિક પેટર્ન અને બ્રાન્ડેડ લોગોવાળી બકેટ હેટ્સ કોલેજ કેમ્પસ અને મ્યુઝિક ફેસ્ટિવલમાં પોતાનો એક અલગ પ્રભાવ વિખેરે છે.

**સેલિબ્રિટીઝનો ઓરા**

ઇન્સ્ટાગ્રામ, પ્રિન્ટરેસ્ટ અને યુટ્યૂબ જેવા પ્લેટફોર્મ પર ફેશન ઇન્ફ્લુએન્સર્સે બકેટ હેટને નવું જીવનદાન આપ્યું છે. એરપોર્ટ લુકથી લઈને બીચ વેકેશન સુધી ઘણા યુવાનો અને સેલિબ્રિટીઓ તેને પહેરતા જોવા મળે છે. સામાન્ય રીતે જ્યારે કોઈ સેલિબ્રિટી સાધારણ ટી-શર્ટ અને જીન્સ સાથે બકેટ હેટ પહેરે છે, ત્યારે અવારનવાર તેનો આ લુક વાઇરલ થઈ જાય છે. આનાથી આ એક્સેસરી 'એવરી ડે સ્ટાઈલ'નો હિસ્સો બની ગઈ છે. સાથે જ આમાં એક ખાસ વાત એ છે કે તે 'જેન્ડર ન્યુટ્રલ' અપીલ ધરાવે છે. બકેટ હેટની સૌથી મોટી તાકાત તેનું આ જ યુનિક કેરેક્ટર છે. છોકરીઓ અને છોકરાઓ બંને તેને સરખા જ આત્મવિશ્વાસથી પહેરે છે. છોકરીઓ તેને ક્રોપ ટોપ અને સ્કર્ટ સાથે પહેરે છે, તો છોકરાઓ તેને ઓવર સાઇઝ્ડ શર્ટ અને શોર્ટ્સ સાથે. આ સમાવિષ્ટ ફેશનનું ઉદાહરણ છે, જ્યાં કોઈ કડક લિંગ સીમાઓ નથી.



**મોટાભાગની ઋતુઓ માટે પરફેક્ટ**


ફેબ્રુઆરીના અંતમાં અને માર્ચના પ્રથમ અઠવાડિયામાં ભારતમાં ગરમીનો અનુભવ થવા લાગે છે. ત્યારે બકેટ હેટની પહોળી કિનારી ચહેરા અને આંખોને સીધા સૂર્યપ્રકાશથી બચાવે છે. કોટન અને ડેનિમ ફેબ્રિકની આ હેટ હવાની અવરજવર માટે અનુકૂળ હોય છે, જે ગરમીમાં તેને આરામદાયક બનાવે છે. આ જ કારણ છે કે તે સ્ટાઇલ અને કમ્ફર્ટનું શ્રેષ્ઠ ઉદાહરણ બની ગઈ છે. પરંતુ વાત માત્ર આટલી જ નથી. આનું ફરીથી ચલણમાં આવવું એ ખરેખર ૯૦ના દાયકાના પુનરાગમનને ચિહ્નિત કરે છે. લો-વેસ્ટ જીન્સ, ચોકર અને હવે બકેટ હેટ. નિઃશંકપણે, આ નોસ્ટાલ્જીયા યુવાનોને ભૂતકાળની યાદો સાથે જોડે છે. રેટ્રો સ્ટાઇલનું આ મિશ્રણ જૂનું હોવા છતાં નવા આકર્ષણનો ઉત્સાહ પેદા કરે છે.

**મિનિમલથી સ્ટેટમેન્ટ સુધી**

બકેટ હેટમાં ઘણી વિશેષતાઓ છે. તે બે છેડાઓ વચ્ચે સંતુલન જાળવે છે. એક તરફ તે એક જ રંગનો એટલે કે સાદો અથવા 'મિનિમલ લુક' આપે છે, તો બીજી તરફ તે ચમકદાર પ્રિન્ટ કે જાણીતા લોગો સાથે 'બોલ્ડ સ્ટેટમેન્ટ' બની જાય છે. વાસ્તવમાં આ લવચીકતા તેને બધી ફેશનમાં એક એક વ્યવહારુ વિકલ્પ બનાવે છે. માત્ર ફેબ્રુઆરી-માર્ચમાં જ નહીં, પરંતુ મે અથવા ઓગસ્ટ-સપ્ટેમ્બરના કોલેજ ફેસ્ટમાં પણ તે પોતાની જગ્યા બનાવી લે છે. આઉટડોર ઇવેન્ટ્સ અને ટ્રાવેલ પ્લાન્સમાં તો તે ખાસ દેખાય છે. એક તરફ તે તડકા અને ધૂળ વગેરેથી વ્યવહારુ રક્ષણ આપે છે, તો બીજી તરફ સ્ટાઇલનો જલવો પણ છે. તેથી, બકેટ હેટ માત્ર માથું ઢાંકવાનું સાધન નથી, તે એક યુવા વિચાર છે; આત્મવિશ્વાસ અને વ્યક્તિત્વનું પ્રતીક છે. બકેટ હેટ સાથેનો આ સંબંધ સંકેત આપે છે કે યુવા પેઢી ટ્રેન્ડને માત્ર ફોલો નથી કરતી, તેને પોતાની શૈલીમાં ઢાળે પણ છે. કદાચ આ જ કારણ છે કે ૨૦૨૬ની શરૂઆતમાં બકેટ હેટ ફરી એકવાર યુવાનોમાં ફેશન આઇકોન બની ગઈ છે. ■

## પાકિસ્તાન સુપર લીગમાં હાસ્યાસ્પદ ઘટના

# જોરદાર પવન ફૂંકાતાં કવર ઊડી ગયું, મેદાન પરના માળીઓ નીચે પડ્યા, અમુક દૂર ફેંકાયા



લાહોરઃ પાકિસ્તાન સુપર લીગ (પીએસએલ)માં મંગળવારે જબરી હાસ્યાસ્પદ ઘટના બની ગઈ જેમાં લાહોરના ગદ્દાફી સ્ટેડિયમમાં ઇસ્લામાબાદ યુનાઇટેડ અને પેશાવર ઝલ્મી ટીમ વચ્ચેની મૅચ વખતે ટૉસ અગાઉ ભારે વરસાદની સાથે જોરદાર પવન પણ ફૂંકાયો હતો જેને કારણે પિચ પરનું વિશાળ અને વજનદાર કવર ઊડ્યું એ સાથે મેદાનના કેટલાક માળીઓ નીચે પડી ગયા હતા અને અમુક માળીઓ કવરના વજનને કારણે દૂર ફેંકાઈ ગયા હતા.

સલામતીના કારણસર પીએસએલમાં પ્રેક્ષકોને આવવાની મનાઈ છે. જોકે મેદાન પર આ મૅચ પહેલાં જેટલા પણ લોકો હાજર હતા તેઓ મૂંઝાઈ ગયા હતા, ભાગદોડ મચી ગઈ હતી અને નાટ્યાત્મક બનાવો બન્યા હતા.

ભારે પવન ફૂંકાતાં પિચ પરનું કવર ઊડવા લાગ્યું ત્યારે એના પર ઊભેલા કેટલાક મજૂરો સમતોલપણું ગુમાવતાં નીચે પડી ગયા હતા અને કેટલાક પર વજનદાર કવર આવી પડતાં તેઓ દૂર ફંગોળાઈ ગયા હતા.

પવન ધાર્યા કરતાં વધુ વેગ સાથે ફૂંકાયો હતો જેને લીધે મજૂરોના હાથમાંથી કવરના છેડા છૂટી ગયા હતા. એકધારો વરસાદ પણ પડ્યો હતો અને થોડી વાર માટે તો માળીઓ એકમેકને પણ મદદ નહોતા કરી શક્યા. છેવટે વરસાદને કારણે આ મૅચ રમાઈ જ નહોતી. ■

## દિલ્હીએ હારને જીતમાં પલટાવી

લખનઊઃ અહીં બુધવારે આઇપીએલની લૉ-સ્કોરિંગ મૅચમાં લખનઊ (૧૮.૪ ઓવરમાં ૧૪૧) સામે દિલ્હી (૧૭.૧ ઓવરમાં ૪/૧૪૫)એ છ વિકેટે વિજય મેળવ્યો હતો. સમીર રિઝવી (૭૦ અણનમ, ૪૭ બૉલ, ચાર સિક્સર, પાંચ ફોર) અને ટ્રિસ્ટેન સ્ટબ્સ (૩૯ અણનમ, ૩૨ બૉલ, એક સિક્સર, ત્રણ ફોર) ૧૧૯ રનની અતૂટ ભાગીદારી કરીને અણનમ રહ્યા હતા. શરૂઆતમાં દિલ્હીની ટીમ ૨૬ રનમાં ચાર વિકેટ ગુમાવી બેઠી હતી જેમાં કે. એલ. રાહુલ, નિસાન્કા, નીતીશ રાણા અને કૅપ્ટન અક્ષર પટેલનો સમાવેશ હતો. બે વિકેટ પ્રિન્સ યાદવે તથા એક-એક વિકેટ મોહમ્મદ શમી અને મોહસિન ખાને લીધી હતી. આજે ઈડન ગાર્ડન્સમાં કોલકાતા નાઇટ રાઇડર્સ વિરુદ્ધ સનરાઇઝર્સ હૈદરાબાદ વચ્ચે મુકાબલો (સાંજે ૭.૩૦ વાગ્યાથી) છે. ■

## મુંબઈના ભૂતપૂર્વ ક્રિકેટર અનિલ ગુરવનું નિધન, સચિને પ્રથમ સેન્ચુરી તેમના બૅટથી ફટકારેલી

મુંબઈઃ મુંબઈના ભૂતપૂર્વ બૅટ્સમૅન અને દ્રોણાચાર્ય પુરસ્કાર વિજેતા કોચ સ્વ. રમાકાંત આચરેકરના સૌથી લાડકા શિષ્યોમાં ગણાતા અનિલ ગુરવનું મંગળવારે નાલાસોપારામાં તેમના નિવાસસ્થાને ૫૯ વર્ષની વયે અવસાન થયું હતું. શારદાશ્રમ વિદ્યામંદિર સ્કૂલમાં સચિન તેન્ડુલકર તથા વિનોદ કાંબળીના સિનિયર સ્ટૂડન્ટ ગુરવને મિત્રો 'વિવિયન રિચર્ડ્સ ઑફ મુંબઇ' કહીને બોલાવતા હતા. ગુરવ સ્ક્વેર કટ માટે તેમ જ લેગ સાઇડ પરના શૉટ રમવા માટે જાણીતા હતા. સચિને કરીઅરની (આંતર-સ્કૂલ ટૂર્નામેન્ટમાં) પ્રથમ સેન્ચુરી ગુરવના બૅટથી ફટકારી હતી. એક સમય હતો જ્યારે કોચ આચરેકર સચિન-કાંબળીને નેટમાં ખાસ કરીને ગુરવ સહિતના સિનિયર ક્રિકેટરોની બૅટિંગ જોવાની અને એમાંથી કંઈક શીખવાની સલાહ આપતા હતા. પીટીઆઇને આ જાણકારી મુંબઈના પીઢ પિચ ક્યૂરેટર નદીમ મેમણે આપી હતી.

સચિન તેન્ડુલકરથી અનિલ ગુરવ આઠ વર્ષ મોટા હતા. ગુરવ મુંબઈમાં અન્ડર-૧૬ તથા અન્ડર-૧૯ ટીમ વતી રમ્યા હતા. તેઓ અનેક ટ્રોફી જીત્યા હતા. ■

## પંજાબ જીતતાં જ કૅપ્ટન શ્રેયસની બહેને ભાંગડા શરૂ કરી દીધા!



ન્યૂ ચંડીગઢઃ અહીં મુલ્લાંપુરમાં મંગળવારે શ્રેયસ ઐયર (૧૮ રન, ૧૧ બૉલ, બે સિક્સર)નો બૅટિંગ-પર્ફોર્મન્સ ખાસ કંઈ વખાણવા જેવો નહોતો, પરંતુ તેની કૅપ્ટન્સીમાં પંજાબ કિંગ્સની ટીમ ગુજરાત ટાઇટન્સ સામેના રોમાંચક મુકાબલામાં ત્રણ વિકેટે જીતી ગઈ એનાથી ખુશ થઈને શ્રેયસ ઐયરની બહેન શ્રેષ્ઠા ઐયર ખૂબ નાચી હતી. નવોદિત ઑસ્ટ્રેલિયન બૅટ્સમૅન કૂપર કૉનોલીએ ફોર ફટકારતાં પંજાબનો વિજય થયો હતો અને શ્રેષ્ઠાએ 'જો બોલે સો નિહાલ, સત શ્રી અકાલ...'ની બૂમો પાડીને ભાંગડા શરૂ કરી દીધા હતા અને આનંદના આવેશમાં મોટે મોટેથી ગીતો ગાવા લાગી હતી. કૂપર કૉનોલીએ ૪૪ બૉલમાં પાંચ છગ્ગા અને પાંચ ચોગ્ગાની મદદથી અણનમ ૭૨ રન કર્યા હતા. ગુજરાતે છ વિકેટે ૧૬૨ રન કર્યા બાદ પંજાબે કેટલાક ઉતાર-ચઢાવ બાદ છેવટે ૧૯.૧ ઓવરમાં સાત વિકેટે ૧૬૫ રન કરીને વિજય બદલ બે પૉઇન્ટ મેળવ્યા હતા. ■

## ઈટલી સતત ત્રીજી વખત ફિફા વર્લ્ડ કપમાં નહીં રમી શકે, નવો વિશ્વ વિક્રમ રચાયો

ઝેનિકા (બોસ્નિયા): ફિફા ફૂટબૉલ વર્લ્ડ કપમાં ચાર વખત ટાઇટલ જીતનાર ઇટલીની ટીમ સતત ત્રીજી વખત વર્લ્ડ કપમાં નહીં રમી શકે. ઈટલી માટે બોસ્નિયા ઍન્ડ હર્ઝેગોવિના સામેની (ભારતીય સમય મુજબ મંગળવારે મધરાત પછીની) પ્લે-ઑફની મૅચ નિર્ણાયક હતી અને એમાં ઈટલી હારી જતાં વર્લ્ડ કપના પ્રવેશથી વંચિત રહ્યું છે. બોસ્નિયા વર્લ્ડ કપમાં પ્રવેશ મેળવવામાં સફળ રહ્યું છે.

એક્સ્ટ્રા ટાઈમના અંતે બંને ટીમ ૧-૧ની બરાબરીમાં હતી. મુખ્ય મૅચમાં ઈટલી વતી મોઇઝ કીને ૧૫મી મિનિટમાં ઈટલીને ૧-૦ની સરસાઈ અપાવી હતી. પછીથી ઈટલીના એક ડિફેન્ડરને રેડ કાર્ડ બતાવવામાં આવતા ઈટલીની ટીમ ૧૧માંથી ૧૦ ખેલાડીની થઈ જતાં બોસ્નિયાએ લાભ ઉઠાવ્યો હતો અને ૭૯મી મિનિટમાં હૅરિસ તબાકૉવિચે ગોલ કરીને બોસ્નિયાને ૧-૧ની બરાબરી અપાવી દીધી હતી.

જોકે ત્યાર બાદ છેક સુધી સ્કોર સમાન (૧-૧) રહેતાં પેનલ્ટી શૂટઆઉટમાં બોસ્નિયાએ ઈટલીને ૪-૧થી હરાવી દીધું હતું અને ઈટલી માટે સતત ત્રીજી વખત વર્લ્ડ કપનો દરવાજો બંધ થઈ ગયો હતો. ફિફા વર્લ્ડ કપનો કોઈ ભૂતપૂર્વ ચૅમ્પિયન દેશ લાગલગાટ ત્રણ વખત વર્લ્ડ કપથી વંચિત રહ્યો હોય એવું પહેલી જ વખત બન્યું છે. આ નવો વિશ્વવિક્રમ છે.

ફિફા વર્લ્ડ કપ અઢી મહિના પછી અમેરિકા, કેનેડા અને મેક્સિકોમાં સંયુક્ત રીતે રમાવાનો છે. ઈટલી પાછલા બન્ને વર્લ્ડ કપ નહોતું રમી શક્યું અને આ વખતે પણ નહીં રમી શકે. એણે ફિફા વર્લ્ડ કપથી વંચિત રહેવાની અનિચ્છનીય હૅટ-ટ્રિક નોંધાવી છે.

ઇટલી આ અગાઉ ૨૦૧૮માં અને ૨૦૨૨માં ફિફા વર્લ્ડ કપમાં પ્રવેશ નહોતું કરી શક્યું. એ બન્ને વર્ષની પ્લે-ઑફમાં ઇટલીની ટીમને અનુક્રમે સ્વિડન અને નૉર્થ મેસડૉનિયાની ટીમે પરાજિત કરી હતી. હવે ૧૨ વર્ષે ઇટલીને વર્લ્ડ કપમાં પુનઃપ્રવેશ કરવાનો ફરી મોકો મળ્યો હતો, પણ અઝુરી તરીકે ઓળખાતી ઇટલીની ટીમે એ ગુમાવ્યો છે. ઈટલી છેલ્લે ૨૦૦૬માં ટાઇટલ જીત્યું હતું.

### સૌથી મોટા ફિફા વર્લ્ડ કપ માટે ક્વૉલિફાય થયેલો છેલ્લો દેશ છે ઈરાનનો પાડોશી ઈરાક

મૉન્ટેરી (મેક્સિકો): આગામી ૧૧મી જૂને અમેરિકા, મેક્સિકો અને કેનેડામાં યોજાનારા ફિફા ફૂટબૉલ વર્લ્ડ કપમાં કુલ ૪૮ દેશ ભાગ લેશે અને એમાંનો ૪૮મો દેશ ભારતીય સમય મુજબ મંગળવારે મધરાત બાદ નક્કી થયો હતો અને એ દેશનું નામ છે ઇરાક. હાલમાં અમેરિકા અને ઇઝરાયલ સામે યુદ્ધમાં ઊતરેલા ઇરાનના પાડોશી દેશ ઇરાકે બે ખંડ વચ્ચેની પ્લે-ઑફમાં બોલિવિયાને ૨-૧થી હરાવીને વર્લ્ડ કપમાં રમવા માટેની લાયકાત મેળવી લીધી હતી.

ઇટલીને પ્લે-ઑફમાં બોસ્નિયાએ હરાવી દીધું ત્યાં બીજી તરફ સ્વિડને પોલૅન્ડને ૩-૨થી, ટર્કીએ કૉસોવોને ૧-૦થી અને ચેક રિપબ્લિકે ડેન્માર્કને પેનલ્ટી શૂટઆઉટમાં હરાવીને વર્લ્ડ કપમાં એન્ટ્રી કરી હતી.

#### ફિફા વર્લ્ડ કપના કયા ગ્રૂપમાં કોણ?

ગ્રૂપ-એઃ મેક્સિકો, સાઉથ કોરિયા, ચેક રિપબ્લિક, સાઉથ આફ્રિકા
ગ્રૂપ-બીઃ કેનેડા, બોસ્નિયા, કતાર, સ્વિટ્ઝરલૅન્ડ
ગ્રૂપ-સીઃ બ્રાઝિલ, મોરોક્કો, હૈતી, સ્કૉટલૅન્ડ
ગ્રૂપ-ડીઃ અમેરિકા, પારાગ્વે, ઑસ્ટ્રેલિયા, ટર્કી
ગ્રૂપ-ઇઃ જર્મની, ક્યૂરસૉ, આઇવરી કોસ્ટ, ઇક્વેડોર
ગ્રૂપ-એફઃ નેધરલૅન્ડ્સ, જાપાન, સ્વિડન, ટ્યૂનિશિયા
ગ્રૂપ-જીઃ ઇરાન, બેલ્જિયમ, ઇજિપ્ત, ન્યૂ ઝીલૅન્ડ
ગ્રૂપ-એચઃ સાઉદી અરેબિયા, સ્પેન, કેપ વર્ડે, ઉરુગ્વે
ગ્રૂપ-આઇઃ ઇરાક, ફ્રાન્સ, સેનેગલ, નોર્વે
ગ્રૂપ-જેઃ આર્જેન્ટિના, જોર્ડન, ઑસ્ટ્રિયા, અલ્જિરિયા
ગ્રૂપ-કેઃ પોર્ટુગલ, કૉન્ગો, ઉઝબેકિસ્તાન, કૉલમ્બિયા
ગ્રૂપ-એલઃ ઇંગ્લૅન્ડ, ક્રોએશિયા, ઘાના, પનામા. ■

## ફ્લાઇટનો સમય થઈ ગયો એટલે બોલર મૅચ અધવચ્ચેથી છોડીને ઍરપોર્ટ ભેગો થઈ ગયો!

### સાઉથ આફ્રિકાનું ક્રિકેટ બોર્ડ બેયર્સ સ્વૉનેપૂલ વિરુદ્ધ પગલાં લેશે



જોહનિસબર્ગઃ દાયકાઓ પહેલાં ક્યારેક એવું બનતું કે જ્યારે ટેસ્ટ મૅચ ચાલુ હોવા છતાં વિદેશી ખેલાડીઓના જહાજનો જો સમય નજીક આવી જતો ત્યારે તેઓ (આખી ટીમ) અધવચ્ચેથી ટેસ્ટ પડતી મૂકીને સ્વદેશ જવા રવાના થઈ જતા હતા જેનું કારણ એ હતું કે ત્યાર બાદ બીજા લગભગ અઠવાડિયા સુધી તેમના દેશ તરફ જનારું જહાજ ન આવવાનું હોવાથી તેમણે આવું કરવું પડતું હતું. રવિવારે સાઉથ આફ્રિકાના જોહનિસબર્ગમાં લગભગ એવી જ ઘટના બની હતી. જોકે આ કિસ્સામાં આખી ટીમ નથી, પણ માત્ર એક ખેલાડીની વાત છે.

સાઉથ આફ્રિકા ક્રિકેટ બોર્ડની પ્રૉવિન્શિયલ ચૅલેન્જ વન-ડે ચૅલેન્જ નામની ટૂર્નામેન્ટની એક મૅચ ચાલી રહી હતી. આઠ ઓવર બાકી હતી ત્યારે સાઉથ આફ્રિકાનો ઑલરાઉન્ડર બેયર્સ સ્વૉનેપૂલ નામનો ઑલરાઉન્ડર ઇંગ્લૅન્ડ જવા માટેની ફ્લાઇટનો સમય નજીક આવી ગયો હોવાથી (મૅચમાં આઠ ઓવર બાકી હોવા છતાં) અચાનક મૅચ છોડીને ઍરપોર્ટ જવા રવાના થઈ ગયો હતો. તે લાયન્સ નામની જે ટીમ વતી રમ્યો એ ટીમ છેવટે હારી ગઈ હતી.

ટાઇટન્સ સામેની મૅચમાં લાયન્સ ટીમ વતી રમેલા બેયર્સે ૧૦ ઓવર પૂરી કરી હતી અને ૪૪ રનમાં ત્રણ વિકેટ લીધી હતી. લાયન્સ ટીમે ૫૦ ઓવરમાં નવ વિકેટે ૨૪૮ રન કર્યા હતા.

જોકે પછીથી ફીલ્ડિંગ દરમ્યાન મૅચના છેવટના ભાગમાં બેયર્સ યુ. કે. જવા રવાના થઈ ગયો હતો, કારણકે ત્યાં તેણે વુસ્ટશર નામની કાઉન્ટી ટીમ વતી રમવા માટેનો કરાર કર્યો હતો. લાયન્સની ટીમના ખેલાડીઓને સાથી-પ્લેયર બેયર્સની આ યોજનાની અગાઉથી જાણ જ નહોતી. તે મેદાનની બહાર ગયો ત્યારે ખેલાડીઓને થયું કે તેને ઈજા થઈ હશે એટલે મેદાન છોડીને જતો રહ્યો. હરીફ ટીમે લાયન્સને બેયર્સના સ્થાને સબસ્ટિટ્યૂટ લેવાની છૂટ આપી હતી. જોકે બેયર્સે ડ્રેસિંગ રૂમમાં અન્ય ખેલાડીઓને ગુડબાય કહીને સ્ટેડિયમમાંથી રવાના થઈ ગયો હતો અને સાંજની ૭.૩૦ વાગ્યાની ફ્લાઇટ પકડી લીધી હતી. હકીકતની જાણ થતાં હરીફ ટીમે લાયન્સને સબસ્ટિટ્યૂટની મનાઈ કરી હતી અને છેક સુધી લાયન્સે ૧૦ ખેલાડીથી જ ચલાવી લેવું પડ્યું હતું. ટાઇટન્સે ૪૯.૫ ઓવરમાં સાત વિકેટે ૨૪૯ રન કરીને મૅચ જીતી લીધી હતી.

સાઉથ આફ્રિકાનું ક્રિકેટ બોર્ડ બેયર્સ વિરુદ્ધ તપાસ કરીને કડક પગલાં ભરવા વિચારે છે અને તેને કાઉન્ટી ક્રિકેટ માટે જરૂરી એનઓસી કદાચ નહીં આપે. ■

---

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શુક્રવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ફન વર્લ્ડ

### ભાષા વૈભવ...

મરાઠી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી બનાવો

| A | B |
|---|---|
| गड | ગરજવાળું |
| गडी | ચૂપ |
| गडद | કિલ્લો |
| गरजू | ગાઢ |
| गप | સોબતી |

### શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | ■ | ■ | ૪ | | ૫ | |
| ૬ | | ■ | | ■ | ૭ | | ■ | | ■ |
| ■ | | ■ | ૮ | ૯ | ■ | ૧૦ | ૧૧ | ■ | ■ |
| ૧૨ | | | ■ | | ■ | ■ | ૧૩ | | ૧૪ |
| | ■ | ■ | ૧૫ | ■ | ૧૬ | ૧૭ | | ■ | |
| | ■ | ૧૮ | | | ■ | | ■ | ■ | |
| ૧૯ | | | ■ | ■ | ૨૦ | ■ | ૨૧ | ૨૨ | |
| ■ | ■ | ૨૩ | ૨૪ | ■ | ૨૫ | ૨૬ | ■ | | ■ |
| ■ | ૨૭ | ■ | ૨૮ | | ■ | | ■ | ૨૯ | ૩૦ |
| ૩૧ | | | | ■ | ■ | ૩૨ | | | |

#### આડી ચાવી

૧ અગ્રેસર, શ્રેષ્ઠ (૪)
૪ મજબૂત, સંગીન (૪)
૬ મોહ, આસક્તિ (૨)
૭ પાણી, જળ (૨)
૮ ચન્દ્ર (૨)
૧૦ ગણતરીમાં ત્રીજે ક્રમે આવતું (૨)
૧૨ ભાર, દબાણ (૩)
૧૩ એક જાતનું પાથરણું (૩)
૧૬ જીવ કરતાં ---- વહાલી (૩)
૧૮ દરજ્જો, હોદ્દો (૩)
૧૯ કૃત્તિકા, રોહિણી વગેરે ---- છે (૩)
૨૧ બેગણું, બેવડું (૩)
૨૩ ક્યારે (૨)
૨૫ દગો, વિશ્વાસઘાત (૨)
૨૮ કુટિર, ઝૂંપડી (૨)
૨૯ પરેજી (૨)
૩૧ પરવશ (૪)
૩૨ સ્વભાવ, પ્રકૃતિ (૪)

#### ઊભી ચાવી

૧ ધુંસરી (૨)
૨ ---- રંગારો (૪)
૩ ઝરૂખો (૩)
૪ પૃથ્વી (૩)
૫ જરૂરત (૨)
૯ ચારિત્ર્ય (૨)
૧૧ ચાલાકી, ચતુરાઇ (૩)
૧૨ ત્રણ કાળમાંનો એક કાળ (૪)
૧૪ સ્પષ્ટતા, ખુલાસો (૪)
૧૫ ધીમું, સુસ્ત (૨)
૧૭ રાહ (૨)
૧૮ યાદીના કાગળોની નોટ (રજિસ્ટર) (૩)
૨૦ પાછળથી (૨)
૨૨ ઓળખાણ (૪)
૨૪ પાલવ, સાડીનો છેડો (૩)
૨૬ આવ ભાઇ ---- આપણે બેઉ સરખા (૩)
૨૭ ભાષા, બોલી (૨)
૩૦ પદ્ધતિ, રૂઢિ (૨)

#### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ અ | ૨ બ | ળ | ૩ ખા | ■ | ■ | ૪ રં | ગે | ૫ ચં | ગે |
| ૬ મ | હિ | ■ | રે | ■ | ૭ સ | જા | ■ | બુ | ■ |
| ■ | ષ્કા | ■ | ૮ ક | ૯ દા | ■ | ૧૦ ડ | ૧૧ ચ | ■ | ■ |
| ૧૨ ઓ | ર | ત | ■ | નો | ■ | ■ | ૧૩ વા | ઝે | ૧૪ વી |
| મ્ | ■ | ■ | ૧૫ રા | ■ | ૧૬ સં | ૧૭ દે | હ | ■ | રો |
| કા | ■ | ૧૮ સુ | વ | ર્ણ | ■ | રું | ■ | ■ | ચિ |
| ૧૯ ર | હે | મ | ■ | ■ | ૨૦ શી | ■ | ૨૧ ર | ૨૨ જ | ત |
| ■ | ■ | ૨૩ ન | ૨૪ ભ | ■ | ૨૫ રા | ૨૬ હ | ■ | મા | ■ |
| ■ | ૨૭ ઘો | ■ | ૨૮ રૂ | હ | ■ | ર | ■ | ૨૯ ન | ૩૦ ખ |
| ૩૧ શિ | ર | પે | ચ | ■ | ■ | ૩૨ ખ | ડ | ત | લ |

### જાણવા જેવું

ફોસ્ફરસ બે રંગનો આવે છે. પીળો અને લાલ. તેમાં પીળો અત્યંત જ્વલનશીલ હોવાથી એને પાણીમાં રાખવો પડે છે. આ ફોસ્ફરસ હાથમાં નથી લઈ શકાતો. ચીપિયા વડે પાણીમાંથી બહાર કાઢતાં તરત જ ઓક્સિજનના સંપર્કમાં આવતાની સાથે એની મેળે બળવા માંડે છે. તેના પ્રયોગો કરતી વખતે બહુ કાળજી રાખવી પડે.

### ઓળખાણ પડી?




૧૧૦ વર્ષ પહેલા મહર્ષિ ડો. ધોંડો કેશવ કર્વે દ્વારા શરૂ કરવામાં આવેલી એશિયાની પહેલી મહિલા યુનિવર્સિટી - એસએનડીટી કયા શહેરમાં છે એ જણાવો.

અ) વડોદરા  બ) મુંબઈ  ક) નાગપુર  ડ) કોલ્હાપુર

### સુડોકુ-૯૨૫૯

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | ૮ | | | | ૨ | |
| | ૮ | | ૨ | | | | | |
| | ૩ | ૧ | ૪ | ૭ | | ૬ | | |
| ૭ | ૬ | | ૫ | | | | | ૯ |
| | | ૪ | | | | ૨ | | |
| ૯ | | | | | ૮ | | ૫ | ૭ |
| | | ૫ | | ૮ | ૧ | ૭ | ૯ | |
| | | | | | ૨ | | ૧ | |
| | ૭ | | | | ૬ | | | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોકસ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

### સુડોકુ-૯૨૫૮

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | ૧ | ૩ | ૭ | ૫ | ૨ | ૪ | ૮ | ૬ |
| ૫ | ૮ | ૨ | ૪ | ૯ | ૬ | ૧ | ૭ | ૩ |
| ૪ | ૭ | ૬ | ૧ | ૮ | ૩ | ૫ | ૯ | ૨ |
| ૭ | ૬ | ૧ | ૨ | ૩ | ૪ | ૮ | ૫ | ૯ |
| ૮ | ૫ | ૪ | ૯ | ૬ | ૧ | ૨ | ૩ | ૭ |
| ૩ | ૨ | ૯ | ૮ | ૭ | ૫ | ૬ | ૪ | ૧ |
| ૬ | ૯ | ૭ | ૫ | ૧ | ૮ | ૩ | ૨ | ૪ |
| ૨ | ૩ | ૫ | ૬ | ૪ | ૭ | ૯ | ૧ | ૮ |
| ૧ | ૪ | ૮ | ૩ | ૨ | ૯ | ૭ | ૬ | ૫ |

### ગયા ગુરુવારના જવાબ

| A | B |
|---|---|
| टोक | અણી |
| टोच | ચાંચ |
| टोणगा | પાડો |
| टोमणा | મહેણું |
| टोला | ફટકો |

ગુજરાત મોરી મોરી રેઃ
સસરા

ઓળખાણ પડી?
મનીષા પાઢી

માઈન્ડ ગેમ :
અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ

ચતુર આપો જવાબ માથું ખંજવાળો :
૨જ

### ગુજરાત મોરી મોરી રે

અટપટી રીતે સમજાવતા સંબંધને ઓળખી કાઢો. બાપુજીના બનેવીને (પપ્પાના જીજાજીને) બાળક શું સંબોધન કરી બોલાવે એ દિમાગ દોડાવી જણાવો જોઉં.

અ) મામા  બ) ફુઆ
ક) માસા  ડ) કાકા

### ચતુર આપો જવાબ  માથું ખંજવાળો

આપેલા વાક્યમાં દૂધ સાથે સંબંધ ધરાવતી વસ્તુ સંતાઈ છે એ શોધી કાઢો.

ક્યારેય એકતરફી સંવાદ કે વલણથી ઉકેલ આવે નહીં

### નોંધી રાખો

મેડિકલ સાયન્સ કહે છે કે મૃત્યુ અટળ છે. અલબત્ત, મૃત્યુથી બચવાની એક તરકીબ છે, બીજાના હૃદયમાં જીવતા રહો.

### માઈન્ડ ગેમ

સાહિત્ય, દર્શન, યોગ, વ્યાકરણ, કાવ્યશાસ્ત્ર અને વાઙ્મય પર નવા સાહિત્યની રચના કરનારા વિદ્વાન જૈન મુનિનું નામ જણાવો.

અ) સુખલાલજી  બ) જિનવિજયજી  ક) વલ્લભાચાર્ય  ડ) હેમચંદ્રાચાર્ય

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) નીતા દેસાઈ (૨) પુષ્પા ખોના (૩) કિશોરકુમાર જીવણદાસ વેદ (૪) મુલરાજ કપૂર (૫) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૬) વિપીન શાહ (૭) નૂતન વિપીન શાહ (૮) નૈશિધ દેસાઈ (૯) તાહેર ઔરંગાબાદવાલા (૧૦) શીરીન ઔરંગાબાદવાલા (૧૧) સુભાષ મોમાયા (૧૨) શ્રદ્ધા આશર (૧૩) ભારતી બુચ (૧૪) હર્ષા મહેતા (૧૫) જ્યોતિ ખાંડવાલા (૧૬) પુષ્પા પટેલ (૧૭) ખુશરૂ કાપડિયા (૧૮) મીનલ કાપડિયા (૧૯) લજિતા ખોના (૨૦) મહેશ સંઘવી (૨૧) ભરત કજરિયા (૨૨) નિખિલ બંગાળી (૨૩) અમીશી બંગાળી (૨૪) મનીષા શેઠ (૨૫) ફાલ્ગુની શેઠ (૨૬) મહેન્દ્ર લોઢાવિયા (૨૭) પ્રવીણ વોરા (૨૮) વિણા સંપટ (૨૯) અંજુ ટોલિયા (૩૦) દેવેન્દ્ર સંપટ (૩૧) કમલ માતલિયા (૩૨) ભાવના કર્વે (૩૩) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૪) ડાયના સંતોકે (૩૫) જ્યોત્સના ગાંધી (૩૬) રમેશ દલાલ (૩૭) ઈનાક્ષી દલાલ (૩૮) હિના દલાલ (૩૯) જયવંત પદમશી ચિખલ (૪૦) વિજય આસર (૪૧) નિતીન જયંતિલાલ બજરિયા (૪૨) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૩) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૪૪) નયના ગિરીશ મિસ્ત્રી (૪૫) પ્રતિમા પમાણી (૪૬) ધીરેન્દ્ર મુલરાજ (૪૭) ડો. પ્રકાશ કટકિયા (૪૮) મહેશ દોશી

યુદ્ધના અંતના આશાવાદે વૈશ્વિક સોનું બે સપ્તાહની ટોચે

# સ્થાનિકમાં ચાંદી ₹ ૯૭૦૧ ઊછળી, સોનું ₹ ૪૧૨૦ ઝળક્યું

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વૈશ્વિક સ્તરે પશ્ચિમ એશિયામાં અમેરિકા-ઈઝરાયલ અને ઈરાન વચ્ચેના યુદ્ધનો વહેલી તકે અંત આવે તેવા આશાવાદ હેઠળ આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ વધીને બે સપ્તાહની ઊંચી સપાટી આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા અને ચાંદીના ભાવમાં પણ આગેકૂચ જળવાઈ રહી હોવાના અહેવાલ સાથે સતત બીજા સત્રમાં સુધારો આગળ ધપ્યો હતો. આમ વિશ્વ બજારનાં સતત બે સત્રના પ્રોત્સાહક અહેવાલને ધ્યાનમાં લેતાં સ્થાનિક ઝવેરી બજારમાં પણ આજે ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૯૭૦૧નો ઉછાળો આવ્યો હતો, જ્યારે સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૧૦૪થી ૪૧૨૦ વધી આવ્યા હતા. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે ઈન્ડિયા બુલિયન ઍન્ડ જ્વેલર્સ એસોસિયેશન મહાવીર જયંતીની જાહેર રજા હોવાથી બંધ રહ્યું હોવાથી સત્તાવાર ધોરણે સોનાચાંદીના ભાવની જાહેરાત નહોંતી થઈ.

આજે વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે ૯૯૯ ટચ ચાંદીમાં તેજીનું વલણ જળવાઈ રહેતાં વેરારહિત ધોરણે ભાવ વધુ કિલોદીઠ રૂ. ૯૭૦૧ના ઉછાળા સાથે રૂ. ૨,૩૯,૮૩૬ના મથાળે રહ્યા હતા. જોકે, ઊંચી સપાટીએથી ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની માગ ખપપૂરતી રહી હતી. તે જ પ્રમાણે સોનામાં પણ વિશ્વ બજાર પાછળ ભાવમાં સુધારાતરફી વલણ રહેતાં વેરારહિત ધોરણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૧૦૪ વધીને રૂ. ૧,૫૦,૨૪૯ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૪૧૨૦ વધીને રૂ. ૧,૫૦,૮૫૩ના મથાળે રહ્યા હતા. તેમ જ સોનામાં પણ વધ્યા મથાળેથી જ્વેલરી ઉત્પાદકો, સ્થાનિક ડીલરો અને રિટેલ સ્તરની માગ નિરસ રહી હતી, પરંતુ છૂટીછવાઈ રોકાણલક્ષી માગ જોવા મળી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

નોંધનીય બાબત એ છે કે અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પ અને રાજ્યકક્ષાના સચિવ માર્કો રુબિયોએ બન્ને પક્ષે વાટાઘાટો થઈ રહી છે અને કોઈપણ ડીલ વિના યુદ્ધનો અંત આવે તેવી શક્યતા વ્યક્ત કરતાં આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૧.૮ ટકા વધીને ૪૭૫૫.૫૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. જોકે, તે પૂર્વે એક તક્કે ભાવ બે ટકા વધીને ગત ૧૯મી માર્ચ પછીની ઊંચી સપાટી સુધી પહોંચ્યા હતા. વધુમાં આજે એપ્રિલ ડિલિવરી વાયદામાં ભાવ ૨.૩ ટકા વદીને ૪૭૮૩.૫૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ ચાંદીના ભાવ પણ ૦.૨ ટકા વધીને ઔંસદીઠ ૭૫.૨૭ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

અમેરિકી પ્રમુખ તરફથી સકારાત્મક અણસાર મળતા આજે ડૉલર ઈન્ડેક્સ ઘટીને એક સપ્તાહની નીચે ક્વૉટ થઈ રહ્યો હતો અને અમેરિકી ટ્રેઝરીની યિલ્ડ પણ ઘટીને બે સપ્તાહની નીચી સપાટી આસપાસ હોવાથી સોનાના સુધારાને ટેકો મળ્યો હોવાનું ક્વૉન્ટિટેટિવ કૉમૉડિટી રિસર્ચના વિશ્લેષક પીટર ફર્ટિગે જણાવ્યું હતું. એકંદરે આજે સોનામાં સતત બીજા સત્રમાં સુધારો જોવા મળ્યો હોવા છતાં ગત માર્ચ મહિનામાં સોનાના ભાવમાં ઑક્ટોબર, ૨૦૦૮ પછીનો સૌથી વધુ ૧૧ ટકાનો ઘટાડો નોંધાયો હતો.

# વિશ્વ બજાર પાછળ ટીન અને કોપર સહિતની ધાતુઓમાં તેજીનું વલણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકા-ઈઝરાયલ અને ઈરાન વચ્ચેનું યુદ્ધ શાંત પડે તેવા આશાવાદ સાથે આજે લંડન મેટલ એક્સચેન્જ ખાતે કોપરના ભાવ વધીને બે સપ્તાહની ઊંચી સપાટી આસપાસ પહોંચ્યાના અહેવાલ ઉપરાંત અન્ય ધાતુઓમાં પણ સુધારાતરફી વલણ રહ્યું હોવાના પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ ખાસ કરીને ટીન અને કોપરની આગેવાની હેઠળ ચોક્કસ ધાતુઓના ભાવમાં કિલોદીઠ રૂ. એકથી ૮૧ સુધીનો ચમકારો જોવા મળ્યો હતો. જોકે, આજે માત્ર બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં નફારૂપી વેચવાલીનું દબાણ રહેતાં ભાવ કિલોદીઠ રૂ. ૧૦ ઘટી આવ્યા હતા અને નિકલમાં ખપપૂરતી માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે સ્ટોકિસ્ટોની નીકળેલી નવેસરથી લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગનો ટેકો મળતાં ચોક્કસ ધાતુઓમાં નોંધપાત્ર ઉછાળા જોવા મળ્યા હતા, જેમાં ટીનના ભાવ કિલોદીઠ રૂ. ૮૧ વધીને રૂ. ૪૮૧૯, કોપર કેબલ સ્ક્રેપ અને કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. ૧૨ વધીને અનુક્રમે રૂ. ૧૧૮૨ અને રૂ. ૧૨૪૭, કોપર સ્ક્રેપ હેવી અને કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. ૧૧ વધીને અનુક્રમે રૂ. ૧૧૭૮ અને રૂ. ૧૧૭૫, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. ૧૦ વધીને રૂ. ૩૫૫ અને કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. આઠ વધીને રૂ. ૧૦૮૩ના મથાળે રહ્યા હતા.

વધુમાં આજે અન્ય ધાતુઓ જેમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગને ટેકે સુધારો જોવા મળ્યો હતો તેમાં બ્રાસ શીટ કટિંગ્સ અને એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. પાંચ વધીને અનુક્રમે રૂ. ૮૧૫ અને રૂ. ૨૭૦ તથા ઝિન્ક સ્લેબ અને લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને અનુક્રમે રૂ. ૩૨૧ અને રૂ. ૧૯૬ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે માત્ર બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં વધ્યા મથાળેથી સ્ટોકિસ્ટોની નફારૂપી વેચવાલી અને વપરાશકારોની માગ પણ ખપપૂરતી રહેતાં ભાવ કિલોદીઠ રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૭૪૦ના મથાળે અને ખપપૂરતી માગને ટેકે નિકલના ભાવ કિલોદીઠ રૂ. ૧૬૪૭ના મથાળે ટકેલા રહ્યા હતા.

# એસઈઝેડ એકમો માટે એક વેળાની વિશિષ્ટ રાહતના પગલાં લંબાવ્યા

નવી દિલ્હીઃ હાલના વૈશ્વિક અનિશ્ચિતતાના માહોલને ધ્યાનમાં લેતાં સ્પેશિયલ ઈકોનોમિક ઝોન (એસઈઝેડ)ના એકમોને ટેકો આપવા સરકારે ચોક્કસ ડ્યૂટી લાભોના સ્વરૂપમાં એક વેળાના વિશેષ રાહતનાં પગલાંની જાહેરાત કરી છે. જોકે, આ રાહત માત્ર ત્યારે ઉપલબ્ધ થશે જો સ્પેશિયલ ઈકોનોમિક ઝોનના એકમોએ ૩૧મી માર્ચ, ૨૦૨૫ના રોજ અથવા તે પહેલાં માલનું ઉત્પાદન શરૂ કર્યું હોય, એમ મહેસૂલ વિભાગે ગત ૩૧મી માર્ચના રોજ એક નોટિફિકેશનમાં જણાવ્યું હતું.

વધુમાં તેઓએ એ પણ પુરવાર કરવું પડશે કે જે માલના સંદર્ભમાં આ મુક્તિ સૂચનાના લાભોનો દાવો કરવામાં આવ્યો છે તે તમામ ચોક્કસ શરતોને પરિપૂર્ણ કરે છે. આ નોટિફિકેશન આજથી એટલે કે પહેલી એપ્રિલ, ૨૦૨૬ની અમલી બનશે.

નોટિફિકેશનમાં ઉમેરવામાં આવ્યું હતું કે જે માલ માટે આ નોટિફિકેશન હેઠળ છૂટનો દાવો કરવામાં આવ્યો છે તેનું ઉત્પાદન સ્પેશિયલ ઈકોનોમિક ઝોનના એકમમાં થયું હોવાનું જોઈએ અને તેમાં ઓછામાં ઓછું ૨૦ ટકા મૂલ્યવર્ધન થયું હોવું જોઈએ.

તાજેતરનાં અંદાજપત્રમાં નાણાં પ્રધાન નિર્મલા સીતારમણે એસએઈઝેડમાં માન્યતાપ્રાપ્ત એકમો દ્વારા ડોમેસ્ટિક ટેરિફ એરિયા (ડીટીએ)ને ડ્યૂટીમાં રાહતનાં દરે વેચાણની સુવિધા આપવા માટે એક વેળાના વિશેષ પગલાંનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો હતો.

વૈશ્વિક વેપારના વિક્ષેપોને કારણે એસઈઝેડમાં ઉત્પાદન એકમો દ્વારા ક્ષમતાના ઉપયોગ અંગે ઊભી થતી ચિંતાઓને દૂર કરવાનો પણ પ્રસ્તાવ મૂકવામાં આવ્યો હતો. વધુમાં તેમણે જણાવ્યું હતું કે આવા વેચાણનો જથ્થો તેમની નિકાસનાં નિર્ધારિત પ્રમાણ સુધી મર્યાદિત રહેશે.

# ડી-એસ્કેલેશનની આશા વચ્ચે સેન્સેક્સ ૧,૧૮૭ પોઈન્ટ ઊછળ્યો; નિફ્ટી ૨૨,૬૫૦ની ઉપર

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ અમેરિકાના પ્રમુખ ટ્રમ્પે યુદ્ધમાંથી ખસી જવાના સંકેત આપ્યા બાદ બદલાયેલા હવામાનમાં વિશ્વબજારના સુધારા પાછળ બે દિવસના વિરામ પછી શેરબજારમાં સુધારો જોવા મળ્યો હતો અને બુધવારે સેન્સેક્સમાં ૧,૧૮૭ પોઈન્ટનો ઉછાળો આવ્યો, જ્યારે નિફ્ટી ૨૨,૬૫૦ની ઉપર પહોચ્યો હતો.

નાણાકીય વર્ષ ૨૦૨૭ ના પહેલા દિવસે સેન્સેક્સ સવારે, સેન્સેક્સ ૨,૦૦૦ પોઈન્ટ જેટલો ઊછળ્યો અને નિફ્ટી ૨૨,૯૦૦ને વટાવી ગયો હતો. જોકે, પાછળથી પ્રોફિટ બુકિંગ વચ્ચે બેન્ચમાર્ક શેરઆંકોએ કેટલોક સુધારો ગુમાવ્યો હતો. સેન્સેક્સ ૧,૧૮૬.૭૭ પોઈન્ટ અથવા ૧.૬૫ ટકા વધીને ૭૩,૧૩૪.૩૨ના સ્તરે બંધ થયો, જ્યારે નિફ્ટી ૩૪૮ પોઈન્ટ અથવા ૧.૫૬ ટકા વધીને ૨૨,૬૭૯.૪૦ના સ્તર પર બંધ થયો હતો.

ટ્રેન્ટ, ઇન્ટરગ્લોબ એવિયેશન ટોપ ગેઇનર રહ્યા હતા. જ્યારે સેન્સેક્સના સૌથી વધુ ઘટનારા શેરોમાં એનટીપીસી, સન ફાર્મા, પાવર ગ્રીડ, અલ્ટ્રાટેક સિમેન્ટ અને ભારતી એરટેલનો સમાવેશ હતો. આબુધાબીની આઇએચસી રૂ. ૮૮૫૬ કરોડના રોકાણ સાથે સમ્માન કેપિટલમાં ૪૧.૫ ટકા સ્ટેક મેળવી તેની પ્રમોટર બનશે. એટીએફના ભાવમાં આંશક વૃદ્ધિથી એરલાઇન કંપનીઓએ રાહત અનુભવી છે.

કોસ્મિક પીવી પાવર અને ગુજરાત વિક્ટરી ફોર્જીંગ્સ લિમિટેડે સેબીમાં ડીઆરએચપી ફાઇલ કર્યું છે. પ્રીમિયમ પર્સનલ લુબ્રિકન્ટ્સ, ડિઓડોરન્ટ્સ, પરફ્યુમ, આમંડ હેર ઓઇલ, ફેસ વોશ, પેટ્રોલિયમ જેલી અને અન્ય એફએમસીજી પ્રોડક્ટ ઉત્પાદક અને બ્રાન્ડ, ક્યુપિડ લિમિટેડે નાણાકીય વર્ષ ૨૦૨૬માં આવકમાં રૂ. ૩૩૫ કરોડ અને ચોખ્ખા નફામાં રૂ. ૧૦૦ કરોડના એન્યુઅલ ગાઉડન્સને જાળવી રાખતા ૨૦૨૭ના નાણાં વર્ષ માટે રૂ. ૬૦૦ કરોડનો લક્ષ્યાંક જાહેર કર્યો છે.

હોન્ડા મોટરસાઇકલ એન્ડ સ્કુટર્સ લિમિટેડે માર્ચના વેચાણમાં ૨૯ ટકાનો વધારો નોંધાવ્યો છે. ફાઇનાન્શિઅલ પ્રોડક્ટ્સ અને સર્વિસ સ્પેક્ટ્રમ ઓફર કરતી એમેરાલ્ડ ફાઇનાન્સ લિમિટેડે ૨૦૨૬ના ચોથા ક્વાર્ટર દરમિયાન, કંપનીએ ત્રીસ કોર્પોરેટ સાથે ભાગીદારી કરી છે. ઉપરાંત તેની મટીરીયલ પેટાકંપની, એક્લેટ નેટ એડવાઇઝર્સ સાથેના સિન્ડિકેશન વ્યવસાય હેઠળ, રૂ. ૩૭૫ કરોડથી વધુની ગોલ્ડ લોનનું વિતરણ કર્યું છે.

સેન્સેક્સ સત્ર દરમિયાન ૨૦૧૭.૦૩ પોઇન્ટ અથવા તો ૨.૮૦ ટકા ઉછળીને ૭૩,૯૬૪.૫૮ પોઇન્ટની સપાટી પર પહોંચ્યો હતો. શેરબજારોમાં તીવ્ર તેજીથી બીએસઇ પર લિસ્ટેડ બધી કંપનીઓના કુલ માર્કેટ કેપિટલાઇઝેશનમાં લગભગ ૧૦ લાખ કરોડ રૂપિયાનો ઉમેરો થયો અને તે ૪૨૨ લાખ કરોડ રૂપિયાની સપાટીએ પહોંચ્યું હતું.

સેન્સેક્સ સમાવિષ્ટ સ્ક્રિપ્સમાં એનટીપીસી ૧.૬૪ ટકા, સન ફાર્મા ૧.૬૪ ટકા, પાવર ગ્રીડ ૧.૧૩ ટકા, અલ્ટ્રાટેક સિમેન્ટ ૦.૨૯ ટકા અને ભારતી એરટેલ ૦.૧૩ ટકા ઘટ્યા હતા જ્યારે ટ્રેન્ટ ૬.૭૪ ટકા, ઈન્ડિગો ૬.૦૧ ટકા, અદાણી પોર્ટ્સ ૫.૪૭ ટકા, ભારત ઈલેક્ટ્રોનિક્સ ૪.૫૪ ટકા, સ્ટેટ બેન્ક ૩.૮૯ ટકા, ઈટર્નલ ૩.૩૪ ટકા, લાર્સન ૨.૯૫ ટકા, એક્સિસ બેન્ક ૨.૬૬ ટકા, ટાઈટન ૨.૬૩ ટકા, એશિયન પેઈન્ટ્સ ૨.૬૧ ટકા, મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૨.૫૩ ટકા, બજાજ ફાઈનાન્સ ૨.૪૫ ટકા, ટીસીએસ ૨.૦૯ ટકા, ઈન્ફોસીસ ૨ ટકા, રિલાયન્સ ૧.૮૩ ટકા, મારુતિ ૧.૬૪ ટકા, ટાટા સ્ટીલ ૧.૫૧ ટકા, એચડીએફસી બેન્ક ૧.૪૧ ટકા, બજાજ ફિનસર્વ ૧.૩૬ ટકા, ટેક મહિન્દ્ર ૧.૨૯ ટકા, આઈટીસી ૧.૨૯ ટકા અને એચસીએલ ટેક ૧.૧૭ ટકા વધ્યા હતા.

ટ્રમ્પે ફરી એકવાર યુદ્ધ સમાપ્તીનો સંકેત આપ્યો હોવાથી યુએસ-ઈરાન તણાવમાં ઘટાડો થવાની સંભાવના જાગી છે. ટ્રમ્પે સ્ટ્રેટ ઓફ હોર્મુઝ ખોલાવવાની જીદ પડતી મૂકીને યુદ્ધ સમાપ્ત કરવાની તૈયારી જાહેર કરી છે. જોકે, આ આશાવાદ છતાં, વિદેશી રોકાણકારોનો આઉટફ્લો અને રૂપિયાની નબળાઇ જોતાં બજારમાં સાવચેતીનો માહોલ રહેવાની શક્યતા છે. શેરબજારની તેજીના મુખ્ય કારણોમાં ઈરાન-અમેરિકા યુદ્ધમાં ઓટ આવવાની આશા, વૈશ્વિક બજારોમાં તેજી, વાજબી મૂલ્યાંકન અને બોન્ડ યીલ્ડમાં ઘટાડો સામેલ છે.

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષમાં સંભવિત ઘટાડાની આશાએ વૈશ્વિક બજારોમાં તીવ્ર તેજી જોવા મળી હતી. એશિયન બજારોમાં, દક્ષિણ કોરિયાનો બેન્ચમાર્ક કોસ્પી, જાપાનનો નિક્કી ૨૨૫ ઇન્ડેક્સ, શાંઘાઈનો એસએસઇ કમ્પોઝિટ ઇન્ડેક્સ અને હોંગકોંગનો હેંગ સેંગ ઇન્ડેક્સ તીવ્ર વધારા સાથે બંધ થયો. કોસ્પી ૮.૪૪ ટકા વધ્યો, જ્યારે નિક્કી ૨૨૫ ઇન્ડેક્સ ૫.૨૪ ટકા વધ્યો. યુરોપમાં બજારો સકારાત્મક ક્ષેત્રમાં ટ્રેડિંગ કરી રહ્યા હતા.

માર્કેટ એનાલિસ્ટે જણાવ્યું હતું કે, ભારતીય ઇક્વિટી બજારોએ નવા નાણાકીય વર્ષની શરૂઆત સકારાત્મક નોંધ સાથે કરી હતી, મધ્ય પૂર્વ સંઘર્ષના સંભવિત ઘટાડા અને ઊર્જા પુરવઠા વિક્ષેપોને હળવો થવાના નવા આશાવાદને કારણે શેરબજારમાં ઉછાળો આવ્યો હતો. અમેરિકાના રાષ્ટ્રપતિ ટ્રમ્પે એવી ટિપ્પણી કરી હતી કે ઇરાન સાથે ડીલ થાય કે ના થાય આગામી બે થી ત્રણ અઠવાડિયામાં અમેરિકા યુદ્ધમાંથી ખસી શકે છે. અખાતી દેશમાં ચાલી રહેલા યુદ્ધનો સંભવિત ઉકેલનો સંકેત આપતી યુએસ પ્રમુખની ઉપરોક્ત ટિપ્પણી બાદ ક્રીડ ઓઇલના ભાવમાં ઘટાડો થવાને કારણે ભારતીય ઇક્વિટી બજારો નાણાકીય વર્ષ ૨૦૨૭માં મજબૂત નોંધ પર ખુલ્યા હતા.

એક્સચેન્જ ડેટા અનુસાર, વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ સોમવારે (૩૦ માર્ચ) રૂ. ૧૧,૧૬૩.૦૬ કરોડના ઇક્વિટી વેચ્યા હતા. જોકે, સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો (ડીઆઇઆઇ)એ રૂ. ૧૪,૮૯૪.૭૨ કરોડના શેર ખરીદ્યા. ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક, બ્રેન્ટ ક્રૂડ, ૦.૨૨ ટકા ઘટીને ૧૦૩.૭ પ્રતિ બેરલ બોલાયું હતું. મહાવીર જયંતિ નિમિત્તે મંગળવારે (૩૧ માર્ચ) શેરબજાર બંધ રહ્યા હતા. સોમવારે (૩૦ માર્ચ) સેન્સેક્સ ૧,૬૩૫.૬૭ પોઈન્ટ અથવા ૨.૨૨ ટકા ઘટીને ૭૧,૯૪૭.૫૫ પર બંધ થયો. નિફ્ટી ૪૮૮.૨૦ પોઈન્ટ અથવા ૨.૧૪ ટકા ઘટીને ૨૨,૩૩૧.૪૦ પર બંધ થયો હતો. બે દિવસના વિરામ બાદ શેરબજારમાં આવેલા ઉછાળામાં સાવ્રત્રિક લેવાલી જોવા મળી હતી અને સેકટરલ ઇન્ડેક્સમાં ફક્ત હેલ્થકેર ઈન્ડેક્સ ઘટ્યો હતો. સર્વિસીસ અને પીએસયુ બેન્ક શેર્સ સૌથી અધિક વધ્યા હોવાથી સંબંધિત ઇન્ડેક્સમાં ઉછાળો જોવા મળ્યો હતો. માર્કેટ કેપમાં રૂ.૯.૬૦ લાખ કરોડની વૃદ્ધિ જોવા મળી હતી.

ખાંડમાં મથકો પાછળ સુધારાતરફી વલણ

# વર્તમાન ખાંડ મોસમમાં અત્યાર સુધી ૨૭૧ લાખ ટન ખાંડનું ઉત્પાદન

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્મોલ ગ્રેડની ખાંડમાં સુધારો આવ્યા બાદ આજે સ્થાનિક તેમ જ દેશાવરોની માગ જળવાઈ રહેતાં ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૭૨૦થી ૩૭૬૦માં ટકેલા ધોરણે થયા હતા. જોકે, ગઈકાલે જાહેર રજાના માહોલમાં સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં પાંખાં કામકાજે હાજર બજારમાં ટકેલું વલણ રહ્યા બાદ આજે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી અને રિટેલ સ્તરની માગ જળવાઈ રહેતાં મથકો પાછળ સ્મોલ ગ્રેડની ખાંડમાં ક્વિન્ટલે રૂ. ૧૦નો અને મિડિયમ ગ્રેડની ખાંડમાં રૂ. ૧૦થી ૧૬નો સુધારો આવ્યો હતો. જોકે, નાકા ડિલિવરી ધોરણે સ્મોલ ગ્રેડની ખાંડમાં મિશ્ર વલણ રહેતાં નીચલા મથાળેથી રૂ. ૧૦નો સુધારો અને ઉપલા મથાળેથી રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો, જ્યારે મિડિયમ ગ્રેડમાં ક્વિન્ટલે રૂ. ૧૦ વધી આવ્યા હતા. દરમિયાન નેશનલ ફેડરેશન ઑફ કૉઑપરેટિવ સુગર ફેક્ટરીઝના અહેવાલ અનુસાર ગત ઑક્ટોબર મહિનાથી શરૂ થયેલી વર્તમાન ખાંડ મોસમ ૨૦૨૫-૨૬માં ગત ૩૧મી માર્ચ સુધીમાં શેરડીનું પિલાણ ૬.૭૯ ટકા વધીને ૨૮૩૫ લાખ ટનનું થયું છે.

જ્યારે ખાંડનું ઉત્પાદન ૯.૫૬ ટકાના રિકવરી દર સાથે ૯.૦૭ ટકા વધીને ૨૭૧ લાખ ટનનું થયું છે. તેમ જ ૪૬૭ ખાંડ મિલોએ પિલાણ બંધ કર્યું છે અને ૭૪ મિલોમાં હજુ પિલાણ ચાલુ છે અને આગામી ૧૫મી એપ્રિલ પૂર્વે પિલાણ મોસમ પૂરી થવાની શક્યતા ફેડરેશને વ્યક્ત કરી છે. જોકે, વર્તમાન મૌસમમાં ખાંડનું ઉત્પાદન ૨૮૦ લાખ ટન કરતાં વધે તેવી શક્યતા ન હોવાનું સ્થાનિક અગ્રણી કંપની જગજીવન કેશવજી ઍન્ડ કંપનીના પ્રફુલભાઈ વિઠ્ઠલાણીએ જણાવ્યું હતું.

# મથકો પાછળ સિંગતેલમાં ₹ ૮૦નો ઝડપી ઉછાળો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં ગઈકાલે મહાવીર જયંતીની રજાના માહોલમાં પાંખાં કામકાજો વચ્ચે વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ છતાં ભાવ સાંકડી વધઘટે અથડાઈ ગયા હતા. જોકે, ગઈકાલે સોયાતેલના વાયદામાં ૪૧ સેન્ટનો સુધારો આવ્યો હતો.

જ્યારે આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદમાં ૬૦ રિંગિટનો ઘટાડો આવ્યો હતો.

આમ આજે વૈશ્વિક મિશ્ર અહેવાલ છતાં ગઈકાલના પ્રોત્સાહક અહેવાલને ધ્યાનમાં લેતા દેશી-આયાતી તેલમાં ઝડપી ઉછાળા જોવા મળ્યા હતા. આજે સ્થાનિકમાં આયાતી તેલમાં ૧૦ કિલોદીઠ આરબીડી પામોલિન અને સોયા રિફાઈન્ડમાં રૂ. ૪૦ અને સન રિફાઈન્ડમાં રૂ. ૧૦ વધી આવ્યા હતા.

વધુમાં આજે ગુજરાતના મથકો પર સિંગતેલમાં સ્થાનિક તેમ જ દેશાવરોની પ્રબળ માગને ટેકે તેલિયા ટીનના ભાવ ૧૫ કિલોદીઠ રૂ. ૨૦ અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૨૫ વધી આવ્યાના નિર્દેશો સાથે સ્થાનિકમાં સિંગતેલના ભાવમાં ૧૦ કિલોદીઠ રૂ. ૮૦નો અને સરસવના ભાવમાં રૂ. ૨૦નો ઉછાળો આવ્યો હતો. તેમ જ આજે વેપારો પણ છૂટાછવાયા ગોઠવાયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ ઈમામીના આરબીડી પામોલિન અને સોયા રિફાઈન્ડના અનુક્રમે રૂ. ૧૪૮૦થી રૂ. ૧૫૪૦, જી-વનના આરબીડી પામોલિનના રૂ. ૧૪૭૧ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૫૭૫, એવીઆઈના સોયા રિફાઈન્ડના રૂ. ૧૫૬૫, ગોલ્ડન એગ્રીના આરબીડી પામોલિનના રૂ. ૧૫૦૦, પતંજલિ ફૂડ્સના આરબીડી પામોલિનના રૂ. ૧૪૯૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૫૭૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૭૩૦ આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ વેપારો પણ છૂટાછવાયા ગોઠવાયા હતા.

આજે ગુજરાતનાં રાજકોટ મથકે અંદાજે ૧૬૦૦ ગૂણી મગફળીની આવક સામે મંડીમાં વેપાર ૨૦ કિલોદીઠ રૂ. ૧૪૦૦થી ૧૫૨૦માં થયા હતા, જ્યારે મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૭૯૦માં અને લૂઝમાં રૂ. ૧૭૭૫માં થયાના અહેવાલ હતા.

## પબ્લિક નોટીસ

આથી ખબર આપવામાં આવે છે કે **મેસર્સ મિનોચેહર હીરાલાલ એન્ડ કંપની**, હાલની પ્રોપ્રાઈટરી કન્સર્ન, ૩૧૩, યુસુફ બિલ્ડીંગ, ૩જો માળ, મહાત્મા ગાંધી રોડ અને વીર નરીમાન રોડનું જંકશન, ફોર્ટ, મુંબઈ-૪૦૦૦૦૧ ખાતે તેની રજીસ્ટર્ડ ઓફિસ ધરાવતા, તેના એકમાત્ર પ્રોપ્રાઈટર શ્રી. અર્દેશિર એસ. વકીલ દ્વારા પ્રતિનિધિત્વ કરનાર, તેના ખાલી અને શાંતિદાયક કબજા સાથે અને તમામ બોજાઓથી મુક્તપણે, સ્પષ્ટ અને માર્કેટેબલ ટાઈટલ સાથે નીચે વર્ણવેલ તેમના યુનિટ (''સદર યુનિટ'') અમારા અસિલને વેચવા અને ટ્રાન્સફર કરવા કબૂલ થયેલ છે.

કોઈપણ શખ્સ કે શખ્સો જે અહીં નીચે વર્ણવેલ સદર યુનિટ અથવા તેના કોઈપણ ભાગની બાબતમાં વેચાણ, લિઝ, સબ-લિઝ, ટેનાન્સી, લિવ એન્ડ લાયસન્સ, ટાઈટલ ડિડસની ડિપોઝિટ, ગીરો, ચાર્જ, લિઅન, ભેટ, અદલાબદલી, રિલિઝ, ટ્રસ્ટ, જાળવણી, બિકવેસ્ટ, વારસો, કબજો, ઓક્યૂપેશન, સમજૂતિના કરાર, કરાર, વ્યવસ્થા, ઈઝમેન્ટ, લાભદાયી હિત, કોઈપણ તૃતીય પક્ષના હક્કો અથવા બીજી કોઈ રીતે કોઈપણ દાવો, માંગણી કે કોઈપણ પ્રકારનો હિસ્સો ધરાવતા હોય તો, આથી વિનંતી કે સદરની જાણ લેખિતમાં નીચે સહિ કરનારને ૧૦૧, સેકસરિયા ચેમ્બર્સ, ૧૩૯, નગીનદાસ માસ્ટર રોડ, ફોર્ટ, મુંબઈ-૧ ખાતે તેમની ઓફિસ ખાતે, સહાયક દસ્તાવેજો સાથે આ નોટીસ છપાયાની તારીખથી ૧૪ દિવસની મુદતમાં કરે, જેના નિષ્ફળ જવા પર, દાવા/ઓ અને/અથવા માંગણી જો કોઈ હોય તો, ત્યજી દિધેલ અને/અથવા છોડી દિધેલ તરીકે ગણાશે અને વેચાણ તેના કોઈપણ વધુ સંદર્ભ વિના પૂર્ણ કરવામાં આવશે.

**અહીં ઉપર ઉલ્લેખેલ સદર યુનિટનું વર્ણન**

વીર નરીમાન રોડ અને મહાત્મા ગાંધી રોડ, ફોર્ટ, મુંબઈ-૧ના કોર્નર ખાતે આવેલ ''યુસુફ બિલ્ડીંગ'' તરીકે જાણીતી બિલ્ડીંગના ૩જા માળ પર તે તમામ કોમર્શિઅલ યુનિટ નં. ૩૧૩ (જૂનો યુનિટ નં. ૩૪ ધરાવતા) ભરતમાં અંદાજે ૧૫૨૨.૫૯ ચો.ફૂટ (કાર્પેટ એરિયા), અંદાજે ૧૮૨૭.૧૦ ચો. ફૂટની સમકક્ષ (બિલ્ટ અપ એરિયા) [૧૬૯.૭૪ ચો.મી.ની સમકક્ષ (બિલ્ટ અપ એરિયા)], તેની સાથે સદર જમીનમાં સદર યુનિટને લગતા ૨.૩૬૧% (બે ડેસીમલ ત્રણ છ એક ટકા) અવિભાજિત હિત તથા સદર યુસુફ બિલ્ડીંગ કોન્ડોમિનિયમના સદર જનરલ કોમન એરિયાઝ અને ફેસિલિટીઝ તથા જે વોર્ડ નં. ૧૨૮૭ ધરાવતા, મ્યુનિસિપલ વોર્ડ "A" હેઠળ MCGM દ્વારા આકારાયેલ અને ફોર્ટ ડિવિઝનનો C.S. નં. ૧/૧૫૮, ૧/૧૬૦, ૨/૧૬૬ ધરાવતા કુલ ભરતમાં ૧૪૫૬.૫૨ ચો.મી. જમીન પર ઉભેલ છે.

આજ તારીખ ૩૧મી માર્ચ, ૨૦૨૬

ફેડરલ એન્ડ કંપની,
પાર્ટનર
ખરીદદાર માટે એડવોકેટસ
અને સોલિસિટર્સ

# ડૉલર સામે રૂપિયામાં ૧૫ પૈસાનો સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વૈશ્વિક સ્તરે અમેરિકા-ઈઝરાયલ અને ઈરાન વચ્ચેનું યુદ્ધ શાંત પડે તેવા આશાવાદ હેઠળ આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં પીછેહઠ અને સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં સુધારાતરફી વલણ રહેતાં આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ગત સોમવારના બંધ સામે ૧૫ પૈસાના સુધારા સાથે ૯૪.૭૦ની સપાટીએ બંધ રહ્યો હતો.

જોકે, વિશ્વ બજારમાં ક્રૂડતેલના ભાવ આગલા બંધ સામે ૧.૫૦ ટકા વધીને ક્વૉટ થઈ રહ્યા હોવાથી રૂપિયામાં મર્યાદિત સુધારો જોવા મળ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગત મંગળવારના ૯૪.૮૫ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૯૩.૬૨ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૯૫.૨૨ અને ઉપરમાં ૯૩.૫૭ સુધી મજબૂત થયા બાદ અંતે ૧૫ પૈસાના સુધારા સાથે ૯૪.૭૦ના મથાળે બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે સ્થાનિક ફોરેક્સ માર્કેટ મહાવીર જયંતીની જાહેર રજાને કારણે બંધ રહી હતી, જ્યારે સોમવારે રૂપિયો સૌ પ્રથમ વખત ૯૫ની સપાટી પાર કરીને અંતે ૯૪.૮૫ની નીચી સપાટીએ બંધ રહ્યો હતો.

એકંદરે ગત ૨૭મી માર્ચના રોજ રિઝર્વ બૅન્કે સર્ક્યુલર બહાર પાડીને આગામી ૧૦મી એપ્રિલ સુધીમાં બૅન્કોને તેની નેટ ઓપન પોઝિશન ૧૦ કરોડ ડૉલર સુધી મર્યાદિત રાખવાનો આદેશ આપ્યો હોવાથી અમુક અંશે વેચવાલીનું દબાણ ઉપરાંત આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૧૩ ટકા ઘટીને ૯૯.૬૩ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હોવાથી તેમ જ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૧૭૨૨.૪૮ પૉઈન્ટનો અને ૫૪૦.૫૫ પૉઈન્ટનો સુધારો આવ્યો હોવાથી રૂપિયાના સુધારાને ટેકો મળ્યો હતો.

તેમ છતાં આજે બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ૧.૫૦ ટકા વધીને બેરલદીઠ ૧૦૫.૫૩ આસપાસ ક્વૉટ થઈ રહ્યા હોવાથી અને ગત સોમવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૧૧,૧૬૩.૦૬ કરોડની ચોખ્ખી વેચવાલીના નિર્દેશો હોવાથી રૂપિયામાં સુધારો મર્યાદિત રહ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

## PUBLIC NOTICE પબ્લિક નોટીસ

### પશ્ચિમ રેલવે – ભાવનગર ડિવિઝન

**રેલ કોચ રેસ્ટોરન્ટ તથા વિવિધ સુવિધાઓના વિકાસ અને સંચાલન માટે એક્સપ્રેશન ઓફ ઈન્ટરેસ્ટ (EOI)**

ડિવિઝનલ રેલવે મેનેજર (કોમર્શિયલ) ભાવનગર ડિવિઝન, પશ્ચિમ રેલવે, **કુલ ઉપલબ્ધ અનુક્રમે ૪૧૬.૫૦ ચો.મી. તથા ૬૩૪૨.૯૫ ચો.મી. ખુલ્લી જમીનમાં, વેરાવળ રેલવે સ્ટેશન ખાતે ૧૦ (દસ) વર્ષના સમયગાળા માટે રેલ કોચ રેસ્ટોરન્ટના વિકાસ અને સંચાલન માટે તથા સરખેજ (SEJ) રેલવે સ્ટેશન ખાતે પ્રિમિયમ બ્રાન્ડ આઉટલેટ, કેફેટેરિયા, ગેમિંગ ઝોન, વેરહાઉસ, મિની-મોલ, ઓટોમોબાઈલ્સ માટે સર્વિસ વર્કશોપ, ફર્નિચર શોરૂમ, પ્રિ-ઓન્ડ કાર માર્કેટપ્લેસ, હેન્ડિક્રાફ્ટ મેળા/માર્કેટ અને કોમર્શિયલ દુકાન જેવી સુવિધાઓના વિકાસ અને સંચાલન માટે એક્સપ્રેશન ઓફ ઈન્ટરેસ્ટ (EOI) આમંત્રિત કરે છે.**

**એક્સપ્રેશન ઓફ ઈન્ટરેસ્ટ (EOI) આમંત્રિત કરતી નોટીસ**

**EOI નં.** CA૧૧-EA-VRL રેલવે સ્ટેશન ખાતે રેલ કોચ રેસ્ટોરન્ટ (૭૩૧૧૧૯) અને SEJ ખાતે CA૧૧-EA-NFR (૭૩૦૨૫૩) **EOI અપલોડ કરવાની તારીખ :** ૩૧.૦૩.૨૦૨૬ **પ્રસ્તાવ જમા કરાવવાનું બંધ થવાની તારીખ અને સમય:** ૨૦.૦૪.૨૦૨૬ ના ૧૫.૩૦ કલાકે **EOI દસ્તાવેજ પશ્ચિમ રેલવે વેબસાઈટ :** https://wr.indianrailway.gov.in પર ઉપલબ્ધ છે.

BVP-320

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly

### BRIHANMUMBAI MAHANAGARPALIKA

સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ, P/સાઉથ
AE/SWM/૧૩૫૧૨/P/ સાઉથ/૩૦/૦૩/૨૦૨૬
**હિતની અભિવ્યક્તિ (E.O.I.)**

૦૬ મહિનાની મુદત માટે **તા. ૧૬મી એપ્રિલ, ૨૦૨૬થી તા. ૧૧મી ઑક્ટોબર, ૨૦૨૬** સુધીની મુદત માટે મેનિંગ મોપિંગ યોજનાના કામ માટે આસી. કમિશનર P/સાઉથ વોર્ડ દ્વારા લેકર સીલબંધ હિતની અભિવ્યક્તિ (EOI) મંગાવાય છે. P/સાઉથ વોર્ડની વહીવટી મર્યાદામાં નોંધાયેલ રસ ધરાવતી NGO સંસ્થા પાસેથી અરજીઓ મંગાવાય છે જે યોગ્ય સંસ્થાની યાદી તૈયાર કરવા માટે છે અને લોટરી સિસ્ટમ દ્વારા પસંદગી કરવા માટે છે.

રસ ધરાવતી NGO સંસ્થાઓ MCGM પોર્ટલ સાઈટ **http://portal.mcgm.gov.in** પર સદર હિતની અભિવ્યક્તિ (EOI) વિશેની વિગતો મેળવી શકે છે અથવા A.E. (SWM) P/સાઉથ વોર્ડની ઓફિસ ખાતે સંપર્ક કરી શકે છે.

**તા. ૦૨જી એપ્રિલ, ૨૦૨૬થી તા. ૦૭મી એપ્રિલ, ૨૦૨૬ સ. ૧૧.૦૦ ક.થી સાં. ૪.૦૦ ક.** દરમિયાન A.E. (SWM) P/સાઉથની ઓફિસમાં નિયમો અને શરતની વિગતો સાથે હિતની અભિવ્યક્તિ (EOI) નકલ નિઃશુલ્ક ઉપલબ્ધ છે અને EOI અરજી સુપ્રત કરતી વખતે રૂ. ૩૬૩૦/- + ૧૮% GSTની રકમની સ્ક્રુટીની ફી રસીદની નકલ જોડવાની રહેશે. આ કેસમાં આસી. કમિશનર P/સાઉથનો નિર્ણય આખરી રહેશે અને બંધનકર્તા રહેશે.

ટેન્ડરો સુપ્રત કરવાની છેલ્લી તારીખ **તા. ૦૮મી એપ્રિલ, ૨૦૨૬ સાં. ૪.૦૦** ક. સુધીની છે.

સહી/-
PRO/01/ADV./2026-27 આસી. એન્જિ. (SWM) P/સાઉથ

**પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.**

### જાહેર નોટિસ

આથી તમામ લાગતા વળગતાઓને હાલની આ જાહેર નોટિસ આપી જણાવવામાં આવે છે કે, નીચે જણાવેલ વર્ણન અને વિગતવાળી મિલકત જેનો મુળ રેવેન્યુ સર્વે નં.૨૬૬૧ પૈકી છે અને હાલ સીટી સર્વે નં.૩૦૭૬, ટીકા નં.૧૦ છે જેનું ક્ષેત્રફળ ૩૫૦ ચો.મી. છે તે મિલકત આશાનગર, નવસારી, તા.જી.નવસારી ખાતે ચાલી આવેલ છે. જે મિલકત શ્રી કિરણકુમાર સેવંતીલાલ મહેતાનાઓની સંપૂર્ણ સ્વતંત્ર માલિકી કબજા ભોગવટા/વહીવટ હેઠળ ચાલી આવેલ છે. જેનું વિગતવાર વર્ણન નીચે મુજબ છે.

**:: મિલકતનું વર્ણન ::**

મોજે આશાનગર, નવસારી, તા.જી.નવસારી મુકામે ચાલી આવેલ બીનખેતી ખુલ્લી જમીન કે જેનો મુળ રેવન્યુ સર્વે નં.૨૬૬૧ પૈકી, સીટી સર્વે નં.૩૦૭૬, ટીકા નં.૧૦, કે જેનું ક્ષેત્રફળ ૩૫૦ ચો.મી. છે. જેની ચર્તુદીશા નીચે મુજબ છે. પૂર્વ :- – અન્નપુર્ણા નામે ઓળખાતી મિલકત કે જે ડોલી જે.દેસાઈ અને જયોતિ દેસાઈના નામે ચાલી આવેલ છે. પશ્ચિમઃ- સરિયામ રસ્તો, ઉત્તર :- છગનભાઈ ખંડુભાઈ દેસાઈની મિલકત. દક્ષિણ :- કુસુમબેન રમણલાલ દેસાઈની મિલકત.

સદર હું ઉપરોક્ત વર્ણન અને વિગતવાળી મિલકત હમારા અસીલે ખરીદ કરવાનું નકકી કરેલ છે. હમારા અસીલ વેચાણ દસ્તાવેજને લગતી કાર્યવાહી ટુંક સમયમાં કરાવી લેનાર છે. હાલની આ જાહેર નોટીસથી લાગતા વળગતા તમામને જણાવવાનું કે ઉપરોક્ત મિલકત અન્વયે કોઈપણ વ્યકિત કે નાણાંકીય સંસ્થાને કોઈપણ પ્રકારના કરાર, બાનાખત, સાટાખત, સોદા ચિઠ્ઠી વિગેરે જેવા લખાણો, તેમજ કોઈપણ પ્રકારનો બોજી, લાગ-ભાગ, હકક—હીત-હિસ્સો, દર-દાવો વિગેરે ચાલી આવેલ હોય તો તે અંગેના લેખીત દસ્તાવેજી પુરાવા સહીત દિન-૭ માં હમોને નીચે દર્શાવેલ સરનામે જાણ કરવી. જો મુદતસર તેમ કરવામાં કસૂર થશે તો સદરહું મિલકત અન્વયે કોઈ પણ વ્યકિત કે નાણાંકીય સંસ્થાને યા અન્ય કોઈને પણ કોઈ પણ પ્રકારનો લાગ-ભાગ, હક-હીત-હિસ્સો, દર-દાવો નથી યા દર-દાવો હોય તો જતો કર્યો છે એવું માની લઈ હમારા અસીલ ઉપરોકત જણાવેલ વર્ણન અને વિગતવાળી મિલકતના રજી. વેચાણ દસ્તાવેજ અંગેની કાર્યવાહી સંબંધીત કચેરી ખાતે પુર્ણ કરાવી લેશે. ત્યારબાદ કોઈપણ વ્યકિત કે નાણાંકીય સંસ્થાને યા અન્ય કોઈપણની કોઈપણ પ્રકારની તર-તકરાર કે વાંધા વિરોધ ચાલશે નહિ. જેની તમામ લાગતા વળગતાઓએ નોંધ લેવી.

તા.૩૧-૦૩-૨૦૨૬
SUDHIR SHARAD SULE
(Advocate & Notary)

૧૦૨ ગોવિંદ ભુવન, સુળે કોમ્પલેક્ષ, સયાજી વૈભવ લાયબ્રેરી સામે, નવસારી
ફોન નં.૦૨૬૩૭-૨૫૯૪૪૩, મોબાઈલ નં.૯૮૨૫૦૯૦૯૫૦.

# દહિસર-કાશીગાંવ અને ડાયમંડ ગાર્ડન-મંડાલે મેટ્રોનું શુક્રવારે ઉદ્ઘાટન

મુંબઈઃ મુંબઈગરાઓને શુક્રવારે બે નવી મેટ્રોની ભેટ મળવાની છે. દહિસર-મીરા-ભાયંદર મેટ્રો-૯ લાઇનના દહિસર-કાશીગાંવ ફેઝ-૧ અને માનખુર્દ મેટ્રો-ટૂબી લાઇનના ડાયમંડ ગાર્ડન-મંડાલે ફેઝ-૧ પર મુસાફરી આખરે શરૂ થશે. આ બંને લાઇનના પ્રથમ તબક્કાનું ઉદ્ઘાટન શુક્રવારે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ કરશે. મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી (જુઓ પાનું ૪) ▸▸

# ‘ગતિશીલ સરકારે’ પાંચ દિવસમાં જારી કર્યા ૧૭૦૦ જીઆર

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસના નેતૃત્વ હેઠળની મહાયુતિ સરકારે નાણાકીય વર્ષના અંતિમ તબક્કામાં ‘ઝડપી નિર્ણયો લઈને મહારાષ્ટ્રમાં ગતિશીલ સરકાર છે’ ના મુખ્ય સૂત્રને સાર્થક કર્યું હોવાનું જોવા મળ્યું છે. મહાયુતિ સરકારે છેલ્લા (જુઓ પાનું ૪) ▸▸









# હજારો હૃદય ગૂંજી ઊઠ્યો સવા કરોડવાર “મહાવીર મહાનાદ”



## લાખો અબોલ જીવોને શાતા પમાડનારી ‘‘ઓલ્વેઝ કેર એનિમલ હૉસ્પિટલ’’નું માનનીય મુખ્યમંત્રી શ્રી દેવેન્દ્રજી ફડણવીસના હસ્તે લોન્ચિંગ

## ૧૦૮ ડબ્બાવાળા ભાઈઓને ‘ઈ-બાઈક’ અર્પણ

## ભગવાન મહાવીર પુસ્તિકા ઈંગ્લિશમાં માત્ર રૂ. ૨૫માં ઉપલબ્ધ થશે

‘‘મહાવીર મહાવીર મહાવીર’’ના હજારો હૃદયમાંથી ઊઠતાં વિશ્વવ્યાપી મહાનાદ સાથે, રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબના પાવન સાંનિધ્યે ઉજવાયેલો ભગવાન મહાવીર જન્મ કલ્યાણકનો અવસર, પ્રભુભક્તિ, જીવદયા અને માનવતાના ત્રિવેણી સંગમનું એક અવિસ્મરણીય સંભારણું બની ગયો હતો.

### કરુણાસાગર પ્રભુની ભક્તિ કરવા પધાર્યો માનવ દરિયો

બોરિવલી સ્થિત કોરા કેન્દ્રના વિશાલ ગ્રાઉન્ડમાં આયોજિત આ અવસરે પ્રભુભક્તિ અર્પણ કરવા અનેક રાજકીય મહાનુભાવોની સાથે જ સમગ્ર મુંબઈના ૧૦૦થી વધુ શ્રી સંઘો ઝાલાવડ સમાજ, જૈન સેલ ભાજપ, જૈન સોશિયલ ગ્રુપ્સ, જૈન જાગૃતિ સેન્ટર્સ, મહિલા મંડળો અને ગુજરાત, સૌરાષ્ટ્ર, મહારાષ્ટ્ર, પૂર્વ ભારત આદિ અનેક ક્ષેત્રોના મળીને હજારો ભાવિકો જોડાયા હતા.

આ અવસરે મહારાષ્ટ્ર રાજ્યના મુખ્યમંત્રી શ્રી દેવેન્દ્રજી ફડણવીસ, મહારાષ્ટ્રના ઉપમુખ્યમંત્રી શ્રી એકનાથજી શિંદે, મહારાષ્ટ્ર કેબિનેટ મંત્રી શ્રી મંગલ પ્રભાતજી લોઢા, માનનીય મેયર શ્રી રીતુજી તાવડે, ધારાસભ્ય શ્રી અમિતભાઈ સાટમ, ધારાસભ્ય શ્રી સંજયભાઈ ઉપાધ્યાય, ધારાસભ્ય શ્રી પરાગભાઈ શાહ શ્રી મુરજી પટેલ તેમ જ શ્રી સી. વી. શાહ, ભારત જૈન મહામંડળ શ્રી સી. સી. ડાંગીજી, જીતોના પૃથ્વી રાજ કોઠારી આદિ મહાનુભાવો વિશેષ ભાવો સાથે ઉપસ્થિત રહ્યાં હતાં.

### પરમ બોધ

પ્રભુનો બોધ પ્રસારતાં પરમ ગુરુદેવે ફરમાવ્યું હતું કે, ભગવાન મહાવીરનો જન્મ કલ્યાણક માત્ર એમના નામનું ચેન્ટિંગ કરીને જ નહીં, પરંતુ હાર્ટને ચેન્જ કરીને ઉજવીએ. માત્ર પ્રભુના નામ સ્મરણમાં જ નહીં, પરંતુ પ્રભુના અહિંસા, કરુણા અને વાત્સલ્યમાં જેને રસ છે તે જ પરમાત્માના ખરા વારસદાર છે. ભગવાનના જન્મોત્સવ પર ભગવાનના દર્શન કરવાની સાથે સાથે કોઈ દુઃખીજનની વેદનાના દર્શન કરીને એના જીવનમાં શાંતિ-સમાધિ અને પ્રસન્નતા પ્રસરાવવાનો પુરુષાર્થ કરી લઈએ.

### અંતર્નાદ મહાવીર મહાનાદ

અકથ્ય એક સંવેદના... પ્રભુપ્રેમની અનોખી એક સ્પંદના અણુ-અણુમાં પ્રસારિત થઈ હતી, જ્યારે મુંબઈની અનેક પાઠશાળાઓ તેમ જ લુક એન લર્ન જૈન જ્ઞાન ધામના બાળકો દ્વારા મ્યુઝિકલ સિમ્ફનીની પ્રસ્તુતિ સાથે એક સાથે હજારો હૃદયના ધબકારે ઊઠતાં મહાવીર મહાનાદનો સવા કરોડવાર વિશ્વવ્યાપી ગુંજારવ કરવામાં આવ્યો હતો.

નાના-નાના ૧૨૫થી વધુ બાળકોની આ અદ્ભૂત પ્રસ્તુતિની અનુમોદના કરતાં અમેરિકા સ્થિત અનન્ય ગુરુભક્ત દ્વારા દરેક બાળકોને રૂ.૫૦૦૦ અર્પણ કરીને પ્રોત્સાહિત કરવામાં આવ્યાં હતાં.

### વંદનીય જીવદયા- ૧ લાખ ૮ હજાર જીવોની સારવાર

પરમ ગુરુદેવની પ્રેરણાથી ભારતના ગુજરાત, હરિયાણા, તેલંગણા જેવા નવ રાજ્યમાં છેલ્લા ૪ વર્ષથી દોડી રહેલી ૪૦થી વધુ એનિમલ એમ્બ્યુલન્સ અને પાંચ એનિમલ ક્લિનિક્સના





માધ્યમે આજ સુધી દર્દથી કણસતાં, વેદનાથી પીડાતાં, લોહીલુહાણ, ઘાયલ અવસ્થામાં જીવન મૃત્યુ વચ્ચે ઝોલા ખાતાં ૧ લાખ ૮૦ હજારથી વધુ અબોલ જીવોને નવજીવન અને શાતા-સમાધિ આપવામાં આવી છે ત્યારે માનવ જીવનની રક્ષા-સુરક્ષા માટે દરેક સ્થાન પર સર્જાએલી હૉસ્પિટલોની વચ્ચે, અબોલ જીવોની રક્ષા માટે પણ કોઈ વ્યવસ્થા હોય, દર્દથી પીડાતા ઘાયલ-લાચાર એવા લાખો અબોલ પશુ-પક્ષીઓની પણ સારવાર અને સંભાળ થઈ શકે એવી પરમ ગુરુદેવની કરુણાભાવના સાથે આ અવસરે નિર્માણ થનારા ‘‘ઓલ્વેઝ કેર એનિમલ હૉસ્પિટલ’’નું માનનીય મુખ્યમંત્રી શ્રીના હસ્તે લોન્ચિંગ કરવામાં આવતાં સર્વત્ર જયજયકાર ગૂંજી ઊઠ્યો હતો.

### મહેંક પ્રસરી માનવતાની

અનેક મુંબઈગરા માટે રોજિંદા જીવનનું એક અવિભાજ્ય અંગ બની રહેલાં એવા ટિફિન પહોંચાડતા ૧૦૮ ડબ્બાવાળા ભાઈઓને અનુકૂળતા આપવા માટે ‘ઈ-બાઈક’ની અર્પણતા માતુશ્રી તારાબેન ચુનીલાલ મોદી - શ્રી દિનેશભાઈ મોદી બાદશાહ પરિવાર તરફથી કરવામાં આવતાં, પ્રભુભક્તિના આ અવસરમાં માનવતાની અમૂલ્ય મહેંક ભળી ગઈ હતી.


ઉપરાંતમાં, ૨૫થી વધુ દિવ્યાંગ ભાવિકોને પણ આ અવસરે ઈ- ટ્રાઈસિકલ અર્પણ કરીને એમની જીવનશૈલીને અનુકૂળતા આપવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો.

### દિલને સ્પર્શ્યું અદ્ભુત દશ્યાંકન

પ્રભુ મહાવીરના અહિંસા, કરુણા અને જીવદયાના સંદેશને પ્રસરાવતી અદ્ભુત નાટિકાના દશ્યો ઉપસ્થિત સર્વના હૃદયને સ્પર્શીને પાવન પ્રેરણા આપી ગયાં હતાં.

શ્રી નેહલબેન ગઢવીના સુંદર શૈલીમાં ભાવવાહી સંચાલન અને લોકપ્રિય ગાયક કલાકારો શ્રી આલાપભાઈ દેસાઇ, શ્રી નિકીતાબેન હિંગુ, શ્રી રાઘવભાઈ દવે, શ્રી હાર્દિકભાઈ શાહના સુમધુર કંઠે વહેતા સૂરોની મધુરતા સાથે વિરામ પામેલો આ અવસર સહુ માટે યાદગાર બન્યો હતો.

### ભગવાન મહાવીર પુસ્તિકા ઈંગ્લિશમાં




પ્રભુના જીવનકવન આધારિત ‘ભગવાન મહાવીર’ ઈંગ્લિશ પુસ્તિકાનું મહારાષ્ટ્રના કેબિનેટ મંત્રી શ્રી મંગલ પ્રભાતજી લોઢા, માનનીય મેયર શ્રી રીતુજી તાવડે, ધારાસભ્ય શ્રી અમિતભાઈ સાટમ, ધારાસભ્ય શ્રી સંજયભાઈ ઉપાધ્યાય, ધારાસભ્ય શ્રી પરાગભાઈ શાહના હસ્તે વિમોચન કરવામાં આવતાં હર્ષ - હર્ષ છવાયો હતો. રૂ. ૩૫૦ મૂળ કિંમતની આ પુસ્તિકા રૂ. ૨૫માં ઉપલબ્ધ કરાવવામાં આવશે તેના માટે આ **+91 86574 84493** નંબર પર માત્ર વૉટ્સઍપ કોન્ટેક્ટ કરવો.

"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ‘‘મુંબઈ સમાચાર’’ પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ‘‘મુંબઈ સમાચાર’’ પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**